તારા વિનાના શહેરમાં



VISIT…

LANZAROTE Caliente.COM

તારા વિનાના શહેરમાં



કાજલ ઓઝા વૈદ્ય

તારા વિનાના શહેરમાં

કાજલ ઓઝા વૈદ્ય

TARA VINANA SAHERMA
Novel by Kaajal Oza-Vaidya

Kaajalozavaidya@gmail.com

ISBN: 978-93-84604-44-4

eBook by





www.e-Shabda.com

અર્પણ

ભૂષણકાકા, કાકી અને દેવેન્દ્રને...

सिर्फ हंगामा खड़ा करना मेरा मक्सद नहीं,
मेरी कोशिश है कि ये सूरत बदलनी चाहिए ।
(दुष्यन्त कुमार)

ઋણ સ્વીકાર

નંદિની ત્રિવેદી
પીન્કી દલાલ
(તંત્રી, મુંબઈ સમાચાર)

મનહર ગઢિયા (કાજલ એડ્સ) અશોક શાહ
(નવભારત સાહિત્ય મંદિર)
અને
નલીન સોલંકી, ભાવિન પરમાર

પ્રસ્તાવના

સ્ત્રીલેખકની નવલકથાઓમાં વાચક જાણે-અજાણ્યે આત્મકથાના ટુકડા શોધવાનો પ્રયાસ કરતો રહે છે, આવું મેં અનુભવ્યું છે.

આ નવલકથા સાચે જ મારી આત્મકથાના ટુકડાઓ હોઈ શકે. મારા જેવી સ્ત્રી, ગુજરાતી કુટુંબમાં જન્મીને જે રીતે જીવી શકી એ માટે મારાં માતા-પિતાનો, મારા ઈશ્વરનો અને મારા સંજોગોનો આભાર માનવો જ રહ્યો. દરેક વખતે હું એક એવી નવી પરિસ્થિતિમાં દાખલ થઈ જે ટનલની જેમ સીધી આગળની તરફ જ જતી હતી...

આજે હું જ્યાં છું અને જેમ છું એ માટે મારા સંજોગોની આભારી છું.

જિંદગી મને ક્યારેય મેઘધનુષ્ય જેવી નથી લાગી, હાથમાં પકડી શકાય, સ્પર્શી શકાય, આંખમાં આંખ નાખીને જોઈ શકાય એવી – તદ્દન પોતાની અને ઓળખીતી લાગી છે!

મોટા ભાગના લોકો જિંદગી વિશે ફરિયાદ કરે છે...

હું જે જીવી છું અને જેવું જીવી છું, એવું અને એમ જ મારે જીવવું હતું એવું આજે લાગે છે!

'તારા વિનાના શહેરમાં' દર શનિવારે 'મુંબઈ સમાચાર'માં છપાઈ, વાચકો સુધી પહોંચવાની તક મને મળી એ માટે નંદિની ત્રિવેદી અને પીન્કી દલાલની હૃદયપૂર્વક આભારી છું.

– કાજલ ઓઝા વૈદ્ય

308, સુપર પ્લાઝા
સંદેશ પ્રેસ રોડ
વસ્ત્રાપુર, અમદાવાદ-15
ફોન : 26767334

1

લંડન શહેર જાગી ચૂક્યું હતું. ટ્રામ, બસ, ટ્યૂબ રેલવે ધમધમાવીને પોતપોતાની દિશામાં દોડી રહ્યાં હતાં. એક છોકરી ચૂપચાપ લેસ્ટરસ્કવેરમાં ચાલતી ચાલતી જઈ રહી હતી. કથ્થાઈ રંગની સાડી સાથે આછા કથ્થાઈ રંગનો બ્લાઉઝ, મોટો ચાંલ્લો અને ખભા સુધીના એક સરખા સીધા કાપેલા વાળ પરથી એ છોકરી નખશિખ ભારતીય છે એવું સ્પષ્ટ દેખાઈ આવતું હતું.

એ છોકરીના ચહેરા પર એક અજબ પ્રકારની ઉદાસી હતી, અને એની ચાલ જાણે ક્યાંય ન પહોંચવા માટે ચાલતી હોય એવી હતી!

એની મોટી મોટી આંખો એ પરદેશી શહેરના રસ્તા પર કશુંક શોધી રહી હતી. આ વિસ્તાર લંડન શહેરનો એક ધબકતો બીઝી વિસ્તાર છે, એમાં પણ સાડા નવનો આ સમય તો જાણે આ વિસ્તારને ચકરાવે ચડાવનારો સમય છે. આ સમયે, આ વિસ્તારમાં કોઈ આટલું આરામથી બીજું કોઈ ચાલતું દેખાતું નહોતું. આસપાસના લોકોને જાણે ઘડિયાળના કાંટે બાંધીને સમય આગળ ધકેલતો હોય એમ કોઈક ઉતાવળથી, કોઈક ઝંખનાથી, કોઈક આશાથી, કોઈક ખેવનાથી ધકેલાતા જતાં હતાં. આ આખી ભીડમાં એકમાત્ર આ છોકરી એવી હતી કે જે નિરાંતે ડગલાં ભરતી આસપાસ જોતી જઈ રહી હતી. એની આસપાસથી પસાર થતાં લોકો, 'એક્સક્યુઝ મી' કહીને એને સહેજ ખસેડીને આગળ નીકળી જતાં હતા. બસ, ટ્રેન કે ટ્રામ પકડવા ઑફિસે પહોંચવાની ઉતાવળમાં દોડતા આ બધા લોકો આ છોકરીને સહેજ નવાઈથી જોતાં જોતાં નીકળતા હતા.

એ વિસ્તારમાં કોઈનેય ધ્યાનથી કોઈની સામે જોવાનો સમય નહોતો.

પણ જો કદાચ કોઈએ ધ્યાનથી જોયું હોત તો એને ખ્યાલ આવત કે એ છોકરીના ચહેરા પર ઉદાસીનું એક વાદળ ઘેરાયેલું હતું. જાણે ડૂમો ભરાઈ ગયો હતો. કોઈ ઓળખીતું મળે તો રડું રડું થઈ ગયેલી એ છોકરી આવડા મોટા શહેરમાં જાણે એકલીઅટૂલી પડી ગઈ હતી.

લેસ્ટરસ્કવેરના આ રસ્તા ઉપર નાની નાની દુકાનો, ન્યૂઝ પેપરના સ્ટોલ્સ, અને સેન્ડવીચ બર્ગરના નાના-નાના જોઇન્ટ્સ પસાર કરતી એ છોકરી ધીમે ધીમે ચાલતી હતી. એના ચહેરાના હાવભાવ સતત બદલાતા હતા, ઘડીકમાં એના ચહેરા પર ચિંતાનાં વાદળો ઘેરાતાં તો બીજી જ પળે જાણે ગુનેગાર હોય એમ એનું મોઢું પડી જતું, થોડીક જ વારમાં આંખોમાં પાણી ધસી આવતાં તો વળી બે-ચાર ક્ષણમાં આંખો લૂછીને એ આજુબાજુ જોવા લાગતી. એના મનમાં વિચારોનું ઘમસાણ ચાલતું હતું અને એ પોતાની જાતને સંભાળી નહોતી શકતી એ બહુ જ સ્પષ્ટ રીતે જણાઈ આવતું હતું.

સફાઈથી પહેરેલી સાડી, મેગ્યાસ્લિવનો ખાસ્સો એવો લાંબો સાઇડસ્લિટનો બ્લાઉઝ, ઓળેલા વાળ, આંખોમાં આંજણની પરત, મોટો ચાંલ્લો, સહેજ શ્યામ પણ ચળકતી ત્વચા, નમણું નાક, અને મોટી કાળી આંખો જે મોટી મોટી પાંપણોથી વારે વારે ઢંકાઈ જતી હતી... એ છોકરીને જોનાર એના પરથી તરત નજર ખસેડી શકે એવો એનો ચહેરો નહોતો. પાતળો એકવડિયો દેહ, અને બે હાથમાં સમાઈ જાય એવી કમ્મર ઉપર સાડી જાણે બેનમૂન ભારતીય શિલ્પ હોય એમ ગોઠવાયેલી હતી.

ઓફ વ્હાઇટ સુતરાઉ સાડી ઉપર કથ્થાઈ રંગની વાર્લીપ્રિન્ટ છાપેલી હતી, નખશિખ ભારતીય એ છોકરીએ કાનમાં એક એક મોતીના સરસ ટોપ્સ પહેર્યાં હતા. એ સિવાય એના શરીર પર કોઈ દાગીના નહોતા. સાવ આછા શણગાર સાથે ચહેરા પર બુદ્ધિપ્રતિભાની છાપ ધરાવતી એ છોકરીના હાથમાં એક-બે પુસ્તકો હતાં. જેને એણે છાતીસરસાં પકડી રાખ્યાં હતાં, ટેન કલરની લેધરબેગ એના ખભે ઝૂલી રહી હતી. એ છોકરી પ્રમાણમાં સ્થિરતાથી પણ ધીમે ધીમે ડગલાં ભરતી આગળ વધી રહી હતી.

કોણ જાણે શાની શોધ હતી એ છોકરીની આંખોમાં? કોણ જાણે શું જોઈતું હતું એને? કોણ જાણે કઈ ઉદાસી એને ઘેરી વળી હતી?

એ છોકરી ધીરે ધીરે ચાલતી એક ટ્યૂબ રેલવેના સ્ટેશન તરફ સબ-વેમાંથી દાખલ થઈ. સ્ટેશન પર જઈને ઊભી રહી... આ બધી જ પ્રવૃત્તિ દરમિયાન એની અંદર સતત એક ગડમથલ ચાલતી રહી. કંઈ કેટલાય ચહેરાઓ એના માનસપટ પર ઊભરાયા અને પીગળીને જાણે વહી ગયા.

બારેક વર્ષના એક છોકરાનો ચહેરો જે એની તરફ આશાથી જોઈ રહ્યો હતો, 14-15ની એક છોકરી જે થોડી તોછડી અને નખરાળી હતી, એ છોકરીની આંખોમાં ઈર્ષામિશ્રિત કુતૂહલ હતું, ચહેરા પર એક સ્મિત જેમાં દોસ્તી ઓછી ઉપાલંભ વધારે હતો... એ ચહેરા પીગળ્યા અને સાડી પહેરેલી પેલી છોકરીના માનસપટ પર એક સ્ત્રીનો ચહેરો આવીને ગોઠવાઈ ગયો. એક ઠસ્સાદાર જાજરમાન સ્ત્રીનો ચહેરો જેના વાળ સફાઈબંધ રીતે ઓળેલા હતા. સાડીના પાલવને ખભે પાટલી વાળીને ચપોચપ એવી રીતે ગોઠવાયો હતો કે, એક ઇંચ પણ આઘોપાછો થઈ ન શકે. એ સ્ત્રીની આંખોમાં કંઈક એવું હતું કે જે સામેની વ્યક્તિને એના સુધી પહોંચતાં રોકતું હતું. એનો ઠસ્સો, એનું વ્યક્તિત્વ અને એની આખેઆખી બોડીલેંગ્વેજ જાણે સામેની વ્યક્તિને ઝાંખી પાડી દેવા, દબાવી દેવા બે ડગલાં પાછળ હટાવી દેવા માટે જ સર્જાઈ હતી...

એ સ્ત્રી જાણે આ છોકરીને જાણે કહી રહી હતી, “હવે તારું અહીંયાં કોઈ નથી આ ઘરની એક એક દીવાલ અહીંની ફર્શ, અહીંનું વાતાવરણ, અહીંનો બગીચો, અહીંના રંગો, અને અહીંનું આકાશ સુધ્ધાં હવે મારું કહ્યું માનશે...” એવું કહીને જાણે એ સ્ત્રીનો ચહેરો પેલી છોકરીના માનસપટ ઉપર ખડખડાટ હસતો વધુ ને વધુ મોટો થવા લાગ્યો.

પેલી છોકરીએ પોતાની મોટી મોટી કાળી આંખો મીંચીને માથું એવી રીતે હલાવ્યું કે જાણે વિચારોને ખંખેરી નાંખવા માંગતી હોય, પણ વિચારો કોઈ રીતે ખંખેરાતા નહોતા.

આંખો મીંચીને એ છોકરીએ દાંત એવી રીતે ભીંસ્યા કે જાણે પેલી સ્ત્રીને કહેતી હોય, ‘જાવ.. જાવ મારા વિચારોમાંથી... ’

છોકરીની વાત જાણે એના સુધી પહોંચી હોય એમ માનસપટ પરથી પેલી સ્ત્રીનો ચહેરો હળવે હળવે જાણે ઓઝલ થઈ ગયો હતો. અને છોકરીના માનસપટ ઉપર એક બીજો વહાલસોયો પુરુષનો ચહેરો ઊભરાયો. આછા આછા સફેદ વાળ, આંખોમાં વાત્સલ્ય, ચહેરા પર એક પ્રકારની મમતા... ખભે ગમછો નાંખેલો એ ચહેરો જાણે આંખોથી, સ્મિતથી ચહેરાના એક એક હાવભાવથી આ છોકરીને વ્હાલ કરી રહ્યો હતો...

સ્ટેશન પર ટ્રેન આવી. એના દરવાજા ખૂલ્યા પણ વિચારોમાં ડૂબેલી પેલી છોકરી ત્યાં જ ઊભી રહી ગઈ. દરવાજા ઓટોમેટિક જ બંધ થઈ ગયા અને ટ્રેન ચાલી ગઈ.

ધડધડાટ પસાર થતી ટ્રેનનો અવાજ સાંભળ્યો ત્યારે પેલી છોકરીને ખ્યાલ આવ્યો કે ટ્રેન ચાલી ગઈ! એણે ફરી એક વાર વિચારોને ખંખેરવાનો પ્રયાસ કર્યો. પરંતુ, આજે જાણે એના વિચારો એનો પીછો છોડતા જ નહોતા.કંઈ કેટલાંય ચહેરા વારાફરતી એના મનનો કબજો લઈ રહ્યા હતા અને, પેલી છોકરી નિઃસહાય જેવી વિચારોના ઉતાર-ચડાવ વચ્ચે ફંગોળાતી, અથડાતી, ફેંકાતી જાતને બચાવવાનો વ્યર્થ પ્રયાસ કરતી, આંખોમાં આંસુ સાથે નેક્સ્ટ ટ્રેનની રાહ જોવા લાગી.

પાછળ એક ખાલી બેન્ચ જોઈને એ ત્યાં બેસી ગઈ. કશું જ કામ કર્યા વિના આજે જાણે એને થાક લાગ્યો હતો.

એક વાર એને વિચાર આવ્યો કે,'પાછી જાઉં, વિચારોની આ સફર આટલી દુઃખદાયક છે તો ખરેખર ફરી એક વાર ભૂતકાળમાં પ્રવેશવાનો પ્રયાસ કેટલી તકલીફ આપશે!'

પણ એણે મન મક્કમ કર્યું, ખભા પરની સુતરાઉ સાડીનો પાલવ જરા ફરી એકવાર સરખો કર્યો, આગળ આવી ગયેલી વાળને લટને પાછળ ધકેલી અને શરીર ઢીલું છોડીને બેન્ચના ટેકે માથું મૂકીને આંખ મીંચી દીધી.

એક ચહેરો જેને જોવાનું એ ગઈ કાલ રાતથી ટાળતી હતી એ ચહેરો આંખ બંધ થતાં જ આંખ સામે ઊભરાઈ આવ્યો.

ગઈ કાલે રાત્રે એના બાળપણના મિત્ર સત્યજીતનો ફોન આવ્યો. ત્યારથી શરૂ કરીને આ પળ સુધી એણે એ ચહેરા વિશે વિચારવાનું ટાળ્યું હતું.

અથાગ પ્રયત્ન કર્યો હતો કે, એ ચહેરો કોઈ રીતે પોતાની આંખ સામે ના આવે. રાત્રે ઊંઘમાં પણ જાણે એ ચહેરો આંખ સામે ન આવે એવી એણે મનોમન

ગાંઠ વાળી હતી... પણ એવું થઈ શક્યું નહોતું!

સત્યજીતનો ફોન આવ્યા પછી પ્રત્યેક પળે, પ્રત્યેક મિનિટે અને પ્રત્યેક કલાકે એના મનમાં એક જ ચહેરો ઝળક્યા કર્યો હતો. એક જ વિચારે જાણે એને બાંધી લીધી હતી, એક જ નામ જાણે રહી રહીને એને સંભળાતું, પડઘાતું હતું.

અને જેટલી વાર એ ચહેરાનો આભાસ પણ થતો, એ વિચાર આવતો કે, એ નામ યાદ આવતું એટલી વાર જાણે શરીરની આરપાર કશુંક છેદીને, વીંધીને નીકળી જતું. જૂના કેટલાય ઉઝરડા ફરી ચચરવા લાગતા. જૂના કેટલાય ઘામાંથી ફરી લોહી ઝમવા લાગતું!

ગમે તેટલો પ્રયાસ કરવા છતાં એ પોતાની જાતને રોકી શકી નહોતી. એણે નક્કી કર્યું હતું કે એ સત્યજીતને નહીં મળે. ગઈ કાલે એણે રાત્રે સત્યજીતને કહી જ દીધું હતું, 'મને નહીં ફાવે, હું નહીં મળું તને, આઇ એમ સોરી!'

પણ આખી રાતના આ અજંપ ઉજાગરા પછી એણે સત્યજીતને સામેથી ફોન કર્યો હતો અને કહ્યું હતું, 'તું મળીશ મને? મારે મળવું છે તને... '

અત્યારે એ એક દાયકા પછી પોતાના દેશના, પોતાના શહેરના, પોતાના બાળપણના એક એવા ટુકડાને મળવા જઈ રહી હતી, જેને એણે વર્ષોથી વિસારે પાડી દીધો હતો. છેલ્લા એક દાયકામાં ક્યારેય એણે પોતાના દેશનો, પોતાના ઘરનો, પોતાના કુટુંબનો કે બાળપણનો વિચાર સુધ્ધાં નહોતો કર્યો. ક્યારેક એ વિચાર આવ્યો પણ હશે તો એને બળપૂર્વક હડસેલ્યો હતો.

એને જાણે એ બધા સાથે કોઈ નિસ્બત જ નહોતી આ છેલ્લાં દસ વર્ષ દરમિયાન એ બધું જ ભૂલી ગઈ હતી...

અને અચાનક ગઈ કાલે રાત્રે સત્યજીતના એક ફોને એની અંદર સૂતેલી બધી સ્મૃતિઓને જગાડી દીધી હતી... હવે એ સ્મૃતિઓ એની આસપાસ વીંટળાઈને અજગરની જેમ ભરડો લેતી હતી, ડંખતી હતી એને... અને એ અસહાય, તદ્દન સંમોહિત હોય તેમ પોતાની જાત પરનો કાબૂ ગુમાવીને એ જ સ્મૃતિઓના વન તરફ દોડતી જઈ રહી હતી.

બંધ આંખે બેન્ચ પર બેઠેલી એ છોકરીની આંખો સામે એક પ્રભાવશાળી ચહેરો વારે વારે આવતો હતો. વ્યવસ્થિત કાપેલા સફાઈબંધ વાળ, નમણું નાક, મોટી ભાવવાહી આંખો, જાડી મૂછો, તગતગતું કપાળ અને બુદ્ધિનો આત્મવિશ્વાસ ને એક અજબ પ્રભાવ ધરાવતો આ ચહેરો ભાગ્યે જ કોઈ નાટ્યપ્રેમીથી અજાણ્યો હશે.

એક જમાનાના જાણીતા અભિનેતા, દિગ્દર્શક અર્જુન સાગરનો એ ચહેરો આ છોકરીની આંખો સામે આવતો હતો, મુશ્કુરાતો હતો, અકળાતો હતો, ચિડાતો હતો, વ્હાલ વરસાવતો હતો...

નાટકના જ કોઈ અદાકારની જેમ એ ચહેરા પર પળે પળે પલટાતા ભાવ આ છોકરીના ચહેરા પર પણ ભાવપલટો કરી રહ્યા હતા...

'રાધિકા... ' એક હનીસ્મુધ મરદાના અવાજે બેઇઝ વોઇસમાં બૂમ પાડી...

'હા... બાપુ.' લંડનના ટ્યૂબ રેલવે સ્ટેશન પર આંખ મીંચીને બેંચ પર માથું ઢાળીને બેઠેલી આ છોકરીથી જાણે આદતના જોરે જવાબ અપાઈ ગયો.

અને એ જવાબની સાથે જ રાધિકાની જિંદગીનાં વીસ વર્ષો જાણે એક હળવા ધક્કાથી પાછળ ધકેલાઈ ગયાં. નાનકડી આઠ-નવ વર્ષની રાધિકા પોતાની હવેલી જેવા મકાનના ચોગાનમાં ઊભી હતી. એના બે ચોટલા ઊંચા બાંધીને રિબિન સાથે કાન પાસે ફૂલ વાળેલા હતા...

હવેલી જેવા એ મકાનના ચોકની ચારે તરફ ઓરડાઓ હતા. જૂના બંગાળની હવેલીઓની ડિઝાઇન ઉપરથી બનાવાયેલા આ મકાનમાં પથ્થરના ચોકને ચારે તરફ પેસેજ જેવો ઓટલો હતો. જેમાંથી ચારે તરફથી પગથિયાં ચોકમાં ઊતરતા. ઓટલા ઉપર છ-આઠ ફૂટના અંતરે બનાવેલી આર્ચ અને થાંભલા બ્રિટિશ અને બંગાળી બાંધણીનું અદ્‌ભુત સંયોજન હતું. મારબલ જડેલો ઓટલો અને ચોકની સાથે કાળા મારબલના થાંભલા મકાનમાં રહેનારા માણસના ઊંચા ટેસ્ટની સાક્ષી પૂરતા હતા. ઓટલાની ચારે તરફ ઓરડાઓ હતા.

મોટા મોટા એ ઓરડાઓ એકબીજાથી અલગ અને છતાં આપણે જેને 'ઇન્ટર કનેક્ટિંગ' કહીએ છીએ એવી રીતે એકબીજા સાથે અંદરથી દરવાજા દ્વારા જોડાયેલા હતા.

અત્યારે એ ઓટલા ઉપર અને ચોકમાં ઢગલાબંધ માણસો હતા. બધા સફેદ કપડાંમાં હતા. કેટલાક ઓટલાને અઢેલીને સાવ નિસ્તેજ, નંખાયેલા બેઠા હતા તો કેટલાક ચોકમાં બેસીને વિલાપ કરી રહ્યા હતા. સ્ત્રીઓનું એક ટોળું ક્યારેક ધીમા તો ક્યારેક મોટા અવાજે રડતું હતું.

ચોકને એક ખૂણે શાસ્ત્રીજી ગીતાનો પાઠ કરી રહ્યા હતા.

અર્જુનકુમાર, જેને જોવા દુનિયા ટોળે વળતી એ જાણે આ ટોળાથી અલિપ્ત શરીરમાંથી પ્રાણ ચાલી ગયો હોય એટલા નિસ્તેજ, નિઃસહાય, ઓટલાને ટેકો દઈને ચોકના એક ખૂણે બેઠા હતા. એમના ચહેરા પર સતત રહેતું એ રહસ્યમય આમંત્રણ આપતું સ્મિત આજે સાવ ગાયબ હતું. એમની આંખો જાણે પથ્થરની બનાવી હોય એવી નિષ્પલક, સ્થિર થઈ ગઈ હતી. છાતીની અંદર ચાલતું છાતી ફાડી નાખે એવું રુદન એમની આંખોની બહાર નહોતું આવતું. ડૂમો જાણે ગળામાં ભરાઈને અટકી ગયો હતો.

બે ચોટલા વાળીને, ફ્રોક પહેરીને ચોકમાં આ ટોળાની વચ્ચે ઊભેલી રાધિકા પિતાની સામે જોઈ રહી હતી. એણે પોતાના પિતાને આવા ક્યારેય નહોતા જોયા. એને માટે એના પિતા 'હીરો' હતા! 700-800-1000 માણસોના ઓડિયન્સમાં એક એક લાઇન બોલીને તાળીઓનો ગડગડાટ ઝીલનારા હીરો... રોજ નવો કિરદાર, નવો ચહેરો, નવો ખેલ અને નવો વેશ ભજવનારા અને છતાં દરેક વખતે એટલા જ સફળ, એટલા જ લોકપ્રિય હીરો... સ્ત્રીઓનાં ટોળાંની વચ્ચે ઓટોગ્રાફ સાઇન કરતા, કાર્યક્રમોમાં ચીફ ગેસ્ટ તરીકે વક્તવ્ય આપતા, છાપાંઓમાં જેના ફોટા છપાતા અને ટિકિટબારી પર જેના નામે નાણાંનો વરસાદ થતો એવા 'હાઉસ ફૂલ' લેતા હીરો!

ભારતના શ્રેષ્ઠ અભિનેતાઓમાં અર્જુનકુમારનું નામ લેવાતું. એમની નાટ્યસંસ્થા 'થર્ડ બેલ' વિશ્વભરમાં પ્રસિદ્ધ હતી. લંડન, પેરિસ અને યુરોપના કેટલાય દેશોમાં એ નાટકો ભજવવા જતા. એમનાં લખેલાં નાટકો હિન્દી, બંગાળી, મરાઠી, કન્નડ અને બીજી કેટલીય ભારતીય ભાષાઓમાં ભજવાયાં હતાં. એમનાં દિગ્દર્શિત નાટકોને રાષ્ટ્રીય કક્ષાના પુરસ્કારો મળ્યા હતા.

ગુજરાતી નાટ્યજગતમાં અર્જુનકુમાર પોતે જ એક સંસ્થા – એક ઇન્સ્ટિટ્યૂશન ગણાતા.

નવ વર્ષની થઈ ત્યાં સુધી રાધિકાએ પિતાને હંમેશાં પિતાને ખુશ, મહેફિલોમાં છવાઈ જતા, દાદ લેતા, વખાણ સાંભળતા અને પ્રશંસકોથી ઘેરાઈ જતા જોયા હતા. એના માટે પિતાનું આ સ્વરૂપ તદ્દન નવું અને અસહ્ય હતું.

નવ વર્ષની રાધિકાને આ પળે એ નહોતું સમજાતું કે આ બધું શું ચાલી રહ્યું છે... એ તો ઢીંગલીને યુનિફોર્મ પહેરાવીને સ્કૂલે મોકલવાની તૈયારી કરતી હતી, ત્યાં અચાનક રમણકાકા ધસી આવ્યા હતા.

રમણકાકા આ ઘરના સર્વેસર્વા હતા. રસોડાથી શરૂ કરીને અર્જુનકુમારના સ્ટડીરૂમ સુધી રમણકાકા વિના પાંદડું પણ નહોતું હાલતું આ ઘરમાં. રાધિકા માટે રમણકાકા એના દોસ્ત અને એના રાઝદાર હતા.

રમણકાકા ખભે ગમછો નાખતા દોડી આવ્યા હતા. એમણે રાધિકાના હાથમાંથી અડધો યુનિફોર્મ પહેરેલી ઢીંગલીને લગભગ ઝૂંટવીને નીચે મૂકી હતી અને રાધિકાને તેડીને બહાર ચોકની તરફ દોડ્યા હતા.

કેટલાય કલાકોથી પોતાના ઓરડામાં રમતી રાધિકાને ચોકમાં ભેગું થયેલું ટોળું જોઈને ખૂબ નવાઈ લાગી હતી. ટોળું, અર્જુનકુમારના ઘરમાં નવાઈની વાત નહોતી, અહીં સતત માણસોની અવરજવર રહેતી. રિહર્સલ માટે, મિટિંગ્સ માટે, મ્યુઝિકના સિટિંગ્સ માટે આવતા રોજ-બ-રોજના માણસોની સાથે સ્ટ્રગલ કરતા નવા એક્ટર્સ, નવા રાઇટર્સ અને બીજા કેટલાય લોકો અહીં રોજેરોજ આવતા.

કોઈ ગામડાના દરબાર ગઢનો હોય એવો મોટો ડેલીબંધ દરવાજો ચોવીસ કલાક ખુલ્લો રહેતો. મુખ્ય દરવાજેથી ચોકમાં દાખલ થાવ એટલે સીધેસીધો ચોક વટાવીને સામે રસોડું આવતું, જે રમણકાકાનું રજવાડું હતું. રસોડાની જમણી તરફ દેવમંદિર અને ડાબી તરફ મોટો વીસ બાય અઢાર ફૂટનો ડાઇનિંગ હોલ આવતો.

ડાઇનિંગ હોલની ડાબી તરફ સળંગ ત્રણ ગેસ્ટરૂમ હતા, જે પરદેશથી આવેલા મહેમાનોથી કે અર્જુનકુમાર પાસે નાટક શીખી રહેલા નવા એક્ટર્સ કે લેખકો માટે રહેવાની જગ્યા હતી. દેવમંદિરની જમણી તરફ બીજા ત્રણ ગેસ્ટરૂમ હતા, જે વી.આઇ.પી. મહેમાનો માટે વપરાતા. ક્યારેક મોટી પાર્ટીઝ હોય અને બહારગામથી આવેલા વી.આઇ.પી. મહેમાનોને રહેવા માટે આ ઓરડાઓનો ઉપયોગ થતો. બાકી આ ઓરડાઓ બંધ રહેતા. અઠવાડિયામાં એક વાર રમણકાકા ઉઘાડીને એમને સાફસૂફ કરતા.

જેવો ઓટલો નીચે હતો એવી જ ચોકમાં પડતી ચોતરફ છાપરાથી ઢંકાયેલી એક પરસાળ મેઝેનિન ફ્લોર જેટલી ઊંચાઈએ બાંધવામાં આવી હતી. એ પરસાળમાં લાકડાના થાંભલા અને થાંભલા ઉપર વળીઓ ચડાવેલા છાપરાને નળિયાથી ઢાંકી લેવાયાં હતાં. દરેક થાંભલાની બંને તરફ લટકતાં કુંડાં અને આખીય ઓસરીમાં બોગનવેલ, મધુમાલતી અને મનીપ્લાન્ટનાં કુંડાં મૂકીને વધેલી વેલોને થાંભલા અને છાપરાની વળીઓ સાથે લપેટાઈ હતી. આ માળનો જમણી તરફનો આખો વિસ્તાર અર્જુનકુમારનો અંગત વિસ્તાર હતો.

એમનો બેડરૂમ, એમની વિશાળ લાઇબ્રેરી, એમનો સ્ટડીરૂમ અને એમનો નાનકડો અંગત ડ્રેસિંગરૂમ આ તરફ હતા. ડાબી તરફ રાધિકાનો ઓરડો, એનો સ્ટડી અને સાથે જ રમણકાકાનો રૂમ અને એક વિશાળ કોન્ફરન્સ રૂમ, હોલ કે મિટિંગ રૂમ જેવો વિસ્તાર હતો...

મુંબઈથી થોડાક જ કિલોમીટર દૂર કલ્યાણ પાસે આવેલી આ હવેલી મુંબઈ શહેરની દોડભાગથી દૂર જાણે પોતાનું આગવું અસ્તિત્વ રચીને ચૂપચાપ, પણ ગૌરવથી ઊભી હતી.

રાધિકા માટે એનું ઘર દુનિયાની શ્રેષ્ઠ જગ્યા હતું.

એને પિતા દુનિયાના શ્રેષ્ઠ પિતા હતા અને એની મા દુનિયાની સૌથી વહાલસોયી, સૌથી સમજદાર, સૌથી શાંત અને સૌથી સુંદર સ્ત્રી હતી...

અત્યારે કપાળ ઉપર પિયળ તાણીને, પાનેતર પહેરીને જમીન પર સૂતેલી એની મા પણ રાધિકાને ખૂબ સુંદર લાગતી હતી.

રાધિકા એકીટશે એની મા સામે જોઈ રહી હતી. એની માને એણે આટલી બધી સજેલી અને આટલે મોડે સુધી ઊંઘતી ક્યારેય નહોતી જોઈ.

મા સવારે સૌથી પહેલા ઊઠતી, ક્યારેક તો રમણકાકાની પણ પહેલાં.

તુલસીક્યારે દીવો કરીને દેવમંદિરમાં બેઠેલ માના ખુલ્લા વાળ અને ગુજરાતી સાડીમાંથી દેખાતી પીઠ અને કમર રાધિકા માટે દોડીને વળગી પડવાનું આમંત્રણ હતાં, હંમેશાં.

મા દેવમંદિરમાં બેઠી હોય અને ઘંટડી સંભળાય એટલે રાધિકાની આંખ ખૂલતી... આંખ ઊઘડે કે તરત જ સીડી ઊતરીને રાધિકા દેવમંદિરમાં બેઠેલી માને પાછળથી વળગી પડતી. બંને હાથ એના ગળામાં નાખીને પીઠ ઉપર, "ઘી પોટલું" થઈ જતી. એના તાજા ધોયેલા ભીના વાળની સુગંધ અને શરીરમાંથી આવતી સ્વચ્છતાની મહેક, દેવમંદિરમાંથી ઊઠતી અગરબત્તીની ધૂમ્રસેર, તાજા જ પ્રગટાવેલા દીવાનો સોનેરી પ્રકાશ... રાધિકાને જાણે એ બધું જ એ જ રીતે રોજ જોવાની ટેવ પડી ગઈ હતી.

મા રાધિકાને પીઠ ઉપર લઈને સીડી ચડતી. એના રૂમમાં થઈને એના માછલીઓના ટાઇલ્સવાળા બાથરૂમમાં નાનકડા ટેબલ ઉપર ઊભી રાખતી, એના હાથમાં બ્રશ આપતી અને ખભે નેપકિન મૂકતી...

આજે પણ બધું એમ જ બન્યું હતું, ચોકમાં ટોળાની વચ્ચે એકલી ઊભેલી રાધિકા વિચારી રહી હતી, "સવારે મા એવી જ રીતે એને પીઠ પર બાથરૂમમાં લઈ ગઈ હતી, હાથમાં બ્રશ આપ્યું હતું. પોતે રોજની જેમ બ્રશની સાથે નિત્યક્રમ પતાવીને, નાહીને બહાર નીકળી હતી. માએ ગૂંચ કાઢીને સરસ ચોટલા વાળીને કાન પાસે ફૂલ વાળ્યાં હતાં..." રાધિકાએ હળવા હાથે કાન પાસેનાં ફૂલને સ્પર્શી જોયાં, "બધું બરાબર હતું..."

પછી રાધિકા પોતાના રૂમમાં ગઈ હતી... ક્યાંય સુધી રમતી હતી...

ઓસરીમાં લટકાવેલી મોટી બ્રિટિશ ઘડિયાળમાં દસના ડંકા પડ્યા હતા અને આખા ચોકમાં ગૂંજ્યા હતા. રાધિકા રોજની જેમ ઢીંગલીને યુનિફોર્મ પહેરાવવા લાગી હતી, બરાબર ત્યારે જ...

... રમણકાકા દોડતા આવ્યા હતા. અડધો યુનિફોર્મ પહેરાવેલી ઢીંગલીને ઝૂંટવીને ખૂણે ફેંકી હતી અને બૂમો પાડતી રાધિકાનું કશું જ સાંભળ્યા વિના એને ચોકમાં લાવીને ઊભી કરી દીધી હતી.

અત્યારે રાધિકા ચોકમાં ઊભી હતી.

મા જમીન પર સૂતી હતી. શણગાર કરીને, ઢગલાબંધ દાગીના પહેરીને, કપાળ પર પિયળ કાઢીને...

એના નાકમાં કોઈએ રૂના ડૂચા માર્યા હતા.

"માનો શ્વાસ રૂંધાતો હશે." રાધિકા ઝૂકીને ડૂચા કાઢવા ગઈ, પણ રમણકાકાએ એનો હાથ પકડી લીધો. રાધિકાએ એમની સામે જોયું. એમની આંખો છલકાઈ આવી હતી. એમણે રાધિકાના માથે મમતાથી, માર્દવથી હાથ ફેરવ્યો...

રાધિકાએ ખૂણામાં બેઠેલા પોતાના પિતા તરફ જોયું. સફેદ ઝભ્ભો-લેંઘો પહેરીને અન્યમનસ્ક જેવા ઉદાસ, નિસ્તેજ પિતાની પાસે દોડીને પહોંચી ગઈ રાધિકા.

એમના ખોળામાં બેઠી.

કલાકોથી જેને રડાવવા માટે જાતજાતના પ્રયત્નો થઈ ચૂક્યા હતા એવા અર્જુનકુમારના ચહેરા પર પથ્થરની જેમ થીજી ગયેલા હાવભાવ જાણે હળવેકથી

પલટાયા... એમણે રાધિકાની આંખોમાં જોયું... વારાફરતી બંને આંખોમાં જોતા અર્જુનકુમારની આંખો રાધિકાને જાણે ડરાવતી હોય એમ એની અંદર ઊતરતી લાગી...

રાધિકા પિતાને ભેટી પડી, "બાપુ..." રાધિકાથી કહેવાઈ ગયું.

લંડનના ટ્યૂબ રેલવે સ્ટેશન ઉપર બંધ આંખે બેન્ચ પર માથું ઢાળીને બેઠેલી રાધિકાની આંખો સામેથી જાણે આખુંયે દૃશ્ય ફિલ્મની પટ્ટીની જેમ પસાર થતું હતું અને એની પોતાની જાણ બહાર એની બંને આંખોના ખૂણેથી સરકતાં આંસુ એના કાન પાછળ થઈને ખુલ્લા વાળમાં ગર્ત થઈ જતા હતા...

સાડી પહેરીને લંડનમાં બેઠેલી રાધિકા અત્યારે જાણે કલ્યાણની એ હવેલીમાં બે ચોટલા વાળીને ઊભેલી રાધિકા બની ગઈ હતી અને અર્જુનકુમારને હલબલાવીને, એમના ઝભ્ભાના કોલર પકડીને પૂછતી હતી, "માને શું થયું છે બાપુ? એને ઉઠાડોને બાપુ... આટલા બધા લોકો આવ્યા છે તોયે આમ ચોકની વચ્ચે જમીનમાં કેમ સૂઈ ગઈ છે? હેં બાપુ?!...

સાડી પહેરીને લંડનમાં બેઠેલી રાધિકા અત્યારે જાણે કલ્યાણની એ હવેલીમાં બે ચોટલા વાળીને ઊભેલી રાધિકા બની ગઈ હતી અને અર્જુનકુમારને હલબલાવીને, એમના ઝભ્ભાના કોલર પકડીને પૂછતી હતી, "માને શું થયું છે બાપુ? એને ઉઠાડોને બાપુ... આટલા બધા લોકો આવ્યા છે તોયે આમ ચોકની વચ્ચે જમીન પર કેમ સૂઈ ગઈ છે? હેં બાપુ?!..."

"રાધિકા..." અર્જુનકુમારે એને પકડીને છાતીસરસી ચાંપી દીધી અને જે ડૂમો કલાકોથી છાતીમાં અટવાયેલો હતો એ જાણે છાતી ફાડીને વહી નીકળ્યો. અર્જુનકુમાર દીકરીને ભેટીને ધ્રૂસકે ધ્રૂસકે રડી રહ્યા હતા અને પિતાને રડતા જોઈને શું થયું એ સમજ્યા વગર નવ વર્ષની રાધિકા પણ મોટે મોટેથી રડી રહી હતી.

અર્જુનકુમારે સારું એવું રડી લીધું પછી રમણકાકાએ આવીને એમના ખભે હાથ મૂક્યો, "સાહેબ..." રમણકાકાનો અવાજ ભીનો અને ધ્રૂજતો હતો.

"હા રમણ..." અર્જુનકુમારનો અવાજ જાણે કોઈ ગુફામાંથી આવતો હોય એવો ધીમો અને પ્રાણ વગરનો હતો.

જે અવાજ મુંબઈનાં થિયેટર્સમાં ગૂંજતો, તાળીઓના ગડગડાટ ઉઘરાવતો એ અવાજ જાણે આજે ક્યાંક ખોવાઈ ગયો હતો. રાધિકાએ ધીમેથી માથું ઊંચકીને પિતા તરફ જોયું. અર્જુનકુમારે એના માથા પર હાથ ફેરવ્યો. એને ખભેથી પકડીને પોતાના ખોળામાંથી ઊભી કરી અને એનો હાથ પકડીને એને મા સૂતી હતી ત્યાં

લઈ આવ્યા.

“બેટા, માને પ્રણામ કરો.”

“આજે મારી વર્ષગાંઠ પણ નથી અને કોઈ તહેવાર પણ નથી.” રાધિકાના બાળમનમાં કુતૂહલ થયું, પણ એણે પિતાની લાલચોળ આંખો અને રમણકાકાના ભીના અવાજને કારણે સવાલ પૂછવાનું ટાળીને ઝૂકીને માને પ્રણામ કર્યા.

સામાન્ય રીતે રાધિકા પગે લાગે એટલે મા એને છાતીસરસી ચાંપી દેતી, ચૂમીઓથી નવડાવી દેતી. આજે એવું કંઈ ના થયું. મા સૂતી હતી તે સૂતી જ રહી. રાધિકા બાપુની નજીક ખસી અને એમના ઝભ્ભાનો ખૂણો પકડી લીધો. હજી એ કંઈ બોલે કે સમજે એ પહેલાં થોડા લોકો એક વાંસનું સ્ટ્રેચર લઈ આવ્યા. એના પર માને સુવાડી, સફેદ કપડું ઢાંકી અને દોરીથી બાંધવા લાગ્યા.

“બાપુ, આ લોકો માને બાંધે છે.” રાધિકાથી ચીસ પડાઈ ગઈ. એણે ઊંચું જોયું તો અર્જુનકુમાર પણ એ તરફ જ જોઈ રહ્યા હતા. એમની આંખોમાંથી સડસડાટ ચાલતી આંસુની સેર કેમેય કરીને અટકતી નહોતી.

“તમે કંઈક તો કરો બાપુ” રાધિકાને ઝભ્ભાનો ખૂણો પકડીને જોરથી ખેંચ્યો. અર્જુનકુમારે કશું જ બોલ્યા વિના રમણકાકા તરફ દયામણી નજરે જોયું. રમણકાકાએ રાધિકાને ઊંચકી લીધી અને પગ પછાડતી, બૂમો પાડતી, હાથ હલાવતી રાધિકાને લઈને એ ઉપર રાધિકાના રૂમ તરફ જવા લાગ્યા.

“બાપ... બાપ...” રાધિકા બૂમો પાડતી હતી. એને રમણકાકાની પાછળ ચોકનું આખું દૃશ્ય દેખાતું હતું. માને બાંધીને થોડા લોકોએ એને ખભે ઉપાડી હતી અને હવે ચોકથી બહારની તરફ લઈ જઈ રહ્યા હતા. બાપુ કશું જ કર્યા વિના ચૂપચાપ આ જોતા હતા. રાધિકા ચીસો પાડતી હતી. રમણકાકાની પીઠ પર મુક્કાઓ મારતી હતી. રડતી-કકળતી હતી, પણ રમણકાકા એને બરાબર પકડીને ઉપરની તરફ જ લઈ જઈ રહ્યા હતા...

રાધિકા જોઈ શકતી હતી કે બાપુએ આગળ વધીને દોરીમાં બાંધેલું એક માટલું ઉપાડ્યું અને સાવ જીવ વગરનું શરીર હોય એમ હળવેથી માને ઊંચકીને ઊભેલા લોકોની આગળ જઈને ઊભા રહ્યા. બાપુ ધીરે ધીરે આગળ ચાલતા હતા. એની પાછળ પાછળ પેલા લોકો માને ખભે ઊંચકીને ચાલતા હતા...

“મા... મા...” રાધિકાએ ચીસો પાડી, “તમે ક્યાં લઈ જાવ છો મારી માને?” રાધિકાએ હતું એટલું જોર કરીને ચીસ પાડી અને રમણકાકાને જોરથી ધક્કો મારીને ઊતરવાનો પ્રયત્ન કર્યો. રમણકાકાએ રાધિકાનો ચહેરો બીજી તરફ ફેરવીને આંખો પર હાથ મૂકી દીધો અને એનું માથું જબરદસ્તી પોતાના ખભા પર ઢાળીને જોરજોરથી રડવા લાગ્યા...

રમણકાકાને રડતા જોઈને, બાપુને રડતા જોઈને, માને આવી રીતે ઘરની બહાર લઈ જતાં જોઈને રાધિકા પણ જોરજોરથી રડતી હતી...

રમણકાકાએ એને એના રૂમમાં લઈ જઈને ઉતારી. ત્યાં સત્યજીત ઊભો હતો.

રાધિકાથી બે વર્ષ મોટો અગિયાર વર્ષનો સત્યજીત, રાધિકાનો એકમાત્ર દોસ્ત હતો.

આ વિસ્તારમાં એના પિતા કલેક્ટર હતા. રાધિકાની હવેલીથી થોડેક જ દૂર એમનો બંગલો હતો. સત્યજીત અને રાધિકા એક ઉંમરનાં હોઈ, એક સ્કૂલમાં જતાં હોઈ એકબીજાના મિત્રો હતા.

"બેટા સત્યજીત, રાધિકાને અહીં જ રોકજે. બહાર નહીં આવવા દેતો." રમણકાકાએ કહ્યું અને પછી રાધિકાના માથે એકવાર હાથ ફેરવીને જાણે જીવ બચાવવા ભાગતા હોય એવી ઉતાવળે ઓસરીમાં દોડતા, સીડી ઊતરીને ચોકના મુખ્ય દરવાજા તરફ ભાગ્યા.

રાધિકા પાછળ ભાગવા જતી હતી, પણ સત્યજીતે એનો હાથ પકડ્યો. "છોડ મારો હાથ." રાધિકાએ પોતાના કાંડું મરડીને છોડાવવાનો પ્રયત્ન કર્યો.

"રાધિ, શું કામ બધાંને હેરાન કરે છે?"

"હું હેરાન કરું છું?" રાધિકાને સત્યજીત પર ચીડ ચડી ગઈ, "આ લોકો મારી માને બાંધીને લઈ ગયા, બાપુ કંઈ બોલ્યા નહીં... માના નાકમાં રૂના ડૂચા માર્યા છે... અને હેરાન હું કરું છું? સ્ટૂપીડ..."

"રાધિ..." સત્યજીતનો અવાજ ખૂબ ગંભીર અને દુઃખી હતો, "તારી મા ગુજરી ગઈ રાધિ."

"એટલે?"

"એ ભગવાનને ત્યાં ગઈ."

"પણ ભગવાન તો અમારા ઘરમાં છે, સામે – દેવમંદિરમાં." રાધિકાની નજર સામે સવારનું એ દશ્ય. માની પીઠ, ભીના વાળની સુગંધ, ધૂપસળી અને દીવાનો સોનેરી પ્રકાશ તરવરી ગયા.

"એ ભગવાન નહીં, સાચા ભગવાનને ત્યાં..." "સાચા ભગવાન ક્યાં રહે છે?"

"ઉપર... આકાશમાં." "મા પ્લેનમાં જશે?"

"ના રાધિ, તારી માને એ લોકો આગ લગાડશે..."

રાધિકાએ સત્યજીતનું શર્ટ કોલરમાંથી પકડી લીધું અને એને હચમચાવવા

માંડ્યો, "જુઠ્ઠો... સ્ટૂપીડ... અક્કલ વગરનો છે તું. આવી મસ્તી નહીં કરવાની."

"મસ્તી નથી કરતો રાધિ." સત્યજીતે કોલર પકડેલા રાધિકાના બે હાથ હળવેથી પોતાના હાથમાં લીધા, "સાચું કહું છું. હવે તારી મા ક્યારેય પાછી નહીં આવે. ધુમાડો થઈ જશે."

રાધિકાએ સત્યજીતના હાથમાંથી પોતાના હાથ છોડાવ્યા અને એને તડાતડ તમાચા મારવા માંડ્યા, બેય હાથે!

“જુઠ્ઠો... જુઠ્ઠો... જુઠ્ઠો...” રાધિકા મારતી જતી હતી. સત્યજીત ભાવવિહીન ચહેરે એને અટકાવ્યા વિના માર ખાતો હતો અને રાધિકાની આંખોમાંથી આંસુની ધાર ચાલતી હતી...

લંડનના ટ્યૂબ રેલવે સ્ટેશન ઉપર રાધિકા ધ્રૂસકે ધ્રૂસકે રડતી હતી. આવતાં- જતાં લોકો એની સામે જોતા હતા. કેટલાક કુતૂહલથી, તો કેટલાક આશ્ચર્યથી અને થોડાક સહાનુભૂતિમાં!

કેટલાય સમયથી ભુલાઈ ગયેલું કંઈ કેટલુંયે આજે જાણે જીવતું થઈ ગયું હતું.

બાળપણથી શરૂ કરીને યુવાની સુધીનાં વર્ષોની સ્મૃતિનો બરફ રાધિકાની અંદર દસ વર્ષથી થીજીને પથ્થર થઈ ગયો હતો. એ સત્યજીતના એક ફોનથી ઓગળીને રાધિકાની આંખોમાંથી વહેવા માંડ્યો હતો.

ગઈ કાલે રાત્રે સત્યજીતનો ફોન આવ્યો ત્યારે રાધિકાએ નક્કી કર્યું હતું કે એ સત્યજીતને નહીં મળે.

બાળપણથી યુવાની સુધીની એ બધી જ સ્મૃતિઓ રાધિકાએ લંડન આવીને દફનાવી દેવાનું નક્કી કર્યું હતું, વીતી ગયેલાં દસેય વર્ષો દરમિયાન એણે ક્યારેય એ ઘર, એ દેશ કે એ ઘરમાં વસતા માણસોનો વિચાર પણ આવે તો જોરથી ધકેલીને મગજની બહાર ફેંકી દીધો હતો...

આજે અચાનક એ બધી જ સ્મૃતિઓ સજીવ થઈને રાધિકાની આસપાસ જંગલની જેમ ઊગી નીકળી હતી.

રસ્તો ભૂલી ગયેલા કોઈ રઘવાયા, ઘાંઘા થઈ ગયેલા માણસની જેમ રાધિકા એ તમામ પગદંડીઓ ઉપર દોડતી હતી... ગૂંચવાતી હતી, પીડાતી હતી... અને પાછી ફરતી હતી.

ગઈ કાલે રાત્રે સત્યજીતનો ફોન આવ્યો ત્યારે રાધિકા એનો અવાજ પણ નહોતી ઓળખી શકી.

“રાધિ...” “કોણ?”

“સત્યજીત બોલું છું...” રાધિકા જાણે પથ્થર થઈ ગઈ હોય એમ જવાબ જ નહોતી આપી શકી, “તું સાંભળે છે રાધિ? હું લંડનમાં છું. મારે તને મળવું છે. તું મળીશ મને?”

“સત્ય...” રાધિકાનું મન એ જ પળે બે ભાગમાં વહેંચાઈ ગયું હતું. એક મન પોતાના બાળપણના એકમાત્ર મિત્રને દસ વર્ષ પછી મળવા, ભેટી પડવા, ઝઘડવા, વહાલ કરવા ઊછળી રહ્યું હતું અને બીજું મન એની સામે આંખો કાઢીને, આંગળી ઉઠાવીને એને ચેતવણી આપી રહ્યું હતું.

“રાધિ...” સત્યજીતનો અવાજ જાણે આજીજીથી ભરેલો હતો. લાગણીમાં સરાબોર હતો, “હું તને મળ્યા વિના નહીં જાઉં.”

“શા માટે સત્ય? હું ભૂલી ગઈ છું તમને બધાંને...”

“હું નથી ભૂલ્યો તને... આ દસેય વર્ષ દરમિયાન રોજ યાદ કરી છે તને. કેટલી મુશ્કેલીથી તારો નંબર મળ્યો,

એ ખબર છે તને?"

"શું કામ મળવું છે?"

"ના નહીં પાડતી પ્લીઝ..." સત્યજીતનો અવાજ રાધિકાને પકડીને જાણે પોતાની તરફ ઘસડી રહ્યો હતો રાધિકાની મક્કમતા બરફના સ્તંભની જેમ ઓગળતી હતી, રાધિકા અસહાય બનીને ઘસડાતી હતી.

"સત્ય... એકલો આવ્યો છે?"

"એકલો જ છું." સત્યજીતે ઊંડો નિઃશ્વાસ નાખ્યો, "આ ક્ષણ સુધી... રાધિ, એક વાર મળવું છે તને... પ્લીઝ રાધિ."

"ઓ.કે. ક્યાં ઊતર્યો છે? સરનામું લખાવ." રાધિકાનો અવાજ લાગણીવિહીન, આરોહ-અવરોહ વગરનો હતો. એણે યંત્રવત્ સરનામું લખ્યું હતું. ફોન બીજી કોઈ ઔપચારિકતા વિના મૂકી દીધો હતો. ઘરના કોઈની ખબર પણ પૂછ્યા વિના.

અત્યારે ટ્યૂબ રેલવે સ્ટેશન પર બેઠેલી રાધિકાએ ટેન કલરની લેધરની બેગમાંથી કાઢીને સરનામાનો કાગળ જોયો અને એની અંદર જાણે ઊભા થઈને

પાછા ફરવાની એક તીવ્ર ઇચ્છા વીજળીના કરંટની જેમ દોડી ગઈ...

એણે મન મક્કમ કર્યું. દૂરથી ટ્રેનને આવતી જોઈને બેગ સરખી કરી, વાળ પાછળ નાખ્યા, સાડીના પાલવ પર હળવો હાથ ફેરવીને ટ્રેનમાં ચડવા તૈયાર થઈ ગઈ.

2

ટ્રેનમાં બેઠા પછી પણ રાધિકાના મનમાં એક સવાલ હતો..."જે શહેર, જે ગામ અને જે સંબંધોને એ તોડી આવી હતી એ સંબંધોને પાછા શું કામ યાદ કરવા?"

"જે સંબંધોમાંથી માત્ર તકલીફ અને પીડાની સ્મૃતિ લઈને પોતે અહીં આવી હતી એ પીડા અને એ સ્મૃતિ ફરી પાછા એક વાર જગાડીને શું મળવાનું હતું?"

ટ્યૂબ રેલવે એક પછી એક સ્ટેશન વટાવતી સત્યજીત તરફ જઈ રહી હતી... સાથે સાથે રાધિકાની અંદર સ્મૃતિનાં અનેક પડ ખૂલી રહ્યાં હતાં.

લંડન આવ્યાને રાધિકાને દસ વર્ષ થઈ ગયાં હતાં. એને લાગતું હતું કે એ બધાંને ભૂલી ગઈ છે, બાપુને, રમણકાકાને... એ ઘરને, ત્યાં વસતા બીજા લોકોને, જેમને કારણે એણે દેશ અને ઘર છોડી દીધાં!

'સુમિત્રા!'

એ નામનો વિચાર આવતાંની સાથે જ રાધિકાનું આખું મન કડવાશથી છલકાઈ ગયું. એણે આંખ મીંચી લીધી અને છતાં આંખોની સામે એક ઠસ્સાદાર સ્ત્રીનો ચહેરો આવીને ઊભો રહી ગયો. કપાળ પર મોટો ચાંલ્લો, તેજસ્વી-પ્રભાવશાળી આંખો, જેમાં બીજા લોકો વિશે સામાન્યતઃ એ નીચા છે અથવા નાના છે એવો ભાવ રહેતો. તીખું-સીધું નાક, સતત ભિડાયેલાં રહેતાં જડબાં, એની નીચે ભાગ્યે જ સ્મિત કરતા બે હોઠ...

ઓછા દાગીના અને બધા જ વાળ પાછળ લઈને બાંધેલો કડક અંબોડો. એ સ્ત્રીના આખા વ્યક્તિત્વમાં કશુંક કડક, બંધ અને પથ્થર જેવું જડ હતું... રાધિકાને હંમેશાં એવું લાગેલું કે એ સ્ત્રીને રાધિકાની હાજરી ખૂંચતી...

એ સ્ત્રી સુમિત્રા અચાનક આવી ગઈ હતી રાધિકાના ઘરે – એની મા બનીને.

પિતા પેરિસ ગયા હતા. ગુજરાતી ભાષામાં નાટક અને યુરોપીય ભાષાઓમાં લખાયેલાં નાટકો પર પરિસંવાદમાં પેપર વાંચવા. પાછા આવ્યા ત્યારે સુમિત્રા એમની સાથે હતી. એમણે રાધિકાને સ્ટડીમાં બોલાવીને સુમિત્રાની ઓળખાણ કરાવી હતી, "રાધે, આ સુમિત્રા છે, ડો. સુમિત્રા પંત... હવે હું અને સુમિત્રા લગ્ન કરવાનાં છીએ." રાધિકાને માથે જાણે કોઈએ હથોડીનો ઘા કર્યો હતો!

અર્જુનકુમાર વારંવાર આવી રીતે બે-ચાર-આઠ કે દસ દિવસ માટે પરદેશ જતા. રાધિકા અને રમણકાકા ઘરે રહેતા. ઘરમાં કોઈ મહેમાન કે વિદ્યાર્થી હોય તો એનું ધ્યાન રાખવાની જવાબદારી રાધિકાની રહેતી. માના ગયા પછી દસ વર્ષોમાં રાધિકા આ ઘરની ગૃહિણી બની ગઈ હતી. એણે લગભગ એની માની જેમ જ આ ઘરનો વ્યવહાર સંભાળી લીધો હતો... માથી આગળ વધીને એ અર્જુનકુમારની પણ આસિસ્ટન્ટ બની ગઈ હતી. પિતાનાં પુસ્તકો શોધવાં, એમાંથી રેફરન્સ કાઢવા, એમને કંઈ જોઈતું હોય તો લાવી આપવું... એમના વિશે છપાયેલા લેખો, ઇન્ટરવ્યૂઝ કે બીજી વિગતો એકઠી કરીને, એનાં કટિંગ કરીને ફાઇલ બનાવવી, રિહર્સલ ચાલતાં હોય ત્યારે ચા-પાણીનું ધ્યાન રાખવું અને ઘરમાં આવેલા મહેમાનોને યથાયોગ્ય સત્કાર આપવો...

આ બધાની વચ્ચે રાધિકાનું કોલેજનું ભણતર પણ આગળ વધતું હતું... રાધિકા ધીમે ધીમે એની ઉંમર કરતાં ઘણી મોટી થઈ ગઈ હતી. ઘર સંભાળતાં, પિતાનું ધ્યાન રાખતાં અને પિતાની સાથે સાથે કામ કરતાં રાધિકાને લાગતું હતું કે એ એની ઉંમરના 'છોકરાંઓ' સાથે ભણવાને યોગ્ય નથી. રાધિકા માટે પિતા જગતના સર્વશ્રેષ્ઠ પુરુષ હતા અને એની સાથે મળતો સમય એના જીવનની સૌથી ધન્ય ક્ષણ હતી.

"રાધિકા ધીમે ધીમે તૈયાર થઈ જશે. હવે મને ભય નથી કે 'થર્ડ બેલ' કોણ સંભાળશે?" અર્જુનકુમાર કહેતા અને રાધિકાને ગોલ્ડ મેડલ મળ્યા જેવી લાગણી થતી.

"રાધે... ચેખોવનું પુસ્તક ક્યાં મૂક્યું છે?" અને રાધિકા ત્રીજા ખાનાના ચોથા રેકમાંથી ફટ દઈને પુસ્તક કાઢી આપતી, "તું ખરા અર્થમાં મારો જમણો હાથ છે. તું ના હોય તો મારું કેટલુંય કામ અધૂરું રહી જાય..." પિતા રાધિકાને કહેતા અને રાધિકા આંખોમાં અજબ જેવા ભાવ લઈને પિતાને જોઈ રહેતી.

અર્જુનકુમાર કાળી-પહોળી ફ્રેમનાં ચશ્માં પહેરી કંઈ વાંચતા હોય ત્યારે એમના પ્રભાવશાળી ચહેરા પર એક સફેદ લટ ઝૂકી આવતી. એમનું આર્યન નાક, તગતગતું કપાળ, ભાવવાહી આંખો અને આ ઉંમરે પણ ચુસ્ત ગ્રીક શિલ્પ જેવું શરીર એમના ડ્રેસિંગ ગાઉનમાં અદ્ભુત દેખાતું. રાધિકા ક્યારેક કંઈક કામ કરતાં કરતાં સ્થિર થઈને પિતાને જોયા કરતી. એમનો પ્રભાવ, એમનું રૂપ, એમની બુદ્ધિ અને એમની સફળતા રાધિકા માટે વિશ્વભરમાં બેજોડ હતી!

"શું જુએ છે?" અર્જુનકુમારનું ક્યારેક ધ્યાન જતું તો એ રાધિકાને પૂછી નાખતા.

"કંઈ નહીં." રાધિકા હસીને નીચું જોઈ જતી, "તમે બહુ સરસ લાગો છો."

"ગાંડી! અહીં આવ." અર્જુનકુમાર હાથ લંબાવીને રાધિકાને બોલાવતા. રાધિકા પિતાની નજીક આવતી. અઢાર વર્ષની દીકરીને અર્જુનકુમાર પોતાના ખોળામાં બેસાડતા, ચશ્માં ઉતારતા અને ભાવવિભોર નજરે એના તરફ જોયા કરતા. માથે હાથ ફેરવતા. ગાલ પર હાથ ફેરવતા...

"તું જતી રહીશ તો શું થશે મારું?"

"હું ક્યાંય જવાની નથી." રાધિકા દૃઢપણે કહી દેતી, "તમે મારાં લગન-બગનનો વિચાર નહીં કરતા."

"એવું તે કંઈ હોય? દરેક દીકરીએ જવું જ પડે..."

"હું નથી જવાની..." રાધિકા પિતાના ગળામાં હાથ નાખીને ખભે માથું મૂકી દેતી, "બાપુ, તમારા જેવો કોઈ માણસ નહીં હોય આ દુનિયામાં, અને એનાથી ઓછું મને નહીં ચાલે... મને તો બધું જ જોઈએ. તમારા જેટલો બુદ્ધિશાળી, તમારા જેટલો હેન્ડસમ, તમારા જેટલો જ સમજદાર, તમારા જેટલું વાંચતો, તમારી જેમ સફળ..."

"ચક્રમ! તારું શું કરું હું?" અર્જુનકુમાર ખભે માથું મૂકીને ઢળી ગયેલી રાધિકાના વાળમાં આંગળીઓ ઘુમાવતા રહેતા... શરૂઆતમાં એમણે આ વાતને બહુ ગંભીરતાથી નહોતી લીધી, પણ આટલું વાંચતા-વિચારતા માણસને

ધીમે ધીમે સમજાવા લાગ્યું હતું કે રાધિકાના જીવનમાં પોતે કારણ વગર એક એવી જગ્યા લઈ બેઠા હતા, જેની સાથે એ એની જિંદગીમાં આવનારા દરેક પુરુષની સરખામણી કરતી હતી અને કરતી રહેવાની હતી...

અત્યારે ટ્રેનમાં બેઠા બેઠા પણ રાધિકાને પિતાનો એ વહાલસોયો સ્પર્શ અને એ ઘરમાં ગાળેલી થોડી મીઠી ક્ષણો યાદ આવી ગઈ...

"રાધે..." એને જાણે પિતાનો સાદ સંભળાયો અને એને પોતાને નવાઈ લાગી. આ દસ વર્ષ દરમિયાન એને ક્યારેય પિતા આટલી તીવ્રતાથી નહોતા સાંભર્યા... એ જે મનઃસ્થિતિમાં મુંબઈ છોડીને આવી હતી એ પછી ક્યારેક પિતા યાદ પણ આવે તો રાધિકાએ ધક્કો મારીને એમના વિચારને દૂર ધકેલ્યો હતો. એમના વિશે કંઈ વાંચવા મળે કે જાણવા મળે તો પણ રાધિકા એ પાનું પલટી નાખતી કે વાત ફેરવી નાખતી...

એટલી હદ સુધી કે પિતા લંડન આવ્યા હતા અને રાધિકાને સંપર્ક કરવાનો ખૂબ પ્રયાસ કર્યા છતાં રાધિકાએ ફોન પર વાત કરવાની પણ ના પાડી હતી...

એ જ પિતા આજે જાણે રાધિકાને પાછી બોલાવી રહ્યા હતા અને રાધિકા પણ નાના બાળકની જેમ દોડતી જઈને પિતાને વળગી પડવા બેબાકળી થઈ ગઈ હતી.

દસ દસ વર્ષ સુધી લંડનમાં એણે ક્યારેય ઘર કે ઘરના લોકોની વાત પણ કાઢી નહોતી, કોઈ ક્યારેક કશું પૂછતું તો રાધિકા સહેજ પણ અચકાયા વિના કહી દેતી, "હું અનાથ છું. મારું કોઈ નથી!"

એ પોતાના નામની પાછળ 'રાધિકા દીવાન' લખવાનું પસંદ કરતી, રાધિકા અર્જુનકુમાર નહીં જ...

આટલી બધી કડવાશ જે સ્ત્રીને કારણે ઊભી થઈ હતી એના જીવનમાં એ સ્ત્રી સુમિત્રા હતી, રાધિકા ક્યારેય સુમિત્રાને માફ નહીં કરવાનું નક્કી કરીને લંડન આવી હતી.

"આવી હતી એમ ના કહેવાય... ભાગી આવી હતી." રાધિકાને વિચાર આવ્યો, "ખરેખર! જે પિતાને છોડીને હું લગ્ન પણ કરવા નહોતી માગતી, એને છોડીને આવી રીતે ચાલી આવવાનો નિર્ણય કેવી રીતે કર્યો હશે મેં?!"

એણે આંખો ઉઘાડી અને બહાર જોયું... અર્લ્સકોર્ટ આવવાને એક જ સ્ટેશનની વાર હતી. લેસ્ટરસ્ક્વેરથી અર્લ્સકોર્ટ, લગભગ પંદર મિનિટનો સમય વિચારોમાં ક્યાં પસાર થઈ ગયો એની રાધિકાને ખબર સુધ્ધાં ના રહી. રાધિકા ફરી એક વાર સાડીનો પાલવ સરખો કરીને, બેગનો બેલ્ટ ખભા પર ફરી એક વાર કસીને ઊભી થઈ. કોણ જાણે કેમ, સ્ટેશન પર ઊતરતાં એના પગ સહેજ ધ્રૂજ્યા...

એક વાર વિચાર આવી ગયો કે, "ઊતરું જ નહીં, આગળ જતી રહું." એ દરવાજા ખૂલે એ પહેલાં પાછી વળવા ગઈ, પણ એણે સ્ટેશન પર ઊભેલા સત્યજીતને જોયો.

એક મોટા થાંભલા પર લગાવેલી નિયોનની નીચે ઊભો હતો, રાધિકાએ એનાથી ચહેરો છુપાવવાનો પ્રયત્ન કર્યો, પણ સત્યજીતે એને જોઈ લીધી હતી. એણે હાથ ઊંચો કરીને હલાવ્યો. રાધિકાએ સાવ ફિક્કું સ્મિત આપ્યું અને ધીમેથી નીચે ઊતરી ગઈ.

એક-બે સેકન્ડ એ ત્યાં જ ઊભી રહી... ઊતરતા લોકોની ભીડે એને સહેજ આગળ ધકેલી. લંડનના આ બિઝી અવર દરમિયાન આવી રીતે પ્લેટફૉર્મ પર સ્થિર ઊભેલી છોકરીને જોતાં જોતાં એક-બે લોકો, "એક્સક્યૂઝ મી... વીલ યુ મૂવ પ્લીઝ..." કહેતાં આગળ નીકળી ગયા.

રાધિકા બે-ચાર ડગલાં ચાલી. સત્યજીત ઝડપથી નજીક આવી ગયો. એણે પોતાના બંને હાથ રાધિકાના ખભે મૂક્યા અને એના ચહેરા તરફ જોઈ રહ્યો, "રાધિ!" એણે કહ્યું, અને એની આંખો છલકાઈ આવી, "કેટલી બદલાઈ ગઈ છે!"

"તું હજી એવો જ લાગે છે." રાધિકાને બીજો કોઈ જવાબ ના સૂઝયો એટલે એણે કહી નાખ્યું, પણ પછી એને ખ્યાલ આવ્યો કે ખરેખર સત્યજીત ખાસ નહોતો બદલાયો. હજી એટલો જ સરળ અને નિષ્પાપ લાગતો હતો એ, ત્રીસ વર્ષની ઉંમરે પણ એના ચહેરા પર સાવ બાળક જેવું કુતૂહલ અને આંખોમાં તદ્દન સ્વચ્છતા હતી.

"કેટલા ફોન કર્યા... કેટલા કાગળ લખ્યા..." સત્યજીતથી કહ્યા વિના ના રહેવાયું.

"જીત..." રાધિકાથી અનાયાસે બાળપણનું એ સંબોધન દોહરાવાઈ ગયું. એણે હળવેથી ખભા ઊંચકીને સત્યજીતના હાથ પોતાના ખભેથી સેરવી નાખ્યા, "જઈશું?" એણે પૂછ્યું અને જવાબની રાહ જોયા વિના સબ-વે તરફ ચાલવા માંડી.

સત્યજીત એની સાથે સાથે ચાલતો રહ્યો. એક-બે વાર એના ખભે હાથ મૂકવાનો પ્રયાસ કર્યો, પણ રાધિકાએ હળવેકથી દૂર ખસીને એ પ્રયાસને નિષ્ફળ બનાવી દીધો. સત્યજીત સતત એની સામે જોઈ રહ્યો હતો... એને આ કોઈ બીજી જ છોકરી લાગતી હતી, જે રાધિકા એની સાથે બાળપણમાં રમી હતી, ઝઘડી હતી, એના ખભે માથું મૂકીને રડી હતી, એની સાથે ખડખડાટ હસી હતી એ રાધિકા અત્યારે એની જોડાજોડ ચાલી રહેલી રાધિકા કરતાં જુદી હતી...

ભાગ્યે જ ચૂપ રહેતી, ચપડ-ચપડ બોલતી, ચાંપલી-ચિબાવલી રાધિકા જે એની દોસ્ત હતી એ રાધિકા લંડન શહેરની ભીડમાં કોણ જાણે ક્યાં ખોવાઈ ગઈ હતી... આ ચૂપચાપ ચાલતી, શૂન્યમાં તાક્યા કરતી, વારે વારે સાડીનો પાલવ સરખો કરતી અને સત્યજીત તરફ જોવાનું ટાળતી રાધિકા જાણે દસ વર્ષ પહેલાં તૂટી ગયેલી રાધિકાની મૂર્તિમાંથી ઘડાયેલો એ જ ચહેરો ધરાવતી કોઈ બીજી વ્યક્તિ હતી!

સત્યજીતને ખૂબ તકલીફ થઈ આ રાધિકાને જોઈને! "દસ વર્ષમાં એક માણસ આવી રીતે બદલાઈ જાય? બદલાઈ શકે?" એણે એના મનને પૂછ્યું અને પછી ધીમેથી રાધિકાની તરફ જોઈને વાત કરવાનો પ્રયાસ કરતાં અનાયાસ પૂછ્યું, "વીરેન... વીરેન કેમ છે?"

"હું અને વીરેન સાથે નથી રહેતાં હવે." રાધિકાએ સત્યજીતની સામે જોયા વિના કહ્યું.

"શું?" સત્યજીતને જાણે વીજળીનો આંચકો લાગ્યો, "કેટલા વખતથી?" "દોઢ વર્ષ થવા આવ્યું. એક વર્ષ, ચાર મહિના અને અઠ્ઠાવીસ દિવસ, ટુ બી વેરી પ્રિસાઇસ." રાધિકા હજીયે સત્યજીતની સામે જોવાનું ટાળી રહી હતી.

"પણ તું તો..." સત્યજીતથી રાધિકાનો હાથ પકડાઈ ગયો, "તું તો વીરેનની સાથે લંડન આવી હતી."

"વીરેનની સાથે નહીં, વીરેનની પાછળ..." રાધિકાએ કહ્યું અને ફિક્કું હસીને સત્યજીતની સામે જોયું. એની આંખો સાવ ખાલી હતી અને ચહેરો સાવ ભાવવિહીન, "મૂરખ હતી કદાચ... અથવા નાદાન."

"રાધિ..." સત્યજીતે હજીયે એનો હાથ પકડી રાખ્યો હતો, "એકલી રહે છે?"

"વીરેનની સાથે હતી ત્યારે પણ એકલી જ હતી."

"શું કામ જાતને આટલો ત્રાસ આપ્યો તેં? મને ખબર હતી કે વીરેન તારે લાયક નથી. સમજાવી હતી તને મેં." સત્યજીતનો અવાજ ઊંચો થઈ ગયો. સબ-વેની સીડી ચડતાં આસપાસથી પસાર થતા લોકો આટલા મોટેથી બોલતા ઇન્ડિયનને જોઈને સહેજ સ્મિત કરતા હતા અથવા અણગમો દેખાડીને પસાર થઈ જતા.

"ધીમે બોલ. બધા આપણને જુએ છે." બ્રિટિશ એટિકેટ રાધિકાના જીવનનો ભાગ બની ગયા હતા છેલ્લાં દસ વર્ષથી. એણે હળવેકથી પોતાનો હાથ છોડાવ્યો અને સંયત અવાજમાં સત્યજીત તરફ જોઈને કહ્યું, "સમજદારી હોત તો કદાચ પરિસ્થિતિ જુદી હોત."

"મને ખબર હતી આવું જ થશે. વીરેન તારાથી પંદર વર્ષ મોટો હતો... એણે સમજવું જોઈતું હતું."

રાધિકાના ચહેરા પર હળવું સ્મિત આવી ગયું, "એણે પણ સમજાવી હતી મને. કહ્યું હતું આ બધું જ..." પછી એણે સત્યજીતની સામે જોયું, "ત્યારે મારે કંઈ સમજવું જ નહોતું જીત, મને એક જ વાત સમજાતી હતી અને એ હતી, અર્જુનકુમાર દીવાનને ભયાનક તકલીફ આપવાની શ્રેષ્ઠ રીત કોઈ હોઈ શકે?"

"એ તારા પિતા છે રાધિકા." સત્યજીતનો અવાજ ધ્રૂજી ગયો, "અને તને ખૂબ યાદ કરે છે."

"એમ?" રાધિકાના ચહેરા પર એક રેખા પણ બદલાઈ નહોતી. સત્યજીતને ખૂબ નવાઈ લાગી. એને વિચાર આવ્યો, "આ દસ વર્ષમાં ધીમે ધીમે રાધિકા એક પથ્થરમાં તબદીલ થઈ ગઈ છે."

"જો જીત, તું મને અર્જુનકુમાર દીવાનનો કોઈ સંદેશો આપવા માગતો હોય કે એમની સાથેના મારા વ્યવહાર વિશે મને કંઈ સમજાવવા માગતો હોય તો બહેતર છે કે આપણે અહીંથી જ છૂટાં પડી જઈએ." સબ-વેનાં પગથિયાં ચડીને બંને જણા મુખ્ય રસ્તા પર આવી ગયાં હતાં. પીળી ટેક્સી, લાલ બસ સડસડાટ પસાર થઈ રહ્યાં હતાં. દુકાનોના કાચના દરવાજા ફટાફટ ખૂલતા અને બંધ થતા હતા. ફૂટપાથ ઉપર, જ્યાં એ બંને ઊભાં હતાં એની આજુબાજુથી કાળી-ધોળી, પીળી ચામડી ધરાવતા, ઊંચા-નીચા-જાડા-પાતળા લોકો ઉતાવળમાં પસાર થઈ રહ્યા હતા.

આ વિસ્તાર પ્રમાણમાં થોડો ઓછી ભીડવાળો હતો. લંડનનો આ રહેણાંક વિસ્તાર હતો એટલે નાની-મોટી કાફેટેરિયા, દુકાનો, ગ્રોસરી સ્ટોર્સ અને એમાં અવર-જવર કરતા લોકો ફૂટપાથો પર ચાલી રહ્યા હતા.

સત્યજીત અને રાધિકા સામસામે જોઈને ઊભાં હતાં. રાધિકાના ચહેરા પર કોઈ ભાવ નહોતા. એણે જાણે

મનોમન નક્કી કરી લીધું હતું કે દસ વર્ષ પછીની આ મુલાકાત કદાચ આવનારાં દસ વર્ષ સુધી ફરી એક વાર સત્યજીતને પોતાનાથી દૂર લઈ જાય તો વાંધો નહીં, પણ એની કોઈ વાત – કોઈ લાગણીવેડા, કોઈ સમજાવટમાં ઊતરીને પોતે કોઈ રીતે ફરી એક વાર ભારત કે એ ઘેર નહીં જાય!

"રાધિ, હું કંઈ સમજાવવા કે કોઈ સંદેશો આપવા નથી આવ્યો." સત્યજીતે રાધિકા તરફ ગુસ્સાથી જોયું, "દસ વર્ષે તને મળવા આવ્યો છું અને દસ મિનિટ મારી સાથે બેસવાને બદલે તારે છૂટા પડી જવાની વાત કરવી છે?" એનો અવાજ ફરી ઊંચો થવા લાગ્યો હતો, "આ જ કર્યું છે તેં જિંદગીભર... તોડી નાખવું, છોડી દેવું, કાપી નાખવું, ભાગી જવું..."

"ઇનફ..." રાધિકાનો અવાજ પણ અનાયાસે ઊંચો થઈ ગયો.

"ના." સત્યજીતે અવાજ થોડો વધુ ઊંચો કરીને કહ્યું, "ઇટ ઇઝ નોટ ઇનફ. તારે હજી ઘણા લોકોને ઘણી વધારે તકલીફ આપવાની બાકી છે રાધિકા, બહુ લોકોને દુઃખ આપ્યું છે. ઉઝરડા પાડ્યા છે. તકલીફ પહોંચાડી છે, પણ હજી પૂરતું નથી આ બધું. ઇટ ઇઝ નોટ ઇનફ." સત્યજીતનો અવાજ ભીનો થઈ ગયો, "તું મુંબઈ છોડી આવી પછી તારા ઘરનું શું થયું એ જાણવાની તેં ચિંતા કરી નથી..."

એ આગળ કંઈ કહે એ પહેલાં રાધિકાએ એની વાત કાપી નાખી, "શું કામ કરું? સુમિત્રાને લાવતા પહેલાં મારું શું થશે એ જાણવાની ચિંતા કરી હતી અર્જુનકુમાર દીવાને?"

"સુમિત્રાબેન તારાં મા છે."

"એ મારી મા નથી... ક્યારેય નહોતી, એ અર્જુનકુમાર દીવાનની પત્ની હતી." પછી રાધિકાના અવાજમાં ભારોભાર કડવાશ છલકાઈ આવી, "બીજી પત્ની."

"સુમિત્રાબેને તારી સાથે ક્યારેય ખરાબ વ્યવહાર નથી કર્યો."

"મેં એમને તક જ ક્યાં આપી?" રાધિકાએ ખભા ઊંચક્યા અને કડવું સ્મિત કર્યું, "હું એ ઘરમાં રહી જ કેટલું?" એણે ચહેરો ફેરવીને દાંત નીચે હોઠ દબાવી દીધો, "એના આવ્યા પછી!"

"રાધિકા... આપણે ક્યાંક બેસીને વાત કરીએ?" સત્યજીતે ફરી એક વાર એના બંને ખભે હાથ મૂક્યા, "પ્લીઝ..."

રાધિકાએ ફરી એક વાર ખભા ઊંચા કરીને હાથ સરકાવી દીધા. પછી સત્યજીતની આંખોમાં જોયું, સ્થિર દૃઢ અવાજે કહ્યું, "મારે સુમિત્રા કે અર્જુનકુમાર વિશે કોઈ વાત નથી કરવી. ઊભા રહીને પણ નહીં અને બેસીને પણ નહીં."

"રાધિ, આટલાં વર્ષો પછી પણ આટલી કડવાશ કેમ છે તારી અંદર?

એમણે ખૂબ મિસ કરી છે તને. ખૂબ રડ્યા છે તારી પાછળ, ખૂબ રાહ જોઈ છે તારી." પછી એના ગાલ પર

હાથ મૂકીને કહ્યું, "કદાચ, આજે પણ જુએ છે."

"મારી?" રાધિકાએ સત્યજીતનો હાથ કાંડામાંથી પકડીને ગાલ પરથી હટાવી દીધો, "મારી રાહ નથી જોતા એ લોકો." રાધિકાના ચહેરા પર યુવાનીની એક કડવી સ્મૃતિથી એક તંગ ભાવ ઘેરાઈ આવ્યો. એનાં જડબાં ભિડાઈ ગયાં. આંખોમાં ભયાનક પીડા અને ઝેર ઊતરી આવ્યાં, "જે દિવસે અર્જુનકુમારે મને સુમિત્રાના કારણે થપ્પડ મારી એ દિવસે જ નક્કી થઈ ગયું હતું કે હવે મારો અને એમનો સંબંધ પૂરો થયો છે." પછી સત્યજીતની આંખોમાં જોઈને જાણે છેલ્લું વાક્ય કહેતી હોય એમ કહ્યું, "મેં શું નથી કર્યું એમના માટે...

અને એમણે? આઠ દિવસ પહેલાં જેને મળ્યા હતા એવી એક સ્ત્રી માટે અઢાર વર્ષની દીકરીને થપ્પડ મારી દીધી..." અને પછી બીજી તરફ જોઈ જતાં સ્વગત કહેતી હોય એમ કહ્યું, "રાહ જુએ છે..."

સત્યજીતને લાગ્યું કે પોતે દસ વર્ષ પહેલાંની એ જ સાંજે, ત્યાં જ ઊભો છે!

આજથી દસ વર્ષ પહેલાં એણે આવી જ રીતે રાધિકાની સામે એના પિતાની વકીલાત કરી હતી, એને સમજાવવાનો, અર્જુનકુમાર દીવાનની પરિસ્થિતિ અને લાગણીઓ રાધિકાના ગળે ઉતારવાનો પ્રયત્ન કર્યો હતો, પણ રાધિકા એ ક્ષણે જેટલી કડવી હતી એટલી જ કડવી અને એટલી જ બેરહમ આજે પણ હતી.

"માત્ર બહારનો પરિવેશ બદલાયો છે આ છોકરીમાં. અંદરથી હજુ એ જ રાધિકા, એમ જ જીવે છે." સત્યજીતને વિચાર આવ્યો અને એણે રાધિકાના ખભે ફરી એક વાર હાથ મૂક્યો, "ચાલ, નહીં કરીએ એ વાત, બસ?" એણે સ્મિત કર્યું, "તું મને તો પૂછ કે હું લંડન કેમ આવ્યો છું?' અચ્છા તું નહીં પૂછતી, હું જ કહી દઉં છું..." પછી એણે પોતાના સેમિનાર વિશે, પ્રેઝન્ટેશન વિશે, લંડન શહેર વિશે જાતજાતની વાતો કરવા માંડી.

રાધિકા પણ હળવી થઈ ગઈ.

એણે પણ સત્યજીતની સાથે ધીમે ધીમે જાતને ખૂલવા દીધી. લંડન આવી ત્યારે સ્ટેનફોર્ડ યુનિવર્સિટીના પોતાના શરૂઆતના અનુભવો, ટ્યૂબરેલવેમાં સ્ટેશનોના ગોટાળા, ટિકિટ પંચ કરીને ખૂલેલા દરવાજા દરમિયાન અંદર દાખલ નહીં થયા પછી ઊભા થયેલા પ્રશ્નો... જાતજાતની વાતો કરતી રહી એ. પણ સત્યજીત બરાબર જોઈ રહ્યો હતો કે એણે અર્જુનકુમાર, સુમિત્રા કે વીરેન વિશે ન કોઈ વાત કાઢી, ન કોઈ વાત કાઢવા દીધી!

સત્યજીત નક્કી કરીને આવ્યો હતો કે એ રાધિકાની આસપાસ બંધાયેલો કિલ્લો તોડી નાખશે. એના સુધી પહોંચી જશે અને એના આવ્યા પછી પાછળ તારતાર થઈ ગયેલી આખીયે પરિસ્થિતિ આંખો ફાડીને જોવા મજબૂર કરી દેશે.

એ લંડન આવતો હતો ત્યારે અર્જુનકુમાર દીવાનને મળવા ગયેલો. એણે એમને જે રીતે જોયા એ પરિસ્થિતિ આ ક્ષણે પણ અસહ્ય હતી... એ દસ વર્ષથી જોતો રહ્યો હતો એમને. ટુકડે ટુકડે તૂટતા, ધીમે ધીમે મોત તરફ ધકેલાતા...

અર્જુનકુમાર દીવાન! જે એક જમાનામાં સેંકડો સ્ત્રીઓના સપનાના પુરુષ હતા. જેમને નાટકના સ્ટેજ ઉપર ઊભેલા, લાઇટોની નીચે અભિનય કરતા અને ઝળાંહળાં થતાં જોવા દેશ-વિદેશના લોકો તૂટી પડતા એ

અર્જુનકુમાર દીવાન આજે સાવ ચૂપ, એકાકી અને અધૂરા હતા...

સત્યજીતને એમનો ત્રણ દિવસ પહેલાં જોયેલો ચહેરો યાદ આવી ગયો..."લંડન જાય છે?" એ આગળ શું પૂછવા માગતા હતા એની સત્યજીતને ખબર હતી, પણ એ પોતાના શબ્દો ગળી ગયા હતા.

"હું..." સત્યજીતને પોતાનો એ પળનો અચકાટ યાદ આવી ગયો, "હું રાધિકાને મળવાનો છું."

"મળશે તને?" એમણે જે રીતે પૂછ્યું હતું એ સવાલ, એ આંખોની નિઃસહાયતા અને એ અવાજની પીડા અત્યારે પણ સત્યજીતની છાતીમાં શારડીની જેમ ફરતી હતી.

"એ મને નહીં મળે, ખબર છે મને..." સત્યજીતે આત્મવિશ્વાસ સાથે કહ્યું હતું, "પણ હું મળીશ એને."

"બહુ યાદ આવે છે." અર્જુનકુમારનું ગળું ભરાઈ આવ્યું હતું. આંખોમાં ધસી આવતાં આંસુને એમણે પરાણે રોક્યાં હતાં. પછી સત્યજીતની સામેથી ઊભા થઈ ગયા હતા, એના માથે હાથ મૂકીને આશીર્વાદ આપ્યા હતા અને ત્યાંથી એવી રીતે ચાલી ગયા હતા, જાણે જાતને રાધિકાના વિચાર માત્રથી દૂર લઈ જવા માગતા હોય!

"કેવો સંબંધ છે આ બાપ-દીકરીનો? એકબીજાનું નામ લેતાં પણ અવાજ ભીંજાઈ જાય છે. આંખો ભરાઈ આવે છે. છાતીમાં ડૂમો છલકાય છે અને છતાં એકબીજાની સાથે વાત કરવા પણ તૈયાર નથી! એકબીજાનું નામ એવી કડવાશથી લે છે, જાણે બાપ-દીકરી નહીં, એકબીજાના દુશ્મન હોય!" સત્યજીત રાધિકાની સામે જોઈને વિચારી રહ્યો હતો, "આમ એકબીજા વિના અધૂરા છે બંને, અને છતાં એવું કયું અભિમાન, કયો અહમ્, કઈ પીડા હશે, જે બંનેને એકબીજા તરફ એક ડગલું પણ ભરવા દેતા નથી?"

રાધિકા કોણ જાણે શું કહી રહી હતી, સત્યજીતે અચાનક જ એને વચ્ચેથી રોકી અને જે કહેવા આવ્યો હતો એ કહી નાખ્યું, "તારા પિતા લગભગ પથારીવશ છે રાધિકા, એમને પેરાલિસિસનો એક હુમલો આવી ચૂક્યો છે..."

રાધિકા સત્યજીત સામે જોઈ રહી – ફાટી આંખે...

"બાપુને..." એ આગળ ના બોલી શકી. એને ડૂમો ભરાઈ ગયો. એની નજર સામે એના અભિનેતા, દિગ્દર્શક પિતા અર્જુનકુમારનાં જુદા જુદા કિરદાર અને પ્રસંગો સડસડાટ આવીને પસાર થઈ ગયાં. જે માણસ ઊર્જાથી ઊભરાતો હતો... જે માણસ બીજા માટે ચેતનનો – ઊર્જાનો સ્રોત હતો એ માણસ પથારીવશ હતો?

રાધિકાને ડૂમો ભરાઈ આવ્યો એ જોઈને સત્યજીતે સાચા અર્થમાં તકનો લાભ લીધો. એ લાગણીવશ થઈ એટલે એ જે કહેવા આવ્યો હતો એ વાત એણે કહી નાખી, "તને ગમે કે નહીં રાધિ, તારા પિતાની આ હાલતની જવાબદારી તારી છે."

"શટ-અપ."

"મને ચૂપ કરવાથી કંઈ નહીં થાય. હું તો જે સત્ય છે તે કહું છું. તું અહીંયાં આવી એ પછી એ દિવસ પણ એ

માણસ શાંતિથી ઊંઘી નથી શક્યો. તેં જે હાલતમાં ઘર છોડ્યું એ પછી અર્જુનકુમાર દીવાન તૂટ્યા છે. ચૂરચૂર થઈ ગયા છે." રાધિકાની આંખો છલછલાઈ આવેલી જોઈને સત્યજીતે આગળ કહેવા માંડ્યું, "શું વાંક હતો એ માણસનો? પોતાની જિંદગીનાં કીમતી વર્ષો તને આપ્યાં પછી એણે ફરી એક વાર પોતાની જિંદગી પોતાની રીતે જીવવાનો પ્રયત્ન કર્યો? તારા સિવાયની કોઈ સ્ત્રીને પ્રેમ કર્યો એની સજા કરી તેં?"

રાધિકા સત્યજીતની સામે જોઈ રહી હતી. એની વાત સાંભળીને અપરાધભાવથી એનું મન ડૂબી રહ્યું હતું... સત્યજીત જે કહી રહ્યો હતો એ બધા વિશે એણે વિચાર્યું હતું. એ જાણતી હતી કે એ વખતે ઉશ્કેરાટમાં કરેલો એનો નિર્ણય સાચો નહોતો જ. પિતાને છોડીને આવવાનો એ નિર્ણય માત્ર પોતાને જ મોંઘો પડ્યો હતો એવું માનતી રાધિકાને આજે પહેલી વાર સમજાયું હતું કે પોતાના આ નિર્ણયની કિંમત એના પિતાએ પણ ચૂકવી હતી! "પણ..." એને શું કહેવું તે સમજાયું નહીં એટલે એ ચૂપ થઈ ગઈ.

એની અને સત્યજીત વચ્ચે ખાસ્સી વાર સુધી મૌન ઘુમરાતું રહ્યું.

કેફેટેરિયામાં બેઠેલા સત્યજીત અને રાધિકા બંનેને જાણે ક્ષણો વજનદાર થઈ ગઈ હોય એવી લાગણી થઈ આવી. રાધિકાને આગળ ઘણું પૂછવું હતું, પણ હવે એનું મન એને રોકતું હતું. સત્યજીત ઇચ્છતો હતો કે રાધિકા એને આગળ પૂછે... એના પિતા વિશે, ઘરમાં બની ગયેલા પ્રસંગો વિશે, ઘરની પરિસ્થિતિ વિશે... જ્યાં સુધી એ રાધિકાને ઓળખતો હતો ત્યાં સુધી એને પાકી ખબર હતી કે રાધિકા આગળ સવાલ નહીં પૂછે...

થોડીક ક્ષણોના એ મૌન દરમિયાન રાધિકા જાણે ભૂતકાળની સફર કરી આવી.

"હું કાલે સવારે લંડન જાઉં છું."

અઢાર બાય વીસના ડાઇનિંગ રૂમમાં માત્ર રાધિકા અને એના પિતા ઊભા હતા – સામસામા છેડે. એ અર્જુનકુમાર દીવાનના ચહેરા પર ભયાનક પીડા અને તકલીફ જોઈ શકતી હતી. કદાચ આટલું જ જોવાની એની તીવ્ર ઇચ્છા પણ હતી.

અને એટલે જ એણે જાતે જ બધું નક્કી કરી નાખ્યું હતું. ટિકિટ આવી ગઈ એ પછી આગલી રાતે પિતાને જણાવ્યું હતું – પૂછ્યું નહોતું!

અત્યારે કેફેટેરિયામાં બેઠા બેઠા રાધિકાને પિતાનો એ ચહેરો યાદ આવ્યો અને અત્યારે પણ એની અંદર એક અજબ જેવો અપરાધભાવ છલકાઈ ઊઠ્યો.

સત્યજીત ખોટું નહોતો કહેતો, એ પિતાએ પોતાની જિંદગીનાં શ્રેષ્ઠ વર્ષો આપ્યાં હતાં રાધિકાને, જ્યારે એમની આસપાસ સ્ત્રીઓ ટોળે વળતી, વીંટળાતી હતી એવાં વર્ષોમાં એમણે પોતાના જીવનમાં કોઈ સ્ત્રીને નહોતી આવવા દીધી. કારણ કે એ રાધિકાને એકલી નહોતા પડવા દેવા માગતા. એમણે રાધિકાને એ બધું જ આપ્યું હતું, જે એક પિતાએ પુત્રીને આપવું જોઈએ...

અને, સામે પોતે શું આપ્યું હતું? અહમ્, બદલો... ?!

તિરસ્કાર, તકલીફ, પીડા,

"રાધિ, તને બહુ ગુસ્સો આવશે મારા ઉપર, આ મિનિટે. મને ખબર છે." સત્યજીતે એની આંખોમાં આંખો પરોવી. સત્યજીતને અત્યારે એ પીડિત, એકલા, તરછોડાયેલા અર્જુનકુમાર જાણે સામે ઊભા હોય એમ દેખાતા હતા, "રાધિકા, તેં સતત તારું ધાર્યું કર્યું છે. માત્ર તારો જ વિચાર કર્યો છે. બીજાનાં દુઃખ-સુખ, ગમા-અણગમા વિશે તેં ક્યારેય ચિંતા નથી કરી..." પછી રાધિકાને ચૂપ જોઈને એણે આગળ કહ્યું, "વીરેન સાથે..."

"મારે વીરેન વિશે કોઈ વાત નથી કરવી."

"કેમ નથી કરવી? તેં જે કંઈ કર્યું એને માટે વીરેન તારા જેટલો જ જવાબદાર છે. તું બાળક હતી, તારામાં બુદ્ધિ નહોતી, ગુસ્સામાં હતી, વીરેને સમજવું જોઈતું હતું."

"એ શું સમજે એમાં? હું લંડન ઊતરીને બેગ લઈને સીધી એના ઘરે ગઈ હતી. ક્યાં કાઢી મૂકે મને?"

"તું હજી એનો બચાવ કરે છે? એ તને હોસ્ટેલમાં રાખી શક્યો હોત.

પોતાની સાથે રાખવાની કોઈ જરૂર નહોતી. એ તારી મનઃસ્થિતિ જાણતો હતો.

તને સંભાળવી જોઈતી હતી એણે, એને બદલે તને બહેકાવી." સત્યજીતના અવાજના અનિચ્છાએ પણ કડવાશ ઊભરાઈ આવી. એણે ચહેરો ફેરવી દીધો, "પોતાના સ્વાર્થ ખાતર."

"તું કારણ વગર એના પર આક્ષેપ કરે છે." રાધિકાનો અવાજ પહેલી વાર આટલો ઊંચો થયો હતો. સત્યજીતે જે નજરે એની સામે જોયું એ પછી થોડી વાર બેમાંથી કોઈ કશું ના બોલ્યું. ફરી એક વાર એક વજનદાર મૌન બંનેની વચ્ચે વાદળની જેમ ઘેરાઈ આવ્યું.

"હું જ વીરેનને ચાહવા લાગી હતી." રાધિકાએ ધીમા, લગભગ પોતાને સંભળાય એવા અવાજે કહ્યું.

સત્યજીતને લાગ્યું કે એ ઊભો થઈને રાધિકાને થપ્પડ મારીને ત્યાંથી નીકળી જાય. એ રાધિકાની સામે જોતો રહ્યો. રાધિકા એની સામે જોઈ રહી હતી – સીધું, આંખોમાં!

એની આંખોમાં ક્યાંય શરમ નહોતી કે નહોતો જે કંઈ બન્યું એનો અફસોસ. હા, પીડા હતી અને એ પણ પારાવાર!

"બાપુ પેરિસ ગયા હતા ત્યારે વીરેન મુંબઈમાં હતો... બાપુની આત્મકથામાં એ મારી મદદ કરી રહ્યો હતો..." રાધિકા સામેની કાચની દીવાલ તરફ જોવા લાગી. બહાર ફૂટપાથ પરથી પસાર થતા લોકો સત્યજીતને એની આંખોમાં દેખાતા હતા. લગભગ લંચટાઇમ થવા આવ્યો હતો. કેફેટેરિયામાં ભીડ થોડીક વધી હતી. રાધિકા જાણે કોઈ કેફિયત આપી રહી હોય અથવા કોઈ વાર્તાનાં પાનાં ખોલી રહી હોય એમ લગભગ સ્વગત બોલી રહી હતી, "વીરેન કોઈને પણ ગમી જાય એવો હતો, જીત! બુદ્ધિશાળી, સફળ, વાંચતો, વિચારતો, સમજદાર અને દેખાવડો..."

"આમાંથી કયો ગુણ મારામાં ખૂટ્યો તને રાધિ?" સત્યજીતના હોઠ પર સવાલ આવીને અટકી ગયો. રાધિકાએ સત્યજીતની સામે જોયું અને કદાચ એ સવાલ એની આંખોમાં વાંચી લીધો અને એટલે જ થોડી ક્ષણો ચૂપ થઈ ગઈ, પછી ફરી એક વાર કાચની દીવાલની બહાર જોઈને બોલવા લાગી, "મને વીરેનનું બધું જ ગમવા લાગ્યું હતું. એની સરળતા, એની સ્વાભાવિકતા અને એની સમજદારી... હું કલાકો એની સાથે વાતો કરતી રહેતી. બાપુની ગેરહાજરીમાં વીરેન મને..."

"બાપુ જેવો લાગતો હતો." સત્યજીતે દાંત ભીંસીને કહ્યું.

"જીત, પ્લીઝ..." રાધિકાના અવાજમાંથી જાણે લોહી ટપકતું હતું, "હું ઇનફ દુ:ખી થઈ છું. વીરેનની ચર્ચા કરીને જે ઘા પર માંડ પોપડાં વળ્યાં છે એને ફરી શું કામ ઉખેડે છે?"

"તારો નંબર મને વીરેને આપ્યો..." સત્યજીતે રાધિકાની સામે આરપાર ઊતરી જાય એવી નજરે જોયું, "એટલે એણે માત્ર નંબર તો નહીં જ આપ્યો હોય... વાત તો કરી જ હોય ને મારી સાથે?"

"મારે નથી જાણવું એણે તને શું કહ્યું એ..." રાધિકા ઊભી થવા ગઈ, "વીરેનની વાત કરવી હોય તો હું અહીંથી જતી રહીશ."

"બેસ!" સત્યજીતનો અવાજ આખી કેફેટેરિયામાં ગૂંજ્યો. આસપાસનાં આઠેક ટેબલ પર બેઠેલા તમામે તમામ લોકોએ સત્યજીતની સામે જોયું.

"શું કરે છે જીત!" રાધિકા સંકોચ સાથે બેસી ગઈ અને આમતેમ જોવા લાગી.

"મારે બધી જ વાત કરવી છે!" સત્યજીતના અવાજમાં અચાનક જ એક અધિકાર પ્રવેશી ગયો હતો, "અર્જુનકુમાર વિશે, વીરેન વિશે, સુમિત્રા વિશે..." રાધિકાની આખી બોડી લેન્ગ્વેજ ફરી એક વાર ઊભા થઈ જવાની બોડી લેન્ગ્વેજ હતી. સત્યજીતે હાથ લંબાવીને ટેબલ પર મુકાયેલો રાધિકાનો હાથ કાંડામાંથી મજબૂતીથી પકડી લીધો અને ઉમેર્યું, "સુમિત્રાનાં સંતાનો વિશે પણ!"

રાધિકા અસહાય થઈને સત્યજીતની સામે જોઈ રહી હતી. હવે સત્યજીતે સડસડાટ બોલવા માંડ્યું, "એ ઘરનું સુખ, ચેન, શાંતિ અને સમૃદ્ધિ બધું જ તારી સાથે લઈ આવી તું. કોણ જાણે શું કરીને નીકળી ગઈ તું ત્યાંથી કે અર્જુનકુમાર માણસ મટીને પથ્થર થઈ ગયા!" રાધિકા કંઈ બોલવા જતી હતી પણ સત્યજીતે કહેવાનું ચાલુ રાખ્યું, "જે આત્મકથા તું લખી રહી હતી એ તો અધૂરી છૂટી જ, સાથે સાથે એમણે કામ છોડી દીધું... એક પછી એક ફ્લોપ નાટકોની પરંપરા, સફળતાના સાથીઓ એક પછી એક છૂટતા ગયા. સતત ગૂંજતી એમની હવેલી ધીમે ધીમે ભેંકાર થઈ ગઈ. નિષ્ફળતા અને એકલતાએ તોડી નાખ્યા એમને..."

"આ બધાનું કારણ હું છું?"

"તું નહીં તો કોણ રાધિકા?" સત્યજીતે સીધો સવાલ પૂછી નાખ્યો. "સુમિત્રા." રાધિકાએ એટલો જ સીધો, તીખો અને ચચરી ઊઠે એવો જવાબ આપ્યો, "સુમિત્રાએ જે ઘડીથી એ ઘરમાં પગ મૂક્યો એ ઘડીથી અર્જુનકુમાર, થર્ડ બેલ અને અમારા સૌની બરબાદીની શરૂઆત થઈ..."

રાધિકાએ કાંડામાંથી પકડાયેલો પોતાનો હાથ ઝટકો મારીને છોડાવ્યો. એનો અવાજ પણ હવે ઊંચો થઈ ગયો હતો, "શું જરૂર હતી એ સ્ત્રી સાથે લગ્ન કરવાની? મારી મા બનાવીને એ ઘરમાં લઈ આવવાની?"

"તો શું કરે?" સત્યજીતે રાધિકાની સામે જે રીતે જોયું એ નજર રાધિકા સહી ના શકી..."માણસને એક શરીર હોય છે, એ શરીરની એક જરૂરિયાત હોય છે..." એણે ક્ષણેક ચૂપ રહીને ઉમેર્યું, "હવે તો તને સમજાતું હશે એ!"

"એને માટે સુમિત્રા સાથે લગ્ન કરવાની જરૂર નહોતી."

"ઓહ કમ ઓન રાધિકા, તું વીરેન સાથે ભાગી ગઈ એના કરતાં તો તારા પિતાનું પગલું હિંમતભર્યું હતું..."

"હું વીરેન સાથે નહોતી ભાગી..." રાધિકાનો અવાજ એટલો ઊંચો થઈ ગયો કે ફરી એક વાર કેફેમાં બેઠેલા બધાએ એમની તરફ જોયું, "હું એકલી આવી હતી લંડન, મારી જાતે – મારી ઇચ્છાથી."

"પણ લંડન જ કેમ રાધિકા? અમેરિકા નહીં, પેરિસ નહીં..." "ઉફ! શું બોલાવવા માગે છે?"

"જાણવા માગું છું... આજે પહેલી વાર મારે સત્ય જાણવું છે રાધિકા...

તું તારી જાતે અને ઇચ્છાથી આવી હતી લંડન?"

"મારી ટિકિટ... આઇ મીન..." રાધિકા સાવ ચૂપ થઈ ગઈ. કહેવું કે નહીં એની અસમંજસમાં એણે ખાસ્સી એવી ક્ષણો પસાર થવા દીધી અને સત્યજીતે પણ સાચું બોલવાની હિંમત એકઠી કરવા માટે પૂરતો સમય આપ્યો રાધિકાને.

રાધિકાએ સત્યજીતની આંખોમાં આંખો પરોવી. ઊંડો શ્વાસ લીધો અને જાણે કન્ફેશન બોક્સની સામે બોલતી હોય એવી રીતે કહી નાખ્યું, "મેં વીરેનને ફોન કર્યો હતો, ખૂબ રડી હતી અને કહ્યું હતું કે મને જો 'એ' ઘરમાંથી બહાર નહીં કાઢે તો હું કંઈ પણ કરીશ!" એ ક્ષણેક ચૂપ રહી, "મારી ટિકિટ વીરેને મોકલી હતી. સ્ટેનફોર્ડ યુનિવર્સિટીમાં મારું એડ્મિશન પણ વીરેને જ કર્યું હતું."

3

સત્યજીતે વચ્ચે બોલ્યા વગર રાધિકાને બોલવા દીધી, “પણ વીરેન કદાચ મને ચાહતો નહોતો.” એણે નિઃશ્વાસ નાખ્યો, “માત્ર મારી મદદ કરી રહ્યો હતો.”

“રાધિકા, એ તારાથી પંદર વર્ષ મોટો હતો...”

“એવી એને અને મને બંનેને ખબર હતી...” રાધિકા હજીયે સત્યજીતની આંખોમાં જોઈ રહી હતી, “ છતાં હું એને ચાહતી હતી. દિલ ફાડીને પ્રેમ કરતી હતી એને. તને કદાચ નહીં ગમે, પણ વીરેન મારી જિંદગીનો પહેલો એવો પુરુષ હતો, જેના સાવ અછડતા સ્પર્શમાં પણ મારા શરીરમાં ઝણઝણાટી થઈ આવતી... હું ઇચ્છતી કે એ મને અડે... જીત, વીરેને મને છોકરીમાંથી યુવતી હોવાનો અહેસાસ કરાવ્યો.”

સત્યજીતને ફરી એક વાર ડૂમો ભરાઈ આવ્યો. રાધિકાનાં આ વાક્યોએ જાણે સત્યજીતની છાતીમાં હાથ નાખીને એના હૃદય પર નખોરિયાં ભરી લીધાં હતાં... એ રાધિકાની સામે જોઈ રહ્યો, ફરિયાદભરી આંખે.

“જો જીત, મેં તને પહેલાં પણ કહ્યું હતું. હું લંડન એટલા માટે આવી, કારણ કે વીરેન લંડનમાં હતો અને મારે વીરેન સાથે જીવવું હતું.”

“રબીશ! હજીયે તું એ જ ભ્રમમાં છે... તારે માત્ર તારા પિતાને પાઠ ભણાવવો હતો.”

“હા એ તો ખરું જ!” રાધિકાનાં જડબાં તંગ થઈ ગયાં. એણે ઉપલા દાંત વચ્ચે નીચેનો હોઠ દબાવી દીધો, “હું ઇચ્છતી હતી કે અર્જુનકુમારને ખૂબ દુઃખ થાય, ખૂબ તકલીફ પહોંચે...” એની આંખોમાં પાણી ભરાઈ આવ્યાં. એણે આંખો મીંચી દીધી અને પાંપણ પણ તોળાઈ રહેલાં બે આંસુ ટપક ટપક ટેબલ પર ટપકી ગયાં. એ બે ટીપાંમાંથી આડાઅવળા લીટા દોરતી રાધિકાએ સત્યજીતની સામે જોયા વિના જ કહ્યું, “પરંતુ એ પાઠ ભણાવવાની સાથે વીરેનને કોઈ સંબંધ નહોતો. વીરેનને હું અલગથી ચાહતી હતી અને અર્જુનકુમાર ઉપરનો મારો ગુસ્સો અલગથી હતો.”

“એમ તું માને છે રાધિકા, એવું હતું નહીં. વીરેન સાથેનો તારો સંબંધ જ અર્જુનકુમારને તકલીફ આપવા માટે સર્જાયો હતો...” સત્યજીતે કહ્યું અને રાધિકા જાણે દોઢ વર્ષ પાછળ ચાલી ગઈ. એણે ફરી એક વાર આંખો મીંચી દીધી અને નજર સામે વીરેનની સાથે છૂટી પડી ત્યારનો છેલ્લો પ્રસંગ તરવરી ઊઠ્યો...

..."તું સુખી થવા માગતી જ નથી રાધિકા, એટલે તને કોઈ સુખ આપી શકશે જ નહીં. તેં તારા દર્દને પંપાળી પંપાળીને તારી જાતથી મોટું કરી નાખ્યું છે. તને મજા આવવા માંડી છે દુઃખી રહેવામાં!” વીરેન બોલી રહ્યો હતો અને રાધિકા વીરેનની સામે જોઈ રહી હતી. રાધિકાને અત્યારે વીરેન અને અર્જુનકુમારના ચહેરા જાણે એકબીજા પર મહોરાની જેમ ફિટ થતા દેખાતા હતા, “મેં તને એ બધું જ આપ્યું, જે એક પુરુષ એક સ્ત્રીને આપી શકે. શરીરથી શરૂ કરીને સફળતા સુધી...”

“મેં સલામતી માગી હતી વીરેન.” રાધિકાને પોતાનો જ અવાજ આટલો તરડાયેલો, આટલો કદરૂપો નહોતો

લાગ્યો.

"સલામતી." વીરેન હસી રહ્યો હતો, "તારે ક્યાં જોઈએ છે સલામતી?

લગ્ન કરવાં નથી... મારી સાથે રહેવું નથી. તારા પોતાના માટે હવે જુદો અપાર્ટમેન્ટ શોધે છે. મહિનામાં વીસ દિવસ યુનિવર્સિટીની હોસ્ટેલમાં કાઢે છે તું..." વીરેન અચાનક ગંભીર થઈ ગયો, "કઈ સલામતીની ચર્ચા કરે છે રાધિકા?"

"હું ઇમોશનલ સલામતીની વાત કરું છું." બંને વચ્ચેનું આઠ-દસ ડગલાંનું અંતર રાધિકાએ મોટાં મોટાં પગલાં ભરીને ઘટાડી નાખ્યું. એણે વીરેનને કોલરમાંથી પકડી લીધો અને હચમચાવી નાખ્યો. રાધિકા જાણે અચાનક જ ઝનૂની થઈ ગઈ, પણ, વીરેન એક ક્ષણ રાધિકા સામે જોઈ રહ્યો.

પછી આંખો બંધ કરી, ઊંડો નિઃશ્વાસ નાખ્યો, કોલર છોડાવ્યા.

છેલ્લા થોડા વખતથી રાધિકા અને વીરેન વચ્ચે આવા ઝઘડા અવારનવાર થવા લાગ્યા હતા. બંને જણા એકમેકથી ચડી જાય એટલા ઊંચા અવાજે બોલતાં. વાસણો પછાડતાં, વસ્તુઓ ફેંકતાં. એટલું ઓછું હોય એમ એકબીજા પર શારીરિક રીતે હુમલો પણ કરી બેસતાં. જ્યારે ઝઘડો પૂરો થતો ત્યારે રાધિકા પારાવાર રડતી. માફીઓ માગતી એ પછીના થોડા દિવસ ખૂબ શાંતિ અને આનંદમાં પસાર થતા.

બે-ચાર દિવસ પછી ફરી એ જ પરિસ્થિતિ!

પરંતુ આજે વીરેને નક્કી કર્યું હતું કે એ કોઈ પણ પરિસ્થિતિમાં રાધિકા ઉપર હાથ નહીં ઉપાડે.

રાધિકા આજે આઠ દિવસે હોસ્ટેલથી ઘેર આવી હતી. આઠ દિવસ પહેલાં ઝઘડીને ગઈ ત્યાર પછી વીરેને લગભગ રોજ ફોન કર્યા હતા... એને મનાવી હતી, પણ રાધિકાએ દર વખતની જેમ જ સાવ નાના મુદ્દાને મોટું સ્વરૂપ આપીને વીરેન સાથે ફોન ઉપર પણ પુષ્કળ દલીલબાજી કરી હતી.

રાધિકા અચાનક જ કોઈ પણ વાતને મુદ્દો બનાવતી, ખૂબ દલીલો કરતી, એની તમામ બુદ્ધિ-શક્તિ અને ભાષાને પૂરેપૂરી ધાર કાઢીને મેદાનમાં ઊતરી પડતી, શબ્દોનાં તીર મારી મારીને વીરેનને લોહીલુહાણ કરી નાખતી. વીરેન ફોન ના કરે તો ભયાનક એકલતા ઘેરી વળતી એને. ડિપ્રેશનની સ્થિતિમાં આવી જતી અને ફોન કરે તો ફરી એ જ સ્થિતિ...

આજે જ્યારે ઘેર આવી ત્યારે વીરેન એની નજીક આવ્યો હતો, એને બાથમાં લીધી હતી... પણ રાધિકાએ ધક્કો મારીને એને દૂર ધકેલ્યો હતો. એ પોતાના કબાટમાંથી કાગળો શોધવા લાગી હતી.

"હદ થાય છે રાધિકા, હું બને ત્યાં સુધી શાંતિ રાખવાનો પ્રયત્ન કરું છું, પણ મારાથી આવી રીતે નહીં જીવી શકાય."

"તો ના જીવ."

"આ તારું ઘર છે રાધિકા, છતાં છેલ્લા કેટલાય વખતથી તું હોસ્ટેલમાં રહે છે..."

"કારણ કે ત્યાંથી મને યુનિવર્સિટી નજીક પડે છે. મારે સવારે સાડા આઠનું પહેલું લેક્ચર લેવાનું હોય છે."

"તેં જ્યારથી રિસર્ચ પ્રોફેસર તરીકે જોઇન્ટ કર્યું ત્યારથી તારું પહેલું લેક્ચર સાડા આઠે જ થતું હતું રાધિકા..." વીરેન નજીક આવ્યો. રાધિકાના ચહેરા પર ઝૂલી રહેલી એક લટ એણે માર્દવથી હટાવી, "આપણે શા માટે ઝઘડીએ છીએ?"

"તને ખબર..." રાધિકાએ ચહેરો ઘુમાવી લીધો અને ફરી કબાટમાં કશું શોધવા લાગી, પણ હવે એને ડૂમો ભરાઈ આવ્યો હતો. વીરેન જેમ નમ્રતાથી, વહાલથી અને પ્રેમથી વર્તતો હતો એમ રાધિકા એનાથી વધુ ને વધુ દૂર જવાનો પ્રયત્ન કરતી હતી એવું વીરેન અનુભવી શકતો હતો. વીરેનને હંમેશાં લાગતું કે એ રાધિકાથી મોટો છે તેથી, અથવા લંડનમાં રાધિકાનો એકમાત્ર સહારો ગણો, સ્નેહી ગણો, સગો ગણો કે મિત્ર ગણો... એ વીરેન જ હતો, તેથી રાધિકાને એકલી છોડી દેવામાં વીરેનને પોતે પોતાનો જ ગુનેગાર લાગતો હતો. કદાચ એટલે જ રાધિકાની તમામ વિચિત્રતાઓ છતાં એ રાધિકાને પંપાળીને, વહાલથી, સ્નેહથી ફરી ફરીને પાછી લઈ આવતો હતો...

પરંતુ આ વખતે એ પણ થાક્યો હતો. છેલ્લા થોડા સમયથી ચાલતા આ ઝઘડા વીરેનની ખાસી શક્તિ અને સમય ખાતા હતા. એના મગજનો એક ભાગ જાણે સતત રાધિકાની ચિંતામાં, એની સાથે થતા ઝઘડાઓમાં રોકાયેલો રહેતો હતો... એણે આજે નક્કી કરી લીધું હતું કે એ રાધિકા સાથે સીધી અને સ્પષ્ટ વાત કરી લેશે.

"રાધિ, તું જાણે છે હું તને ખૂબ ચાહું છું."

"જો વીરેન, માત્ર ચાહવું પૂરતું નથી હોતું... મને ઘણુંબધું જોઈએ છે..." રાધિકાને જાણે પોતાની જ વાત નિરર્થક અને અવાજ બોદો લાગ્યો. છતાં એણે કહેવાનું ચાલુ રાખ્યું, "મને કંટાળો આવે છે તારા સવાલોનો, તારી ફરિયાદોનો, તારી માગણીઓનો અને તારી અપેક્ષાઓનો. વાતે વાતે મારાથી હિસાબ નહીં અપાય. હું તારી પત્ની નથી વીરેન..."

"હું તને પત્ની બનાવવા માગું છું." વીરેને કબાટમાંથી એનો ચહેરો બહાર ખેંચી કાઢ્યો અને બે બાથ વચ્ચે પકડીને એની આંખોમાં જોયું, "મારે તને સલામતી આપવી છે."

"ગેટ લોસ્ટ! લગ્ન સલામતી છે? જા, જા... લગ્ન તો હથિયાર છે, સામેના માણસને ગુલામ બનાવવાની એક સાંકળ." રાધિકાએ ઝટકો મારીને ચહેરો છોડાવ્યો. કદાચ એને જોઈતાં કાગળિયાં મળી ગયાં હતાં. એ લઈને રાધિકા ઘરની બહાર જવા લાગી.

વીરેને એનો હાથ પકડી લીધો, "એક વાર બેસીને વાત કરી લે રાધિકા...

તારે શું કરવું છે? શું જોઈએ છે તારે?"

"મુક્તિ." રાધિકાને નહોતું કહેવું છતાં એનાથી કહેવાઈ ગયું. વીરેનના ચહેરા પર જાણે ઉઝરડા પડી ગયા હોય

એવું રાધિકાને લાગ્યું. વીરેનની આંખો ભરાઈ આવી. એણે રાધિકાનો હાથ છોડી દીધો.

"ભલે રાધિકા! આજ સુધી તને જે જોઈતું હતું એ મેં આપ્યું જ છે..." વીરેને અપાર્ટમેન્ટનો દરવાજો ખોલી નાખ્યો, "તું મુક્તિ માગે છે તો એ પણ આપીશ! હું તને રોકીશ નહીં. પણ મને દેખાય છે કે તું ભૂલ કરે છે."

"મારી પહેલી ભૂલ મેં તારી સાથે રહેવાનું શરૂ કર્યું હતું એ હતી વીરેન." રાધિકા જાણે વીરેન કરતાં વધારે પોતાની જાતને સજા આપી રહી હતી. એની અંદર કશું તૂટતું હતું અને એના વિખેરાતા ટુકડા જોઈને અજબ સુખ મળતું હતું રાધિકાને!

જાણે રાધિકાની અંદરની એક રાધિકા બહાર નીકળી હતી અને બરાબર એની સામે અરીસામાંના પ્રતિબિંબની જેમ ઊભી રહીને ખડખડાટ હસતી હતી, "તને કોઈ અધિકાર નથી... પ્રેમ કરવાનો, સુખ મેળવવાનો, ઠરીને રહેવાનો અને નિરાંતે જીવવાનો..." પ્રતિબિંબ જેવી એ રાધિકાનો ચહેરો લીલો હતો. એના ચહેરા પર રાક્ષસી ઘૃણા અને તિરસ્કાર ઊભરાતાં હતાં. એ ફરી ફરીને વીરેનની સામે ઊભેલી અસહાય રાધિકાને કહી રહી હતી, "તેં બીજા સૌને ખૂબ દુઃખ આપ્યું છે એટલે હવે તારે પણ દુઃખ ભોગવવું જોઈએ. તું ક્યાંય પણ જા, હું તારી અંદર જ રહેવાની... અને તને દુઃખ આપવાની!"

રાધિકાએ વીરેન સામે જોયું – આહત, પીડાથી ભરેલી આંખો સાથે!

કોણ જાણે કેમ એને વીરેનની અસહાય આંખોમાં અર્જુનકુમારની આંખો આવીને બેસી ગયેલી દેખાઈ.

એને વીરેનના ચહેરામાં પોતાને રોકતો અર્જુનકુમારનો ચહેરો દેખાયો... અને અચાનક જ ત્યાંથી જવાનો એનો નિર્ણય વધુ દૃઢ થઈ ગયો!

એણે હાથ ઊંચક્યો, વીરેનના ગાલ પર મૂક્યો, "તું નહીં સમજી શકે!"

એની આંખો છલકાઈ આવી, "હું ક્યાંય સુખી નહીં થઈ શકું. તારી વાત સાચી છે વીરેન."

"રાધિ..." વીરેને ગાલ પર મુકાયેલા હાથ પર પોતાનો હાથ મૂકી દીધો. "પણ મારી સાથે તને દુઃખી કરવાનો અધિકાર નથી મને. મારી એકલતાનો અભિશાપ ભોગવી લઈશ હું. હવે તને વધારે દુઃખી નહીં કરું." અને પાછળ જોયા વિના ખુલ્લા દરવાજામાંથી એ સડસડાટ બહાર નીકળી ગઈ હતી.

કેફેટેરિયામાં બેઠેલી રાધિકાની સામે જાણે આખુંય દૃશ્ય ભરી એક વાર ભજવાયું હતું. એની આંખો ફરી એક વાર ભરાઈ આવી હતી.

એણે છલોછલ આંખોથી સત્યજીતની સામે જોયું. સત્યજીતનો ચહેરો જાણે પાણીની સતહ પર દેખાતો હોય એવો ધૂંધળો હતો.

"શા માટે? શા માટે મારી નજીક આવનારા દરેકને એક યા બીજા કારણસર દુઃખ પહોંચાડું છું? મને બધું જ આપવા તૈયાર એવા, મારી સાવ નજીકના માણસોને જ મેં કેમ દુઃખ આપ્યું છે?" રાધિકાએ જાતને સવાલ

પૂછ્યો અને સત્યજીતની સામે જોઈને કહ્યું, "તને શું લાગે છે? દરેક વખતે હું જ ખોટી હોઉં છું? મારો જ વાંક હોય છે? હું જ જવાબદાર હોઉં છું મારી પરિસ્થિતિ માટે?"

સત્યજીતે જવાબ ના આપ્યો. એણે રાધિકા સામે જોઈને એક હૂંફાળું, વહાલસોયું સ્મિત કર્યું. રાધિકાના ગાલ પર હાથ મૂક્યો. રાધિકાએ સત્યજીતની આંખોમાં જોયું અને એને ફરી એક વાર સત્યજીતની આંખોમાંથી અર્જુનકુમાર ડોકાતા લાગ્યા.

"બસ જીત, દસ વર્ષ પછીની આ મુલાકાત માટે આટલું ઘણું છે."

એ ઊભી થઈ, લેધર બેલ્ટ ખભા પર લીધો, સાડીનો પાલવ સરખો કર્યો, ઉપરના દાંત નીચે હોઠ દબાવ્યો. દૃઢ છતાં ધીમા પગલે કેફેટેરિયાની બહાર નીકળી ગઈ.

સત્યજીત ત્યાં બેસી જ રહ્યો. એને જતી જોઈ રહ્યો. રાધિકા બહાર નીકળી, સત્યજીત જોઈ રહ્યો હતો કે બહાર નીકળ્યા પછી પણ એને પોતાની દિશા નહોતી જડતી. કઈ તરફ જવું એ સમજાતું નહોતું રાધિકાને... એણે હાથમાં પુસ્તકો છાતીસરસાં દબાવી રાખ્યાં હતાં. ખભા પરનો બેલ્ટ અને સાડીનો પાલવ વારે વારે સરખો કરી રહી હતી.

ત્યાંથી ઊભા થઈને બહાર નીકળી ગયા પછી એની પ્રકૃતિ અને સ્વભાવ બંને એને પાછી જવા દે એમ નહોતાં જ, પણ રાધિકાને બાળપણથી ઓળખતો સત્યજીત જાણતો હતો કે રાધિકાને અર્જુનકુમાર દીવાન વિશે બધું જ પૂછવું હતું. પિતાની તબિયત વિશે જે કંઈ જાણ્યું એ પછી રાધિકા માટે એ વિશેની રજેરજ માહિતી મેળવી લેવી અનિવાર્ય હતી, પણ સાથે જ સત્યજીતને એય ખબર હતી કે રાધિકા સવાલ નહીં પૂછે!

પોતે લંડન આવતા પહેલાં અર્જુનકુમાર દીવાનને મળવા ગયો ત્યારે એમણે જે રીતે જમણો હાથ ઊંચો કર્યો હતો એ વખતે ધ્રૂજતો હાથ જે રીતે સત્યજીતની આંખો પાસેથી પસાર થઈને માથે પહોંચ્યો હતો એ આખુંય દૃશ્ય એની નજર સામે તરવરી ઊઠ્યું.

અર્જુનકુમાર દીવાનનો કમ્મર નીચેનો ભાગ સાવ ખોટો પડી ગયો હતો... લગભગ છ-આઠ મહિના તદ્દન પથારીવશ રહ્યા પછી, પહેલાં વ્હીલચૅર અને હવે ઘોડીના ટેકે અર્જુનકુમાર માંડ માંડ થોડાં ડગલાં ભરતા થયા હતા...

રોજ સાંજે ચોકની ફરતે આવેલી આખીય પરસાળમાં એ ધીરે ધીરે ચોરસ ઘોડીના ટેકે ડગલાં ભરતા...

જે પરસાળમાંથી અર્જુનકુમારને પસાર થતાં જોવા એક લ્હાવો હતો એ માંડ 30 ફૂટની સી-આકારની પરસાળ પસાર કરતાં હવે એમને 30 મિનિટથી વધારે સમય થતો હતો.

જો સત્યજીત સમયસર ન પહોંચ્યો હોત અને એણે અર્જુનકુમારને હોસ્પિટલમાં દાખલ કરવાથી શરૂ કરીને એમને ચાલતા કરવા સુધીની જહેમત ન ઉઠાવી હોત તો કદાચ આજે પણ એ પથારીમાં જ હોત... પરંતુ, આ બધી વિગતો રાધિકાને કહેવાનો કોઈ અર્થ નહોતો એવું સત્યજીતને અત્યારે લાગ્યું.

કહી હોત તો સત્યજીતની હાજરીમાં રાધિકાએ પોતાના ઉપર થયેલી અસર દેખાડી હોત કે નહીં એ પણ સવાલ જ હતો! કારણ કે અર્જુનકુમાર દીવાન પણ રાધિકાના સમાચાર સાંભળીને જે રીતે વર્તતા એ સત્યજીતે જોયું જ હતું – આ તમામ વર્ષો દરમિયાન.

બાપ-દીકરી વચ્ચેનું આ કયું પરિબળ હતું?

રાધિકા જ્યારે ઘર છોડીને ચાલી ગઈ ત્યાર પછીના કેટલાય મહિના અર્જુનકુમાર દીવાનના ઘરમાં રાધિકાનું નામ લેવું પણ ગુનો બની ગયું હતું.

છતાં, સત્યજીત જાણતો હતો કે રાધિકાના ગયા પછી એક પળ પણ એવી નહોતી કે જ્યારે અર્જુનકુમાર એ ઘરમાં એની ગેરહાજરીની પીડા ન અનુભવી શકતા હોય... પરંતુ રાધિકાનું નામ લેવાતાં જ અર્જુનકુમાર એ જગ્યા છોડીને ચાલી જતા...

રાધિકા કદાચ નહોતી જાણતી, પરંતુ, સુમિત્રાએ અર્જુનકુમારને સમજાવવાનો ઘણો પ્રયાસ કર્યો હતો. રાધિકાને પાછી બોલાવવા, મનાવવામાટે સુમિત્રા જાતે લંડન જવા માગતી હતી.

"જે રાધિકાને મળવા કે મનાવવા જાય એણે આ ઘરમાં પાછા નહીં આવવાની તૈયારી સાથે જવું પડશે." અર્જુનકુમારે સત્તાવાહી અવાજે એ જ ડાઇનિંગ રૂમમાં ચેતવણી ઉચ્ચારી ત્યારે સત્યજીત ત્યાં હાજર હતો! સુમિત્રા આ સાંભળી ત્યાંથી ચાલી ગઈ એ પછી પહોળી કાળી ફ્રેમના ચશ્માની પાછળ છલછલાઈ આવેલી આંખો માત્ર સત્યજીતે જ જોઈ હતી!

રાધિકાના ગયાના થોડા મહિનાઓ તો અર્જુનકુમાર દીવાનના ઘરમાં કોઈ સ્વજનના મૃત્યુ પછી જેમ વાતાવરણમાં એક પ્રકારની નમ્બનેસ-બધિરતા આવી જાય એવા વીત્યા હતા. અર્જુનકુમાર પોતાના ઓરડા અને સ્ટડીરૂમમાંથી ભાગ્યે જ બહાર નીકળતા.

રાધિકાના જવાથી અધૂરી રહી ગયેલી એમની આત્મકથા 'થર્ડ બેલ' એમ જ અધૂરી પડી ધૂળ ખાતી રહી... નવાં નાટકો, એનાં રિહર્સલ અને બીજું કંઈ પણ ચાલતું તો હતું, પણ જાણે એમાંથી પ્રાણ ચાલી ગયો હતો. અર્જુનકુમાર દીવાન પણ પોતાનું કામ તો કરતા હતા પણ કામમાં એ જાદુ નહોતો જે ગઈ કાલ સુધી અર્જુનકુમાર દીવાન નામના માણસની હાજરી માત્રથી ઊભો થઈ જતો હતો.

એ બોલતા નહોતા, બોલવા માગતા પણ નહોતા. રાધિકા જે રીતે ચાલી ગઈ એનાથી એમના અહ્મ પર, એમના પિતૃત્વ પર એક તમાચો પડ્યો હતો. જેની અસર એમના અને સુમિત્રાના સંબધો ઉપર પણ બહુ સ્વાભાવિકપણે થઈ હતી. સુમિત્રાને સતત લાગતું રહ્યું કે રાધિકા એને કારણે ઘર છોડી ગઈ.

જ્યારે અર્જુનકુમાર દીવાન સુમિત્રાને એવું નહીં લાગવા દેવાના પ્રયાસમાં ક્યારેક એટલું બધું કરી બેસતા કે કોઈ પણ માણસને એમાં રહેલા ખોખલા પ્રયાસનો ખ્યાલ આવી જતો, ક્યારેક એટલા બધા બંધ થઈને જાતમાં ડૂબી જતા કે ઘરના દરેક સભ્યને એમની એકલતાનો, એમના અધૂરાપણાનો અહેસાસ વિચલિત કરવા લાગતો.

રમણકાકા સિવાય ઘરના કોઈ જ સભ્યની તાકાત નહોતી કે ઓરડો બંધ કરીને બેઠેલા અર્જુનકુમાર સુધી પહોંચીને એમને જમવા કે બીજી કોઈ પણ બાબત અંગે ડિસ્ટર્બ કરી શકે.

ચોવીસ કલાક ગૂંજતું આ ઘર અચાનક સન્નાટાની ચાદર ઓઢીને સહેમી ગયું હતું.

રાધિકાનું જવું જાણે આ ઘરમાં એક મુર્દનીનો અહેસાસ મૂકતું ગયું હતું. કેફેટેરિયાની બહાર નીકળીને ઊભેલી રાધિકા કઈ તરફ જવું એની અસમંજસમાં ઊભી હતી. મનોમન ઇચ્છતી હતી કે અંદર બેઠેલો સત્યજીત દર વખતની જેમ એની પાછળ આવીને એને રોકે, મનાવે પણ એવું કદાચ આજે નહોતું થવાનું એની પણ એને ખબર જ હતી.

લંડનની ટ્યૂબ રેલવે આઠ પ્રકારની રૂટની જાળીથી ગૂંથાયેલી છે. સિલ્વર લાઇન, જ્યુબિલી લાઇન, ડિસ્ટ્રિક્ટ લાઇન, સેન્ટ્રલ લાઇન, પિકેડેલી લાઇન અને સર્કલ લાઇન જેવી અનેક લાઇન્સ એકબીજાની સાથે પેરેલલ ચાલતી તો ક્યારેક એકબીજાને આંતરતી આખાય લંડનને સાંકળે છે. અલ્સકોર્ટ ડિસ્ટ્રિક્ટ લાઇન, સર્કલ લાઇન અને પિકેડેલી લાઇનનું એક જંક્શન સ્ટેશન છે.

અહીંથી જ્યાં જવું હોય ત્યાં જઈ શકાય એમ હતું. સ્ટેનફોર્ડ યુનિવર્સિટી પાંચ સ્ટેશન દૂર હતી, હાઇડપાર્ક નજીકમાં જ હતો... વીરેનની ઑફિસ પણ કંઈ ખાસ દૂર નહોતી...

પરંતુ ક્યાં જવું એનો નિર્ણય નહીં કરી શકતી રાધિકા પોતાની જાતને ત્યાંથી ઊભા થઈને બહાર નીકળી જવાની બેવકૂફી બદલ ધિક્કારતી ત્યાં જ, એમ જ ઊભી હતી.

પાંચેક મિનિટ એણે સત્યજીતની રાહ જોઈ. પાછળ જોવાની તો એના મને રજા ન જ આપી, પછી એણે મનોમન નિર્ણય કર્યો. આખરે રાધિકા ચૂપચાપ પોતાની જમણી બાજુ વળીને ફૂટપાથ ઉપર ચાલવા લાગી. સત્યજીતે એને જતી જોઈ, અને જવા જ દીધી.

રાધિકાએ બાજુમાં પસાર થતી કાળી ટૅક્સીને હાથ કર્યો. જૂના મોડલની એક કાળા રંગે રંગેલી ગાડી રાધિકાથી સહેજ આગળ જઈને બ્રિટિશ સલૂકાઈથી ઊભી રહી ગઈ. રાધિકા ટૅક્સીનો દરવાજો ખોલીને અંદર બેસી ગઈ.

બેસતાંની સાથે એણે જાતને સીટ ઉપર ઢાળી દીધી, માથું પાછળ નાંખ્યું ને આંખો મીંચી દીધી...

“હાઇડપાર્ક” એણે કહ્યું, ટૅક્સીવાળાએ મીટર ડાઉન કર્યું અને ટૅક્સી આગળ લઈ લીધી. ટૅક્સી ચાલતી રહી અને રાધિકાના મગજમાં ફરી એક વાર વિચારો બમણી-ત્રણગણી ગતિથી વહેતા રહ્યા.

“તો તેં જવાનું નક્કી કરી લીધું છે.”

અર્જુનકુમાર દીવાન બંને હાથ પાછળ બાંધીને ખભા તાણીને ઊભા હતા.

લાયલેક કલરનો એમના સાટીનના ડ્રેસિંગ ગાઉન ઉપર ડાબી બાજુ મોટો કાળા રંગનો ડ્રેગોન બનેલો હતો.

એમની આંખો પહોળી કાળી ફ્રેમના ચશ્મા પાછળથી તગતગતી હતી. ચહેરા પર ગુસ્સો હતો. છતાંય એમણે જાણે એ ગુસ્સાને બાંધતા હોય એમ હાથ પાછળ બાંધી રાખ્યા હતા. જાતને ઉશ્કેરતી રોકવાનો સંનિષ્ઠ પ્રયાસ એમની આખી બોડી લેંગ્વેજમાંથી પડઘાતો હતો.

રાધિકા એમની આંખોમાં આંખો નાંખીને જોઈ રહી હતી.

એની મોટી મોટી આંખો જાણે સો સો સૂરજના તેજથી તપતી હતી, એની કાળી લાંબી પાંપણો એની આંખો પર છાંયો કરતી હોય એમ ફરકતી હતી.

"હા" એના ચહેરા પર એક રેખા પણ બદલાઈ નહીં.

"મને પૂછવાની જરૂર ના લાગી તને..." અર્જુનકુમાર દીવાનને કદાચ ઘણું કહેવું હતું. પરંતુ, એમણે વાક્ય અધૂરું છોડ્યું.

"તમે પૂછ્યું હતું મને?" રાધિકાએ ઉપલા દાંત નીચે નીચલો હોઠ દબાવ્યો અને પોતાના વાળની કપાળ પર ઝૂકી આવેલી લટને પાછળ ધકેલી.

"શું પૂછવાનું?" અર્જુનકુમાર સમજતા હતા કે રાધિકા શેની વાત કરતી હતી. તેમ છતાં આજે આ વાત ખૂલીને થઈ જાય એવું વિચારીને એમણે રાધિકાએ બોલવું જ પડે એવો સવાલ પૂછ્યો.

"સુમિત્રાને ઘરમાં લાવતા પહેલાં..." રાધિકા આડું જોઈ ગઈ. "સુમિત્રા તારી મા છે, રાધે!" અર્જુનકુમારે પોતાના અવાજમાં હૃદયમાં હતી એટલી બધી જ મમતા ઊંડેલીને કહ્યું.

"મારી મા મરી ચૂકી છે..." રાધિકાએ ફરી એક વાર અર્જુનકુમારની આંખમાં આંખ નાંખી, "દસ વર્ષ થવા આવ્યાં..."

"રાધે, શા માટે? શા માટે આવું કરે છે મારી સાથે? તેં કહ્યું હોત તો વિશ્વના કોઈ પણ દેશમાં ભણવા મોકલી હોત તને... પણ આવી રીતે..."

"તમને શું લાગે છે? હું ભણવા જાઉં છું?" રાધિકાના હોઠ વંકાયા. "હું સમજું છું..."

"છતાં તમારી પસંદગી સ્પષ્ટ છે."

"દરેક વાતમાં બુદ્ધિનો ઉપયોગ નહીં કર બેટા... ક્યારેક લાગણીથી વિચાર.."

"બધી બાબતમાં તમે નક્કી કરો તે જ સત્ય? તમને અનુકૂળ હોય તેમ બીજાએ વર્ત્યા કરવાનું... એને સ્વાર્થ કહેવાય, સ્વકેન્દ્રીપણું કહેવાય – આવું તમે જ શીખવ્યું છે ને?"

"રાધે..." અર્જુનકુમારનો અવાજ ઊંચો થઈ ગયો. "બૂમ પાડીને શું સાબિત કરવા માગો છો?"

“બાપુ...” રાધિકાનો અવાજ ભરાઈ આવ્યો, આંખો ઉપર છાંયો કરી રહેલી પાંપણો પર આંસુ તોળાઈ રહ્યું. હજી થોડાક જ દિવસ પહેલાં ઘરના ચોકમાં અર્જુનકુમારે મારેલી ઝન્નાટેદાર થપ્પડની ચમચમાટી ફરી એના ગાલ પર તરફડવા લાગી...

“હું હવે આ ઘરમાં નહીં રહી શકું.”

“બેટા!” અર્જુનકુમારને સૂઝયું નહીં, કે શું બોલવું? એમણે રાધિકાની સામે જોયું, એમની આંખોમાં ભયાનક પીડા અને તકલીફ હતી. આટલાં વર્ષો વેડફાયાની, દીકરી સાથે અમુક પ્રકારનો સંવાદ ન સાધી શકાયાની, સામે ઊભેલી રાધિકાની અણસમજ ઉપર થતા અફસોસની મિશ્ર લાગણી એમના ચહેરા પર રહી રહીને છલકાઈ જતી હતી. એ આગળ વધ્યા, બન્નેની વચ્ચે બાર જણાં બેસી શકે એટલું મોટું ડાઇનિંગ ટેબલ હતું. અર્જુનકુમાર દીવાન જેવા એક પગલું આગળ વધ્યા કે ડાઇનિંગ ટેબલની બીજી તરફ ઊભેલી રાધિકાએ એક ડગલું પાછળ લીધું...

અર્જુનકુમાર ત્યાં જ અટકી ગયા.

રાધિકાની અંદર એક તોફાન ચક્રવાતની જેમ ઘુમરાઈ રહ્યું હતું. એનું એક મન ઇચ્છતું હતું કે પિતા ધસમસતા આવીને પોતાને એમના બાહુપાશમાં લઈને એક જ વાર કહે, “નહીં જા રાધે, હું તારા વિના અધૂરો છું.”

બીજું મન અર્જુનકુમાર દીવાનની સામે ઊભેલી રાધિકાને વારે વારે કહી રહ્યું હતું, “નહીં રડતી... આ માણસની સામે તો નહીં જ રડતી... એને તારાં આંસુઓની કોઈ જ કિંમત નથી.”

સામે ઊભેલા અર્જુનકુમાર દીવાન રાહ જોઈ રહ્યા હતા કે રાધિકા દોડતી આવીને પિતાના ગળામાં હાથ નાંખીને ઝૂલી પડે અને કહી દે, “બની ગયા ને?! હું ક્યાંય જવાની નથી.”

પણ એવું કશું જ થયું નહીં. અર્જુનકુમાર દીવાન ડાઇનિંગ ટેબલની બીજી તરફ ઊભેલા જ રહી ગયા અને રાધિકા ડાઇનિંગ ટેબલની આ તરફ ઊભી ઊભી પિતાને તકલીફ પહોંચાડવા માટે રડ્યા વિના એમની સામે જોતી રહી.

બાપ-દીકરીનો આ સંવાદ ચાલુ હતો એ જ વખતે સુમિત્રા એ ઓરડામાં દાખલ થઈ.

સુમિત્રાના દાખલ થવાથી જ રાધિકાના ચહેરા પર અણગમાના ભાવ આવી ગયા. કડક અંબોડો વાળીને, ચીપીચીપીને પાટલી વાળીને સુતરાઉ સાડી પહેરેલી સુમિત્રાનો ચહેરો પ્રમાણમાં સહેજ રૂક્ષ હતો. પોતાના સંતાનો એણે એકલા હાથે ઉછેર્યાં હોવાના કારણે પ્રમાણમાં થોડી દુરાગ્રહી અને કડક મા પણ રહી હશે સુમિત્રા એવું એના ચહેરા પરથી જણાઈ આવતું. પણ એની આંખોમાં ધ્યાનથી જોનારને એનામાં વસતી મમતામયી સ્ત્રી જરૂર જડે!

રાધિકાએ કદાચ સુમિત્રાને ક્યારેય નજીકથી જોવાનો કે ઓળખવાનો પ્રયાસ જ નહોતો કર્યો આ થોડા દિવસોના સહવાસ દરમિયાન... સુમિત્રાની હાજરી માત્ર રાધિકા માટે કોઈ ને કોઈ કારણસર ચીડ અને અકળામણનું કારણ બની જતી. સુમિત્રાની દરેક વાત રાધિકા માટે કોઈ કારણ વગર જ વિરોધ કરવા યોગ્ય

હતી. એનો દરેક નિર્ણય રાધિકાને હુકમ લાગતો...

સુમિત્રાએ જેટલા પ્રયાસ કર્યા હતા એની નજીક આવવાના, એને ઓળખવાના અથવા એને પોતાના વિશે જણાવવાના એ દરેક પ્રયાસમાં રાધિકાએ પોતાના મનનાં બારણાં ચસોચસ ભીડીને સુમિત્રાને દૂર ધકેલવા સિવાય બીજું કંઈ જ કર્યું નહીં.

હવે સુમિત્રા પણ કંટાળી હતી. રાધિકાના આ જડ અને નાસમજ વર્તનનો પડઘો ધીમે ધીમે સુમિત્રાના વાણી અને વર્તનમાં પણ પડવા માંડ્યો હતો. જો કે એ ઉંમરમાં મોટી હતી, રાધિકા અને સુમિત્રાની ઉંમર વચ્ચે પંદરેક વર્ષનો તફાવત હતો... એટલો જ તફાવત સુમિત્રા અને અર્જુનકુમારની ઉંમર વચ્ચે પણ હતો! એ જાણતી હતી કે રાધિકાનો વિરોધ સ્વીકારીને જ એ આ ઘરમાં જીવી શકશે, એટલે દરેક વખતે સંવાદ સાધવાનો પ્રયાસ કરતી.

આજે પણ એ જ્યારે ડાઇનિંગરૂમમાં દાખલ થઈ ત્યારે બાપ-દીકરી વચ્ચે ઊભું થયેલું ટેન્શન એ સ્પષ્ટ રીતે અનુભવી શકી હતી. રાધિકાએ જમતી વખતે જ લંડન જવાની વાત કહી દીધી હતી, એ પછી એક પણ શબ્દ બોલ્યા વિના જમીને ઊભા થઈ ગયેલા અર્જુનકુમારના મનમાં શું ચાલતું હશે એ સુમિત્રા અનુભવી જ શકતી હતી.

એ જાણતી હતી કે પોતાના સમજાવવાથી રાધિકા પર ઝાઝી અસર થવાની નથી તેમ છતાં પતિના સુખ ખાતર અને પોતાની ફરજના ભાગરૂપે એણે હળવેકથી વાત કરવાનો પ્રયાસ કરી જોયો, “રાધિકા બેટા...”

“મને તમારે ક્યારેય બેટા નહીં કહેવાનું” રાધિકાએ સુમિત્રા સામે વેધક નજરે જોયું. “હું તમારી દીકરી નથી.”

“બેટા, તું મને તારી દીકરી માને કે નહીં, હું તને મળી એ પહેલાંથી તને મારી દીકરી જ માનું છું. અર્જુને તારે વિશે એટલું બધું કહ્યું છે મને... કે હું તને મળી એ પહેલાંથી ઓળખતી હતી...”

રાધિકા કોઈ ભાવ વગરનો ચહેરો લઈ સુમિત્રા સામે જોતી રહી. “રાધિકા, આપણે બધાં આ ઘરમાં આનંદથી એક કુટુંબની જેમ ના રહી શકીએ?” સુમિત્રાના અવાજમાં સાચા અર્થમાં વિનંતી હતી.

“કુટુંબ?” રાધિકાનો અવાજ તરડાઈ ગયો. એણે અર્જુનકુમારની સામે જોયું, “મને તો આ કુટુંબમાંથી બહાર ફેંકી દેવામાં આવી છે.” પરાણે રોકેલો ડૂમો છેક ગળા સુધી આવી ગયો હતો. રાધિકાને ડર લાગ્યો કે પોતે કદાચ રડી પડશે એટલે થોડીક ક્ષણ ચૂપ રહીને એણે ઊંડા શ્વાસ લીધા, “તમે પોતે, તમારા પતિ, અને તમારાં સંતાનોનું કુટુંબ છે આ.” રાધિકાએ અર્જુનકુમારની સામે એવી રીતે જોયું કે એ નજરનો સામનો કરવો અર્જુનકુમાર દીવાન માટે અઘરો થઈ પડ્યો, “હું કોણ છું આ ઘરમાં? એક વધારાની વ્યક્તિ? તમારી સાવકી દીકરી?”

અત્યાર સુધી અર્જુનકુમાર એક અક્ષર બોલ્યા વિના આખીયે પરિસ્થિતિ ચૂપચાપ જોઈ રહ્યા હતા, “સારું, એની સાવકી દીકરી છે તું... મારી?” અર્જુનકુમારની આંખો રાધિકાને પોતાની પાસે દોડી આવવા, ભેટી પડવા વીનવી રહી હતી, “મારી તો પોતાની દીકરી છે ને?”

"આ વિચાર તમારે ત્યારે કરવાનો હતો જ્યારે તમે સુમિત્રાનો બચાવ કરીને મને થપ્પડ મારી."

"બેટા, સુમિત્રાનો બચાવ નથી કર્યો મેં, હું માત્ર ઇચ્છતો હતો કે..." અર્જુનકુમાર દીવાનને લાગ્યું કે ફરી એકવાર એ જ દિશામાં દલીલબાજી કરવાનો કોઈ અર્થ નથી. એટલે એમણે વાક્ય અધૂરું છોડી દીધું.

"કહો! શું ઇચ્છતા હતા તમે? હું સુમિત્રાના પગે પડું? એના હુકમ મુજબ આ ઘરમાં રહું? એ ઇચ્છે એમ જીવું?" રાધિકાનો ચહેરો ધીમે ધીમે ગુસ્સામાં લાલ થઈ રહ્યો હતો. એણે ડાઇનિંગ ટેબલની ખુરશીની પીઠ પર પોતાના હાથ કસી દીધા અને કશું જ બોલ્યા વિના નીચું જોઈને ઊભી રહી.

"આવું કશુંય મેં ક્યારેય કહ્યું છે?"

"એ સિવાયનું હવે કંઈ નથી બનતું આ ઘરમાં..." રાધિકાએ સીધું સુમિત્રા સામે જોયું, "સવાર-સાંજની રસોઈ શું બનશે? કોણ કયા ઓરડામાં ઊતરશે? કોણ કેટલા વાગે જશે અને કોણ કેટલા વાગે આવશે? આ બધું સુમિત્રા નક્કી કરે છે.." રાધિકાનો અવાજ ધીમે ધીમે ઊંચો થવા લાગ્યો હતો, "એની દીકરી ફાવે ત્યારે મારા રૂમમાં દાખલ થઈ જાય છે, એનો દીકરો ફાવે ત્યારે મારી વસ્તુઓ લઈ લે છે, એટલી હદ સુધી કે મને પૂછ્યા વિના મારા સ્ટડીરૂમનું ફર્નિચર બદલાવીને એના છોકરાઓનો રૂમ બની ગયો..."

"તું મારો સ્ટડીરૂમ વાપરી શકે છે."

"ઓહ, તો તમે એવડો મોટો ત્યાગ કરવા તૈયાર છો?!"

"રાધિકા, એ લોકો આપણે ઘેર આવ્યા છે... આપણા કુટુંબનો ભાગ છે..." અર્જુનકુમારે ભાર દઈને કહ્યું, "એ પણ મારાં જ સંતાનો છે હવે."

"તો ગેસ્ટરૂમ તોડાવો... ત્યાં એમના રૂમ બનાવડાવો... મારામાંથી ભાગ શું કામ? આ ઘર મારું છે... હું આ ઘરમાં જન્મી છું, અર્જુનકુમાર દીવાનની દીકરી હું છું..." રાધિકા જાણે પોતાનો અધિકાર એકીશ્વાસે જતાવવા માગતી હોય એમ બોલી ગઈ.

"રાધિકા, તને એટલો જ વાંધો છે તો એ પણ થઈ જશે."

રાધિકાએ સુમિત્રાની સામે ફરી એક વાર તીખી નજરે જોયું, "હા..હા..હવે તો આ ઘરમાં તમે જે કહેશો તે થઈ જશે." પછી અર્જુનકુમારની સામે જોયું, "ખબર છે મને."

અર્જુનકુમાર એક અક્ષર પણ નહોતા બોલ્યા. બસ, રાધિકા સામે જોઈ રહ્યા. એમની આંખોમાં એક અજબ જેવી ફરિયાદ હતી... છેતરાયાની...

તૂટી ગયાની... કશું બહુ જ કીમતી છૂટી ગયાની લાગણી હતી એમની આંખોમાં...

"રાધિકા બેટા..."

"બસ સુમિત્રા, હવે રાધિકાને કોઈ કશું જ નહીં સમજાવે. એણે નિર્ણય કર્યો છે તો સમજી વિચારીને જ કર્યો હશે." એમણે રાધિકાની સામે જોયું. એમના ગળામાં પણ ડૂમો અટકી ગયો, એમને કદાચ કંઈ બીજું કહેવું હતું પણ એક શ્વાસ લઈને એમણે જે કહ્યું તે સણસણતા તીરની જેમ રાધિકાની આરપાર નીકળી ગયું.

"હું સ્વતંત્રતાને માણસની બહુ મહત્ત્વની જરૂરિયાત ગણું છું! જીવવા માટે, શીખવા માટે, વિકસવા માટે સ્વતંત્રતા બહુ જ જરૂરી છે અને એટલે જ મેં તને જીવનભર સ્વતંત્રતા આપી છે. તારે જે કરવું હોય તે કરવાની સ્વતંત્રતા! માણસને ભૂલ કરવાની પણ સ્વતંત્રતા હોવી જોઈએ. હું પણ તને આજે એ સ્વતંત્રતા આપું છું, તું જે કરી રહી છે તે ભૂલ કરવાની સ્વતંત્રતા!" સુમિત્રા વચ્ચે કંઈક કહેવા ગઈ. પરંતુ, અર્જુનકુમાર દીવાને ફક્ત હાથ ઊંચો કરીને એને રોકી દીધી, "હું મારા અનુભવે તને કહી શકું છું કે તું જે કરી રહી છે એની બહુ આકરી કિંમત ચૂકવવી પડશે આપણે સૌએ... પણ તેં નક્કી કરી જ લીધું છે એટલે તને રોકવાનો કોઈ અર્થ નથી. હું જાણું છું કે તું જિદ્દી છે, મારા જેટલી જ..." આવી સંવેદનશીલ ક્ષણોએ પણ અર્જુનકુમાર દીવાનના ચહેરા પર એક સ્મિત આવી ગયું, "તારી જીદ, તારો અહમ્ મેં તને આપેલા વારસાનો એક ભાગ છે બેટા!"

હવે રાધિકાની આંખો છલકાઈ પડી.

જમતી વખતે એણે લંડન જવાની વાત કહી દીધી ત્યારે અર્જુનકુમારે કશું જ ન કહ્યું. રાધિકાને લાગ્યું હતું કે વાત પૂરી થઈ ગઈ. એના પિતા છેલ્લા કેટલા થોડા વખતથી કરતા હતા એમ જ આ વખતે પણ રાધિકા સાથે કોઈ ચર્ચા નહીં કરે.

પરંતુ થોડીક વારમાં રમણકાકા બોલાવવા આવ્યા ત્યારે જ રાધિકાએ બે વાત મનોમન નક્કી કરી લીધી હતી, પહેલી ગમે તેટલી ઉગ્ર ચર્ચા થાય, કે ગમે તેટલી સંવેદનશીલ પરિસ્થિતિ થાય પોતે રડશે નહીં અને બીજી, અર્જુનકુમાર કંઈ પણ સમજાવે, કોઈ પણ વચન આપે તો પણ પોતે લંડન જશે જ.

અત્યારે એની પહેલી વાત તારતાર થઈ ગઈ હતી, એની આંખો આપોઆપ વહેવા લાગી હતી. અર્જુનકુમાર હજી પણ બોલી રહ્યા હતા. ઘડીભર પહેલાં ભરાયેલા ડૂમા ઉપર એમણે કાબૂ મેળવી લીધો હતો. એક અભિનેતાની જેમ એક એક વાત પર વજન મૂકીને શબ્દેશબ્દ છૂટો પાડીને એ પોતાની વાત કોઈ અજબ અંદાજમાં કહી રહ્યા હતા, "રાધે, તારી નસોમાં વહેતા મારા રક્તની સાથે મારી પ્રકૃતિના અને મારા સ્વભાવના ઘણા અંશો તારામાં ઊતર્યા છે. તારી બુદ્ધિ, તારી ભાષા, તારી સુંદરતા કદાચ મારામાંથી આવી છે... ગર્વ છે મને એ વાતનો." એમણે એક અચ્છા અભિનેતાની જેમ બે વાક્યો વચ્ચે શ્વાસ લેવાની, સાંભળનારને વિચારવાની જગ્યા મળે એમ, એક ક્ષણ જગ્યા લીધી, "હું આજે મારી સામે મને જ ઊભેલો જોઈ શકું છું, ખુશ થવું કે દુઃખી એ સમજી નથી શકતો..." હવે એમને પણ લાગ્યું કે રડી પડાશે એટલે એમણે વાત આટોપી લીધી, "હું રોકીશ નહીં તને, ક્યારેય નહીં રોકું... પણ જેમ જતી નથી રોકતો એમ આ ઘરમાં આવતીયે નહીં જ રોકું!"

રાધિકાને થયું કે પિતા આજે ફરી એક વાર થપ્પડ મારે, રોકે એને... ચોખ્ખા શબ્દોમાં કહી દે, "ક્યાંય નથી જવાનું. આ ઘર છે તારું, હું બાપ છું તારો... તારું ભલુ-બૂરું તારા કરતાં વધારે સારી રીતે સમજી શકું છું, બેસ ઘરમાં ચૂપચાપ!"

પણ એવું કશું જ થયું નહીં.

અર્જુનકુમાર દીવાન જાણે આખીયે ચર્ચાનું છેલ્લું વાક્ય બોલતા હોય એમ લાગણીસભર અવાજે રાધિકાની સામે જોઈને બોલ્યા, "તેં હમણાં જ કહ્યું એમ આ તારું જ ઘર છે અને જેટલી સહજતાથી અને સ્વતંત્રતાથી તેં આ ઘરમાંથી જવાનો નિર્ણય કર્યો છે એટલી જ સહજતા અને સ્વતંત્રતાથી તું આ ઘરમાં પાછી ફરી શકે છે." ઘણું રોકવા છતાં એમની આંખમાંથી આંસુનું એક ટીપું બહાર સરી જ ગયું, "ઇચ્છે તો આવતી કાલે, ઇચ્છે તો એક વર્ષ પછી અને ઇચ્છે તો દસ વર્ષ પછી પણ..."

એ પછી અર્જુનકુમાર દીવાન ડાઇનિંગરૂમમાં રોકાઈ ન શક્યા. ડ્રેસિંગ ગાઉનના ખિસ્સામાં હાથ નાંખીને સડસડાટ ડાઇનિંગરૂમની બહાર નીકળી ગયા.

રાધિકા જાણે એમના ચાલ્યા જવાની જ રાહ જોતી હોય એમ, ત્યાં જ ઊભી રહીને છૂટા મોંઢે ધ્રુસકે ધ્રુસકે રડી પડી. સુમિત્રા એને સમજાવવા એક ડગલું આગળ વધી પણ રાધિકા ઊંધી ફરીને ડાઇનિંગરૂમના બીજા દરવાજેથી લગભગ દોડતી સડસડાટ બહાર નીકળી ગઈ!

લંડનના રસ્તાઓ ઉપર ટેક્સી સડસડાટ દોડી રહી હતી.

આંખો મીંચીને સીટ પર માથું ઢાળીને વિચારતી રાધિકાની નજર સામે પિતાનો એ છેલ્લી વાર જોયેલો ચહેરો આવી આવી ને ભૂંસાઈ જતો હતો, એમણે ડાઇનિંગરૂમમાં કહેલાં વાક્યો આજે રાધિકાને જાણે ઘેર પાછી ફરવા વીનવી રહ્યાં હતાં...

રાધિકા જાતને જ સવાલ પૂછી રહી હતી, "આ કઈ યાત્રા છે? વારંવાર પડાવ ઉઠાવીને દિશા શોધવા નીકળી પડતી હું ક્યાંથી ક્યાં પહોંચી જાઉં છું?

આ યાત્રાનો કોઈ અંત છે?"

એના જ મને એને જવાબ આપ્યો, "હજી તો ઘણી યાત્રા બાકી છે..." "વીરેનનેછોડીને જવાનું? એણે જે કંઈ આપ્યું એ ઋણ ક્યારે ચૂકવવાનું?" એનું મન દરેક વખતની જેમ, જે કરવું હતું એ જ કરવા માટેનાં સમાધાનો શોધી રહ્યું હતું,"વીરેનની પહેલાં પણ એક ઋણ છે તારા માથા પર, તારા જન્મનું – તારા અસ્તિત્વનું ઋણ! એ ચૂકવવા પાછા જવાનો સમય થઈ ગયો છે રાધિકા!"

સીટ પર માથું ઢાળીને બેઠેલી રાધિકાની આંખોમાંથી આંસુ વહીને એના ગાલ પરથી સરતાં હતાં. એણે બેગમાંથી સેલફોન કાઢ્યો, વીરેનનો નંબર લગભગ ડાયલ કરવાની તૈયારીમાં જ હતી કે એણે વિચાર માંડી વાળ્યો.

એણે ફોન ફરી બેગમાં મૂકી દીધો. આંખો મીંચીને ફરી એક વાર પોતાની જાતને નિર્ણય પર આવવામાં મદદ કરવાની શરૂઆત કરી.

લંડનના રસ્તા પર સડસડાટ દોડતી ટેક્સી 'હાઇડપાર્ક'ના દરવાજે આવીને એવી જ રીતે અવાજ કર્યા વગર,

બ્રિટિશ સલૂકાઈથી ઊભી રહી ગઈ.

4

"મેડમ, હાઈડપાર્ક" ટૅક્સીવાળાના અવાજે રાધિકાની તંદ્રા તોડી. એણે ઊતરીને મીટરમાં જોઈને પાઉન્ડ ચૂકવ્યા. ગેટની અંદર પ્રવેશી. રાધિકા હાઈડપાર્કમાં પ્રવેશી ત્યારે લગભગ લંચનો સમય પૂરો થવા આવ્યો હતો. કોઈ કોઈ પ્રેમી જોડાં બેન્ચ પર બેઠાં હતાં. તો વૃદ્ધો ઝાડને છાંયે કંઈ વાંચતા ચૂપચાપ પોતાની એકલતામાં ડૂબેલા હતા.

'સ્પીકર્સ કોર્નર' પણ અત્યારે પ્રમાણમાં શાંત હતો.

હાઈડપાર્કમાં એક ચોગાન બનાવવામાં આવ્યું છે. માણસોને ત્યાં ઊભા રહીને પોતાના વિચારો વ્યક્ત કરવા માટે થોડા ખુલ્લા પ્લેટફોર્મ બાંધવામાં આવ્યાં છે. જેને જે કંઈ કહેવું હોય એ ત્યાં ઊભા રહીને કહી શકે છે. જાતજાતના લોકો, જાતજાતના વિષયો ઉપર ત્યાં બોલતા-સાંભળતા જોવા મળે છે. પોતાની અંગત વાતોથી શરૂ કરીને સરકારના વિરોધ સુધી કંઈ પણ વાત અહીં કહી શકાય છે...

આ સમય એવો હતો કે જ્યારે અહીં પણ કોઈ ખાસ માણસો નહોતા.રાધિકા અમસ્તી જ સ્પીકર્સ કોર્નર પાસે ઊભી રહી. એકાદ માણસ ઊભો રહીને સરકારની નવી અણુ પોલિસી વિશે કંઈ કહી રહ્યો હતો. બે-ચાર લોકો ઊભા રહીને એને સાંભળતા હતા. વળી, બીજા એક પ્લૅટફોર્મ પર ઊભેલો એક માણસ લંડનના સ્લમ અને કારમી ગરીબી વિશે બોલી રહ્યો હતો...

રાધિકાને પણ એક વાર વિચાર આવ્યો કે એ એમાંના એક પ્લૅટફોર્મ પર ચડીને જોરજોરથી ચીસો પાડે, છાતી ફાડીને રડે પણ એનાથી એવું થઈ શક્યું નહીં.

"કેટલું સરળ હોત કે હું ચીસો પાડીને, ગુસ્સે થઈને, બૂમો પાડીને, પગ પછાડીને મારી વાત કહી શકત... કોણ જાણે એવું શું છે મારી અંદર જેણે મારી ભીતર, મારી જ આસપાસ એક દીવાલ ચણી લીધી છે. ન બહારથી કોઈ એ દીવાલ તોડીને અંદર આવી શક્યું આટલાં વર્ષો, અને ન હું એ દીવાલ તોડીને બહાર જઈ શકી! બહારના લોકો બહાર અને 'હું' મારી અંદર જ રહ્યાં. એક અજબ જેવી એકલતામાં જીવતાં જીવતાં મને આજે સમજાયું છે કે મેં કેટલા લોકોને એકલાં પાડી દીધાં... !"

રાધિકા ખાલી નજરોએ પેલા બોલતા માણસો તરફ જોઈ રહી... લંડનના સ્લમ વિશે બોલતા માણસને સાંભળવા કોઈ ઊભુંય નહોતું અને છતાં જાણે હજારોની મેદનીને સંબોધતો હોય એટલા જોમ, જોશ અને જુસ્સાથી એ પોતાની વાત કહી રહ્યો હતો! રાધિકાના ચહેરા પર આટલી પીડામાંય એક સ્મિત આવી ગયું, "કોઈ સાંભળે છે કે નહીં એની ચિંતા શું કામ કરવાની? આપણે તો આપણી વાત કહેવાની... જે સાંભળે એના સુધી પહોંચ્યાનો સંતોષ માનવાનો. જે ન સાંભળે એને વિશે અફસોસ નહીં રાખવાનો." બાપુ કહેતા, રાધિકાને યાદ આવી ગયું, "બેટા, બધાં પ્રાણીઓમાં માણસ સૌથી ઉપર કેમ છે એની ખબર છે? એની પાસે ભાષા છે... શબ્દ છે... અભિવ્યક્તિ છે... બોલીને અને બોલ્યા વગર પોતાની વાત કહેવાની કળાઓ માણસે વિકસાવી છે. પણ આ બધાના મૂળમાં બીજા સુધી પહોંચવાની એની જરૂરિયાત સૌથી અગત્યની છે.

તમારી લાગણી કોઈ સમજે, તમારી વાત કોઈ સાંભળે એ જ માણસ માટે સૌથી જરૂરી વાત છે. હવા, પાણી અને ખોરાક જેટલી અગત્યની વાત પરસ્પર માટેની સંવેદના અને સમજદારી છે દીકરા..."

પોતે શું આપ્યું હતું પિતાને? આજે પોતે જ્યાં હતી, જે હતી ત્યાં સુધી લઈ જનાર, પહોંચાડનાર પિતાને એણે બદલામાં શું આપ્યું? પેરેલિસિસ?

કારકિર્દીનો અંત?

રાધિકાને લાગ્યું કે હાઈડપાર્કનાં વૃક્ષો અચાનક પોતાની જગ્યાએથી ખસવા લાગ્યાં હતાં. રસ્તાઓ પોતાની મેળે ચાલવા લાગ્યા હતા. બેન્ચ પર બેઠેલા વૃદ્ધો, પ્રેમી જોડાંઓ, કંઈક વાંચતા માણસો રાધિકાની સામે જ જોઈ રહ્યા હતા, બધાની આંખોમાં જાણે પોતાના પરત્વે તિરસ્કાર હતો. સૌ એને કહી રહ્યા હતા, 'તું ગુનેગાર છે! તું ગુનેગાર છે.! તું ગુનેગાર છે!'

રાધિકા આ પહેલાં અનેકવાર અહીંયાં આવી હતી. પણ આજે એને લાગ્યું કે આ જગ્યા, આ રસ્તાઓને એ ઓળખતી જ નહોતી. બધું જ અજાણ્યું-પોતાનું ન હોય એવું લાગવા માંડ્યું હતું એને... એ ધીમે ધીમે ચાલતી, કશું વિચારતી, તાણા-વાણા વણતી અને ઉકેલતી કોણ જાણે કયા નિર્ણય પર આવવાનો પ્રયાસ કરતી હતી. એની બેગમાં પડેલા એના સેલફોનની રિંગ વાગી.

એણે રિંગ વાગવા દીધી. પછી એના અવાજથી ત્રસ્ત થઈને ફોન કાને લગાડ્યો.

"મળી શકે? હમણાં જ?" વીરેનના અવાજમાં અજબ ઘેરી આજીજી હતી. રાધિકાને 'ના' પાડવી હતી. સત્યજીત સાથે વાત થયા પછી એને થોડી પળો સાવ એકલા રહેવું હતું. પરંતુ, વીરેનના અવાજમાં જે આજીજી હતી એ સાંભળ્યા પછી એનાથી વીરેનને ના ન કહેવાઈ...

"ક્યાં છે તું?"

"તું ક્યાં છે?" વીરેનના અવાજમાં જાણે થોડી જ સેકન્ડોમાં પહોંચી જવાની ઉતાવળ હતી.

"હું" રાધિકાએ ક્ષણભર વિચાર્યું "હું... હાઈડપાર્કમાં છું."

"હું આવું છું" વીરેને કહ્યું અને એ જ શ્વાસમાં પૂછ્યું, 'ક્યાં છે?' "સ્પીકર્સ કોર્નર..."

"હું પહોંચું છું." વીરેને ફોન મૂક્યો, રાધિકાને એ જ સમયે લાગ્યું કે વીરેનને અત્યારે અહીં ન બોલાવ્યો હોત તો ચાલત...

"કેમ દરેક વખતે વર્તન થઈ ગયા પછીનો અફસોસ હોય છે મારા પક્ષે?

" રાધિકાએ જાતને જ પૂછ્યું, "હું સ્પષ્ટ કેમ કહી શકતી નથી? " એ ક્યાંય સુધી પેલા બોલી રહેલા માણસ સામે જોતી રહી, "પોતાની વાત કહેવા માટે સ્પષ્ટતા જોઈએ... કમ સે કમ પોતાની જાત સાથેની સ્પષ્ટતા...

મારામાં એ પણ નથી...” એની આંખોમાં પાણી આવી ગયાં.

અર્જુનકુમાર પેરિસથી પાછા આવ્યા ત્યારે રાધિકા માટે વિનસેન્ટ વાનગોગની લીથો પ્રિન્ટ્સ લઈ આવ્યા હતા, એ જોવામાં વ્યસ્ત, સખત એક્સાઇટેડ રાધિકાનું અચાનક ધ્યાન ગયું કે બાપુની સાથે આવેલી સ્ત્રીનો સામાન ગેસ્ટરૂમમાં મુકાવાને બદલે ઉપર બાપુના ઓરડામાં જઈ રહ્યો હતો, એણે જોરથી બૂમ પાડી, “રમણકાકા... એમનો સામાન બે નંબરના વીઆઇપી રૂમમાં...”

“ના બેટા...” અર્જુનકુમાર દીવાનના અવાજમાં કોઈ અચકાટ, સંકોચ કે દંભ નહોતો, “એ સામાન મારા જ રૂમમાં મૂકવાનો છે.”

“પણ બાપુ...” રાધિકા એટલી નાની નહોતી કે એને આ વાત સમજાય નહીં. 17 વર્ષની છોકરી બાપના રૂમમાં કોઈ સ્ત્રીનો સામાન મુકાવવાનું મહત્ત્વ સમજી શકતી હતી.

એ વખતે રાધિકા કશું ન બોલી. માત્ર સુમિત્રાની સામે જોઈ રહી. લગભગ ત્રીસેક વર્ષની એક ઠસ્સાદાર સ્ત્રી, કપાળ પર મોટો ચાંલ્લો, તેજસ્વી પ્રભાવશાળી આંખો, જેમાં બીજા લોકો સામાન્યતઃ ‘નીચા’ અથવા ‘નાના’છે એવો ભાવ રાધિકાને વંચાયો હતો. તીખું-સીધું નાક, સતત ભિડાયેલા રહેતાં જડબાં, જાણે પરાણે કર્યું હોય એવું સ્મિત. સાડીના પાલવને ખભે પાટલી વાળીને ચપોચપ એવી રીતે ગોઠવાયો હતો કે એક ઇંચ પણ આઘોપાછો ન થઈ શકે, એ સ્ત્રીની આંખોમાં કંઈક એવું હતું જે વાતે રાધિકાને એ જ પળે એ સ્ત્રીથી દૂર કરી નાંખી.

રાધિકાને લાગ્યું કે એ સ્ત્રી જાણે પોતાને કહી રહી હતી, “હવે તારું અહીંયાં કોઈ નથી, આ ઘરની એક એક દીવાલ, અહીંની ફર્શ, અહીંનું વાતાવરણ, અહીંનો બગીચો, અહીંના રંગો, અહીંનું આકાશ, અને તારા પિતા સુધ્ધાં હવે મારું કહ્યું માનશે...”

રાધિકા વાનગોગની પ્રિન્ટ પછાડીને ત્યાંથી ચાલી ગઈ હતી.

એ પછી એણે જમવાનું પોતાના જ ઓરડામાં મગાવ્યું હતું. લગભગ ૧૨ કલાક એ પોતાના ઓરડામાં પુરાયેલી રહી હતી.

છેક સાંજે રમણકાકા એને બોલાવવા આવ્યા હતા. “મારે નથી આવવું...”

“બેટા, સાહેબ કેટલા દિવસે આવ્યા છે! તને મળવા બોલાવે છે.”

“મારે નથી મળવું.”

“જો બેટા” રમણકાકાએ નજીક આવીને રાધિકાના માથે હાથ ફેરવ્યો હતો, “તારે જે કહેવું હોય એ કહેતાં આ ઘરમાં તને કોઈએ રોકી નથી. આમ અકળાઈને અહીં ભરાઈ રહેવાથી શું થશે? જઈને સાહેબ સાથે વાત કર.”

રાધિકા પોતાની મોટી મોટી આંખોથી ચૂપચાપ રમણકાકા સામે જોઈ રહી હતી. એને પણ લાગ્યું હતું કે આ

નવી આવેલી સ્ત્રી વિશે પિતા સાથે સીધેસીધી વાતચીત થઈ જવી જોઈએ. આ ઘર એનું હતું, એ ઓરડો એની માનો હતો અને આ ચોકની અંદરના ઇંચેઇંચમાં એની હકૂમત ચાલતી આવી હતી... અને, એની જ હકૂમત ચાલતી રહેવાની હતી... એ વાત પિતાની સાથે સાથે પેલી સ્ત્રીને પણ કહેવાવી જોઈએ.

એ ઊભી થઈ. ઉતાવળા પગલે પિતાના સ્ટડીરૂમમાં પહોંચી ગઈ. "હું અને સુમિત્રા લગ્ન કરવાનાં છીએ."

રાધિકાને સ્ટડીરૂમમાં બેસાડીને બીજી કોઈ આડીઅવળી વાત કર્યા વિના પિતાએ સ્પષ્ટ અને સીધું જ કહ્યું હતું.

"મને પૂછ્યા વિના?" રાધિકાથી કહેવાઈ ગયું હતું. આ વાક્ય બોલ્યા પછી એણે સુમિત્રાના ચહેરા પર જે ભાવ જોયા હતા એ ભાવથી રાધિકાની નસોમાં વહેતું લોહી ગરમ થઈ ગયું હતું.

"બેટા, પૂછવા તો બોલાવી છે." અર્જુનકુમારના અવાજમાં લાડ હતાં. "ને હું ના પાડું તો?" અર્જુનકુમાર રાધિકા સામે અવશ નજરે જોઈ રહ્યા હતા, "આ ઘર મારું છે, મારી માનું છે, તમને તકલીફ શું છે? હું તમારી દરેક જરૂરિયાતનું ધ્યાન નથી રાખતી? ઘર બરાબર નથી સંભાળતી?"

"તું દીકરી છે બેટા" સુમિત્રાને કદાચ બોલવાની ઇચ્છા નહોતી પણ અર્જુનકુમારને થોડીક ક્ષણો ચૂપ થઈ ગયેલાં જોઈને એનાથી બોલી પડાયું હતું, "અને, હું... સ્ત્રી છું. તારા પિતા ચાહે છે મને." એક ઊંડો શ્વાસ લઈને ઉમેર્યું હતું , " હું પણ એમને ખૂબ ચાહું છું."

"મારા પિતા મારી માને ચાહતા હતા." રાધિકાએ સુમિત્રાને કહીને અર્જુનકુમાર સામે જોયું, "આજે પણ એને જ ચાહે છે."

"બેટા, તારી મા આ ઘરનો ભૂતકાળ છે, મારા જીવનની સુખદ સ્મૃતિ છે, સુમિત્રા મારો વર્તમાન છે."

"સુમિત્રાની ઉંમર અને તમારી ઉંમરમાં કેટલો ફેર છે, ખબર છે?" "એનાથી મને કોઈ ફરક નથી પડતો." અર્જુનકુમાર જવાબ આપે એ પહેલાં સુમિત્રાએ જવાબ આપ્યો હતો.

"પણ મને પડે છે" રાધિકાના અવાજમાંથી ભારોભાર કડવાશ છલકાતી હતી, "તમે આ સ્ત્રીને મારી માની જગ્યા આપવા માગો છો? જે ઉંમરમાં જ નહીં, બીજી કોઈ રીતે મારી માની બરોબરી કરી શકે તેમ નથી..."

"હું એની સાથે જીવવા માગું છું" અર્જુનકુમારના અવાજમાં આવી આજીજી રાધિકાએ કે સુમિત્રાએ પહેલાં ક્યારેય નહોતી સાંભળી.

"તો જીવો ..." રાધિકા એટલા ઝટકાથી ઊભી થઈ હતી કે એ જે ખુરશી પર બેઠી હતી એ ખુરશી સમતુલન ગુમાવીને પછડાઈ હતી, "મને શું કામ પૂછો છો? હું કોણ છું તમારી?"

એ પળે જોયેલી અર્જુનકુમારની આંખો રાધિકાને થોડાં વર્ષો પછી સમજાઈ હતી, પરંતુ ત્યારે પાછા ફરવાની હિંમત અને તૈયારી બન્ને રાધિકા દેખાડી શકી નહોતી.

અત્યારે હાઈડપાર્કમાં બેન્ચ પર બેઠાં બેઠાં રાધિકાને એ આંખો યાદ આવી હતી ને એ વિચારી રહી હતી, "અર્જુનકુમાર દીવાને મને સ્વતંત્રતા આપી, મને મહત્ત્વ આપ્યું એનો મેં જ દુરુપયોગ કર્યો..."

સત્યજીતે જે કંઈ કહ્યું એ વાતે એને અંદર સુધી વલોવી નાંખી હતી. પિતાના પેરેલિસિસ કે એમની કારકિર્દીના આવા ભયજનક અંત માટે પોતે જ જવાબદાર હતી એ વાત આ પળે એને કોરી ખાતી હતી. એને રહી રહીને સવાલ થતો હતો કે પોતે એવું શું કરે જેનાથી આ બધું જ ભૂંસીને નવેસરથી લખી શકાય.

"રાધે, સમયને ક્યારેય અવગણતી નહીં બેટા" એને પિતાના શબ્દો યાદ આવી ગયા, "વીતી ગયેલો સમય ક્યારેય પાછો ફરતો નથી, એટલે પછીથી અફસોસ થાય એવું કોઈ વર્તન 'આ' પળે ના કરવું... મન પછીથી તરફડે એવી કોઈ પરિસ્થિતિમાં 'આ' ક્ષણને પસાર થવા જ ન દેવી..."

રાધિકાની આંખો ભરાઈ આવી.

સત્યજીતને વધુ કશું પૂછ્યા વિના નીકળી ગયાનો અફસોસ હવે બમણો થઈ ગયો. એને ફરી એક વાર પાછા જવાનો વિચાર આવ્યો, પરંતુ સત્યજીત એના ગયા પછી આટલા બધા સમય સુધી કેફેટેરિયામાં નહીં જ હોય એવું એને લાગ્યું. એને કોઈ પણ રીતે પિતા વિશેની રજેરજ માહિતી જોઈતી હતી...

એને હમણાં જ, આ પળે જ પિતાનો અવાજ સાંભળવો હતો...

એની અંદર વલોવાઈ રહેલી બધી જ લાગણી જાણે એના શરીરની નસોમાં વૃક્ષ થઈને વિસ્તરી રહી હતી.

આજ સુધી પિતાએ સંપર્ક નહીં કર્યાનો અફસોસ એક પળમાં ધોવાઈ ગયો હતો, પિતા સામેની બધી જ ફરિયાદો, બધા જ વિરોધ, બધો જ વિદ્રોહ, બધા જ સવાલો જાણે એમને પેરેલિસિસ થયાના સમાચારથી નલ એન્ડ વોઇડ થઈને શૂન્ય થઈ ગયા હતા.

"રાધિ..." કેટલીયે વાર સુધી એ આમ જ ભીની આંખે અન્યમનસ્ક બેઠી હશે એની એને જ નહોતી ખબર, વીરેને આવીને એના ખભા પર હાથ મૂક્યો, રાધિકા ખાલી આંખે વીરેન સામે જોઈ રહી. "ચાલ પરણી જઈએ."

આ વાક્ય એણે સાંભળ્યું જ ન હોય એવી રીતે એ વીરેન સામે જોતી રહી. "તું સાંભળે છે રાધિકા? હવે મારે જ નિર્ણય લેવો રહ્યો. તારા નિર્ણયની રાહ જોતાં તને સ્વતંત્રતા આપતાં આપતાં હું થાકી ગયો છું, મારે એક સ્થિર, શાંત અને સલામત જિંદગી જીવવી છે, અને એવી જ જિંદગી આપવી છે તને!"

રાધિકા હજીયે કશું ન બોલી, બસ જોતી રહી.

વીરેન ખરેખર ખૂબ દેખાવડો હતો. સીધું નાક, ભાવવાહી આંખો, વરસો સુધી લંડનમાં રહેવાને કારણે આખાય વ્યક્તિત્વમાં આવેલું એક બ્રિટિશ સોફિસ્ટિકેશન એને બીજાઓથી અલગ પાડતું. બ્રિટિશ અખબારોની દુનિયામાં વીરેન મહેતાનું નામ ખૂબ આદરપૂર્વક લેવાતું. એનું ઇરાક વોરનું રિપોર્ટિંગ ઇન્ટરનેશનલી વખણાયું હતું. ઇન્વેસ્ટિગેટિવ જર્નાલિઝમમાં વીરેન મહેતા બહુ મોટું નામ ગણાતું. એની પાસે લંડનમાં પોતાનું હાઉસ

અને પોતાની આગવી ઓળખાણ હતી...

"ખરેખર લગ્ન કરવા માટે એક સ્ત્રીને જોઈએ એ બધું જ છે વીરેન પાસે. વ્હાલ, સમજદારી, લાગણી, કાળજી અને શરીર પણ!" વીરેન સાથે ગાળેલી કેટલી ધગધગતી, ઉફણાતા શ્વાસ સાથે જિવાઈ ગયેલી રાતો રાધિકાની નસોમાંથી પસાર થઈ ગઈ, એણે જાતને જ પૂછ્યું, "સ્થિર, શાંત અને સલામત... એ કેવી જિંદગી હોય છે?" રાધિકાની અંદર એક સણસણતો ખાલીપો તીરની જેમ ખૂંપી ગયો.

"રાધિ... હું ખૂબ ચાહું છું તને, મારી જાતથીયે વધારે." રાધિકાની સામે ઘૂંટણ વાળીને બેઠેલા વીરેને પોતાના હાથ રાધિકાના ખોળામાં મૂક્યા હતા. એ નજરમાં ભરપૂર વ્હાલ લઈને રાધિકા સામે જોઈ રહ્યો હતો.

સોલ્ટ એન્ડ પેપર – કાળા ધોળા લીસા વાળ એના ચહેરા પર વારંવાર ઝૂકી આવતા હતા. આકાશમાં વાદળો ઘેરાયાં હતાં. વીરેનની પાછળનું આકાશ જોઈને રાધિકાને અચાનક ખ્યાલ આવ્યો કે પોતે છત્રી ભૂલી ગઈ હતી!

એને એ વિચારની સાથે જ જાણે ઘરનો ચોક યાદ આવી ગયો.

ધોધમાર વરસતો વરસાદ અને ચોકમાં ઊભી રહીને ભીંજાતી રાધિકા... ઉપર, પોતાની ઓસરીમાં ઊભા રહીને એને જોતા બાપુનો વ્હાલસોયો ચહેરો.

"માંદી પડીશ... છીંકો આવશે..." કહીને ચોકમાં લપસવાની બીકે ધીમે ધીમે પોતાની તરફ આવતા રમણકાકા દેખાયા.

રસોડાની બહાર ઊભી રહીને પ્રેમાળ નજરે પોતાને જોતી મા જાણે ઓટલા પરથી રાધિકાને હાથ લંબાવીને બોલાવી રહી હતી.

નાનકડી રાધિકા ચોકમાં ગોળગોળ નાચતી, બૂમો પાડતી હતી, "આવ રે વરસાદ, ઢેબરિયો પરસાદ, ઊની ઊની રોટલી ને ભીંડાનું શાક!"

"રાધે... ઉપર આવી જાવ બેટા!" ઓસરીની રેલિંગ પર બન્ને કોણી વાળીને ઝૂકેલા અર્જુનકુમાર એને કહેતા હતા. એ પ્રભાવશાળી દેખાવડો ચહેરો, નમણું નાક, કાળી ફ્રેમ પાછળથી દેખાતી ભાવછલકતી આંખો, પુરુષત્વથી ઊભરાતું હોય એવું ગ્રીક શિલ્પ જેવું શરીર...

"ના, તમે નીચે આવો." રાધિકા જોરથી વાગતા વરસાદને રોકતી આંખો પર છાજલી કરીને ઊંચું જોતી હતી, "જલદી આવો... હમણાં જ..."

અર્જુનકુમાર ભીંજાતી રાધિકાને ઘડીભર જોઈ રહ્યા અને પછી સડસડાટ ઓસરી પસાર કરીને સીડી ઊતરીને ચોકમાં આવી પહોંચ્યા!

"ચાલો હવે, તમે કોની રાહ જુઓ છો?" અર્જુનકુમારે એમની લાક્ષણિક અદામાં પત્નીને કહ્યું... રાધિકાની મા

શરમાઈ ગઈ!

“તમારા બન્નેનું કંઈ નહીં થાય” માએ કહ્યું અને રસોડામાં પાછી જવા પીઠ ફેરવે એ પહેલાં તો બાપ-દીકરી એકબીજાને ઇશારો કરીને ઓટલા તરફ દોડ્યાં, માને પકડીને સીધી ચોકમાં ઘસડી લાવ્યાં... અને ત્રણે જણાં ત્યાં જ ભીંજાતાં, ગીતો ગાતાં રહ્યાં...

ઘેરાયેલાં વાદળ આજે ફરી એક વાર રાધિકાને ઘેર પાછી આવવા હાથ ફેલાવીને બોલાવી રહ્યા હતા, ઓટલા ઉપર ઊભેલી માની જેમ જ!

માની યાદ આવતાં જ, રાધિકાને સુમિત્રા સાથે થયેલું સૌથી પહેલું ઘર્ષણ યાદ આવી ગયું.

“આ ફોટો અહીં જ રહેશે...” રાધિકાએ આખા ઘરમાં ગૂંજે એટલા જોરથી બૂમ પાડી હતી.

સુમિત્રા અર્જુનકુમાર દીવાનના બેડરૂમમાં લગાડેલો રાધિકાની માનો ત્રણ ફૂટ બાય ચાર ફૂટનો મોટો ફોટો ફ્રેમ સાથે ઉતરાવી રહી હતી, રમણકાકા રાધિકાના રૂમમાં આવ્યા હતા અને એમણે એને આ સમાચાર આપ્યા હતા.

રાધિકા એકીશ્વાસે દોડતી સીડી ચડીને ઓસરી વટાવતી પિતાના રૂમમાં પહોંચી હતી અને એણે આખા ઘરમાં સંભળાય એવા અવાજે બૂમ પાડીને સુમિત્રાને કહ્યું હતું, “આ ફોટો અહીં જ રહેશે...”

“પણ આ ફોટો...” સુમિત્રાને પોતાના પલંગ સામે આંખ ઊઘડતાં કે મીંચતાં બરાબર સામે જ દેખાય એવી રીતે ગોઠવાયેલો આ ફોટો તકલીફ આપતો હતો.

ગઈ કાલે રાત્રે સુમિત્રાને બરાબર સંભોગની ક્ષણે જ આ ફોટો જાણે પોતાની આંખમાં આંખ મેળવીને જોતો હોય એવો ભાસ થયો હતો અને એ અચાનક જ માણસમાંથી બરફની પાટ બની ગઈ હતી! અર્જુનકુમારે ઘણું પૂછ્યું હતું પણ સુમિત્રા આવું થવાનું કારણ કહી શકી નહોતી... આમ પણ આ ઘરમાં એને ભાગ્યે જ કશું પોતાનું લાગતું હતું.

એ કોઈકે ગોઠવેલા ઘરમાં, કોઈકે ગોઠવેલી સિસ્ટમમાં દાખલ થઈને જીવતી હતી એવો અહેસાસ એને પળેપળ થયા કરતો હતો. એમાંય આ ફોટો પોતાના પલંગની સાવ સામે જે રીતે લટકતો હતો એ રીતે એને સતત આ ઓરડો પોતાનો નહીં હોવાનો અહેસાસ કોરી ખાતો હતો...

ગઈ કાલે રાત જેવો અનુભવ એને પહેલાં પણ એક-બે વાર થઈ ચૂક્યો હતો. પરંતુ, ગઈ કાલે રાતના અનુભવ પછી એણે આ ફોટો અહીંથી ઉતરાવીને ક્યાંક બીજે ગોઠવવાનું મુનાસિબ સમજીને આ પગલું ભર્યું હતું.

બરાબર એ જ વખતે રાધિકા ત્યાં ધસી આવી હતી. “બેટા, હું આ ફોટો...”

“આ રૂમ મારી માનો છે, આ ઘર મારી માનું છે, આ ફોટો અને મારી માને કોઈ ખસેડી નહીં શકે, તમે તો નહીં જ.”

"બેટા, હું તારી માને આ ઘરમાંથી ક્યારેય ખસેડી નહીં શકું, એની મને ખબર છે, ને ખસેડવા આવી પણ નથી..." સુમિત્રાએ રાધિકાની નજીક આવવાનો પ્રયાસ કર્યો. એ રાધિકાના ખભે હાથ મૂકવા જતી હતી કે રાધિકા બે ડગલાં દૂર ખસી ગઈ.

"આ ઘરમાં જે વસ્તુ જ્યાં છે ત્યાં જ રહેશે, તમને એમ લાગતું હોય કે તમે આવીને આ ઘરનાં માલિક થઈ જશો, નકશો ફેરવી નાંખશો તો તમારી ભૂલ થાય છે."

"મારે કશુંય બદલવું નથી, માત્ર આ રૂમ મને મારો પોતાનો લાગે એવો પ્રયત્ન તો કરી શકું ને?" સુમિત્રાના અવાજમાં એક સ્ત્રી સાથે વાત કરતી હોય એવી સમજદારીની અપેક્ષા સાથેની વિનંતી હતી.

"આ રૂમ તમારો છે જ નહીં... તો તમને તમારો કેવી રીતે લાગશે?" રાધિકાએ હતો એટલો તિરસ્કાર ઊંડેલીને સુમિત્રાની આંખોમાં જોયું, "આ રૂમ અને તમે જેના પર સૂઓ છો એ પલંગ મારી માનો છે, એટલું જ નહીં જેની સાથે સૂઓ છો એ માણસ પણ મારી માનો પતિ છે..."

"રાધિકા..." સુમિત્રાથી અનિચ્છાએ પણ બૂમ પડાઈ ગઈ.

રાધિકાની પહેલી બૂમ સિવાય અત્યાર સુધી લગભગ દબાયેલા અવાજે ચાલી રહેલી આ ચર્ચા બાજુમાં સ્ટડીરૂમમાં કામ કરી રહેલા અર્જુનકુમારના કાને નહોતી પડી પણ સુમિત્રાની આ બૂમ એમને અહીં બોલાવવા માટે પૂરતી હતી.

અર્જુનકુમાર ઓરડામાં દાખલ થયા ત્યારે ફોટો ઉતારી રહેલા બે માણસો, ત્યાં ગુસ્સામાં ધ્રૂજતી રાધિકા અને મ્લાન – પડી ગયેલા ચહેરે ઊભેલી સુમિત્રાને જોઈને એમને કશુંયે પૂછવાની જરૂર ના પડી.

"રાધિકા..." એમના અવાજમાં લગભગ હુકમ હતો, "તું તારા રૂમમાં જા."

રાધિકાએ એમની સામે એવી રીતે જોયું જાણે એને પિતાના શબ્દો પર વિશ્વાસ ન હોય, "સુમિત્રા, આ ફોટો અહીંથી..."

હવે અર્જુનકુમારને ગઈ કાલે રાત્રે બનેલી ઘટના પૂરેપૂરી સમજાઈ ગઈ હતી. એમણે રાધિકાને જવાબ આપ્યા વિના ફોટો ઉતારવો કે નહીં એની અસમંજસમાં ઊભેલા બે માણસોને કહ્યું, "ફોટો ઉતારીને સ્ટડીરૂમમાં લઈ આવો."

"એટલે તમારે માટે પણ સુમિત્રા કહે તે જ સાચું છે?"

"આ રૂમ એનો પણ છે રાધિકા... અહીં એને ગમે એવું કરવાની એને છૂટ હોવી જોઈએ."

"આ ફોટો મારી માનો છે... તમારી પત્નીનો..."

"એ હવે આ દુનિયામાં નથી. સુમિત્રા પણ મારી પત્ની છે." અર્જુનકુમારનો અવાજ સહેજ કઠોર થઈ ગયો

હતો, "અને તું એને સુમિત્રા કહીને બોલાવે છે એ મને નથી ગમતું."

"હું એને સુમિત્રા જ કહીશ." "રાધે, એ તારી મા છે."

"મારી માનું નામ અનુરાધા છે... અને મારી માની જગ્યા બીજું કોઈ નહીં લઈ શકે." પછી એણે સુમિત્રા સામે જોયું. પિતાનો ફોટો ઉતરાવાનો નિર્ણય, એમણે અત્યારે જે રીતે વાત કરી તે અને સુમિત્રાના ચહેરા પર આવી ગયેલા રાહતના ભાવ... એ બધાંએ કુલ મળીને રાધિકાને સખત ઉશ્કેરી નાંખી હતી. એનાથી અનિચ્છાએ બોલાઈ ગયું, "તમારા પલંગ પર જગ્યા મળી જાય એ દરેક સ્ત્રી મારી મા ન બની શકે, અર્જુનકુમાર દીવાન."

કોઈ કશું સમજે કે વિચારે એ પહેલાં રાધિકાના ગાલ પર અર્જુનકુમારનો હાથ રિફ્લેક્સમાં વિંઝાયો હતો અને એક ઝન્નાટેદાર થપ્પડ રાધિકાના ગાલની ચામડી ચમચમાવી ગઈ હતી.

"શું કરો છો સાહેબ?" સ્ટડીરૂમની બહાર ઊભેલા ચૂપચાપ આ આખુંય દૃશ્ય જોઈ રહેલા રમણકાકાએ દોડીને રાધિકાને પોતાની નજીક ખેંચી લીધી હતી.

રમણકાકાના હાથમાંથી જાતને છોડાવીને રાધિકા પિતા તરફ એક ડગલું આગળ વધી હતી, એના ગાલ ઉપર અર્જુનકુમારની મજબૂત હથેળીના પાંચ આંગળાં ગણી શકાતાં હતાં પણ એની આંખમાં આંસુનું એક ટીપુંયે નહોતું.

"સુમિત્રા... સુમિત્રા... સુમિત્રા..." એણે અર્જુનકુમારની આંખમાં જોઈને કહ્યું, "એ સ્ત્રી મારી મા નથી અને હવે તો ક્યારેય નહીં બની શકે."

એટલું કહીને રાધિકા સડસડાટ નીચે ઊતરીને પોતાના રૂમમાં આવી ગઈ, એના રૂમમાં લટકતા એની માના ફોટા સામે ઊભી રહીને એણે મોટા અવાજે પોક મૂકી, જે આખા ઘરમાં સાંભળી શકાતી હતી.

અર્જુનકુમારની આંખો ભરાઈ આવી હતી, અને બીજા કોઈની સામે એ આંખો છલકાઈ પડે એ પહેલાં એ પણ સ્ટડીરૂમમાં ચાલ્યા ગયા હતા.

"રાધિકા... હવે આપણે ક્યારેય નહીં ઝઘડીએ, હું તને બહુ જ ચાહું છું, છેલ્લાં દોઢ વર્ષમાં મને સમજાઈ ગયું છે કે તારી સાથે જીવતાં જીવતાં હું એકલો જીવવાનું ભૂલી ગયો છું. "

રાધિકાની આંખો ભરાઈ આવી, એ વીરેન સામે અસહાય નજરે જોઈ રહી.

આજે ફરી એક વાર જિંદગી એને બે રસ્તાની વચ્ચે ઊભી રાખીને સવાલ પૂછતી હતી.

"વીરેન..." રાધિકાને શું કહેવું એ સૂઝયું નહીં. એની અંદર જાણે ઘડીભર પહેલાં કરેલો દૃઢ નિર્ધાર પીગળવા લાગ્યો.

વીરેન હજી આગળ કહી રહ્યો હતો. "રાધિકા... તું મારી જિંદગીની પહેલી સ્ત્રી નથી, તું જ્યારે મને મળી ત્યારે

તું 18ની હતી અને હું 35નો... એ પહેલાં સ્ત્રીઓને મળ્યો હતો હું, શરીર, મન, સંબંધની ઊબડખાબડ જોઈ હતી મેં, પણ કશું મારી ભીતર સાવ ખાલી હતું, હું તને મળ્યો ત્યાં સુધી, તને મળ્યા પછી જાણે બધું જ છલોછલ ભરાઈ ગયું! રાધિ..હવે કોઈના માટે જગ્યા નથી રહી. મારે તારી જ સાથે જીવવું છે." વીરેનનો અવાજ એકદમ ભીનો થઈ ગયો. એણે રાધિકાના માથે સ્નેહથી હાથ ફેરવ્યો, અને અચાનક રાધિકાને કોણ જાણે શું થઈ ગયું!

એ ઊભી થઈ અને એણે દઢતાથી વીરેનની આંખોમાં જોયું. વીરેનનો હાથ જેમ જેમ રાધિકાના માથા પર ફરતો જતો હતો એમ એમ રાધિકાની અંદર જાણે કશું ઝડપથી અને તીવ્રતાથી બદલાતું હતું. અત્યાર સુધી જે નિર્ણય એ નહોતી કરી શકી, નહોતી કરવા માગતી અથવા નહોતો થઈ શક્યો એ નિર્ણય જાણે અચાનક જ લેવાઈ ગયો હોય એવું રાધિકાને લાગ્યું.

એ દોડીને સ્પિકર્સ કોર્નરના ત્રીજા, ખાલી પ્લૅટફૉર્મ પર ચડી. વીરેન એની સામે જોઈ રહ્યો.

"બાપુ ઉઉઉ..." એણે ગળું ફાટી જાય એટલા જોરથી બૂમ પાડી. એને ડૂમો ભરાઈ આવ્યો હતો. છાતીમાં જાણે ડચૂરો બાઝી ગયો હતો. શબ્દો બહાર નહોતા આવી શકતા, માત્ર આંસુ ખરવા લાગ્યાં હતાં. એણે હતી એટલી હિંમત એકઠી કરીને જોરથી બૂમ પાડી, "હું આવું છું... ઘેર... પાછી... તમારી પાસે..."

વીરેન એની સામે જોઈ રહ્યો. વીરેનને લાગ્યું કે એના ગાલ પર વરસાદનું ટીપું પડ્યું, પછી અચાનક એને સમજાયું કે પોતાની આંખો વહી નીકળી હતી.

પ્લૅટફૉર્મ પર ઊભેલી રાધિકા ત્યાં જ ઢગલો થઈ ગઈ. થોડે દૂર ઊભા રહીને એક માણસને બોલતો સાંભળી રહેલા બે-ચાર જણા ઢગલો થઈને રડતી રાધિકા તરફ જોઈ રહ્યા. રાધિકાનું રુદન કોઈ રીતે અટક્યું જ નહીં. એને લાગતું હતું કે આટલાં વર્ષોથી જે આંસુ ગમે તેમ કરીને ખાળી રાખ્યાં હતાં એ આંસુ આજે બધી જ પાળ તોડીને સડસડાટ વહી નીકળ્યાં હતાં.

... રાધિકાનાં એ આંસુ અને રુદનમાં જાણે એનું ઘર એની નજર સામે તરવરી રહ્યું હતું.

... એનું બાળપણ ફરી એક વાર દબાતે પગલે આવીને એની આંખો પર પોતાની નાની નાની હથેળીઓ મૂકીને એને પૂછી રહ્યું હતું, "બોલ હું કોણ છું?"

... ઓસરીમાં ઊભેલા અર્જુન સાગર એમના ડ્રેસિંગ ગાઉનમાં હાથ નાંખીને એમના બુલંદ પહાડી અવાજે બૂમ પાડી રહ્યા હતા, "રાધે... બેટા રાધે..."

... રમણકાકા હાથમાં ભોજનની થાળી લઈને રાધિકાની પાછળ દોડતા હતા અને બે ચોટલા વાળેલી, ફ્રોક પહેરેલી રાધિકા તુલસીક્યારાની આસપાસ દોડતી રમણકાકાને થકવી રહી હતી.

... ઓસરીના કાળા મારબલના એક થાંભલાને ટેકો દઈ પગ લંબાવીને ઓટલે બેઠેલી રાધિકા ચોકમાં પડતા વરસાદને હાથ લંબાવીને ઝીલી રહી હતી, એની સ્વપ્નીલ ભાવવાહી આંખો પર ઝૂકી આવેલી પાંપણ જાણે એના ચહેરા પર કોઈ કવિતા લખતી હતી.

આજે દસ વર્ષે એને ઘરનો એ ચોક, ચોકને ફરતી ઓસરી અને ઓસરી ઉપર ઊભેલા કાળા મારબલના થાંભલા, પિતાના ઓરડાની બહાર ઝૂકી આવેલી બોગનવેલ અને એના પર પાતળા પાતળા કાગળ જેવા જાંબુડી અને રાણી કલરનાં ફૂલો યાદ આવતાં હતાં...

એનું ઘર જેને આટલાં વર્ષોથી ભૂલી ગઈ હતી એ આજે અચાનક જ જાણે એના નામનો સાદ દઈ રહ્યું હતું.

રાધિકાને પોતાને પણ નવાઈ લાગી, ગઈ કાલ સુધી એણે આ ઘરનો વિચાર માત્ર ટાળ્યો હતો. ભૂલથી વિચાર આવી પણ જાય તો એ આવેલા વિચારને મગજની બહાર ધકેલી દેતી.

સત્યજીતને મળી અને અચાનક જાણે એની અંદર સૂતેલી કંઈ કેટલીયે સ્મૃતિઓ જાગી ઊઠી હતી. જે પિતાને પોતે અત્યાર સુધી ગુનેગાર માનતી આવી એ પિતાએ પોતાને કેટલી ચાહી છે અને પોતાના ગયા પછી ઘરમાં જે કંઈ થયું છે એ જાણ્યા પછીની પરિસ્થિતિ રાધિકા માટે અસહ્ય બની ગઈ હતી.

સત્યજીતે ગઈ કાલે વીરેન સાથે પણ વાત કરી હતી, એટલે વીરેન કદાચ રાધિકાની પરિસ્થિતિને સમજી શકતો હતો. વીરેન ધારતો હતો કે રાધિકા સત્યજીતને નહીં મળે, એણે સત્યજીતને પણ એ જ કહ્યું હતું.

“એણે દસ વર્ષથી ઘરના કોઈ વિશે વાત કરવાનું પસંદ નથી કર્યું સત્યજીત.” “મને મળશે.”

“મને નથી લાગતું...” વીરેને સત્યજીતને નિરુત્સાહ કરવા નહીં પણ સાચી પરિસ્થિતિ જણાવવાના ઇરાદાથી કહ્યું, “એણે જાણે એ ઘર અને અર્જુનકુમારની સ્મૃતિ ઉપર ચોકડી જ મૂકી દીધી છે, રાધિકા એ લોકોને માફ નથી કરી શકતી, સમહાઉ!”

“માફ નથી કરી શકતી? એ લોકોને એટલે કોને?”

“જુઓ સત્યજીત, મને તમારી સાથે દલીલો કરવામાં કોઈ રસ નથી. મેં દસ વર્ષ પ્રયત્નો કર્યા છે, રાધિકાને એક વાર ઘરે પાછી લઈ જવાના – એ અર્જુનકુમાર દીવાનનું નામ પણ સાંભળવા તૈયાર નથી.”

“એણે એટલા કડવા થવું પડે એવું કશું જ નથી બન્યું.” સત્યજીતનો અવાજ ઊંચો થઈ ગયો, “ખરેખર કોઈને ફરિયાદ હોય તો એ અર્જુનકુમારને હોવી જોઈએ... ભણાવી ગણાવીને આટલી મોટી કરેલી દીકરીને શું અધિકાર છે આવી રીતે ચાલ્યા આવવાનો?”

“લૂક સત્યજીત, મેં મારાથી બનતું બધું જ કર્યું છે.”

“તમે એને બહેકાવીને લંડન લઈ આવ્યા... તમારા અંગત સ્વાર્થ માટે.” “આ વાતની તમને ખાતરી છે?” વીરેન હસી રહ્યો હતો, “જો હું એને બહેકાવી શકું તો એને સમજાવી પણ શકું ને? તમે તો એને બાળપણથી ઓળખો છો, તમે ખરેખર માનો છો કે રાધિકા કોઈનું માનીને કંઈ કરે?”

“તમારે એને એક વાર ઘરે લઈ આવવી જોઈતી હતી.” સત્યજીતનો અવાજ ભીનો થઈ ગયો, “એના પિતાની હાલત જોઈ લેત તો બધું જ એની મેળે...”

“રાધિકા કદાચ ક્યારેય ભારત નહીં આવે.” “હું એને લઈ જઈશ.”

“જુઓ, ડોન્ટ મીસ અન્ડર સ્ટેન્ડ. મને શું વાંધો હોઈ શકે?”

“એ એના પિતાને મળે તો તમારા કંટ્રોલમાંથી નીકળી જાય કદાચ...” સત્યજીતના અવાજમાં કડવાશ હતી.

વીરેન જોરથી હસી પડ્યો, “કંટ્રોલ? અને રાધિકા? એ કોઈના કંટ્રોલમાં નથી, પોતાની જાતના કંટ્રોલમાં નથી. સત્યજીત, તમને બ્લેઇમ નથી કરતો. કારણ કે તમને કદાચ ખબર જ નહીં હોય, રાધિકા હવે મારી સાથે નથી રહેતી.”

“એટલે?”

“એ તમે એને જ પૂછજો... તમને ખાતરી છે ને તમને મળશે!” વીરેનનો અવાજ કોણ જાણે કયા ખાલીપાથી ભરાઈ ગયો હતો.

વીરેન સાથેની વાતચીત પૂરી થયા પછી સત્યજીત ક્યાંય સુધી વિચારતો રહ્યો હતો. રાધિકાને ફોન કરવો કે સીધા મળવા પહોંચી જવું, એનો નિર્ણય કરવામાં સત્યજીતે ખાસ્સા કલાકો કાઢ્યા હતા.

અને, આખરે ફોન કરીને પૂછ્યું હતું : “મળીશ મને?”

એ વખતે તો રાધિકાએ સત્યજીતને સ્પષ્ટ કહ્યું હતું, “મને નહીં ફાવે, હું નહીં મળું તને, આઇ એમ સોરી!’

પણ આખી રાતના અજંપ ઉજાગરા પછી એણે સત્યજીતને સામેથી ફોન કર્યો હતો અને કહ્યું હતું, “મારે મળવું છે તને...”

વીરેન સાથે વાત કરતાં સત્યજીતને ખાતરી હતી કે રાધિકા એને મળ્યા વિના નહીં રહી શકે. પણ એ મુલાકાત રાધિકાની અંદર આવો ભૂકંપ લઈ આવશે એવી રાધિકાને પોતાને કલ્પના નહોતી!

સ્પીકર્સ કોર્નરના પ્લૅટફૉર્મ પર ઢગલો થઈ ગયેલી રાધિકા ગળું ફાડીને, ચીસો પાડતી, ધ્રુસકે ધ્રુસકે રડી રહી હતી. કંઈ કેટલાંયે વર્ષોનું ધરબાયેલું, સંચિત આ રુદન રાધિકાની અંદર છેલ્લા એક દાયકાથી પથ્થર થઈ ગયેલી કેટલીયે વાતને પીગળાવતું સડસડાટ વહી રહ્યું હતું.

વીરેન પ્લૅટફૉર્મ પર ચડી ગયો. એણે રાધિકાને ખભેથી પકડીને ઊભી કરી અને છાતીસરસી ચાંપી દીધી.

રાધિકા વીરેનની પીઠ ઉપર નખ બેસી જાય એટલા જોરથી એનું શર્ટ મુઠ્ઠીમાં પકડીને ધ્રુસકે ધ્રુસકે રડતી રહી... વીરેને એને રડવા દીધી, રાધિકા વીરેનની છાતીમાં માથું પછાડતી, એના કોલર પકડીને એને હચમચાવતી, કંપતી, થથરતી ગળું ફાટી જાય એવા અવાજે ક્યાંય સુધી રડતી રહી...

હાઈડપાર્કમાં વરસાદનું એક ઝાપટું પડીને શાંત થઈ ગયું. આકાશ ફરી ખૂલી જવાની તૈયારીમાં હતું.

વીરેને ધીમેધીમે શાંત થયેલી રાધિકાની ચિબૂક પકડી એની આંખોમાં આંખો પરોવી.

રાધિકાના નાકનું ટોપકું લાલ થઈ ગયું હતું, એની લાંબી પાંપણો હજુ ભીની હતી અને આંખોમાં લાલ લાલ નસો તરી આવી હતી.

"ક્યારે જવું છે?" "આજે, હમણાં..."

"હું મેનેજ કરવાનો પ્રયત્ન કરું છું." વીરેને ખૂબ હળવેથી ઝૂકીને રાધિકાના ગાલ પર પતંગિયાની પાંખ જેવું ચુંબન કર્યું, "મને કદાચ રજા નહીં મળે."

"હું એકલી જ જઈશ."

વીરેન એની સામે જોઈ રહ્યો.

"ગેરસમજ નહીં કરતો વીરેન... પણ મારે સાવ એકલા જવું છે, હું મારી સાથે કોઈને લઈ જવા નથી માગતી, જેમ અર્જુનકુમાર દીવાનને ત્યાંથી નીકળતી વખતે મેં એકલીએ સામનો કર્યો હતો એવી જ રીતે આ દસ વર્ષ પછી પણ એમનો સામનો હું એકલી જ કરીશ."

"આ કઈ જાતની બહાદુરી છે રાધિકા?" વીરેનના ચહેરા પર આછું સ્મિત આવી ગયું.

"બહાદુરી નથી, આ નબળાઈ છે મારી, વીરેન..." રાધિકાનો અવાજ ફરી એકવાર હતો એવો જ દૃઢ અને મક્કમ થઈ ગયો, "હું નથી માનતી કે અમારી મુલાકાત કોઈ સામાન્ય બાપ-દીકરીની જેમ બહુ પ્રેમભરી હોય!" એ ઘડીભર અટકી, ઊંડો શ્વાસ લીધો, "અર્જુનકુમાર દીવાન મને સહેલાઈથી માફ નહીં કરે."

"રાધિ, તને ખરેખર લાગે છે કે તારે એકલા જ જવું છે?" વીરેનના અવાજમાં સહેજ ભયનો કંપ હતો.

"હા, હું એકલી જ આવી હતી... ઘર છોડી આવી ત્યારે જેટલી હિંમતથી અર્જુનકુમાર દીવાનની સામે ઊભી હતી, એટલી જ હિંમતથી એમની સામે ઊભી રહેવા માગું છું..."

વીરેન એની સામે જોઈ રહ્યો.

'કઈ માટીની બની છે આ છોકરી! આવી સાચુકલી, આટલી ઈમાનદાર તોય લાગણીથી તરબતર છોકરી બનાવીને સર્જનહારને પણ પોતાની જાત પર ગર્વ થયો હશે!'

એણે કશું જ બોલ્યા વિના રાધિકાના ગાલ ઉપર હાથ ફેરવ્યો.

રાધિકાએ ગાલ પર મુકાયેલા હાથ પર પોતાનો હાથ મૂકી દીધો, "વીરેન, તેં મને ખૂબ આપ્યું છે... તારી સાથે જીવેલો તમામ સમય છલોછલ રહ્યો, તેં મને છોકરીમાંથી સ્ત્રી બનાવી, વાંચતાં, વિચારતાં, જીવતાં શીખવ્યું..." એનું ગળું ભરાઈ આવ્યું, "તારો આભાર..."

વીરેને રાધિકાના હોઠ પર આંગળી મૂકી દીધી, "કોઈએ કોઈને કશું આપ્યું નથી, આપણે વહેંચ્યું છે ભરપૂર!" વીરેનની આંખો પણ સહેજ ભીની થઈ ગઈ, "તું લડી, ઝઘડીને દુઃખી થઈને ગઈ હોત તો કદાચ અફસોસ રહેત રાધિકા, પણ અત્યારે આ પળે મને ખબર છે કે તું જઈ રહી છે." એ સહેજ અચક્યો, થૂંક ગળા નીચે ઉતાર્યું, પોતાની જ વાતને સ્વીકારતો હોય એમ ઊંડો શ્વાસ લીધો, "તું મારી જિંદગીના કણેકણમાં પથરાયેલા તારા અસ્તિત્વને સમેટીને જઈ રહી છે, એવી સમજ પડે છે મને! અને છતાં રોકીશ નહીં તને... તું તારી દિશા, તારી જાતે જ શોધતી આવી છે... હવે પછી પણ તું જાતે જ શોધે એવું ઇચ્છું છું!"

રાધિકા વીરેનને ભેટી પડી.

"રાધિ..." વીરેન હળવે હળવે એની પીઠ પર હાથ ફેરવતો હતો. "હા..." રાધિકાના અવાજમાં જાણે ધોધમાર વરસાદ પછીનો ઉઘાડ હતો, એક અજબ સુકુન એના આખાય શરીરમાં લોહીની સાથે વહેવા લાગ્યું હતું.

"હું તને હજીયે એટલું જ..."

"નહીં કહેતો..." રાધિકાએ વીરેનને વધુ જોરથી જકડી લીધો, એની છાતી પર મુકાયેલું પોતાનું માથું જાણે પાંસળીઓ તોડીને અંદર ઉતારી દેવું હોય એમ પોતાની જાતને એના શરીર સાથે જકડી લીધી રાધિકાએ, "હું જાણું છું તારે શું કહેવું છે પણ નહીં કહેતો વીરેન!" રાધિકા થોડીક ક્ષણ એમ જ વીરેન સાથે જડાયેલી ઊભી રહી, "તારું એક વાક્ય મારી દિશા બદલી નાંખશે, તું મારા જીવનનો પહેલો પુરુષ છે વીરેન... પ્રેમ કહેવાય કે નહીં એ મને ખબર નથી પણ મારા મન, શરીર અને બુદ્ધિથી મેં તને ચાહ્યો છે, મારા અસ્તિત્વનું કણેકણ તારી સાથે જોડીને જીવી છું હું... મને રોકીશ નહીં... જવા દે..."

વીરેન હળવે હળવે રાધિકાની પીઠ પર હાથ ફેરવતો રહ્યો. એ સ્પર્શથી જાણે સધિયારો મળતો હોય એમ રાધિકાની પકડ ઢીલી થતી ગઈ...

કલ્યાણની હવેલીમાં સાંજ ઢળી ચૂકી હતી, ખુલ્લા ચોકમાં કેસરી આકાશ ઝૂકી આવ્યું હતું. અંધારાના ઓળા હવેલીને લપેટવા ધીમે ધીમે આગળ વધી રહ્યા હતા.

સ્મશાન જેવી શાંતિ એ ઘરને ભેંકાર બનાવી રહી હતી. રસોડામાં થતો વાસણોનો હળવો ખખડાટ પણ જાણે હવેલીની શાંતિને ચીરીને આરપાર નીકળી જતો હતો.

ચોરસ વોકર લઈને ઓસરીમાં ધીમે ધીમે ડગલાં ભરતાં અર્જુનકુમાર દીવાનને જાણે કોઈકે હવેલીનાં કમાડ ખખડાવ્યાં હોય એવો ભાસ થયો. એમણે બૂમ પાડી, "રમણ... જો તો... કોઈ આવ્યું છે?"

5

રસોડામાં નાની પીળી બત્તી જલતી છોડીને રમણકાકા બહાર આવ્યા. સાવ ધોળા થઈ ગયેલા આછા વાળ, આંખોની નીચે કાળાં કુંડાળાં અને કૃષ થઈ ગયેલી કાયા સાથે રાધિકાના એ રમણકાકાને ભાગ્યે જ ઓળખી શકાતા હતા.

એમણે રસોડાની બહાર આવીને અર્જુનકુમાર સામે જોયું.

"ભગવાન આવ્યા છે... જાતે... પોતે..." રમણ હસ્યો અને અર્જુનકુમારની પાસે આવી પહોંચ્યો, "તમને લેવા."

"એમને કહો સરનામું ખોટું છે" અર્જુનકુમાર પણ હસવા લાગ્યા, એમણે ધીમેથી ગણગણવા માંડ્યું એલ્વીસ પ્રેસ્લીનું ગીત..."રિટર્ન ટુ ધ સેન્ડર... એડ્રેસ અનનોન..." અત્યારે પણ આ ગીત ગાતા અર્જુનકુમારનો અવાજ અને સૂર એક જમાનાના બહેતરીન એક્ટરને સાબિત કરતા હતા. વોકર પકડીને ઊભેલા અર્જુનકુમાર હળવે હળવે ઝૂમતા હતા...

"પડશો હવે..." રમણે કહ્યું અને અર્જુનકુમારને પકડીને અટકાવ્યા. "હવે આ ઉંમરે શું પડવાનું? હું પડવા માગું તોય મારામાં કોઈ પડે એમ નથી."

અર્જુનકુમારે એક ટિપિકલ પુરુષ જેવી કોમેન્ટ કરીને રમણ સામે આંખ મીંચકારી, રમણ હસી પડ્યો, "ખરેખર સાહેબ! જિંદગી જીવતાં તો કોઈ તમારી પાસે શીખે..."

"જેણે શીખવાનું હતું એ જ ના શીખી... હવે બીજાને શું શીખવવાનું?" બોલ્યા પછી એમને સમજાયું કે પોતાના રૂમના દરવાજે ઊભેલી લજ્જા આ સાંભળી રહી હતી. એમણે લજ્જા તરફ જોયું. ધીમેથી વાત બદલવાનો પ્રયાસ કર્યો, "દિલ ગમે એટલું જુવાન હોય, શરીર તો એનું કામ કરે જ છે, ચાલવાનું પણ અને અટકવાનું પણ."

"સાહેબ, રાધિ આવી રીતે ના ગઈ હોત તો કદાચ આ બધું..." રમણના અવાજમાં સ્પષ્ટ હતું કે એ રાધિકાને માફ કરી શકે એમ નહોતો.

અર્જુનકુમારે રમણનો ખભો ફરી એક વાર થપથપાવ્યો, "બસ, એક વાર રાધિકાને જોઈ લઉં... ભગવાન લેવા નહીં આવે તો સામેથી ફોન કરીને બોલાવી લઈશ!"

"રાધિ નહીં આવે સાહેબ, એ છોકરીએ તો માયા જ મૂકી દીધી."

"એ આવશે... આવ્યા વિના નહીં ચાલે એને." પછી, કેસરી થઈ ગયેલા આકાશ તરફ જોયું, "રાધિકા આવશે એ આશાએ તો એકએક દિવસ મોતને ટાળી રહ્યો છું... બાકી કિલોમીટર તો ક્યારનાયે પૂરા થઈ ગયા છે."

"ક્યાં સુધી ટાળશો, હવે બુઢાપો તો આવી જ ગયો છે, મોત રોજ ટકોરા મારે છે, એક દિવસ તો બારણું

ખોલવું જ પડશે."

"બુઢ્ઢો તું થયો હોઈશ હું નહીં..." અર્જુનકુમારે રમણના ખભે ધબ્બો માર્યો, "તું મારાથી મોટો ખરો કે નહીં?"

રમણ હસવા લાગ્યો, "સો ટકા મોટો! દસેક વરસ..." પછી મજાકમાં પૂછ્યું, "વધારે રાખવું છે, કે વાજબી છે?"

"હવે દલીલબાજી છોડ અને દરવાજો ખોલ..." અર્જુનકુમારે વોકર સહેજ આગળ મૂકી ડગલું ભર્યું.

"કોઈ નથી સાહેબ, ભણકારા વાગે છે." રમણના અવાજમાં ઘણું રોકવા છતાં પીડા છલકાઈ આવી, "હવે તો ભૂલમાંયે કોઈ આ તરફ નથી આવતું, યમરાજ પણ નથી આવતા સાહેબ..."

"કેટલી વાર કહ્યું છે આ મોટો દરવાજો બંધ નહીં કરવાનો. પણ તમે લોકો કોઈનું સાંભળતા જ નથી. આ હવેલીનો દરવાજો ક્યારેય બંધ નથી થયો.

માણસોથી ભરાયેલો રહેતો આ ચોક..." અર્જુનકુમાર અચાનક જ જાણે ટ્રાન્સમાં સરી પડ્યા, "અહીં... આ ચોકમાં કેવા કેવા માણસો નાટક કરી ગયા છે ખબર છે? કેવા માણસોએ પોતાની કવિતાઓ વાંચી છે! આ ઓરડાઓમાં કેવા કેવા લોકો રોકાઈ ગયા છે... આ હવેલી એક ઇતિહાસ છે." અર્જુનકુમારનો અવાજ ધીમે ધીમે એક નાટકીય પરિવર્તન પામી રહ્યો હતો, "એ ગોલ્ડન પેજ ઇન ધ હિસ્ટ્રી ઓફ ઇન્ડિયન થિયેટર... અર્જુનકુમાર દીવાન આકાશમાં લખેલું નામ છે... ચમકતું! ટિકિટબારી છલકાઈ જાય, સમજ્યો?"

"એ સમય ગયો..." રસોડાની બહાર ઊભેલી સુમિત્રાએ કડવાશથી કહ્યું, "આજે અર્જુનકુમારને કોઈ ઓળખતું નથી."

"શટઅપ..." અર્જુનકુમારે જોરથી બૂમ પાડી. એ બૂમની સાથે એમનું આખું શરીર ધ્રૂજી ઊઠ્યું, હાથમાં ચોરસ વોકર હોવા છતાં એ પડવા જેવા થઈ ગયા.

રમણે દોડીને એમને સહારો આપવાનો પ્રયત્ન કર્યો, "છોડ. હજી એટલો નબળો નથી થયો કે તારા સહારે જીવવું પડે..."

રમણે આ સાંભળ્યા છતાં અર્જુનકુમારને ખભેથી પકડ્યા, અર્જુનકુમારે ઝાટકો મારીને ખભા છોડાવ્યા, "ખસ, આઘો!"

એમની બૂમ સાંભળીને નીચેના રૂમની બહાર આવીને ઊભી રહી ગયેલી લજ્જા આગળ વધી, "હું... હું પકડું બાપુ?"

"કોઈ જરૂર નથી."

જવાબ સાંભળીને ૨૪-૨૫ વર્ષની એ છોકરી અર્જુનકુમાર સામે થોડી દયાથી અને થોડી અસહાય નજરે જોઈ

રહી. એ છોકરીનો ચહેરો ક્યારેક ખૂબ નમણો હશે પણ અત્યારે એ ચહેરો રૂક્ષ અને માંદલો દેખાતો હતો, એનો રંગ સહેજ શ્યામ હતો. ભીનેવાન કહી શકાય એવી એ છોકરીના શરીર ઉપર રોજેરોજની મહેનતકશ જિંદગીએ અસર કરી હતી, એના ચહેરાની નમણાશ, આ જીવવાની ભાગદોડમાં ક્યાંક ખોવાઈ ગઈ હતી.એ પોતાના રૂમની બહાર ઊભી રહી ધીમે ધીમે ડગ ભરતા અર્જુનકુમારને જોતી રહી.

રસોડાની બહાર ઊભેલી સુમિત્રા સાથે એની નજર મળી અને બંનેની નજરમાં એક ઉપાલંભ, એક કંટાળો અને એક પીડાનું સંમિશ્રણ એકસરખી રીતે છલકાઈ રહ્યું.

રસોડાની બહાર ઊભેલી સુમિત્રા તથા પોતાના ઓરડાની બહાર ઊભેલી લજ્જા બંને અર્જુનકુમારને જોતાં રહ્યાં. ફરી એક વાર પોતાની જાતને સંભાળતા ધીમે ધીમે પહેલાં વોકર આગળ મૂકી અને ડગ ભરતાં અર્જુનકુમાર પોતાના ઓરડા તરફ આગળ વધ્યા.

જ્યારથી પેરેલિસિસ થયો ત્યારથી અર્જુનકુમારનો ઓરડો મેગેઝીન ફ્લોરને બદલે નીચેના ગેસ્ટરૂમમાં આવી ગયો હતો. ઉપરનો એ આખો વિભાગ હવે બંધ રહેતો.

અર્જુનકુમારને પેરાલિસિસનો એટેક આવ્યો ત્યાર પછી એમને નીચે શિફ્ટ કરવાનો આખો વિચાર જ સત્યજીતના આગ્રહને કારણે શક્ય બન્યો હતો.

શરૂઆતમાં અર્જુનકુમારે ખૂબ વિરોધ કર્યો હતો. પરંતુ, સત્યજીતે માથે રહીને, સમય આપીને, પૈસા ખર્ચીને, નીચેના બે વી.આઇ.પી. ગેસ્ટરૂમ તોડાવીને એમાંથી એક સળંગ રૂમ અને સ્ટડીરૂમ ઊભા કરાવ્યા હતા. અર્જુનકુમારની તમામ સગવડ અને લકઝરી સચવાય એવી રીતે અહીં બધી વ્યવસ્થા ઊભી કરી હતી...

અર્જુનકુમાર આ બધું જ કરવા છતાં ક્યારેય પોતાની જાતને આ ઓરડાઓ સાથે જોડી શક્યા નહોતા.

લગભગ રોજ સાંજે આ સમયે અર્જુનકુમાર ધીમે ધીમે ચોરસ વોકર લઈને ઓસરીમાં પગલાં ભરતાં.

એમને રોજ આ ઘરનો ભવ્ય ભૂતકાળ યાદ આવતો.

ઉત્પલ દત્તે જાતે અભિનય કરીને અહીં ચોકમાં વાંચેલું 'પગલા ઘોડા... '

મધુકર રાંદેરીયાએ 'ઘંટડી વાગે છે અને પડદો ઊપડે છે'નાં કેટલાંક પ્રકરણોનું અહીં કરેલું વાંચન, લાલુ શાહ, પ્રતાપ ઓઝા, સત્યજીત રાય અને બીજા કેટલાય ભારતીય રંગભૂમિનાં મોટાં નામો આ ચોકમાં બેસીને જગતભરનાં નાટકોની ચર્ચા કરતાં...

કામૂ, દોસ્તોવસ્કી, શેક્સપિયર, ઇબ્સન, બ્રેખ્ત, જે. કૃષ્ણમૂર્તિ, ઓરબિન્દો જેવા કંઈ કેટલાય લેખકોનાં લખાણોની સમીક્ષા થતી... શેલી, કીટ્સ, બાયરન, રવીન્દ્રનાથ ટાગોર, ઉમાશંકર જોશી જેવા કવિઓનાં કાવ્યપઠન થતાં...

મુંબઈ આવતો દેશ કે વિદેશનો ભાગ્યે જ કોઈ કલાકાર અર્જુનકુમારને મળ્યા વિના, આ હવેલીમાં સાંજ

ગાળ્યા વિના મુંબઈ છોડવાનું પસંદ કરતો...

રોજ સાંજે આ હવેલીની ઓસરીમાંથી પસાર થતાં અર્જુનકુમારને વીતેલા દિવસો જાણે આરપાર વીંધીને નીકળી જતા. એ સમય, એ સમયની ગ્લોરી, એ સમયની વાત અર્જુનકુમારને રોજેરોજ વીંધી જતી...

આ હવેલીનો દરબારગઢ જેવો દરવાજો હવે બંધ રહેતો. ભાગ્યે જ થતી અવરજવર ડોકાબારી જેવા નાનકડા દરવાજામાંથી થતી રહેતી...

રોજ સાંજે અર્જુનકુમાર આવી જ રીતે બૂમ પાડીને રમણને બોલાવતા... ,"રમણ... જો તો... કોઈ આવ્યું છે?"

હવે રમણ પણ ટેવાઈ ગયો હતો. હવેલીના આ સન્નાટા અને ખાલીપાથી... અર્જુનકુમારના આ ભણકારાઓથી... એમની બૂમોથી... એમની ચીડ અને અકળામણથી... આ હવેલીના અભાવોથી!

અર્જુનકુમારને ધીમે ધીમે એક જાતનો ભ્રમ થવા લાગ્યો હતો. રોજ સાંજ પડતી કે એ બૂમો પાડવા લાગતા, "કોઈ આવ્યું છે... બારણું ખોલો... દરવાજો ખોલો..."

એમના સંતોષ ખાતર રમણ ક્યારેક દરવાજો ખોલતો પણ ખરો. પણ કોઈને નહીં જોઈને એ વધારે ચીડાતા, વધારે નિરાશા થતી એમને.

આજે પણ એમણે એવી જ રીતે બૂમ પાડી, "રમણ, જો તો કોઈ આવ્યું છે..."

રમણ બહાર આવ્યો, "કોઈ નથી સાહેબ..."

"તું ખોલે છે કે હું ખોલું દરવાજો?" અર્જુનકુમારે મોટા અવાજે બૂમ પાડી અને ઓસરીમાં ઊભેલી લજ્જા પિતાનો વધુ ઉશ્કેરાટ અટકાવવા દોડીને દરવાજો ખોલવા લાગી.

સત્યજીત ડોકાબારીમાં માથું નમાવીને દાખલ થયો.

લજ્જાના ચહેરા પર એને જોઈને જે ભાવ આવ્યા તે રસોડાના દરવાજે ઊભેલી સુમિત્રાની ચકોર નજરથી અજાણ્યું ન રહ્યું...

સત્યજીત ડોકાબારીમાં માથું નમાવીને દાખલ થયો, 'અરે! તું તો અઠવાડિયામાં મોટી થઈ ગઈ!' સત્યજિતે ચોકમાં દાખલ થતાં લજ્જાના ગાલ પર ટપલી મારી. લજ્જા ઘડીભર એને જોઈ રહી અને પછી શરમાઈને પોતાના રૂમ તરફ ભાગી... સત્યજીતની અવરજવર સુમિત્રા આ ઘરમાં આવી એ પહેલાંથી હતી. એ આ ઘરનો દીકરો હતો, મિત્ર હતો, મદદગાર હતો, કલાકાર હતો, ડોક્ટર હતો... એમ પૂછો કે શું નહોતો?

રાધિકાના ગયા પછી અર્જુનકુમાર જો કોઈ એક માણસ સાથે બેસીને વાત કરતા તો એ સત્યજીત હતો. સુમિત્રાને શરૂઆતમાં સત્યજીત રાધિકાનો મિત્ર હતો એ કારણે એના માટે વધુ પ્રેમ નહોતો, પણ એણે અર્જુનકુમારની લથડતી તબિયત દરમિયાન જે રીતે આ ઘરને વિખરાઈ જતું બચાવ્યું હતું એ પછી સુમિત્રાને

સત્યજીત માટે સાચા અર્થમાં લાગણી થઈ ગઈ હતી. એ ઇચ્છતી હતી કે લજ્જા અને સત્યજીત એકબીજાની નજીક આવે, એ એવા પ્રયાસો પણ કરતી રહેતી. ખરેખર તો સુમિત્રાને આ હવેલી વેચીને મુંબઈ શહેર તરફ ખસી જવાની ઇચ્છા હતી. અર્જુનકુમારની તબિયત દિવસે દિવસે લથડતી જતી હતી. પેરેલિસિસનો એટેક આવ્યા પછીના 6 મહિના આ ઘરમાં ભયાનક કટોકટીના મહિના બની રહ્યા હતા.

સુમિત્રાનું પેન્શન અને જે થોડી ઘણી બચત હતી એ બધું જ અર્જુનકુમારની દવાઓ અને ટ્રીટમેન્ટમાં વપરાતું હતું. આવક તદ્દન બંધ હતી...

લજ્જાનું ભણતર બંધ થઈ ગયું હતું.

મલય 19 વર્ષે પોતાનું ગ્રેજ્યુએશન અને નોકરી સાથે સાથે કરી રહ્યો હતો.

સુમિત્રાનાં બે સંતાનો લજ્જા અને મલય અર્જુનકુમારને ખૂબ ચાહતાં, એમના સગા પિતા ન હોવા છતાં અર્જુનકુમાર માટે બંનેને ખૂબ લાગણી હતી. અર્જુનકુમાર જાણેઅજાણે એમને રાધિકાની જગ્યા નહોતા આપી શકતા. બંને બાળકો એ વાત જાણતાં, સમજતાં અને ધીમે ધીમે સ્વીકારવા પણ લાગ્યા હતા. જ્યારે પણ એ સુમિત્રાનાં સંતાનો સાથે અમુક રીતે વર્તતા ત્યારે સુમિત્રાને એમાં પરાયાપણાની ગંધ આવતી. સુમિત્રા અને અર્જુનકુમાર વચ્ચે એ બાબતે ઘણી દલીલબાજી થઈ ચૂકી હતી...

સંતાનો પણ ધીમે ધીમે સમજવા લાગ્યાં હતાં કે પોતે કંઈ પણ કરે અર્જુનકુમારના જીવનમાં રાધિકાની જે જગ્યા હતી એ કોઈ ક્યારેય પણ લઈ શકે એમ નહોતું! લાગણીઓના ગૂંચવાતા તાણાવણાએ આ ઘરને સાવ એકલવાયું કરી નાખ્યું હતું. આ ઘરના દરેક સભ્યને એકબીજા સાથે જોડતી કડી સત્યજીત હતો.

એની અવરજવર આ ઘરને જીવતું, ધબકતું રાખતી... સત્યજીત પોતાનાથી થાય એટલી મદદ કરતો. પણ અર્જુનકુમારનું સ્વમાન જો આ વાત જાણે તો, સત્યજીતને પણ માફ ન કરે એવી એને ખબર હતી એટલે એ ચૂપચાપ સુમિત્રાને મદદ કરતો, જ્યારે આ પૈસા કે બીજી કોઈ પણ મદદ સ્વીકારતી ત્યારે સુમિત્રાની આંખો છલકાઈ આવતી, 'જેની ફરજ છે એ તો કંઈ કરતી નથી અને તું એના બદલે... ' "એ ડૂસકું દબાવીને આગળના શબ્દો ગળી જતી.

"મારા ને રાધિકામાં ખરેખર કોઈ ફરક છે?" સત્યજીત સધિયારો આપવાનો પ્રયાસ કરતો.

"છે, ઘણો ફરક છે." સુમિત્રા અનિચ્છાએ પણ ઉશ્કેરાઈ જતી, "એ આ ઘરની દીકરી છે, લોહી છે અર્જુનકુમારનું... એમણે હથેળીમાં પગ મુકાવીને ઉછેરી છે, પણ બાપની પડી નથી એને! અને, તારે કોઈ સંબંધ નથી તોય તું..."

"આવું બધું વિચારવાનું છોડી દો, હું તમારો દીકરો જ છું," સત્યજીત કહેતો, આશ્વાસન આપવા પૂરતું, પણ એનું મન રાધિકા પરત્વે ગુસ્સા અને કડવાશથી ભરાઈ જતું. એ દરેક વખતે નક્કી કરતો કે રાધિકાને એક પત્ર લખશે, આ ઘરની પરિસ્થિતિ જણાવતો પત્ર, એની ફરજ યાદ કરાવતો પત્ર, એને એની ભૂલ સમજાવતો પત્ર...

પણ, પછી કોણ જાણે કેમ એ લખવાનું માંડી વાળતો. એમ.બી.બી.એસ.નું ભણતર પૂરું થયા પછી, એમ.ડી. અને પછી...

આજે સત્યજીત શહેરના જાણીતા ડોક્ટર્સમાંનો એક હતો! છેલ્લાં 10 વર્ષમાં ભાગ્યે જ કોઈ દિવસ એવો હશે કે સત્યજીત આ ઘરમાં પાંચ મિનિટ માટે આવ્યા વિના હોસ્પિટલ ચાલી ગયો હોય!

*

"તમે ઉપરના રૂમ્સ ભાડે કેમ નથી આપી દેતા?" સત્યજીતે જ્યારે આવું કહ્યું હતું ત્યારે પણ એને ખબર હતી કે અર્જુનકુમાર ક્યારેય આ વિચાર સાથે સહમત નહીં થાય, પરંતુ સુમિત્રાને વધુ મદદ લેવી મંજૂર નહોતી. અર્જુનકુમારના એ ઓરડાઓ બંધ પડ્યા પડ્યા વધુ ખરાબ થાય એના કરતાં કોઈ ત્યાં રહે તો એવું મેઇન્ટેનન્સ થઈ શકે એ વિચારે સત્યજીતે મન ઉપર પથ્થર મૂકીને આ વિચાર સૂચવ્યો હતો...

છેલ્લા છ મહિનાથી પૈસાની ભયાનક તંગીને કારણે સુમિત્રાએ અર્જુનકુમારની ઉપરવટ જઈને એ વિભાગ ભાડે આપ્યો હતો. સ્ટડી, ડ્રેસિંગ અને વિશાળ બેડરૂમના એ ટુકડામાં એક મલ્ટિનેશનલ કંપની – 'સિમેન્સ'નો એક્ઝિક્યુટીવ ભાડે રહેતો હતો.

રહેતો હતો કહેવા કરતાં એ ત્યાં રાત ગાળવા પૂરતો આવતો હતો એમ કહેવું વધુ સાચું હતું.

સવારના સાડા આઠે પોતાની ઑફિસ જવા નીકળી જતો અને રાત્રે પાછો ફરવાનો એનો કોઈ સમય નહોતો. નાની ઉંમરે એ કંપનીમાં બહુ જ મોટા પદે હતો. પરદેશ ભણીને આવ્યા પછી એણે પાછા ફરવાનું શું કામ નક્કી કર્યું, અથવા એની ઑફિસ કલ્યાણથી કલાક દૂર, થાણામાં હોવા છતાં એ શા માટે કલ્યાણ રહેતો હતો એવી કોઈ વાતો એને કોઈએ પૂછી નહોતી.

કદાચ પૂછી હોત તો એણે જવાબ ન જ આપ્યો હોત એવું એના ચહેરા પર લખેલું હતું.

એનાં મા-બાપ, બે બહેનો અને બનેવી બધાં જ અમેરિકા હતાં, એની પોતાની પાસે પણ અમેરિકન ગ્રીનકાર્ડ હતું. તેમ છતાં એ શા માટે ભારતમાં રહીને કામ કરવા માગતો હતો એની પોતાના સિવાય કોઈને ખબર નહોતી, એની કંપની એને અંધેરી, બાન્દ્રા અને જુહૂ વિલેપાર્લેમાં ફ્લૅટ આપવા તૈયાર હતી. પણ એ પોતાના રહેવાની જગ્યા પોતે જ પસંદ કરશે એવી શરત મૂકી હતી, લગભગ દોઢ મહિનો તાજ 'લેન્ડઝ એન્ડ'માં રહ્યા પછી, લગભગ પચાસેક ઘરો જોયા પછી એણે કલ્યાણની આ હવેલી ઉપર પસંદગી ઉતારી હતી!

એની ઑફિસમાં સૌને નવાઈ લાગી હતી! લગભગ કલાક આવવાનો ને કલાક જવાનો મુંબઈ જેવા શહેરમાં કોઈ શું કામ બગાડે? અને છતાં આ માણસ અર્જુનકુમારની આ હવેલીમાં રહેતો હતો, એ પણ એમણે માંગેલું ભાડું ચૂકવીને!

એ સવારની ચા અને નાસ્તો આ ઘરમાં કરતો, એ પછી નીકળી જતો, અને રાત્રે ખાવાનાં એનાં ઠેકાણાં જ નહીં રહેતાં હોય એવું એના પાછા ફરવાના સમયો ઉપરથી સ્પષ્ટ સમજી શકાતું હતું.

વર્કોહોલીક અને થોડોક સીનીકલ પ્રકારનો આ માણસ ભાગ્યે જ કોઈની સાથે વાત કરતો, પણ એ અર્જુનકુમાર સાથે વાત કરવાનાં બહાનાં શોધતો...

અર્જુનકુમાર એને જોતાં જ નજર ફેરવી લેતા, ભાગ્યે જ એની વાતનો જવાબ આપતા!

આ માણસ સાવ વિચિત્ર હતો એ નક્કી, માત્ર એક કપડાંની બેગ લઈને રહેવા આવેલો અને ભાગ્યે જ પોતાના રૂમના દરવાજા ખોલતો! સુમિત્રાની લગભગ બધી જ શરતો માન્ય રાખ્યા પછી દુનિયાનો કોઈ ભાડૂઆત ન મૂકે એવી શરત આ ઘર ભાડે રાખતી વખતે આ માણસે મૂકેલી, “હું તમારી લાઇબ્રેરી વાપરીશ, મને જ્યારે જેટલાં પુસ્તકો જોઈએ એટલાં વાંચવા અને વાપરવા દેવા પડશે.”

“બિલકુલ નહીં, મારી લાઇબ્રેરીમાં ઘૂસવાનું પણ નહીં.” અર્જુનકુમારે સારા એવા મોટા અવાજે કહ્યું હતું.

“તો પછી આ ઘર નથી જોઈતું મારે.” એ ઊભો થવા જતો હતો કે સુમિત્રાએ લગભગ વિનંતીના સુરમાં એને કહ્યું હતું, “એવું નથી... તમે પુસ્તકો વાંચી શકો... અહીંથી બહાર નહીં લઈ જવાનાં...”

અર્જુનકુમારના ચહેરા પર અજબ જેવી નારાજગી અને નિઃસહાયતા ઊભરાઈ હતી. પહેલાં તો આ ઘરમાં ભાડૂઆત રાખવો પડે એ વિચાર જ એમને અનુકૂળ નહોતો, એ પછી પોતાની લાઇબ્રેરી કોઈ વાપરવા માગે કે એમાંના એક પણ પુસ્તકને કોઈ અડે એ વાતે અર્જુનકુમારનું મગજ છટકી ગયું હતું.

“તમે પણ શું? ખાવાના ફાંફાં છે ને લાઇબ્રેરીની પાછળ પડ્યા છો, ચાર ચોપડીઓ ઊંચકીને વાંચશે તો શું ઘસાઈ જવાનું છે? આમેય આ ચોપડીઓને વર્ષો થયાં કોઈ અડ્યું નથી.” સુમિત્રા અર્જુનકુમાર સાથે જ્યારે પણ વાત કરતી ત્યારે એનો અવાજ કર્કશ થઈ જતો, કડવાશ ઊભરાઈ જતી, “ઊધઈ ખાય જાય એના કરતાં આ છોકરો બે-ચાર ચોપડીઓ વાંચશે તો શું લૂંટાઈ જશે?”

“ચોપડીઓ નહીં પુસ્તકો... સુમિત્રા, આ ચોપડીઓ નથી, પુસ્તકો છે.”

“બધું એક જ... પસ્તીમાં વેચે તો વજનના ભાવે લઈ જાય.”

“પસ્તીમાં નહીં વેચતા...” અર્જુનકુમારનું ગળું રૂંધાઈ ગયું હતું., “મને બાળવા માટે લાકડાંને બદલે આ બધાં પુસ્તકો વાપરજો.” એમની આંખોમાંથી આંસુ ટપકી પડ્યાં હતાં, “જીવ ગતે જશે મારો!” પછી, ખાસ્સીવાર ચૂપ રહીને ઉમેર્યું હતું, “આ પુસ્તકો રાધિકાનાં છે... એને પૂછ્યા વિના મારાથી કોઈને કેમ અપાય?”

અર્જુનકુમાર દીવાનની હવેલીનો આ નવો ભાડૂઆત અજબ હતો. એનો રસ જાણે આ ઘર નહીં પણ લાઇબ્રેરી હતો. ઑફિસેથી ગમે તેટલો મોડો આવે એ લાઇબ્રેરીમાં જરૂર જતો... રોજ પુસ્તકો લેતો, પાછાં મૂકતો... કલાકો લાઇબ્રેરીમાં ગાળતો... કોણ જાણે એ ત્યાં શું શોધતો હતો?

એ લાઇબ્રેરીમાં જાય, લાઇબ્રેરીની લાઇટ ચાલુ થાય ને અર્જુનકુમારનો જીવ ઊંચો થઈ જતો. એ લજ્જા અથવા મલય કોઈને પણ તરત જ લાઇબ્રેરીમાં જવાનું કહેતા. રમણને બૂમો પાડી પાડીને બેબાકળો કરી નાંખતા.

રસોડાનાં કામ પડતાં મૂકીને રમણ આવે કે તરત જ એને લાઇબ્રેરી તરફ દોડાવતા...

“જો ને, પેલો લાઇબ્રેરીમાં ગયો છે.”

“તે શું લઈ જવાનો છે?” સુમિત્રા ચીડાતી, “એવી તે કઈ મિલકત દાટી છે ત્યાં? હાથમાં પકડતાં ગળી જાય એવી ચોપડીઓ છે, ધૂળ અને અંધારાથી જીવ ગભરાય છે...” એ બૂમો પાડતી, એક માણસ દિવસમાં એક વાર ખોલે છે તો હવા-ઉજાસ જાય છે તમારા એ ભૂતિયા ખંડેરમાં... શાંતિથી બેસો ને શાંતિથી રહેવા દો બધાંને...

“પણ...” અર્જુનકુમાર ઝાંખા પડી જતા, “એ કોઈ ચોપડી લઈ જાય પછી રાધિકા આવે... ને મને પૂછે તો...”

“જે દિવસથી ગઈ છે એ દિવસથી ફરીને ખબર સુધ્ધાં નથી પૂછી, મરી ગયા કે જીવો છો એય ખબર નહીં હોય તમારી દીકરીને... એક તમે છો...”

રાધિકાની વાત નીકળતાં જ સુમિત્રા કડવી થઈ આવતી.

આ એ જ સુમિત્રા હતી જે કોલેજમાં ભારતીય સંસ્કૃતિ અને ઇતિહાસ ભણાવતી હતી, એક જમાનામાં. હેડ ઓફ ધ ડિપાર્ટમેન્ટ હતી. એનો રૂઆબ, એની ભાષા અને છટા સામેનાને આંજી દેતાં, વિદ્યાર્થીઓ એના નામ માત્રથી થથરતાં, ભારતીય સંસ્કૃતિ અને ઇતિહાસમાં એનું લખેલું પુસ્તક આજે પણ બી.એ.ના છેલ્લા વર્ષના અભ્યાસક્રમનો ભાગ હતો...

એ સુમિત્રા અને આજની સુમિત્રા વચ્ચે જાણે આકાશ-જમીનનો ફેર હતો. લુખ્ખા વિખરાયેલા વાળ, ઊંચી ઊંચી કધોણી સાડી, મેચિંગ વગરનું બ્લાઉઝ અને કર્કશ અવાજે બરાડતી સુમિત્રાને જોઈને ભાગ્યે જ કોઈને એવી કલ્પના પણ આવે કે આ એ જ સુમિત્રા છે, જેણે અર્જુનકુમાર જેવા અદ્ભુત માણસને પોતાની સાથે જિંદગી જીવવા આકર્ષ્યા હતા.

સત્યજીત ડોકાબારીમાં માથું નમાવીને દાખલ થયો, “અરે! તું તો અઠવાડિયામાં મોટી થઈ ગઈ!” સત્યજીતે ચોકમાં દાખલ થતાં લજ્જાના ગાલ પર ટપલી મારી. લજ્જા ઘડીભર એને જોઈ રહી અને પછી શરમાઈને પોતાના રૂમ તરફ ભાગી...

ઓસરીમાં ઊભેલા અર્જુનકુમારે સત્યજીતને જોયો. એમનું ચાલ્યું હોત તો કદાચ એ દોડીને સત્યજીત પાસે આવ્યા હોત. સત્યજીત સ્મિત કરતો ઝડપથી ચાલીને એમના સુધી પહોંચ્યો. નજીક જઈ નીચે નમીને પગે લાગ્યો.

“આવી ગયો?”

“આવી ગયો છું ત્યારે તો તમારી સામે ઊભો છું.” સત્યજીત હસ્યો. અર્જુનકુમારે તેના ખભા પર હાથ મૂક્યો, “તમને શું હતું, કે તમારી દીકરી મારી નાખશે મને?”

"મારી દીકરી છે ભાઈ, મગજ છટકે તો મારી પણ નાખે." અર્જુનકુમાર હસી રહ્યા હતા. આ ઘરમાં કેટલા દિવસ પછી અર્જુનકુમારના ચહેરા પર આવું સ્મિત જોયું હતું સૌએ...

દૂર ઊભેલી સુમિત્રાએ જાણે મનોમન આંખ મીંચીને ઈશ્વરનો આભાર માન્યો, "આ છોકરો ખરેખર દેવદૂત જેવો છે. જ્યારે આવે છે ત્યારે ખુશી જ લઈને આવે છે આ ઘરમાં."

એને જોઈને શરમાઈને ભાગી ગયેલી લજ્જાનું દૃશ્ય ફરી એક વાર સુમિત્રાની નજર સામે તરવરી ઊઠ્યું. એણે મનોમન નક્કી કર્યું, બે-ચાર દિવસમાં સરખું મુહૂર્ત અને એકાંત જોઈને સત્યજીતને લજ્જા વિશે પૂછી લેવું.

"પૂછી શું લેવું, કહી જ દઈશ... સીધેસીધું! લગભગ બાળપણથી ઓળખે છે એકબીજાને. વિચારવાનું શું છે? મારી દીકરીમાં ખોટ કાઢી શકાય એવું તો કંઈ છે જ નહીં." આટલો વિચાર આવતાં જ એની નજર સામે બિલકુલ અનિચ્છાએ રાધિકાનો ચહેરો આવી ગયો, "એના જેવું રૂપ નથી આનામાં, એ ખરું." સુમિત્રાએ જાતને પ્રામાણિકપણે કહ્યું, "પણ એકલા રૂપને કરવાનું શું? ગુણ પણ હોવા જોઈએ ને? જે છોકરીને સગાં મા-બાપની નથી પડી..." હજી એના મનમાં આટલું વાક્ય પૂરુંયે નહોતું થયું ત્યાં એને ખ્યાલ આવ્યો કે પોતે એની સગી મા નહોતી જ... અને, પ્રશ્ન કદાચ ત્યાંથી જ શરૂ થયો હતો...

એ આગળ આવી... સત્યજીત સાથે કંઈ વાત શરૂ કરવા જાય એ પહેલાં સત્યજીતના ખભાનો સહારો લઈને અર્જુનકુમાર પોતાના ઓરડા તરફ જવા લાગ્યા, "અમે અંદર બેસીએ છીએ." એમણે મોટા અવાજે કહ્યું.

આ વાક્યનો સીધો અર્થ હતો કે હવે કોઈએ ડિસ્ટર્બ ના કરવા.

ઓરડામાં દાખલ થઈને એમની મોટા હાથાવાળી, ઊંચી પીઠની કોતરણીવાળી – સિંહાસન જેવી ખુરશી ઉપર હજી તો સત્યજીત એમને પૂરેપૂરા બેસાડે એ પહેલાં તો અર્જુનકુમારે પૂછી નાખ્યું, "મળી?"

"હિંમત છે એની મને ના મળે?"

"એની તો શું, એના બાપનીય નથી." અર્જુનકુમારે કહ્યું અને બંને ખડખડાટ હસી પડ્યા.

"મજામાં છે ને?" એમનો અવાજ અચાનક ગંભીર થઈ ગયો.

"મજામાં નથી." સત્યજીતે કહ્યું. "એટલે?"

"એ પણ તમને એટલું જ યાદ કરે છે..." સત્યજીતે હજી વાક્ય પૂરુંય નહોતું કર્યું. અર્જુનકુમારે એની વાત કાપી નાખી.

"પણ આવશે નહીં..." એમના ચહેરા ઉપર અસહાયતા અને વેદના તરવરી ઊઠ્યાં.

"હું જ્યાં સુધી એને ઓળખું છું ત્યાં સુધી અઠવાડિયામાં આવવી જોઈએ."

અર્જુનકુમાર પહોળી આંખોએ એની સામે જોઈ રહ્યા. એમની આંખોમાં સ્પષ્ટ અવિશ્વાસ હતો. સત્યજીત એમની સામે જોઈને આત્મવિશ્વાસથી હસી રહ્યો હતો.

“એણે કહ્યું? તને?”

“હું કહું છું.” સત્યજીતની આંખોમાં કશુંક એવું હતું, જે અર્જુનકુમારના હૃદયમાં છેક ઊંડે સુધી ઊતરી ગયું.

થોડી વાર સુધી અર્જુનકુમાર ચૂપ રહ્યા. સાવ શાંત. જાણે જાતમાં જ ડૂબી ગયા હોય એમ. પછી, એમણે ખૂબ ધીમેથી જાતને જ કહેતા હોય એમ કહ્યું, “એ આવશે તો સાથે ઘણું બધું પાછું આવશે સત્યજીત...”

“એટલે?”

“અહીં કશુંયે બદલાયું નથી. સુમિત્રા, લજ્જા, મલય... અહીં જ છે.” “તો?”

“તો એની સાથે એના સવાલો પણ પાછા આવશે... એની ફરિયાદો, એની પીડા...”

“કોઈ સમય ટકતો નથી બાપ,” સત્યજીતને અદમ્ય ઇચ્છા થઈ ગઈ કે એ અર્જુનકુમારને ભેટી પડે, પણ એણે કશું જ ના કર્યું, માત્ર જોતો રહ્યો એ...

માણસની અસહાયતા અને એની પીડાને, “અને સમય સાથે માણસ પણ બદલાય છે. કદાચ સવાલો એના એ હોય, પણ રાધિકા બદલાઈ હોય એવું બને ને?”

“એ બદલાઈ છે?”

“તમે જ જોઈ લેજો.” સત્યજીતે કહ્યું. આગળ કશું બોલે એ પહેલાં સુમિત્રા ઓરડામાં દાખલ થઈ. અર્જુનકુમારના ચહેરા પર સ્પષ્ટ દેખાતું હતું કે સુમિત્રાનું અત્યારે આવવું એમને જરાય નહોતું ગમ્યું. એમના ચહેરા પરના હાવભાવ જોઈને સુમિત્રાએ પૂછ્યું, “ચા કે બીજું કંઈ...” સત્યજીત અને અર્જુનકુમાર બંને જણા સમજ્યા કે એને કહેવું કંઈ બીજું હતું.

“ના, હમણાં કશું નહીં.” અર્જુનકુમારે સત્યજીત વતી જવાબ આપી દીધો. સુમિત્રા છતાંય ઊભી રહી. ત્રણેય જણાં ચૂપચાપ...

“રાધિકા મળી?” આખરે સુમિત્રાએ પોતાના મનમાં ઘોળાતો સવાલ પૂછી જ લીધો.

“રાધિકાનો રૂમ સાફસૂફ કરાવીને તૈયાર કરાવી દે.” સત્યજીત કશું બોલે એ પહેલાં અર્જુનકુમારે કહી દીધું. ઘડીભર પહેલાં પોતાને અવિશ્વાસથી જોઈ રહેલા આ માણસને આટલા આત્મવિશ્વાસથી સૂચના આપતો જોઈને સત્યજીતને ડૂમો ભરાઈ આવ્યો.

“કેટલો વિશ્વાસ છે આ માણસને મારા ઉપર! આ વિશ્વાસ મારી જવાબદારી વધારે છે... રાધિકા અહીં આવે

ત્યારે કશુંયે આડુંઅવળું ના થાય, અર્જુનકુમારના ફરી એક વાર આ આખુંય કુટુંબ સળંગ સૂત્રમાં પરોવાય એ જોવાની જવાબદારી મારી છે, આ વખતે." એ અર્જુનકુમાર અને સુમિત્રાના ચહેરા વારાફરતી જોઈ રહ્યો હતો. ચહેરા ઉપર અપાર સુખ હતું. આટલાં વર્ષો એમના ચહેરા પર જે ઉચાટ, જે વેદના, જે અશાંતિ એ જોતો આવ્યો હતો એ બધું જ જાણે કોઈ હાથ લંબાવીને કાચ ઉપરનું ધુમ્મસ લૂછે એમ લુછાઈ ગયું હતું. એની જગ્યાએ વહેલી સવારના ઉઘાડ જેવું કોકરવર્ણું સ્મિત પ્રગટ્યું હતું.

સુમિત્રાના ચહેરા પર એક અજબ જેવી ચિંતા અને ઉચાટ, જે હંમેશાં રહેતાં એ વધી ગયાં હતાં, "ક્યારે..." એનો અવાજ તદ્દન મ્લાન-ક્ષીણ થઈ ગયો હતો, "ક્યારે આવે છે?"

"ખબર નથી..." અર્જુનકુમારે સુમિત્રાની આંખોમાં જોયું. પછી હાથનો ઇશારો કરી એને નજીક બોલાવી. સુમિત્રા ધીમા પગલે નજીક આવી. સત્યજીત એની સામે જોઈ રહ્યો.

આ એ જ સ્ત્રી હતી, જેનો રુઆબ, કડપ અને ઠસ્સો ભલભલાને આંજી દેતો. ખભામાંથી સહેજ ઝૂકી ગયેલી, લગભગ બધા જ ધોળા વાળવાળી, ચશ્માં પહેરેલી, ચહેરા પર કરચલીઓ અને આંખ નીચે કાળાં કુંડાળાં ધરાવતી અને કૃશકાય થઈ ગયેલી એ જ સુમિત્રા હતી એવું માનવું પણ અઘરું પડે એમ હતું..."કદાચ આને જોયા પછી રાધિકાના મનમાં કોઈ ફરિયાદો, કોઈ સવાલો બાકી ના રહે એમ પણ બને." સત્યજીતે મનોમન વિચાર્યું.

"જો સુમિત્રા, રાધિકા દસ વર્ષે આવશે... તું બધું ભૂલવાનો પ્રયાસ કરજે.

તું મોટી છે. મા છે તું..."

"તમે કહેશો તો જ મને સમજાશે?" સુમિત્રાને પણ ડૂમો ભરાઈ આવ્યો. એણે અર્જુનકુમારનો ધ્રૂજતો હાથ પકડી લીધો, "બધું બરાબર થઈ જશે. બસ! હવે દુઃખના દિવસો પૂરા થયા." એણે એક માની મમતાથી અર્જુનકુમારના માથે હાથ ફેરવ્યો. સત્યજીત હાજર છે એ ભૂલીને એમનું માથું છાતીસરસું ચાંપી દીધું. અર્જુનકુમાર પણ પોતાના બંને ધ્રૂજતા હાથ ઊંચકીને સુમિત્રાની કમરની આજુબાજુ હાથ લપેટી નાના બાળકની જેમ રડી પડ્યા...

6

હાઈડપાર્કમાં વીરેનને વળગીને ધ્રુસકે ધ્રુસકે રડી લીધા પછી રાધિકા જાણે શાંત થતી ગઈ. વીરેન હળવે હળવે રાધિકાની પીઠ પર હાથ ફેરવતો રહ્યો. એ સ્પર્શથી જાણે સધિયારો મળતો હોય એમ રાધિકાની પક્કડ ઢીલી થતી ગઈ.

"વીરેન, મને લાગે છે મારે પાછા ફરવાનો સમય થઈ ગયો છે. મારું ઘર, મારા પિતા..." બોલતાં બોલતાં રાધિકાના ગળામાં ડૂમો બાઝી ગયો, "એમને જરૂર છે મારી."

"જા!" વીરેને રાધિકાનો ચહેરો બંને હાથમાં પકડીને એની આંખોમાં જોયું, "હું રોકીશ નહીં તને, પણ તારે એક વાત તો સાંભળવી જ પડશે રાધિકા." એ એની આંખોમાં જાણે કશું શોધતી હોય એમ જોઈ રહી, "તું મારું કાયમી સરનામું છે રાધિકા. તારા સુધી પહોંચીને જાણે મારી જિંદગીનો ડેડ એન્ડ આવી ગયો છે. હવે આગળ પ્રવાસ શક્ય નથી. હું અહીં જ હોઈશ, તારી રાહ જોતો."

રાધિકાની આંખો છલકાઈ પડી, "વીરેન... આપણે સારા દોસ્તો..." "ના રાધિકા, હું દોસ્ત નથી તારો, નહીં બની શકું! મને પાછા જતાં નથી આવડતું, તારા વિના જીવી લઈશ આ શહેરમાં, પણ જે મળ્યું છે, જે પામ્યો છું એનાથી ઓછું નહીં ખપે. " એણે રાધિકાનો ચહેરો નજીક લાવીને એના હોઠ પર હોઠ મૂક્યા, રાધિકાએ પણ જાતને પૂરેપૂરી વહી જવા દીધી..."રાધિ, તારા સ્પર્શમાં હું મારામાં રહેલા પુરુષને પામ્યો છું... હવે દોસ્ત નહીં બની શકું તારો, સોરી!"

છલકાતી આંખોએ રાધિકા હસી પડી, "ખરો છે!"

"હા, સાવ! સો ટકા ખરો! ક્વૅન્ટી ફોર કેરેટ!" વીરેને કહ્યું અને ફરી એક વાર હળવું ચુંબન કરીને ઉમેર્યું, "અજમાવી જોજે ક્યારેક!"

રાધિકા વીરેનની સામે જોતી રહી, એને કલ્યાણની હવેલીની પાછળથી પસાર થતી લોકલ ટ્રેનની વ્હીસલ સંભળાવા લાગી હતી.

આખી રાત વીરેન રાધિકાને વ્હાલ કરતો રહ્યો. રાધિકા પણ ઊંઘી નહોતી શકી.

વીરેનને વળગીને, એના ખભે માથું મૂકીને ઘડી ઘડી તંદ્રામાં સરી પડતી રાધિકા પોતે જ મુંબઈમાં હતી કે લંડનમાં એ વિશે કન્ફ્યુઝ થઈ જતી.

"ઊંઘ નથી આવતી?" વીરેને રાધિકાના વાળમાં હાથ ફેરવતાં પૂછ્યું. "તનેય ક્યાં આવે છે?" રાધિકાએ ચહેરો ઊંચો કરીને વીરેનની આંખોમાં જોયું, "તને એવું લાગે છે ને કે આપણે કાયમ માટે છૂટાં પડીએ છીએ? હવે ક્યારેય નહીં મળીએ..."

"મને ખાતરી છે" વીરેનના ચહેરા પર સ્મિત હતું, થોડું એકલવાયું-થોડું ખોટું-થોડું અધૂરું... પણ એણે સ્મિત

કર્યું, “મને ખાતરી છે રાધિકા, હવે આપણે નહીં મળીએ, અહીંથી આપણી જિંદગીના રસ્તા જુદા પડે છે.”

“એવું તને લાગે છે! હું તને છોડીને નથી જતી.” કહેતાં કહેતાં રાધિકાનું ગળું ભરાઈ આવ્યું, “હું તો બસ...” એ આગળ કહી ના શકી.

“રાધિકા, કોઈ, કોઈને છોડીને નથી જતું. બસ દિશાઓ બદલાઈ જાય છે... માણસની સાથે ગાળેલો સમય ભૂંસી નથી શકાતો... તમે દીવાલો પરથી ફોટા ઉતારી શકો, સ્મૃતિમાંથી કોઈને કેવી રીતે ભૂંસી શકાય?” વીરેન રાધિકાના ખભે, ગળામાં, હોઠ પર, ગાલ પર જાણે વ્હાલનો મુશળધાર વરસાદ કરી રહ્યો હતો, “મારી જિંદગીના ઉત્તમ દિવસો મેં તારી સાથે ગાળ્યા છે રાધિકા... હું ક્યારેય તારા વિના જીવીશ એવું નહીં માનતી.”

રાધિકાની આંખમાંથી પાણી સરકતું ગયું.

“ખરું કહું છું... તું લંડન છોડી જાય એથી મને બહુ ફરક નથી પડતો. તું મારી સાથે જ જીવીશ પળેપળ... ક્ષણેક્ષણ.. આ ઘરમાં... આ ઘરની દીવાલોમાં... આ પલંગમાં... આ રસોડામાં... આ સ્ટડીરૂમમાં... આ વોર્ડરોબમાં લટકતી તારી સાડીઓમાં... તું છે! તું રહીશ રાધિકા! યુ વેર નોટ ધી ફર્સ્ટ વુમન ઇન માય લાઇફ, બટ યુ આર ધ લાસ્ટ વુમન ઇન માય લાઇફ...”

રાધિકાના આંસુથી વીરેનનો ખુલ્લો, પહોળો, પૌરુષી ખભો ક્યાંય સુધી પલળતો રહ્યો.

રાધિકા ઊભી હતી – ચૂપચાપ.

વીરેનની સામે જોઈ રહી હતી. એરપોર્ટ પર ચહલપહલ ચાલુ હતી. ટ્રોલી લઈને જતા-આવતા માણસો, ચેક-ઇન કાઉન્ટર પરની લાંબી કતારો, અવારનવાર લાઉડ સ્પીકરમાં થઈ રહેલા જુદા જુદા એનાઉન્સમેન્ટ્સ, ઠેર ઠેર મોનિટર્સમાં દેખાતી અલગ અલગ ફ્લાઇટ અંગેની સૂચનાઓ...

કેફેટેરિયા, ઇન્કવાયરી કાઉન્ટર્સ, વ્હીલચેર્સ, કાળાં-પીળાં-ભૂરાં કપડાં પહેરીને આમતેમ દોડતા, જાતજાતની ચામડીના રંગો અને જાતજાતની આંખો...

જુદા જુદા યુનિફોર્મમાં અડધી રાત્રે પણ ચપળતાથી ફરી રહેલો જુદી જુદી એરલાઇનનો સ્ટાફ.

ઇન્ટરનેશનલ એરપોર્ટનું એકસરખું બીબાંઢાળ વાતાવરણ!

આ બધા વચ્ચે, આ બધાથી અલિપ્ત, સાવ ચૂપચાપ – જંગલમાં ખોવાઈ ગયેલા નાનકડા બાળકની જેમ ઊભેલી રાધિકા! એ ચારે તરફ જોતી હતી, પણ એની આંખો સાવ ખાલી હતી.

“હવે જરા હસીને તો જા. હું કંઈ પરાણે નથી મોકલતો તને...” વીરેને જોક મારવાનો પ્રયાસ કર્યો, “પિયર જતી સ્ત્રીઓ કેટલી ખુશખુશાલ અને ઉત્સાહમાં હોય... એક તું છે!”

“હું ખરેખર પિયર જાઉં છું વીરેન?” રાધિકા ઉપર વીરેનના જોકની કોઈ અસર ના થઈ. ઊલટાનું ‘પિયર’

શબ્દ સાંભળીને એની આંખમાં જાણે કોઈ અજાણ્ય પ્રદેશમાં જતી હોય એવો ભય તરવરી ઊઠ્યો, "હું જાઉં વીરેન?"

"ન જા..." વીરેને એને હાથ પકડીને નજીક ખેંચી. એનું માથું છાતી પર લઈને એના વાળમાં ધીમે ધીમે આંગળીઓ ફેરવવા માંડ્યો.

કાળા-ધોળા વાળ વીરેનના ચહેરા પર ઝૂકી આવ્યા હતા. વીરેનના પહોળા ખભા અને મજબૂત બાવડાં રાધિકાને ઘેરીને ઊભાં હતાં... રાધિકાએ ઊંચું જોયું, વીરેનની આંખોમાં. એના ચહેરા ઉપર બિલકુલ મરજી વગર સ્કૂલે જઈ રહેલા બાળક જેવી અસહાયતા હતી.

વીરેન હસી પડ્યો, "છેલ્લા કેટલાય દિવસથી આવું જ મોઢું જોયું છે તારું. હવે જ્યારે યાદ કરું ત્યારે હસતો ચહેરો યાદ આવે એટલું તો કર ડાર્લિંગ..." કહેતાં કહેતાં એનો અવાજ પલળી ગયો.

"વીરેન, સમજાતું નથી હું સાચું કરું છું કે ખોટું... ત્યાં પહોંચીને મને અફસોસ તો નહીં થાય ને?"

"અફસોસ?"

"તને છોડીને..." રાધિકાએ બે હાથે મુઠ્ઠીઓમાં વીરેનનું સ્વેટર પકડીને એને નજીક ખેંચ્યો, "તારા વિના રહી શકીશ હું?"

"રાધિ, બે પ્રેમ કરનારા લોકો સાથે જ રહે, રહી શકે એવું નક્કી નથી હોતું. તમે પ્રેમમાં પડો ત્યારે આપેલાં બધાં જ વચનો પૂરાં જ થશે એવું પણ નક્કી નથી હોતું..." પહેલી વાર રાધિ વીરેનની આંખો છલકાતી જોઈ રહી હતી, "સંબંધોનું ગણિત અજબ હોય છે. તમે ઉમેરતા જ જાવ, તમારી પાસે હોય એ બધું નાખી દો અને તોય બેલેન્સશીટમાં સાવ ઝીરોનો આંકડો આવીને ઊભો રહે... એમ પણ બને!" વીરેને રાધિકાના બંને ગાલ પર હાથ મૂક્યા, "મેં તને ખૂબ ચાહી છે રાધિ, જીવનભર ચાહતો રહીશ..."

રાધિકા કશું કહેવા જતી હતી, પણ વીરેને એના હોઠ પર આંગળી મૂકી, "કશું બોલીશ નહીં, કોઈ વચન પણ નથી આપતો. તને ચાહવું એ મારી મજબૂરી છે... મને ખબર છે કે મને તારા જેવી બીજી સ્ત્રી ક્યારેય નહીં મળે. હવે તારાથી ઓછું મને પોસાશે નહીં."

"હું પણ તારા વિના..." રાધિકા બોલવા ગઈ એ પહેલાં વીરેને એના હોઠ પર ફરી આંગળી મૂકી.

"નહીં કહેતી! તું કોઈના પણ વિના જીવે, પણ તું પ્રેમ વિના નહીં જીવી શકે રાધિકા." રાધિકા એની સામે જોઈ રહી, "બસ, હું એટલી જ પ્રાર્થના કરીશ કે તું જે પ્રેમને શોધે છે એ મળી જાય તને... તારી કલ્પનામાં જે પ્રેમ છે એ તારી સામે આવીને ઊભો રહી જાય, સાક્ષાત્..."

જતી વખતે નહીં રડવાનું નક્કી કરીને હોઠ ભીંસીને ઊભેલી રાધિકા એક ડગલું આગળ આવીને વીરેનને ભેટી પડી અને ડૂસકે ડૂસકે રડી પડી... બ્રિટિશ એરવેઝની મુંબઈ જતી ફ્લાઇટનું બોર્ડિંગ એનાઉન્સમેન્ટ લંડનના હિથ્રો એરપોર્ટના લાઉડ સ્પીકર્સમાં ગૂંજી રહ્યું હતું...

આળસ મરડીને, આંખ ઉઘાડીને મુંબઈ શહેર હજી ઊગી રહેલા મેલા સૂરજને જોતું હતું. આકાશ કેસરી રંગનું થઈ ગયું હતું. સૂરજ ઊગવાની તૈયારી હતી. હજી ટ્રાફિક પ્રમાણમાં ઓછો હતો. છતાં પોતાની દિશામાં દોડનારા લોકોએ ડગલાં માંડવાની શરૂઆત તો કરી દીધી હતી...

કશું જ બદલાયું નહોતું, બધું એવું જ હતું, જેવું રાધિકાએ વારંવાર લંડનમાં યાદ કર્યું હતું.

એ આંખ મીંચતી અને હંમેશા એને આ શહેર જેવું દેખાયું હતું એવું જ ઉઘાડી આંખે પણ દેખાઈ રહ્યું હતું.

એરપોર્ટ પર ઊતરીને રાધિકાએ એક ઊંડો શ્વાસ લીધો, વિમાનની સીડીના પહેલા પગથિયે આવીને જ રાધિકાએ મુંબઈ શહેરના આકાશને પોતાની આંખોમાં ભરી લેવાનો પ્રયત્ન કર્યો. એ મેલું ધુમિલ આકાશ, એ લીરેલીરા થઈ ગયેલો કેસરી રંગ અને હજી તો ઊઘડું ઊઘડું થઈ રહેલી એક સાવ કોરા દિવસની શરૂઆત રાધિકાના મનમાં અજબ જેવો રોમાંચ જગાડી ગઈ.

"હાય! ઓળખી મને? હું રાધિકા..." એણે મનોમન મુંબઈ શહેરને કહ્યું. બ્રિટિશ એરવેઝના વિમાનનાં પગથિયાં સડસડાટ ઊતરીને કોચમાં બેસીને કન્વેયર બેલ્ટ સુધી આવી ત્યાં સુધી એના મનમાં આ શહેરને અડી લેવાનો, સ્પર્શી લેવાનો રોમાન્સ સળવળ્યા કર્યો..

એરપોર્ટની બહાર નીકળીને ટ્રોલીના બ્લૂ રંગના હેન્ડલ પર હાથ રાખીને ઊભેલી રાધિકા વહેલી સવારની ચહલ-પહલને જોઈ રહી હતી.

"ઘેર જવું કે પહેલાં હોટેલમાં ચેક-ઇન કરવું?" એણે જાતને પૂછ્યું, "કોણ જાણે ઘરનાં બધાં કઈ રીતે વર્તે..." એની અંદર એક નાનકડો સવાલ ઊઠ્યો, પછી એને યાદ આવ્યું કે વીરેને એને કડક રીતે કહ્યું હતું, "આડીઅવળી ક્યાંય ગયા વિના ઘરે જજે..." અને પછી અવાજમાં વહાલ સાથે ઉમેર્યું હતું, "પ્લીઝ! આટલા દિવસે જાય છે, કોઈ નવો બખેડો ઊભો નહીં કરતી."

"દરેક વખતે હું પ્રોબ્લેમ ઊભા કરું છું?" એણે સામે પૂછ્યું હતું. વીરેને હસી પડતાં એને વહાલ કરી દીધું હતું.

રાધિકાએ જ્યારે જ્યારે સવાલો ઊભા કર્યા ત્યારે દરેક વખતે વીરેને એને એ તમામ સવાલોના જાળામાંથી હળવે હાથે બહાર કાઢી હતી. આજે, દસ વર્ષે મુંબઈ એરપોર્ટ ઉપર પોતાના જ શહેરમાં અજાણી બનીને ઊભેલી રાધિકાને અત્યારે, આ પળે સૌથી વધારે વીરેનની જરૂર લાગતી હતી.

એના બધા જ ઊંચા-નીચા, આડા-અવળા મૂડ્સના સ્વિંગ્સ વીરેને ખરેખર ખૂબ સમજદારીથી સાચવ્યા હતા એવું એને અહીં ઊભા રહીને સમજાતું હતું. વીરેને ક્યારેક પિતા તો ક્યારેક પતિ, ક્યારેક પ્રેમી તો ક્યારેક મિત્ર બનીને હંમેશાં એના મૂડને પારખીને એને જે જોઈતું હતું તે આપ્યું હતું...

"છતાં શું ખૂટ્યું મને?" રાધિકાએ જાતને સવાલ પૂછ્યો, "વીરેન સાથે કેમ ના રહી શકી હું?"

આમ, તો પિતાએ પણ એ બધું જ આપ્યું હતું... અને છતાં એ પિતાને પણ છોડી આવી હતી... કેમ?

રાધિકાએ આ શહેરમાં ઊતરતાંની સાથે જ જાણે પોતાની જાતને ઓળખવાનો પ્રયાસ શરૂ કરી દીધો, પણ વધુ વિચારે ચડી જાય એ પહેલાં એણે જાતને સંભાળી લીધી. ધીમે ધીમે ટ્રોલી ધકેલતાં આગળ વધવા માંડ્યું.

"મેડમ, ટૅક્સી... મેડમ, ઓટો..." રાધિકાની આજુબાજુ થોડા લોકો ઘેરાઈ વળ્યા, પણ એ ટ્રોલી ધકેલતી પ્રિ-પેઇડ ટૅક્સીના કાઉન્ટર સુધી આવી.

"બહુ વર્ષે જાય છે તું, કોઈ ચાન્સ નહીં લેતી. પ્રિ-પેઇડ ટૅક્સીમાં જજે."

એને જાણે ડગલે ને પગલે વીરેન યાદ આવી રહ્યો હતો. રાધિકાને હસવું આવી ગયું.

"જ્યારે એ સતત સાથે હતો ત્યારે મેં એની નોંધ લેવાની તસ્દી પણ ના લીધી અને હવે જ્યારે એ નથી ત્યારે પ્રત્યેક પળે વીરેન મારી સાથે છે... આ જ વાત બાપુ સાથે પણ બની..." એના ચહેરા પર સ્મિત હતું, "હું જ્યાં હોઉં છું ત્યાં કેમ નથી હોઈ શકતી? દરેક વખતે એ સ્થળ, કાળ, સમય અને વ્યક્તિ છૂટી ગયા પછી જ મને કેમ અહેસાસ થાય છે કે હું એ સ્થળ, કાળ, સમય અને વ્યક્તિ સાથે કેટલી જોડાયેલી અથવા કેટલી બંધાયેલી હતી..."

એ પ્રિ-પેઇડ ટૅક્સીના કાઉન્ટર પર ઊભી હતી કે એના ખભે એક હાથ મૂકાયો, એણે પાછળ જોયા વગર કહ્યું, "જીત..."

"તને કેવી રીતે ખબર કે હું છું?" સત્યજીતે રાધિકાના વાળ પકડીને એનો ચહેરો ઘુમાવ્યો.

"જેવી રીતે તને ખબર કે હું અહીં જ હોઈશ..." એણે સત્યજીતના બે કાન પકડીને ખેંચ્યા.

"મેં વીરેન સાથે વાત કરી સ્ટુપિડ."

"તું સ્ટુપિડ! વીરેનને ના પાડી હતી મેં..." "તો શું આટલા વર્ષે એકલી ઘરે આવત?"

"એકલી ગઈ હતી... તો પાછાં પણ એકલાં જ આવવું જોઈએ ને?" રાધિકાનો અવાજ ભારે થઈ ગયો. સત્યજીત એક પણ અક્ષર બોલ્યા વિના એને ખેંચીને ભેટી પડ્યો. રાધિકાને અચાનક જ જાણે શહેર સાવ પોતાનું, સાવ ઓળખીતું લાગવા માંડ્યું. રાધિકાની અંદર એક ઉછાળ આવી ગયો, આજે જે દિશામાં પાછી ફરી હતી એ દિશા છોડ્યાને એક આખો દાયકો વીતી ગયો હતો...

એક દાયકા પહેલાનું મુંબઈ, એક દાયકા પછી પણ, જાણે એ જ હતું – રાધિકા પણ મુંબઈમાં ઊતરીને ફરી એક વાર એ જ બની ગઈ હતી?

રાધિકા ટેક્સીની એ સફર દરમિયાન પ્રત્યેક પળે વીતી ગયેલા એ દાયકાને ટુકડે ટુકડે ભૂંસતી જતી હતી!

બારીની બહાર જોઈ રહેલી રાધિકાને સત્યજીતે જરાય ડિસ્ટર્બ ના કરી. બંને જણાં લગભગ ચૂપચાપ ટૅક્સીની એ સફર કરતાં રહ્યાં...

લજ્જા ડાઇનિંગ ટેબલ પર બ્રેકફાસ્ટની તૈયારી કરી રહી હતી. કફલિન્ક્સનાં બટન બંધ કરવાનો પ્રયાસ કરતો રાહુલ ડાઇનિંગ રૂમમાં દાખલ થયો. ડાબા હાથે જમણા હાથના કફલિન્ક સાથે સ્ટ્રગલ કરતા રાહુલને જોઈને લજ્જાથી હસી પડ્યા વિના ના રહેવાયું.

એણે રાહુલ સામે જોયું. "હું કરી આપું?"

"નો, થેન્ક્સ..." રાહુલની સ્ટ્રગલ જારી હતી, લજ્જાએ આગળ આવીને એનો હાથ પકડ્યો અને કફ સરખા કરી કફલિન્ક પરોવીને એનું સોલ્ડર આડું કરી નાખ્યું.

"થેન્ક્સ..." રાહુલે ટી-કોઝી ખોલીને કીટલીમાંથી ચા પોતાના કપમાં રેડી, "મિસ્ટર દીવાન નથી?"

"આવતા જ હશે." લજ્જાએ કહ્યું અને એમની વોકરની ઠક-ઠક સંભળાઈ. ડાઇનિંગ ટેબલ પર બ્રેકફાસ્ટ કરતી વખતે રાહુલ અને અર્જુનકુમાર એક જ વાર મળતા... એકબીજા સાથે જરાય વાત ના કરતા, એટલી હદ સુધી કે 'ગુડ મોર્નિંગ' જેવા ઔપચારિક શબ્દોની આપ-લે પણ એમની વચ્ચે નહોતી થતી... અને છતાં બેમાંથી જે વહેલું આવે તે બીજાની ગેરહાજરી વિશે અચૂક પૃચ્છા કરતું!

વોકર લઈને ધીમે ધીમે અર્જુનકુમાર ડાઇનિંગ રૂમમાં દાખલ થયા. એમણે રાહુલ સામે જોયું પણ રોજની જેમ જ બંનેએ એકબીજાની નોંધ ન લીધી...

અર્જુનકુમાર આવીને એમની ખુરશીમાં ગોઠવાયા, લજ્જાએ એમનો બ્રેકફાસ્ટ એમની ડીશમાં પીરસવા માંડ્યો...

"તમે ગઈ કાલે સાર્ત્રની 'વર્ડ્સ' લીધી છે?"

"ખબર છે ને તમને કે મેં લીધી છે તો શું કામ પૂછો છો?" રાહુલે એમની સામે જોયા વિના જ જવાબ આપ્યો.

"મને મારી ચોપડીઓ કોઈ લે એ ગમતું નથી." "એ મારી પહેલી શર્ત હતી."

"મેં હા નહોતી પાડી."

"મેં તમને પૂછ્યુંયે નહોતું, માત્ર કહ્યું હતું..." "પાછી ક્યારે આપવાના છો?"

"અંદર જેટલાં ચિત્રો છે એટલાં જોઈ લઈશ, પછી આપીશ."

"ચિત્રો?" અર્જુનકુમાર દીવાને નવાઈથી રાહુલ સામે જોયું,"અંદર વળી ચિત્રો ક્યાં છે?"

"રાઇટ" હવે રાહુલે એમની સામે જોયું, "એટલે મેં ચિત્રો જોવા નથી લીધી એટલું તો તમે સમજી ગયા ને?"

લજ્જાને ડર લાગ્યો કે પહેલાં અનેકવાર જેમ થઈ ચૂક્યું હતું એમ જ આજે ફરી અર્જુનકુમાર અને રાહુલની

વચ્ચે પુસ્તકની બાબતમાં દલીલબાજી શરૂ થઈ જશે.

“બાપુ... નાસ્તો કરી લો ને? પછી ફિઝિયોથેરાપિસ્ટ આવશે.” “ગઈ કાલે રાત્રે...” અર્જુનકુમાર હજી ત્યાં જ અટકેલા હતા.

રાહુલે એમની સામે જોયું, એના ચહેરા પર એક હલકું તોફાની સ્મિત હતું. “મને એક વાત કહો, આટલાં હજ્જારો પુસ્તકોની વચ્ચેથી એક પુસ્તક ઓછું થાય એની તમને ખબર કેવી રીતે પડી જાય છે?”

“કારણ કે એ મારી સંપત્તિ છે, મારી જિંદગી છે...” પછી, જરા જોરથી કહ્યું, “અભણ માણસો એને અડે એ મને ગમતું નથી.”

“બાપુ...” લજ્જાએ અર્જુનકુમારને સહેજ અટકાવ્યા.

“વાંચી લઈશ એટલે પાછી આપીશ... વેચી નહીં મારું પસ્તીમાં...”

એણે નીચે જોઈને મેથીનાં થેપલાં પર બટર ચોપડવા માંડી, “આમેય સાર્ત્ર મારા અને તમારા સિવાય કોઈ વાંચવાનું નથી...”

“એવું તને લાગે છે... આ લાઇબ્રેરી મારા કરતાં વધારે એની છે...” “એની?” રાહુલે ભવાં સંકોચ્યાં.

“હા, આ બધાં પુસ્તકો એનાં છે.”

“મને હતું જ...” રાહુલે લજ્જા સામે જોયું, “આટલાં બધાં પુસ્તકો તમારાં નહીં જ હોય...”

“વ્હોટ ડુ યુ મીન?” અર્જુનકુમારને ચીડ ચડી ગઈ.

“કમ ઓન મિ. દીવાન! આ પુસ્તકો તમારાં નથી તો પછી આટલા બધા પઝેસિવ કેમ છો?” રાહુલે જાણે એમને છેડવા માંડ્યા હતા...”તમે તો નથી વાંચ્યાં, કોઈ તો વાંચે!”

“તું તો...” અર્જુનકુમાર રાહુલ સામે જોઈ રહ્યા, “એક વાર એને આવવા દે! તને તો એ જ સમજાવશે.”

“એ? એ કોણ છે?”

“આ બધાં પુસ્તકો એણે ગોઠવ્યાં છે, એણે સાચવ્યાં છે... અને સૌથી વધારે, એણે વાંચ્યાં છે.આજે પણ કયું પુસ્તક ક્યાં મૂક્યું છે એની એને ખબર હશે.” અર્જુનકુમારના અવાજમાં અચાનક જ ભાર વધી ગયો, “આટલાં વર્ષે પણ.”

“એને એટલે કોને?”

“રાધિકાને...” અર્જુનકુમાર દીવાનના અવાજમાં અજબ જેવો આત્મવિશ્વાસ અને ગર્વ હતો, “એક વાર આવશે

ને પછી હિંમત હોય તો લાઇબ્રેરીમાંથી પુસ્તક લઈ જોજે..." અર્જુનકુમાર પોતાના બ્રેકફાસ્ટમાં પરોવાઈ ગયા અને રાહુલ ઠંડી પડી ગયેલી ચાનો કપ એકીશ્વાસે મોઢે માંડીને ઊભો થઈ ગયો.

"હું પુસ્તક લઈશ... જેનાથી જે થાય તે કરી લે! આ ઘરના ભાડાની સાથે સાથે હું લાઇબ્રેરીની ફીસ પણ ચૂકવું છું."

"હવે તો ઘર જ ખાલી કરવું પડશે..." અર્જુનકુમારને રાહુલ સાથે જીભાજોડી કરવામાં કંઈ અજબ જેવી મજા આવતી હતી. સામાન્ય રીતે તદ્દન ઓછું બોલતા અર્જુનકુમાર રાહુલની કોઈ પણ વાતનો જવાબ ન આપે એ અશક્ય હતું. રાહુલ પણ ભાગ્યે જ બોલતો. પણ, અર્જુનકુમારની દરેક વાત એને માટે દલીલ કરવાનું એક કારણ હતું.

લજ્જા બંનેની તરફ જોઈ રહી. "તમે ઓળખતા નથી દી'ને..."

"સારું જ છે નથી ઓળખતો!" લજ્જા જોઈ શકતી હતી કે રાધિકાના આવવાના સમાચાર વાંચવાથી અર્જુનકુમારના મૂડમાં ફરક પડી ગયો હતો..."એક વાર એને ઓળખીશ પછી આટલી દલીલો કરવાની હિંમત નહીં રહે તારી."

રાહુલે અર્જુનકુમારની સામે જોયું, "ઓળખી લઈશ... એને પણ ઓળખી લઈશ..." લજ્જાની સામે જોઈ, "થેન્કસ" કહીને બહાર નીકળી ગયો.

હવેલીની બહાર નીકળીને પોતાની લેન્સર ગાડીમાં બેસતા રાહુલને લાઇબ્રેરીનાં પુસ્તકોની વચ્ચે મુકાયેલી કેટલીક ડાયરીઓમાંના હસ્તાક્ષરો યાદ આવી ગયા...

તારી ભીતરના શાંત, ચંદનવનોમાં તણખો બનીને હવે હું પડીશ તડકો, પવન, ઇચ્છા, સમય બનીને રોજેરોજ તને અડીશ ઊભી રહીશ તલવાર થઈ, બે પાંપણોની મધ્યમાં તારી જ પથારીના સળમાં, ઉજાગરો બનીને તને મળીશ.

એ ડાયરીઓએ, એમાંના લખાણે, એમાંની કવિતાઓએ, રાહુલને કેટલીયે રાતો જગાડ્યો હતો. એ હસ્તાક્ષરોની હસ્તીને જોવાની, મળવાની ઝંખના રાહુલની અંદર કેટલીયે વાર જાગી હતી...

પહેલી વાર આ ઘર જોવા આવ્યો ત્યારે લાઇબ્રેરીમાં એણે એક પુસ્તક ખેંચીને કુતૂહલ ખાતર ઉથલાવ્યું હતું, એમાંના અક્ષરોએ જ એને અહીં રહેવા માટે બાંધી લીધો હતો...

કદાચ એટલે જ રાહુલે શર્ત કરી હતી, લાઇબ્રેરીમાં દાખલ થવાની છૂટ –પુસ્તકો વાંચવાની રજા...

રાહુલને એ હસ્તાક્ષરોનું, એ શબ્દોનું અને શબ્દો સાથે જોડાયેલા એક વ્યક્તિત્વનું વળગણ થઈ ગયું હતું!

અહીં, આ ઘરમાં રાધિકા વસતી નહોતી, બાકી આ ઘરના કણેકણમાં રાધિકા અનુભવી શકાતી હતી, રાહુલે જેને ક્યારેય નહોતી જોઈ એવી એક છોકરી વિશે બધું જ... બધું જ જાણી લેવાની ઝંખના રાહુલની અંદર

બળવત્તર થઈ ગઈ હતી.

એ લાઇબ્રેરીમાંથી જ્યારે જ્યારે પુસ્તક ઉઠાવતો ત્યારે એ પુસ્તક વાંચવા કરતાં, એમાં રહેલા રાધિકાના હસ્તાક્ષરોની નોટ્સ વાંચવામાં એને વધારે રસ પડતો.

અર્જુનકુમાર દીવાનની લાઇબ્રેરીના લગભગ દરેક પુસ્તકમાં રાધિકાના હસ્તાક્ષરોની નોટ્સના કાગળો રહેતા. અમુક અમુક પાનાંઓ ઉપર પેન્સિલથી સ્ટ્રાઇકમાર્ક કરીને એની નોટ્સ બનાવીને એ જ પાનાં પર મૂકેલા કાગળો વાંચવામાં રાહુલ એવો તો ડૂબી જતો કે એને ઘણી વાર સવાર પડ્યાની પણ ખબર નહોતી રહેતી!

રાહુલે ક્યારેય નહોતું વિચાર્યું કે પોતે આટલું બધું વાંચતો થઈ જશે, ફ્રાન્ઝ, કાફકા, લુઇ જી પિરાન્દિલો, બ્રેખ્ત, ઇબ્સન, રવીન્દ્રનાથ ટાગોર, શેક્સપિયર, દોસ્તોવસ્કી, બર્નાર્ડ શો અને ગ્રીસના મોટા મોટા નાટ્યકારોનાં નાટકો, એમનાં વિવેચનો... બાયરન, શેલી, કીટ્સ, મિલ્ટન, રિલ્કે જેવા કવિઓ... ઉર્દૂના ગાલીબથી શરૂ કરીને મઝાઝ, દાગ, અહેમદ ફરાઝ, કૈફી આઝમી જેવા કંઈ કેટલાય ઉર્દૂ શાયરો... ગુજરાતીના કનૈયાલાલ મુન્શીથી શરૂ કરીને અશ્વિની ભટ્ટ સુધીના નવલકથાકારો... ઉમાશંકર જોશીથી શરૂ કરીને રાવજી પટેલ સુધીના કવિઓ.. સુરેશ જોશી અને વાડીલાલ ડગલી, સ્વામી આનંદ, ભોળાભાઈ પટેલ જેવા શ્રેષ્ઠ નિબંધકારો...

આ લાઇબ્રેરીમાં જેટલી વાર દાખલ થતો એટલી વાર રાહુલ ખોવાઈ જતો, જાણે પુસ્તકોના નગરમાં ભૂલો પડી જતો, શબ્દોનાં ઊંચાં ઊંચાં મકાનો, અક્ષરોની ગલીઓ અને ક્યાંયથી ક્યાંય ન પહોંચતી એક સતત ચાલતી રહેતી સડક ઉપર રાહુલ આખી રાત ચાલ્યા કરતો... એની સાથે ચાલતો એક અજાણ્યો ચહેરો!

અજાણ્યો એટલે સાવ અજાણ્યો નહીં! એણે એ ચહેરાને ઘરમાં લટકતી તસવીરોમાં ખડખડાટ હસતો જોયો હતો. પુસ્તકોમાંથી ઊપસી આવતા અક્ષરોમાંથી આડીઅવળી રેખાઓ ખેંચાતી અને એક ચહેરો બનતો...

જેને રાહુલ બરાબર ઓળખવા લાગ્યો હતો.

એટલી હદ સુધી કે ક્યારેક રાહુલ એ અજાણ્યા ચહેરા સાથે વાતો કરતો, એને સવાલો પૂછતો... ને નવાઈની વાત એ હતી કે એ પછીના બે-ચાર જ દિવસોમાં ક્યાંક ને ક્યાંક રાહુલને પોતે ઉઠાવેલા પુસ્તકમાં મુકાયેલા કાગળોની નોટ્સમાં એનો જવાબ મળી રહેતો!

એ ચહેરો રાહુલની કલ્પનામાં અવારનવાર આવતો... ક્યારેક ધૂંધળો, ક્યારેક આછો તો ક્યારેક સ્પષ્ટ...

ઓળેલા વાળ, આંખોમાં આંજણની પરત, ઝીણો ચાંદલો, સહેજ શ્યામ પણ ચળકતી ત્વચા, નમણું નાક, મોટી કાળી આંખોમાં તપતા સૂરજનું તેજ રાહુલને ક્યારેક આંજી નાંખતું! એ કાળી તેજસ્વી આંખો ઉપર લાંબી લાંબી પાંપણોનોછાંયો એટલો તો મોહક લાગતો હતો કે એછોકરીને વગર જાણ્યે, વગર ઓળખ્યે રાહુલ એની આંખના અતલ ઊંડાણમાં ક્યારેક ડૂબકી મારી આવતો!

અમેરિકામાં ભણેલા અને ઊછરેલા રાહુલે છોકરીઓ નહોતી જોઈ એવું તો નહોતું જ. પોતે પણ ખાસ્સો દેખાવડો હતો. આટલું બધું ભણેલો અને નાની ઉંમરમાં આટલી ઝડપથી પ્રગતિ કરીને એ જ્યાં પહોંચ્યો હતો એ આખી સફરમાં એને અનેક સ્ત્રીઓ મળી હતી... રાહુલે ક્યારેક ઘડીભર માટે અટકીને નાનોમોટો સમય

ગાળ્યો હશે આવી છોકરીઓ માટે. પણ, આમાંની એકેય છોકરી કે સ્ત્રી રાહુલને પોતાનામાં બાંધી શકી કે રોકી શકી નહોતી...

આ એક છોકરી, નામે રાધિકા... રાહુલને પોતાનામાં એવો તો બાંધી ગઈ હતી કે રાહુલ એના અક્ષરોને મળ્યા વિના, એની તસવીર જોયા વિના એક દિવસ પણ ગાળી શકતો નહીં!

રાહુલને પોતાને પણ આ આખીયે મનોદશાની અને પરિસ્થિતિની નવાઈ લાગતી.

રાહુલ પોતાની જાતને બહુ પ્રેક્ટિકલ સમજતો, જ્યાં સુધી એણે આ ઘરમાં રહેવાનું શરૂ નહોતું કર્યું ત્યાં સુધી!

પહેલી વાર રાધિકાના અક્ષર વાંચીને માત્ર કુતૂહલ જાગેલું, આ લખનાર વિશે થોડું વધુ જાણવાનું કુતૂહલ, બસ એટલું જ એથી એ ઘરમાં રહેવાની સાથે સાથે લાઇબ્રેરી વાપરવાની પરવાનગી માંગી લીધી હતી.

ત્યારે એને કલ્પના નહોતી કે એણે પોતાની બેચેની પણ એની સાથે જ માગી હતી.

રાહુલનાં માતા-પિતા વારંવાર આગ્રહ કરતાં કે રાહુલે લગ્ન કરી લેવાં જોઈએ. મુંબઈ શહેરમાં એકલો વસતો રાહુલ ખાસ કરીને એની મમ્મી માટે ચિંતાનું કારણ હતો...

રાહુલનું આખું કુટુંબ અમેરિકામાં વસતું હતું, રાહુલ પોતાની ધૂનમાં પોતાની જીદ ઉપર ભારત આવ્યો હતો. ઘરના સૌએ એને ઘણું સમજાવ્યું હતું, “લોકો હિન્દુસ્તાનથી અમેરિકા આવવા જાતજાતના પ્રયત્નો કરે છે... તારી પાસે ય.એસ.નું નાગરિકત્વ છે... સરસ મજાની નોકરી છે... આવું સરસ ઘર છે... આ લાઇફસ્ટાઇલ છોડીને ત્યાં ધૂળ, ધુમાડા ને તડકામાં શું કામ જવું છે તારે ?”

“ખબર નથી” ત્યારે રાહુલે કહેલું, “પણ મારે થોડાં વરસ એ દેશમાં કામ કરવું છે.”

રાહુલને અર્જુનકુમાર દીવાનના આ ઘરમાં રહેતાં રહેતાં પહેલી વાર સમજાયું હતું કે એને ભારત આવવાનું આટલું તીવ્ર ખેંચાણ કઈ બાબતે હતું...

ઋણાનુબંધ, જ્યોતિષ, પૂર્વજન્મ, આંકડાશાસ્ત્ર, ફેંગશૂઇ જેવી કોઈ વાતમાં વિશ્વાસ નહીં કરતો રાહુલ અચાનક જ માનવા માંડ્યો હતો કે આ દેશ, આ શહેર એને બોલાવી લાવ્યું હતું.

રાહુલ નામના માણસને અમેરિકાથી ભારત બોલાવવા પાછળનું એકમાત્ર કારણ એ હતું કે એણે આ રાધિકા નામની છોકરીને મળવાનું હતું!

7

રાત્રે જ્યારે રાહુલ ઑફિસથી પાછો આવ્યો ત્યારે લાઇબ્રેરીની લાઇટ ચાલુ હતી, એણે ઘડિયાળ જોઈ... સાડા બાર!

રાહુલને ખરેખર નવાઈ લાગી, આ સમયે આ ઘરમાં સ્મશાનવત્ શાંતિ રહેતી અને લાઇબ્રેરીની લાઇટ તો રાહુલ સિવાય કોઈ કરતું નહીં, "કોણ હશે?" એને વિચાર આવ્યો... લજ્જા કે મલય પરીક્ષાના દિવસોમાં પોતાના રૂમમાં બેસવાનું પસંદ કરતાં પણ લાઇબ્રેરીમાં તો નહીં જ!

"તમે?" રાહુલે લાઇબ્રેરીમાં દાખલ થતાંની સાથે મોટી આર્મચેર ઉપર અર્જુનકુમાર દીવાનને બેઠેલા જોયા, એમનો રૅબ, એમનો રૂબાબ રોજ કરતાં કંઈ જુદો જ હતો..."હા. હું જ!"

"તમે લાઇબ્રેરીમાં શું કરો છો?" રાહુલે પૂછ્યું. "કેમ? મારી લાઇબ્રેરી છે."

"ઘડીકમાં કહો છો એની છે, ઘડીકમાં કહો છો મારી છે..." આખા દિવસના થાક પછી પણ રાહુલને અર્જુનકુમાર સાથે જીભાજોડી કરવાની મજા આવી, એના ચહેરા પર તોફાની સ્મિત આવી ગયું.

"જેની હોય એની, તારી નથી... આજ પછી આ લાઇબ્રેરીમાં તારે આવવાનું પણ નથી... ઘર ખાલી કરવાની તૈયારી કર, ઘર ખાલી કરવાની..."

"અચ્છા!" રાહુલ લાઇબ્રેરીના રેક્સમાંથી એક એક પુસ્તક ઉઠાવીને જોવા લાગ્યો, "અને, બે વર્ષનું એડ્વાન્સ ભાડું લીધું છે એનું શું?"

"એ તો..." અર્જુનકુમારને અચાનક ખ્યાલ આવ્યો... , હજી તો રાહુલને આવ્યે છ જ મહિના થયા હતા, એની પાસેથી બે વર્ષનું એડ્વાન્સ ભાડું લેવાઈ ચૂક્યું હતું!

રાહુલ એમની સામે જોઈ હસવા લાગ્યો, "હું તો અહીં જ રહેવાનો!"

પછી એમને ચીડવતો હોય એમ કહ્યું, "તમારી દીકરી હોય કે ગમે તે હોય... મને અહીંથી નહીં કાઢી શકે..."

પછી એક પુસ્તક હાથમાં લઈને અર્જુનકુમાર દીવાન સામે ફરી એક તોફાની સ્મિત કર્યું, "ગુડનાઇટ ઓલ્ડ મેન!" રાહુલ બહાર નીકળી ગયો.

"ઓલ્ડ મેન તું ને તારો બાપ..." અર્જુનકુમારે આખી હવેલીમાં ગૂંજે એ અવાજે રાડ પાડી, પલંગમાં સૂતેલી સુમિત્રાએ પડખું બદલતાં કંટાળો વ્યક્ત કર્યો, "હે ભગવાન! આ માણસ કોણ જાણે ક્યારે સુધરશે?"

સવારે જ્યારે બ્રેકફાસ્ટ ટેબલ ઉપર અર્જુનકુમાર દીવાને રાહુલને કહ્યું કે, "એક વાર આવશે ને પછી હિંમત હોય તો લાઇબ્રેરીમાંથી પુસ્તક લઈ જોજે..."

રાહુલને ત્યારે જ ઊછળી પડવાનું, ચીસ પાડીને પૂછવાનું મન થયું હતું, “એ આવે છે?” એણે માંડ પોતાની જાત પર કાબૂ રાખ્યો હતો.

જ્યારે લજ્જાએ કહ્યું કે, “તમે ઓળખતા નથી દી’ને?”

ત્યારે રાહુલને કહેવું હતું, “તારી દી’ને મારાથી વધારે કોઈ નહીં ઓળખતું હોય ...” પણ એણે એ વખતે સાદોસીધો જવાબ આપ્યો હતો, “ઓળખી લઈશ... એને પણ ઓળખી લઈશ...”

પણ, રાહુલનું મન આજે જાણે અચાનક જ છલોછલ ભરાઈ ગયું હતું.

‘રાધિકા આવે છે ’ એટલા સમાચાર સાંભળીને જ રાહુલને જાણે પોતાનું અહીંયાં રહેલું સાર્થક લાગ્યું હતું.

બ્રેકફાસ્ટ પતાવીને, હવેલીની બહાર નીકળીને પોતાની લેન્સર ગાડીમાં બેસતા રાહુલની નજર સામે એ ચહેરો, એ અક્ષરો અને એ અક્ષરોમાં લખાયેલી તલવારની તેજ ધાર જેવી કુશાગ્ર બુદ્ધિની નોટ્સ તરવરી રહી...

રાહુલ ગાડીમાં બેઠો, ગાડી રિવર્સ કરી, બરાબર એ જ વખતે હવેલીના ગેટની સામે એક ટૅક્સી આવીને ઊભી રહી.

ટૅક્સી આવીને અર્જુનકુમાર દીવાનના હવેલીનુમા ઘરની બહાર ઊભી રહી, રાહુલને થયું કે પોતે અટકે, જે ચહેરાને આજ સુધી માત્ર તસવીરોમાં જોયો છે એને એક ક્ષણ માટે જોઈ લે...

પણ, પછી એને લાગ્યું કે ક્યાંક એ ચહેરાને જોઈને એની અંદર રહીસહી સ્વસ્થતા પણ ક્યાંક ગાયબ ના થઈ જાય! એટલે, ધડકતા હૃદયે એણે ટૅક્સીના ટીન્ટેડ ગ્લાસ તરફ સહેજ નજર નાંખીને કમને ગાડી થાણા તરફ મારી મૂકી.

રાહુલની ગાડીએ ઉડાડેલી ધૂળ શમી કે રાધિકાએ પોતાની તરફના દરવાજાનો ટીન્ટેડ ગ્લાસ નીચે ઉતાર્યો અને ઝળઝળિયાં ભરેલી આંખે હવેલીના એ ડહેલી જેવા દરવાજા તરફ જોઈ રહી.

લાકડાંનો મોટો અર્ધગોળાકાર દરવાજો આજે બંધ હતો!

હંમેશા ઉઘાડો રહેતો એ ઘરનો મોટો ડહેલી જેવો દરવાજો બંધ જોઈને રાધિકાને નવાઈ લાગી.

“આ દરવાજો...” રાધિકાએ સત્યજીત સામે જોયું, “આ દરવાજો બંધ કેમ છે?”

“છેલ્લા ઘણા સમયથી આ દરવાજો બંધ જ રહે છે રાધિકા... આ ઘરમાં બહારથી કોઈ આવતું નથી અને અંદરથી કોઈ બહાર જતું નથી.” સત્યજીતનો અવાજ વેદનાથી છલકાઈ ગયો, “આ ઘર તારા ગયા પછી આટલાં બધાં માણસો વસતાં હોવા છતાં જાણે ખાલી ભેંકાર થઈ ગયું છે રાધિકા...”

“હજી ઘરમાં દાખલ નથી થઈ અને તેં આ બધું શરૂ કરી દીધું?” રાધિકાથી સત્યજીતની વાત સાંભળી શકાઈ

નહોતી. એના અવાજમાં રહેલી વેદના જાણે રાધિકાને દઝાડી ગઈ. ઘરનો બંધ ગેટ જોઈને રાધિકાને એટલો તો અપરાધભાવ થઈ આવ્યો કે એને ત્યાંથી જ પાછા ભાગી જવાની ઇચ્છા થઈ ગઈ.

"ઘણું બધું થશે રાધિકા..." એને વીરેનના શબ્દો યાદ આવી ગયા, "ત્યાં દાખલ નહીં થવાની ઇચ્છાથી શરૂ કરીને ભાગી છૂટવા સુધીનું બધું જ થશે..." વીરેને એને વહાલથી પસવારતાં કહ્યું હતું , "આ વખતે તારા સ્વભાવથી થોડું અલગ, થોડું સમજીને વર્તજે રાધિકા..."

વીરેને જે કહ્યું હતું એ કેટલું સમજીને, પોતાને કેટલું ઓળખીને કહ્યું હતું! દરેક નહીં ગમતી, દુ:ખી કરતી, ડરાવતી કે પીડા આપતી પરિસ્થિતિથી ભાગી છૂટવાની પોતાની આદત વિશે વીરેન કેટલો સ્પષ્ટ હતો!

રાધિકા વિચારી રહી હતી. ગેટની સામે ઊભી રહીને બંધ ગેટને જોતાં રાધિકાને વિચાર આવ્યો, "આ ઘરની અંદર વસતા લોકોનાં દિલો પણ આ કમાડની જેમ વસાઈ ગયાં હશે? હું ખોલી શકીશ એ વસાઈ ગયેલા દરવાજાઓને?"

"શું વિચારે છે?" ટેક્સીના પૈસા ચૂકવીને રાધિકાની બેગ ઉતારી નીચે મૂકતાં સત્યજીતે પૂછ્યું, "આ ઘરમાં બધાં જ તારી રાહ જુએ છે." સત્યજીતે એનો હાથ પકડ્યો, "ચાલ... વેલકમ હોમ!"

"કોણ જાણે શું થશે આ ઘરમાં? કોણ મારી સાથે કઈ રીતે વર્તશે? " રાધિકાનું હૃદય રહી રહીને ધડકવા લાગ્યું. "જીત, આમ એકદમ હું ઘરમાં જઈશ તો..."

"તો?" સત્યજીતે એનો હાથ સહેજ દબાવ્યો, "કોઈ એક દિવસ તો આ ગેટ ખોલીને એમાં દાખલ થવાનું જ છે રાધિકા..તો આજે જ શા માટે નહીં?"

"જીત, મેં જતી વખતે પણ વિચાર ન કર્યો અને આવતી વખતે પણ..." રાધિકાએ છલછલાઈ આવેલી આંખોથી સત્યજીત સામે જોયું, "હું કેમ આવી છું? ક્યારેય કશું કરતાં પહેલાં નથી વિચારતી, ઝડપથી નિર્ણયો લેવા, તરત જ એનો અમલ કરી નાંખવો, શું થશે, શું થઈ શકે એનો વિચાર કર્યા વિના જ પરિસ્થિતિને સામેથી જઈને ટકરાઈ પડવું... પછી કાંટા, ઉઝરડા, કડવાશ, વેદના લઈને વરસો સુધી કણસ્યા કરવું... કેમ... કેમ આવી છું? બધું જ સમજી શકું છું પણ બદલાઈ નથી શકતી..."

"આ બધી વાત આપણે અહીં જ ઊભા રહીને કરવી છે?" સત્યજીતે રાધિકા સામે જોઈને વહાલસોયું સ્મિત કર્યું, એની બંને ટ્રોલી બેગ્સ બે હાથે ઘસડીને ડોકાબારી સુધી લઈ આવ્યો. પછી, ગેટની ડોકાબારી ઉઘાડી એ હજી તો અંદર દાખલ થાય એ પહેલાં એણે લજ્જાની બૂમ સાંભળી...

"દી'!... દી' આવી ગઈ..." લજ્જા દોડતી સામે આવી.

પોતે ગઈ ત્યારે માંડ કિશોરી દેખાતી લજ્જા પૂરેપૂરી યુવતી દેખાતી હતી. એના સલવાર કમીઝનો રંગ વારંવાર ધોવાને કારણે ઝાંખો પડી ગયો હતો, ઉંમરની સુંદરતા અને તેજ એની ત્વચા પરથી ગાયબ હતાં, આંખ નીચે આછાં કાળાં કુંડાળાં જોઈ શકાતાં હતાં.

રાધિકાને માથું નમાવીને ડોકાબારીમાંથી દાખલ થતી જોઈ લજ્જાની આંખો ભીની થઈ ગઈ. લજ્જાથી 6-8 વર્ષ મોટી હોવા છતાં રાધિકા એનાથી નાની દેખાતી હતી! એની ત્વચા ઝગારા મારતી હતી, આટલો લાંબો પ્રવાસ કરીને આવી હોવા છતાં એના ચહેરા પર એક તાજગી હતી. કોઈ પણ... કોઈ પણ એને એક વાર જુએ તો નજર ખસેડી શકે નહીં એવું વશીકરણ કરી નાંખનારું

રૂપ લજ્જાને એક ક્ષણ માટે ઝાંખી પાડી ગયું. એ ઝડપથી દોડીને આવી હતી એટલી ઝડપથી રાધિકાની નજીક જઈ શકી નહીં. ત્રણ-ચાર ફૂટ દૂર સહેજ અચકાઇને, સહેજ ઝંખવાઈને ઊભી રહી ગઈ.

રાધિકાએ એની આંખોમાં જોયું... એક સ્મિત કર્યું, બંને હાથ પહોળા કર્યા, લજ્જા દોડીને રાધિકાના બાહુપાશમાં સમાઈ ગઈ.

રસોડાની બહારના ઓટલા પર ઊભેલી સુમિત્રાએ આ જોયું, બાજુમાં ઊભેલા સત્યજીત સાથે આટલે દૂરથી પણ એની નજર મળી...

બંને જણાની વચ્ચે વગર બોલ્યે ઘણું કહેવાઈ ગયું. સત્યજીતે એક સધિયારો આપતું સ્મિત કર્યું. સુમિત્રાએ આંખના ખૂણા લૂછીને રસોડાની પરસાળના ઓટલા પરથી નીચે ઊતરવા માંડ્યું.

“રમણકાકા...” રાધિકાએ લજ્જાને સહેજ અળગી કરીને બૂમ પાડી. રસોડામાંથી આરતીની થાળી તૈયાર કરીને એક ખભેથી સહેજ ઝૂકેલા, માથેથી વાળ સાવ ઊડી ગયા હોય એવા, કૃશકાય અને વહાલસોયા ચહેરાવાળા માણસે ઓટલા પર આવીને સામી બૂમ પાડી, “મારી દીકરી...” પણ એ આગળ બોલી શક્યા નહીં, એમનું ગળું રૂંધાઈ ગયું અને આંખોમાંથી ઝરઝર આંસુ સરવા લાગ્યાં.

રાધિકા લજ્જાને ખસેડીને દોડી... રીતસર દોડી, રસોડાની પરસાળનો ઓટલો ઊતરીને ઊભેલી સુમિત્રાને ‘જોઈ ન જોઈ’ કરીને ચાર પગથિયાં બે કૂદકામાં ચડી ગઈ...

પોતાની બાજુમાંથી એક અક્ષર પણ બોલ્યા વિના, પોતાની હાજરીની નોંધ પણ લીધા વિના પસાર થઈ ગયેલી રાધિકાના વર્તનને કારણે જાણે વીતી ગયેલાં 10 વર્ષ પછી પણ સુમિત્રાને એક ઝટકામાં ફરી પાછી, ત્યાં જ લાવીને ઊભી કરી દીધી.

રાધિકા દોડીને રમણકાકાને ભેટી પડી. ખભેથી ઝૂકેલા, થાકેલા, ચહેરા પર કરચલીઓવાળા, માથા પર ટાલવાળા રમણકાકા રાધિકા માટે અચાનક જ જાણે એક ઝટકામાં એને દાયકો આગળ ઘસડી લાવ્યા.

અત્યાર સુધી જાતને સંભાળતી રહેલી રાધિકા રમણકાકાના ગળામાં હાથ નાખીને, એમના ખભે માથું મૂકીને છૂટા મોંએ રડી પડી. એની પીઠ પર હાથ

ફેરવતા રમણકાકા સારી એવી ક્ષણો સુધી પોતે પણ રડતા રહ્યા...

“મારી દીકરી... મારી ઢીંગલી... મારી સોનપરી... મારી રાજકુમારી...” કહેતાં રમણકાકાનો સ્પર્શ રાધિકાને ધીમે ધીમે એ બધાં જ વર્ષોનો જામી ગયેલો બરફ ઓગાળવા માટે હૂંફ આપતો રહ્યો...

રાધિકાએ રમણકાકાથી છૂટા પડીને આંખો લૂછી, ચોકની આખી પરસાળ તરફ નજર દોડાવી.

ઘણું બદલાઈ ગયું હતું. ભીંતોના પોપડા ઊખડી ગયા હતા, મારબલના થાંભલાની ચમક એવી જ હતી, પણ વચ્ચે વચ્ચે તિરાડો પડી હતી... ચોક જાણે પ્રાણ વગરનો લાગતો હતો. પરસાળનાં પગથિયાં ક્યાંક ક્યાંક તૂટી ગયાં હતાં. ઉપર, મેઝેનીન ફ્લોર પર, જ્યાં હંમેશાં ફૂલ-વેલનાં કુંડાં લટકતાં ત્યાં હવે કશું જ નહોતું. વળીઓ ચડાવેલા વાંસનાં છાપરાં વચ્ચે વચ્ચેથી તૂટી ગયાં હતાં. ક્યાંક ક્યાંક નળિયાં પણ નહોતાં... મેઝેનીન ફ્લોરનો એ ઝગમગાટ, એ ગ્લેમર જાણે સાવ શૂન્ય થઈ ગયાં હતાં. રાધિકાએ બીજી તરફ જોયું. એની આંખો ભરાઈ આવી.

એને ત્યાં ઓસરીમાં ઊભી રહીને હાથ લંબાવતી, એક નાનકડી છોકરી દેખાઈ, એ છોકરી બે ચોટલા વાળીને – રિબિનનાં ફૂલ બાંધીને એની તરફ જોઈ રહી હતી. એને કહી રહી હતી, “આવી ગઈ ને? તારે પાછાં આવવાનું જ હતું રાધિકા, આ ઘરમાં, આ પરસાળમાં, આ ઓરડામાં...”

રાધિકાની આંખો ફરી છલકાઈ પડી. એણે સત્યજીત સામે જોયું. સત્યજીત એની આંખોનો સવાલ સમજી ગયો. એણે નજરથી જ રાધિકાને નીચેના ગેસ્ટરૂમ તરફ ઇશારો કર્યો.

રાધિકા દોડતી, પરસાળ વીંધતી, વીઆઇપી ગેસ્ટરૂમ તરફ દોડી...

પગથિયાં ઊતરીને નીચે ઊભેલી સુમિત્રાએ ફરી એક વાર મનોમન નોંધ લીધી, “મારી તરફ જોયું પણ નહીં, અક્ષરેય બોલી નહીં...”

રાધિકાના ગયા પછી એમણે સત્યજીત સામે જોયું. રમણકાકા, લજ્જા અને સત્યજીત ત્રણેય સુમિત્રાના મનોભાવ સમજી શક્યા હતા, “એ છોકરીએ મને ‘કેમ છો યે’ પૂછ્યું નહીં.” સુમિત્રાએ કહ્યું. એનું ગળું ભરાઈ આવ્યું.

“એનું ધ્યાન જ નહીં પડ્યું હોય.”

“હું પણ એ જ કહું છું.” સુમિત્રાના ચહેરા પર એક કડવું સ્મિત આવી ગયું, “મારી તરફ એનું ધ્યાન જ ના પડ્યું.”

“એ બદલાઈ છે!” સત્યજીતે આગળ વધીને સુમિત્રાના ખભે હાથ મૂક્યો. સુમિત્રાએ વીંધી નાખતી નજરે સત્યજીતની સામે જોયું, “તમને થોડા જ દિવસમાં

મારી વાત સાચી લાગશે. હું એનો બચાવ નથી કરતો...”

અહીં આ વાતચીત પૂરી થાય એ પહેલાં તો રાધિકા એક જમાનામાં વીઆઈપી ગેસ્ટરૂમ તરીકે વપરાતા એ ઓરડાના દરવાજા સુધી પહોંચી ગઈ હતી... અહીં સુધી આવીને જાણે એના પગ ભારે થઈ ગયા. વીતેલા બધા જ પ્રસંગોનું વજન જાણે ફરી એક વાર ખભે લદાઈ ગયું, રાધિકા ઓરડાના દરવાજે આવીને ઊભી રહી.

વીઆઇપી ગેસ્ટરૂમ તરીકે વપરાતા આ જ ઓરડામાં ક્યારેક વીરેન રોકાયો હતો... આ જ ઓરડામાં એણે પહેલી વાર રાધિકાને ચુંબન કર્યું હતું... રાધિકાએ પહેલી વાર એક પુરુષનો સ્પર્શ આ જ ઓરડામાં અનુભવ્યો હતો!

રાધિકા બારસાખની વચ્ચે ઊભી રહી ગઈ.

ખુરશીમાં બેઠેલા, નંખાઈ ગયેલા, નિસ્તેજ, વજન ગુમાવી ચૂકેલા અને નબળા દેખાતા પિતાને એ જોઈ રહી! સમય કદાચ એક દસકા જેટલો જ વીત્યો હતો, પણ અર્જુનકુમારની ઉંમર કંઈ કેટલીયે સદીઓ આગળ વધી ગઈ હોય એવું રાધિકાને લાગ્યું. એની છાતીમાં ક્યાંક ચિરાડો પડી ગયો.

આ એ જ પિતા હતા, જેની ગ્લેમર, જેનો અભિનય, જેના એક સ્મિત પર જગત કુરબાન હતું, આ એ જ પિતા હતા, જે ખુરશીમાંથી ઊભા થઈને પોતાને ભેટવા માટે પણ વોકર પર આધારિત હતા...

આ બધાની જવાબદાર એ પોતે હતી એ વિચારે રાધિકાનું મન અપરાધભાવથી છલકાઈ ગયું. એ આગળ વધી અને ઘૂંટણિયે બેસીને પિતાના પગ ઉપર હાથ મૂકી દીધા. અર્જુનકુમાર રાધિકાને જોઈને તદ્દન લાગણીવશ થઈ ગયા.

સત્તર-અઢાર વર્ષની, ડાઇનિંગ રૂમમાં ઢીટ થઈને ઊભેલી, જડબાં ભીંસીને એમની સામે ભીની પણ ધારદાર આંખે જોઈ રહેલી છોકરી એ આ જ રાધિકા હતી! આજે એમની સામે અપરાધીની જેમ ઊભેલી – એમના આવકારની રાહ જોઈ રહેલી આંખોમાં તોળાતાં આંસુ સાથે એમની સાથે નજર મેળવતાં ડરતી છોકરી પણ રાધિકા જ હતી? અર્જુનકુમાર ભીની આંખે યુવતીમાંથી સ્ત્રી બનેલી ગયેલી એમની દીકરીને જોઈ રહ્યા હતા.

એ વધુ સુંદર થઈ હતી. એની આંખોનું ભોળપણ કદાચ નહોતું સચવાયું, પણ બુદ્ધિની એક ધારદાર ચમક ઉમેરાઈ હતી. એની ત્વચા પરદેશ રહેવાને કારણે વધુ સ્વચ્છ, વધુ ઉજ્જ્વળ દેખાતી હતી. સાદગી હજુ એ જ હતી. નમણાશ અને એ નીતર્યું રૂપ હજી એટલું જ સ્ફટિક જેવું સ્વચ્છ અને તલવાર જેવું તેજ હતું!

“રાધે...” એ માંડ બોલી શક્યા. એમનું ગળું ભરાઈ આવ્યું. આંખ પરથી આંસુ વહેવા લાગ્યાં. બંને હાથને ઊંચકીને રાધિકાના ચહેરા સુધી લઈ જવામાં એમને શ્રમ પડ્યો એ રાધિકા જોઈ શકી. રાધિકાના ગાલ પર હાથ મૂકી એ હળવે હળવે પસવારવા લાગ્યા.

રાધિકા જાણે પ્રત્યેક સ્પર્શે નાની... નાની, વધુ ને વધુ નાની થતી ગઈ! “બાપ...” એણે એમના ખોળામાં માથું મૂકી દીધું. અર્જુનકુમાર દીવાનના સફેદ લેંઘા ઉપર રાધિકાના આંસુનું વર્તુળ મોટું ને મોટું થતું ગયું. એ ધીમે ધીમે રાધિકાના ગાલ, એના વાળ પસવારતા રહ્યા અને રાધિકા પણ, પોતે ગઈ ત્યારે નહીં વહેવા દીધેલાં બધાં જ આંસુને મોકળાં મૂકીને રડતી રહી...

“કેમ જતી રહી હતી, બેટા?” “આવી ગઈ ને?”

“બહુ મોડું થઈ ગયું દીકરા, હવે તો શ્વાસ ખૂટવા લાગ્યા છે. તને જોવા જ જીવતો હતો... તું આવી ગઈ એટલે જાણે મારી જવાની ટિકિટ કન્ફર્મ થઈ ગઈ.”

"પાછી જતી રહીશ! આવું બોલશો તો..."

"બેટા, આ ઘર, આ લાઇબ્રેરી, અર્જુનકુમાર દીવાનના નામનો વારસો તારી રાહ જુએ છે. તું તારી અમાનત સંભાળી લે એટલે આંખ મીંચી લઉં. એ સિવાય તો તને આપવા જેવું કંઈ બચ્યુંયે નથી." અર્જુનકુમારના અવાજમાં ભારોભાર પીડા હતી.

"છે ને..." રાધિકાએ ઊંચું જોયું. એની આંખો ભીની હતી, પણ ચહેરા પર હળવું સ્મિત આવી ગયું, "એક ચીજ છે આપવા જેવી..."

અર્જુનકુમારે ઇશારાથી જ પૂછ્યું, "શું?"

"જવાબદારી, બાપુ... હવે આ ઘરની, લજ્જાની, મલયની... જવાબદારી મારી છે." રાધિકાના ચહેરા પર એક દૃઢ નિર્ધાર, એક શફ્ફાક શુદ્ધતા આવી ગઈ, "તમે હંમેશાં કહેતા હતા ને કે તું મારો દીકરો છે! તો હવે હું ખરેખર દીકરો થઈને બતાવીશ બાપુ..."

"મૂરખ હતો હું..." એમણે રાધિકાના ગાલ પર હાથ મૂક્યો. લકવાને કારણે હાથ ઉઠાવતાં એમને તકલીફ પડતી હતી. હાથ સ્થિર રાખવાને કારણે સતત ધ્રૂજતો રહેતો હતો. રાધિકાના ગાલ પર એમની ઠંડી, શુષ્ક આંગળીઓનો સ્પર્શ એનાં આંસુને કારણે ભીંજાતો હતો, "તું દીકરી જ હતી, મારે તારી સંવેદનશીલતાનો, તારી લાગણીઓનો, તારા ઇમોશન્સનો વિચાર એક દીકરીની જેમ જ કરવો જોઈતો હતો. સુમિત્રાને લાવતા પહેલાં..."

રાધિકાએ એમના હોઠ પર હાથ મૂકી દીધો, "આપણે એ વાત નહીં કરીએ. હું એક દાયકો લંડનમાં મૂકીને આવી છું. તમે પણ એક દાયકો ભૂલી જાવ બાપુ..." એ સહેજ ઊંચી થઈને અર્જુનકુમારને ભેટી પડી. અર્જુનકુમારે પણ એમના નિર્બળ શરીરમાં હતું એટલું જોર ભેગું કરીને એને ભીંસી દીધી...

"મને માફ કરી દો બાપુ... પ્લીઝ મને માફ કરી દો." રાધિકા કોણ જાણે ક્યાંય સુધી એ જ વાક્ય બોલતી રહી અને ધ્રૂસકે ધ્રૂસકે રડતી રહી. અર્જુનકુમારની છાતીના કાળા-ધોળા વાળ રાધિકાનાં આંસુમાં લથપથ થઈ ગયા.

"સર... આ તમે શું કર્યું છે?" રાહુલની પી.એ. રાહુલની સામે ઊભી હતી. એના હાથમાં એક પ્રિન્ટ આઉટ હતો. એ પ્રિન્ટ આઉટ ઉપર રાહુલ પટેલને બદલે એણે રાધિકા દીવાનના નામની સહી કરી હતી!

"ઓહ!" રાહુલે પ્રિન્ટ આઉટ હાથમાં લીધો અને ખડખડાટ હસી પડ્યો, પ્રિન્ટ આઉટ હાથમાં પકડીને એ ક્યાંય સુધી ખડખડાટ હસતો રહ્યો, એની પી.એ. એની સામે જાણે ઝૂમાંથી આવેલા કોઈ પ્રાણી સામે જોતી હોય એમ આંખો ફાડીને નવાઈથી જોઈ રહી હતી... સામાન્ય રીતે 'ખડુસ', 'ચીડચીડિયો', 'સૂડો', 'જાતને હીરો સમજતા' અને 'નેવર રોન્ગ' તરીકે અવારનવાર જેની મજાક ઉડાવી હતી એવો, ભાગ્યે જ હસતો આ માણસ અત્યારે ખડખડાટ હસી રહ્યો હતો.

બીજા કોઈની ભૂલ માટે એને 'ગમે તેમ' કહી શકતા આ અઠ્ઠાવીસ વર્ષે બોસ બની ગયેલા માણસને એણે આજ સુધી આવી રીતે હસતો નહોતો જોયો...

"રાધિકા દીવાન..." રાહુલે હસતાં હસતાં કહ્યું, પછી એની પી.એ.ને હાથથી જવાનો ઇશારો કર્યો. પી.એ. આશ્ચર્યચકિત દિગ્મૂઢ અવસ્થામાં બહાર નીકળી ગઈ. રાહુલે પોતાનો મોબાઇલ ફોન બહાર કાઢીને રાધિકાની તસવીર પરથી પાડેલો ફોટોગ્રાફ કાઢીને એના સ્ક્રીન સેવર પર હાથ ફેરવ્યો, "યુ આર વન હેલ ઓફ અ વુમન રાધિકા!" એણે ફોટાને કહ્યું અને ફરી હસી પડ્યો, "બહુ રાહ જોવડાવી તેં... પણ હું તને રાહ નહીં જોવડાવું!" એણે ઘડિયાળ જોઈ, સાડા ચાર! "બસ, પહોંચ્યો જ સમજ."

રાધિકાનો રૂમ હજી એ જ સ્થિતિમાં હતો. એટલી હદ સુધી કે એના ઇસ્ત્રી કરીને મૂકેલા સલવાર-કમીઝની ઘડીઓ પણ એ જ રીતે અકબંધ હતી... રૂમાલો, લિપસ્ટિક, કાંસકો... રાધિકા પોતાની જે કોઈ નાનામાં નાની વસ્તુઓ અહીં મૂકીને ગઈ હતી, એ બધું જ એવી જ રીતે જળવાયું હતું આટલાં વર્ષો...

રાધિકા પોતાના ઓરડામાં દાખલ થઈને દરેક વસ્તુને સ્પર્શતી રહી. આંગળીઓનાં ટેરવા જાણે બરફમાં થીજેલા હાથને ધીમે ધીમે સજીવ કરતા હોય એમ સજીવ થતાં રહ્યાં...

રાધિકાની દરેક ચીજ અહીં રાધિકાની ગેરહાજરીમાં પણ રાધિકા જીવી હતી એની સાક્ષી પૂરતી હતી.

જેમને ભૂલી જવા માટે રાધિકાએ દેશ, કાળ અને સ્થળ બદલી નાખ્યાં એ સૌએ રાધિકાને એના ગયા પછી પણ અહીં જાળવી રાખી હતી એ વાતે રાધિકાનું મન ભરાઈ આવ્યું.

"ગમે તેટલું નકારીએ, પણ પોતાનાઓને ક્યારેય પોતાનાથી દૂર નથી કરી શકાતા." રાધિકાએ મનોમન કહ્યું અને પછી લાકડાના, અરીસો જડેલા કોતરણીવાળા કબાટમાંથી છેક નીચેના ખાનામાં હાથ નાખીને એણે આલ્બમ્સની થપ્પી ખેંચી કાઢી. રેશમના ફૂમતામાં કડક પૂઠું અને કાળા કાગળ બાંધીને બનાવાયેલા આલબમમાં સ્ટીકર્સની સાથે બ્લેક એન્ડ વ્હાઇટ તસવીરો લગાડેલી હતી. રાધિકા ક્યાંય સુધી પાનાં પલટવા માગતી હતી...

પરંતુ સત્યજીત દાખલ થયો, જાણે રાધિકા અચાનક જ પાછી વર્તમાનમાં આવી ગઈ.

"જે વીતી ગયું છે એને ભૂલી જવાનો પ્રયાસ કર. ભૂતકાળના આલ્બમનાં પાનાં પલટવાને બદલે આવનારા ભવિષ્યનાં પાનાં ઉઘાડવાનો પ્રયત્ન કર રાધિકા."

"ભવિષ્ય વિશે વિચારું છું તો ધ્રૂજી ઊઠું છું. ડરી જાઉં છું..." રાધિકાએ સત્યજીતની આંખોમાં જોયું, "લજ્જાની આંખોમાં, સુમિત્રાના ચહેરા પર અને બાપુના સ્પર્શમાં હું એટલું તો વાંચી જ શકી કે એમને મારા આવવાથી એમના મનમાં પરિસ્થિતિ પલટાવાની એક આશા ઊભી થઈ છે..."

"એમાં ખોટું શું છે? પરિસ્થિતિ તો પલટાશે ને? આ ઘર જે સૂનકારમાં લપેટાયેલું હતું, તારા ગયા પછીના વિષાદમાં અધૂરું – તરફડતું જીવતું હતું એ ઘર હવે તારી હાજરીથી ધબકી ઊઠશે. આ ચોક તારાં પગલાંથી ભરાઈ જશે..."

"આ શબ્દો છે અને એ કેટલા નકામા અને પોલા છે એની મારાથી વધારે કોને ખબર છે?" રાધિકા સત્યજીતની સામે જોઈ રહી હતી. એની આંખોમાં સેંકડો સવાલ હતા. એ થોડી વાર જોઈ રહી. પછી ઊભી થઈ, સત્યજીતની નજીક આવી, "આ ઘર મારી પાસેથી દીકરો બનવાની આશા રાખશે...

દીકરો એટલે ..." એણે ઊંડો નિઃશ્વાસ નાખ્યો, "સૌથી પહેલાં મારે આ ઘરની આર્થિક પરિસ્થિતિ બદલવી પડશે, સમજે છે તું?"

"તારે માટે બહુ અઘરું નથી રાધિકા, તારી પાસે ડિગ્રી છે, આવડત છે અને આ શહેરને, આ દેશને તારા જેવા લોકોની જરૂર છે." સત્યજીતે રાધિકાના ગાલ પર હાથ મૂક્યો, "ભણીગણીને વિદેશ ભાગી જનારા તો બહુ છે આ દેશમાં, પણ વિદેશમાં ભણીને અહીં પાછા ફરનારા લગભગ કોઈ નથી. તને નોકરી તરત મળી જશે."

"આહ!" રાધિકાએ બંને ખભા ઉલાળ્યા, "રસ્તામાં નથી પડી નોકરી. અર્જુનકુમાર દીવાનને તો કદાચ રાતોરાત ચમત્કારની આશા છે. એમની આંખોમાં એ આશા જોઈને જ હું ડરી ગઈ છું. લજ્જાનું ભવિષ્ય, મલયનું ભણતર, આ ઘરનું રિપેરિંગ, બાપુની દવાઓ અને ઇલેક્ટ્રિસિટીના બિલથી શરૂ કરીને..." રાધિકાની આંખો પહોળી થઈ ગઈ, "જીત, આઇ ડોન્ટ નો... હું શું કરીશ? કેમ પૂરી કરીશ જરૂરિયાતો?"

"હું છું ને..." સત્યજીતને રાધિકાને ભેટી પડવાની ઇચ્છા થઈ ગઈ. કેટલાંય વર્ષોથી મનમાં ધરબી રાખેલી, કંઈકેટલીયે વાતો કહેવી હતી એને. આજ સુધી દરેક વખતે રાધિકા કોઈ પણ મુશ્કેલીમાં આવી રીતે આંખો પહોળી કરીને, ખભા ઉલાળતી ત્યારે સત્યજીત એ પરિસ્થિતિને સાચવી લેતો આવ્યો હતો... સત્યજીતને દરેક વખતે લાગતું કે રાધિકા એને પોતાનો ભાગ માનીને આટલા આરામથી પોતાની મુશ્કેલીમાં હાથ લંબાવે છે. સત્યજીત દરેક વખતે એ હાથ પકડતો તો ખરો... પરંતુ એને જીવનભર માટે નહીં છોડવાની એની ઇચ્છા એના મનમાં જ રહી જતી.

બાળપણથી એણે માત્ર અને માત્ર રાધિકાને ચાહી હતી.

આ ઓરડામાં કેટલીય વાર એના હોઠ સુધી આવેલી વાત પાછી વળી હતી, દરેક વખતે કશુંક એના ધાર્યા બહારનું, એણે નહોતું વિચાર્યું એવું, એણે કલ્પ્યું જ નહોતું એવું બનતું રહ્યું અને એના હોઠ સુધી આવેલી એની મનની વાત હોઠ ઉપર જ થીજતી રહી.

આજે ફરી એક વાર રાધિકાએ હાથ લંબાવ્યો હતો...

આજે ફરી એક વાર એ વાત હોઠ પર આવી ગઈ હતી. સત્યજીતે આગળ વધીને રાધિકાનો હાથ પકડ્યો, "હું છું ને..." પોતાને જોઈ રહેલી રાધિકાને એણે કહ્યું.

"તું શું કરવાનો?" રાધિકાએ હાથ છોડાવી દીધો.

"હું?" સત્યજીતને કહેવું હતું, "હું એ બધું જ કરી શકીશ, જેની તેં કલ્પના પણ નહીં કરી હોય. આકાશમાંથી તારા લઈ આવીશ, તારી પાનીની નીચે સતત મારી હથેળી મૂકતો રહીશ, તારા એક એક શ્વાસને મોગરાની સુગંધથી મહેકાવી દઈશ. તારા બધાં જ સુખ તારા સુધી અકબંધ પહોંચે એવી ખાતરી આપીશ અને દુઃખ નામની કોઈ ચીજ તારી આસપાસ પણ ફરકી ના શકે એવો પહેરો ભરીશ..." પણ એ બોલ્યો નહીં, માત્ર જોતો રહ્યો રાધિકાને.

રાધિકા હજી બોલતી હતી, "મારે જોબ જોઈએ છે. એક એવી જોબ, જે આ ઘરની આર્થિક જરૂરિયાતોને

પહોંચી વળે. તું ડોક્ટર છે. મારે તો કોઈ કોર્પોરેટમાં નોકરી કરવી પડે. પબ્લિક રિલેશન્સમાં, હ્યુમન રિસોર્સિસમાં, પર્સોનેલમાં... આઇ ડોન્ટ નો...” એણે સત્યજીતની સામે અવિશ્વાસથી જોયું અને ફરીથી કહ્યું, “તું શું કરવાનો?”

“હું પ્રયત્ન તો કરી જ શકું. તારી મદદ કરી શકું. કાલે નેટ પર સર્ચ કરીશું આપણે. તારો સી.વી. બનાવીશું, મેઇલ કરીશું થોડી જગ્યાઓએ. તારી ડિગ્રી અને અનુભવ એક વાર એમને તને બોલાવવા તો લલચાવશે જ અને તને મળશે પછી તો...” સત્યજીત એને સધિયારો આપવાનો પ્રયત્ન કરી રહ્યો હતો, પણ રાધિકાનો ચહેરો વધારે ને વધારે મ્લાન થતો જતો હતો...

“જીત, મને નોકરી મળશે તો હું કરી જ શકીશ એવું ક્યાં નક્કી છે...

મારો સ્વભાવ, મારા સિદ્ધાંતો, મારા આગ્રહો અને મારા દુરાગ્રહો, મારી વિચિત્રતાઓ મને ક્યાંય ટકવા નહીં દે.” રાધિકાના ચહેરા પર ભાવ પળે પળે પલટાતા હતા, “બહુ સમાધાનો કરવાં પડશે જીત, ડગલે ને પગલે હવે જિંદગી સમસ્યા અને સમાધાનોની વચ્ચે જ જીવ્યા કરવી પડશે. મને તો હતું કે ઘરે પહોંચીશ તો...” એની આંખો ભરાઈ આવી, “પણ હું તો ઘરે પહોંચી જ નથી. ખરા અર્થમાં પ્રવાસ તો હવે શરૂ થયો!”

રાધિકાનું ઘરે આવવાનું સુખ જાણે પળવારમાં વીખરાઈ ગયું હતું. ઘેર આવવાનું સપનું જેટલું સુંદર હતું. અહીં પહોંચીને જોયેલી વાસ્તવિકતાઓ એનાથી ક્યાંય વધુ ભયંકર હતી!

સત્યજીતને ખરેખર તો અત્યારે જ આ પળે જ રાધિકાને પૂછવું હતું, “લગ્ન કરીશ મારી સાથે? હું તને તારી બધી જ જવાબદારીઓ, તારી બધી જ વિચિત્રતાઓ, તારા આગ્રહો અને દુરાગ્રહો સાથે તને સ્વીકારવા તૈયાર છું.

જિંદગીભર તને આવી જ ચાહીશ... અને આટલી જ ચાહીશ.” પણ એ એક શબ્દ બોલી શક્યો નહીં. એને પોતાની જાત પર ગુસ્સો આવવા લાગ્યો.

બાળપણથી એની સાથે આ જ થતું આવ્યું હતું. એ જ્યારે જ્યારે રાધિકાને પોતાના મનની વાત કહેવાનો પ્રયત્ન કરતો, ત્યારે દરેક વખતે રાધિકા સુધી પહોંચવાની એની કોશિશ કોણ જાણે કેમ અધવચ્ચે જ તૂટી પડતી. રાધિકાની ગરિમા, એનું સૌંદર્ય, એની બુદ્ધિ, એની શ્રેષ્ઠતા, એનું બધું જ જાણે સત્યજીતને એકઠું થઈને કહેવા લાગતું, “એ તને હા નહીં પાડે... તું એને લાયક નથી. એ તારાથી ક્યાંય શ્રેષ્ઠ છે.” અને સત્યજીતની જીભ સિવાઈ જતી. હોઠ બંધ થઈ જતા... આજે ફરી એક વાર એ જ પરિસ્થિતિ એ જ રીતે આવીને ત્યાં જ ઊભી રહી ગઈ હતી.

લજ્જા ટ્રેમાં ચા અને નાસ્તો લઈ દાખલ થઈ. પાછળ પાછળ રમણકાકા એની સાથે આવ્યા...

“ચા તેં બનાવી છે?” સત્યજીતે વાત બદલવા લજ્જાને પૂછ્યું.

“ના, ના, રાધિકાને ભાવે એવી આદું-મસાલાની ચા મેં બનાવી છે.”

રમણકાકાએ આવીને રાધિકાના માથે હાથ ફેરવ્યો, "બધું તને ભાવતું, તને ગમતું... એવું જ થશે હવે. તને પાછી ભાગવા નહીં દઈએ અમે." રમણકાકાનું ગળું ભરાઈ આવ્યું.

"મેં તો એટલા માટે પૂછ્યું કે આણે બનાવી હોય તો પહેલાં બિલાડીને પીવડાવજો." સત્યજીતે કહ્યું. રાધિકા લજ્જાના ચહેરા પર લીંપાઈ જતી શરમની લાલી અને એની આંખોમાં વારેવારે ધસી આવતો સત્યજીત માટેનો લગાવ જોઈ રહી.

એણે જોયું કે સત્યજીતના આ એક વાક્યની કમેન્ટથી લજ્જા જાણે પાણી પાણી થઈ ગઈ હતી!

"ઓહ! તો મારી ગેરહાજરીમાં વાત અહીં સુધી પહોંચી ગઈ છે!" રાધિકાએ મનોમન વિચાર્યું અને એના ચહેરા પર સ્મિત આવી ગયું, "તું બિલાડીથી ક્યાં ઓછો છે?" એણે સત્યજીતને કહ્યું, "તું જ પી લે..." અને ચારે જણા હસી પડ્યા, પણ એ ચારેયનાં હાસ્યો અલગ અલગ અર્થ લઈને, અલગ અલગ દિશામાં દોડતાં ચાર મનની સાવ જુદી જ પરિસ્થિતિ હતી!

8

'રાધિકા દીવાન... ' રાહુલ ઘર તરફ ગાડી ચલાવતાં બસ આ જ નામ મનમાં ઉચ્ચારી રહ્યો હતો...

રાહુલ ક્યારેય ઑફિસથી વહેલો નહોતો નીકળતો. બલકે રાહુલ ઑફિસમાં કામ કરતો હોય તો છેક રાત પડી જાય ત્યારે પ્યૂને એની પાસે આવીને એને વિનંતી કરવી પડે ત્યાં સુધી એને ઘડિયાળ જોવાની ટેવ જ નહોતી. આજે રાહુલ જે રીતે સાંજ પડતા પહેલાં ઑફિસમાંથી નીકળી ગયો અને એ પણ બબ્બે અગત્યની મિટિંગ પોસ્પોન કરીને... એ પછી ઑફિસમાં એક નાનકડી ચણભણ શરૂ થઈ ગઈ હતી.

દરેકેદરેક માણસે રાહુલમાં આવેલો બદલાવ છેલ્લા થોડા દિવસથી નોંધ્યો હતો. સૌ જોઈ રહ્યા હતા કે રાહુલનો મૂડ હવે પહેલાંની જેમ સતત ચીડચીડ નહોતો રહેતો..એ ક્યારેક વાત કરતાં કરતાં ખોવાઈ જતો. ઑફિસમાં નવલકથા અને વાર્તાનાં પુસ્તકો લઈને બેસી રહેતો...

રાહુલની પી.એ.ને રાહુલનો દિવસ અને મિટિંગ્સ જોવા માટે કાગળ જોવો પડે. પણ, રાહુલ મોઢે પોતાની અપોઇન્ટમેન્ટ અને દિવસ કહી શકતો...

પણ, આજકાલ રાહુલ યાદ કરાવ્યા પછી પણ ઘણું બધું ભૂલી જતો...

આજે તો એણે હદ કરી હતી! પોતાના નામને બદલે પેપર ઉપર રાધિકા દીવાનના નામની સહી કરી નાંખી હતી. એટલું જ નહીં એ જોયા પછી ખડખડાટ હસ્યો હતો, અને હસતાં હસતાં એણે પી.એ.ને બહાર જવાનો ઇશારો કર્યો હતો.

મોનિશા છેલ્લા સાત મહિનાથી રાહુલની પી.એ. તરીકે કામ કરતી હતી.

પણ, એણે રાહુલને ક્યારેય કોઈ પણ ભૂલ માટે કોઈને માફ કરતા નહોતો જોયો. આજે એ જ રાહુલ આટલા ઇમ્પોર્ટન્ટ્સ પેપર ઉપર કોઈ બીજા જ નામની સહી કરીને હસી રહ્યો હતો.

"રાધિકા દીવાન.." રાહુલે એ નામ ફરી એક વાર ઉચ્ચાર્યું અને રીઅરવ્યૂ મિરરને પોતાની તરફ ફેરવીને એમાં પોતાનો ચહેરો જોયો, "કેટલો વિચાર કર્યો હશે એ છોકરીનો મેં કે મારાથી એના નામની સહી થઈ ગઈ, મારા દિલ અને દિમાગ બંનેનો કબજો લઈને બેઠી છે આ છોકરી..." રાહુલ ઘર તરફ ગાડી ડ્રાઇવ કરતાં વિચારી રહ્યો હતો, "કઈ રીતે મળીશ એને હું! શું કહીશ?

શું વાત કરીશ?" રાહુલને સાવ 16 વર્ષના છોકરા જેવી લાગણીઓ થઈ રહી હતી. એને પોતાને પણ પોતાની આ 'મૂર્ખામી' ઉપર થોડું હસવું આવતું હતું અને થોડી નવાઈ લાગતી હતી.

રાહુલે આટલાં વર્ષો ય.એસ.માં છોકરી નહોતી જોઈ કે એની કોઈ ગર્લફ્રેન્ડ નહોતી કે સ્ત્રી એને માટે નવાઈની વસ્તુ હતી એવું નહોતું જ! આટલા દેખાવડા, ભણવામાં સતત આગળ અને આઉટગોઇંગ પાર્ટી ટાઇપ રાહુલની જિંદગીમાં ઘણી છોકરીઓ આવીને ચાલી ગઈ હતી. પણ, કોઈ ટકી શકી નહોતી. રાહુલ અત્યાર

સુધી સ્ત્રીને માત્ર એક 'સ્પીશિઝ'-જાતિ માનતો... એની બહેન અને માને છોડીને જગતમાં કોઈ સ્ત્રીને એણે સન્માનથી નહોતી જોઈ. એને હંમેશા લાગતું કે સ્ત્રીને અમુક રીતે નજીક નહીં આવવા દેવામાં જ પુરુષનું ઉજ્જ્વળ ભવિષ્ય અને એની કારકિર્દીની ભલાઈ છે!

એણે આ વાતને આજ સુધી એ જ રીતે જાળવી રાખી હતી.

છોકરીઓને મળવું, પાર્ટીમાં જવું, મોજ-મઝા કરવી કે ડેટ કરવી આ બધું રાહુલે પોતાના ટિન્સની ઉંમરમાં પૂરું કરી નાંખ્યું હતું. છેલ્લાં કેટલાંય વર્ષોથી રાહુલની જિંદગીમાં સ્ત્રી માત્રની ગેરહાજરી હતી...

સાવ સ્વતંત્ર અને પોતાની રીતે જીવતા રાહુલને લાગતું હતું કે એની જિંદગીમાં કદાચ હવે કોઈ સ્ત્રી ભાગ્યે જ આવે. પણ, રાધિકાની પહેલી કવિતા વાંચ્યા પછી અર્જુનકુમાર દીવાનની લાઇબ્રેરીમાં જ્યાં જ્યાંથી રાધિકાના હસ્તાક્ષરો મળ્યા એ બધેથી ફેંદીને શોધીને રાહુલે એના અક્ષરમાં લખાયેલી એક એક લીટી વાંચવાનો પ્રયાસ કર્યો હતો.

... અને, એ જેમ જેમ વાંચતો ગયો હતો તેમ તેમ એને સમજાયું હતું કે રાધિકા એક અસામાન્ય છોકરી હતી. એવી છોકરી જેને રાહુલે પહેલાં ક્યારેય જોઈ નહોતી! કદાચ આવનારાં ઘણાં વર્ષો સુધી આવી બીજી છોકરી રાહુલને મળવાની કોઈ સંભાવના પણ નહોતી. અને કદાચ એટલે જ, રાધિકા માટેનું આકર્ષણ રાહુલને ધીમે ધીમે અદમ્ય લાગતું હતું.

ઘર તરફ સડસડાટ જઈ રહેલો રાહુલ રિઅરવ્યૂ મિરરમાં પોતાને જોઈ રહ્યો હતો... અને, રાધિકા સાથે વાતની શરૂઆત કઈ રીતે કરવી, પોતાની ઓળખાણ શું આપવી એ વિશે મનોમન શબ્દો ગોઠવી રહ્યો હતો, જ્યારે બીજી તરફ રાધિકા અને સત્યજીત હાઈવે પર એમની એક ખાસ મનપસંદ જગ્યાએ બેસીને સાંજનો નમતો તડકો જોઈ રહ્યાં હતાં...

ઘરમાં ચા-નાસ્તો કરીને રાધિકા અને સત્યજીત ખાસ્સી વાર સુધી રાધિકાના ઓરડામાં ચૂપચાપ બેસી રહ્યાં. પછી, સત્યજીતે જ રાધિકાને કહ્યું, "ચાલ, ક્યાંક ફરી આવીએ?"

"ક્યાં જઈશું?" રાધિકાના અવાજમાં ઉદાસી હતી, ઘેરાઈ આવેલી એક અસહાયતા અને એ અસહાયતાની અકળામણ...

"ઘરમાંથી નીકળતા પહેલાં, ક્યાં જઈશું? આ તું પૂછે છે રાધિકા?" સત્યજીત હસ્યો, "મારે સ્વીકારવું જોઇએ કે તું બદલાઈ ગઈ છે, તું વળી દિશા નક્કી કરતાં ક્યાં શીખી?"

"જીત, બહુ રખડી દિશાવિહીન... અને, મારી સાથે બીજું ઘણું રખડાવી દીધું... હવે મારે આ બધું સ્થિર કરવું રહ્યું."

"એમ બોલ્યા કરવાથી કશું નહીં થાય. તારા હાથમાં કેટલાય રંગના દોરાઓનું ગૂંચવાયેલું પીલ્લું છે, કોઈ એક દોરાનો છેડો કોઈ એક જગ્યાએથી હાથમાં લઈને ઉકેલવાની શરૂઆત કર રાધિકા... બાકીનું બધું આપોઆપ ઉકેલાતું જશે."

"જીત..." રાધિકાએ એની સામે જોયું, 'મને દુર્ગા મંદિર લઈ જાય છે?'

નાનકડા નાળાના કિનારા પર બાંધેલી દુર્ગાની એક નાનકડી દેરી, એની પાછળ વડના ચાર-પાંચ ઝાડનું ઝુંડ અને ત્યાં લાકડાની બે-ત્રણ બેન્ચ રાધિકાની મનપંસદ જગ્યાઓમાંની એક હતી.

બાળપણમાં પણ રાધિકાને અહીંયાં રમવા આવવું ખૂબ ગમતું. લાકડાની બેન્ચ પર બેસીને વડના ઝાડના ઝુંડમાંથી ચળાઈને આવતો તડકો નાળાના પાણી પર ઝીલમિલ થતો જોયા કરવો રાધિકાની ફેવરિટ પ્રવૃત્તિઓમાંની એક હતી.

એ કેટલીયે વાર અહીં આવીને એકલી બેસતી... નાળાનું વહી જતું પાણી જોયા કરતી... આજે એક દાયકા પછી એને ફરી એક વાર ત્યાં જઈને બેસવાની ઇચ્છા થઈ.

"હજી એવું જ છે દુર્ગા મંદિર?"

"બિલકુલ... કશું જ નથી બદલાયું ત્યાં... લાકડાની બેન્ચ હવે જૂની-પુરાણી થઈ ગઈ છે, ગામના લોકોએ નાળાનું પાણી થોડું ગંદું કરી નાંખ્યું છે અને વડના એક-બે બીજાં ઝાડ ઊગી નીકળ્યાં છે..બાકી બધું એમ જ છે."

"ચલ, ત્યાં જઈએ..."

રાધિકા અને સત્યજીત રાધિકાના ઓરડામાંથી બહાર આવ્યાં અને પરસાળના ઓટલા પર કપડાંની ઘડી કરી રહેલી સુમિત્રાએ એમની સામે જોયું.

"અમે બહાર જઈએ છીએ" સત્યજીતે કહ્યું, "અહીં દુર્ગા મંદિર સુધી..."

લજ્જા ત્યાં જ ઊભી હતી, રાધિકા એની આંખોમાં સ્પષ્ટ વાંચી શકી કે બેમાંથી એક જણ પણ જો લજ્જાને સાથે આવવાનું કહે તો એ સહેજ પણ હા-ના કર્યા વિના જોડાઈ જાય!

રાધિકા લજ્જાની આંખોમાં એ બધું જ જોઈ શકતી હતી જે ક્યારેક પોતે અનુભવ્યું હતું. એ આકર્ષણ, એ શરમ, એ ભીની ભીની ઊભરાઈ જતી લાગણીઓ અને એ મુગ્ધાવસ્થા! આ જ ઘરમાં વીરેનને બાપુ સાથે કામ કરતો જોઈને રાધિકાને આવું જ બધું થતું...

એણે સુમિત્રા સામે એક અછડતી નજર નાંખી. પછી સત્યજીત સાથે બહાર નીકળી ગઈ.

"મારી સાથે હજી સુધી સીધી રીતે વાત નથી કરી આ છોકરીએ..." સુમિત્રાએ મનોમન વિચાર્યું, "આજ સુધી એણે મને સ્વીકારી જ નથી."

"હું જે રીતે અને જે પરિસ્થિતિમાં અહીંથી ગઈ હતી એને માટે સૌએ સુમિત્રાને જવાબદાર ઠેરવી હશે!" રાધિકા વિચારી રહી હતી, "કેટલાય લોકોએ કંઈ કેટલુંયે કહ્યું હશે એને... જાત સાથે પણ કેટલું મંથન કર્યું હશે

એણે! શું મોઢું લઈને એની સામે જાઉં? એ આ ઘરમાં દાખલ થઈ એ વાતને કેટલો મોટો પ્રશ્ન બનાવીને બધો જ દોષ એના માથે ઢોળીને હું અહીંથી જે રીતે ગઈ એ પછી કઈ રીતે એની પાસે જઈને નવેસરથી કોઈ વાત કરવાનો પ્રયાસ કરું હું..."

રાધિકાને સતત લાગતું હતું કે એણે સુમિત્રા પાસે જવું જોઈએ, વાત કરવી જોઈએ. પરંતુ, રહી રહીને 10 વર્ષ પહેલાંનું પોતાનું વર્તન એને રોકતું હતું, અપરાધનો ભાવ એને અટકાવતો હતો...

એ મનોમન ઇચ્છતી હતી કે સુમિત્રા પહેલ કરે!

અને, સુમિત્રા રાહ જોતી હતી રાધિકાના પોતાના સુધી પાછા ફરવાની... રાધિકાના આવ્યાને સારા એવા કલાક પસાર થઈ ગયા હતા. પણ, રાધિકા અને સુમિત્રા વચ્ચે એવી એક પણ મિનિટ નહોતી આવી કે જેમાં એ બંને વીતેલાં દસકાને બાજુએ મૂકીને એકબીજાની નજીક આવી શકે...

રાધિકા અને સત્યજીત દુર્ગા મંદિર પહોંચ્યાં ત્યારે રાધિકાને જાણે બાળપણનો કોઈ મિત્ર વર્ષો પછી મળી ગયો હોય એવી લાગણી થઈ. વડની વડવાઈઓને હળવેકથી સ્પર્શી જોયું, દેરીમાં કોઈએ કરેલો દીવો હજી ટમટમી રહ્યો હતો, વડના ઝુંડમાંથી એવી જ રીતે ચળાઈને આવતો તડકો નાળાના ગંદા પાણીના વહેણ પર ઝીલમિલ થઈ રહ્યો હતો, સોનેરી પ્રકાશમાં વડનાં વૃક્ષો જાણે વધુ લીલાં અને વધુ સોનેરી લાગતાં હતાં, નાના ટેટા, વડવાઈઓ અને લાકડાની આ બેન્ચ રાધિકાને હાથ પકડીને એક દાયકો પાછળ ઘસડી ગઈ.

રાધિકા બેન્ચ પર બેસી ગઈ...

સત્યજીત ધીમેથી એની બાજુમાં ગોઠવાયો.

મૌન રાધિકા ક્યાંય સુધી નાળાના પાણી પર ઝીલમિલ થતો તડકો જોઈ રહી, પાણીની સાથે રાધિકાના મનમાં પણ કેટલાય વિચારો આવ્યા અને વહી ગયા. સત્યજીતે રાધિકાને જરાય વિક્ષેપ પહોંચાડ્યા વિના એમ જ ચૂપચાપ બેસવા દીધી. પહેલાં પણ અહીં આવીને બેઠેલી રાધિકાને શોધતો સત્યજીત એની પાછળ આવતો પણ એને વિક્ષેપ નહોતો પહોંચાડતો.

રાધિકાએ અચાનક જ સત્યજીતની સામે જોયું – સીધું એની આંખોમાં, અને પૂછ્યું, "તને લજ્જા ગમે છે સત્યજીત?"

સત્યજીતે રાધિકા સામે જોયું, "લજ્જા?"

"હું એની આંખોમાં એ જોઈ શકું છું જે ક્યારેક મેં અનુભવ્યું છે." "પણ..." સત્યજીત કશું બોલ્યો નહીં. એના ગળા સુધી એક ચીસ આવી ગઈ. એને બૂમ પાડીને કહેવું હતું, "રાધિકા, મને લજ્જા નહીં, તું ગમે છે..."

પણ, એ પહેલાં અનેક પ્રસંગોની જેમ આજે પણ કંઈ કહી શક્યો નહીં, માત્ર રાધિકાની આંખમાં જોતો રહ્યો.

"લજ્જાનું તારા પરત્વેનું આકર્ષણ મને દેખાય છે સત્યજીત..."

"અને, મારું તારા પરત્વેનું આકર્ષણ?" સવાલ સત્યજીતના હોઠ સુધી આવીને અટકી ગયો, "તને એ ક્યારેય ના દેખાયું રાધિકા?" એણે મનોમન પૂછ્યું.

"જીત, હું તારી સાથે વાત કરું છું." પોતાની તરફ એકીટસે જોઈ રહેલા સત્યજીતને રાધિકાએ કહ્યું..

"જાણું છું..." સત્યજીત એની સામે જોઈ રહ્યો, "રાધિકા, લજ્જા વિશે હું આવું કંઈ વિચારી શક્યો નથી."

"તો વિચાર... લજ્જા ખૂબ સારી છોકરી છે..." રાધિકા એક ક્ષણ ચૂપ રહી પછી એણે સત્યજીતનો હાથ પકડી લીધો, "મને એની ખૂબ ચિંતા થાય છે."

"રાધિકા, એની ચિંતા થાય એનો અર્થ એ નથી કે નજર સામે દેખાતો પહેલો છોકરો એને માટે પસંદ કરીને એને ધરી દેવો." સત્યજીત ખિન્ન થઈ ગયો, "તું આવું વિચારે છે? હું તો માનતી હતી કે તારે માટે હું હંમેશા સુખ અને શ્રેષ્ઠ જ પસંદ કરું..." રાધિકા જાણે આહત થઈ ગઈ, "જીત, હું દોસ્ત છું તારી, બાળપણની મિત્ર! ને, લજ્જા મારી બેન છે."

"જો રાધિકા, હું સમજું છું કે તને ભારતમાં પગ મૂકતાંની સાથે તારી જવાબદારીઓ ઘેરી વળી છે, તને અચાનક એવું લાગવા માંડ્યું છે કે તું આ ઘરની મોટી દીકરી" સહેજ અટકીને ઉમેર્યું,"... દીકરો છે."

"હું કોઈ જવાબદારીના ભાગરૂપે આ નથી કહેતી જીત, હું લજ્જાની આંખોમાં અપાર પ્રેમ અને આકર્ષણ જોઈ શકું છું."

"અને, મારી આંખોમાં નથી જોઈ શકતી?" એણે આખરે અકળાઈને કહી દીધું, "તને ક્યારેય એવો વિચાર આવ્યો છે કે મેં તને કોઈ સવાલ પૂછ્યા નથી... કોઈ અપેક્ષા રાખી નથી... અને છતાં તને જ્યારે જરૂર પડી ત્યારે આવીને તારી બિલકુલ બાજુમાં લગોલગ ઊભો રહ્યો છું."

રાધિકા નવાઈથી એની સામે જોઈ રહી, "તો? શું કહેવા માગે છે?" રાધિકાના ચહેરા પર અજબ જેવા ભાવ હતા.આજે સત્યજીત અચાનક જે રીતે બોલ્યો અને વર્ત્યો એનાથી જાણે એની અંદર બનાવેલી સત્યજીતની કોઈ છબીમાં તિરાડ પડી હતી, કદાચ!

"એનું કારણ નથી પૂછ્યું તેં મને ક્યારેય..." સત્યજીતે બીજી તરફ જોઈ લીધું, રાધિકા સાથે નજર મિલાવવાની ટાળતો હોય એમ એ વહેળા તરફ, વડના ઝાડમાંથી ચળાઈને આવતા તડકા તરફ જોઈ રહ્યો, "રાધિકા, કોઈ ફરિયાદ નથી કરતો, કોઈ અપેક્ષા સાથે આ વાત પણ નથી કરતો..." એણે એક ઊંડો નિશ્વાસ નાંખ્યો, "તારી પાસેથી જવાબની અપેક્ષા પણ નથી મને..."

રાધિકા ચૂપચાપ એને સાંભળી રહી, "પણ, એટલું સમજી લે કે મારા જીવનમાં સ્ત્રી માટે જગ્યા નથી."

"એટલે?"

"એટલે એમ કે..." સત્યજીત થોડીવાર વિચારતો રહ્યો. પોતાની વાત રાધિકાને કઈ રીતે કહેવી એના શબ્દો

મનમાં ગોઠવતો હોય એમ... પછી એણે રાધિકા તરફ જોયું, ક્ષણેક ચૂપ રહ્યો, એના ચહેરા પર ઊડી રહેલી એના વાળની લટોને ચહેરા પરથી ખસેડી, એની આંખોમાં આંખો પરોવી અને બહુ જ ધીમેથી એણે કહ્યું, "રાધિકા, તને મળ્યા પછી કોઈ પણ પુરુષના જીવનમાં બીજી સ્ત્રી માટે જગ્યા ન રહી શકે... તું એક એવી સર્વાંગ સંપૂર્ણ સ્ત્રી છે કે તને જાણનારો કોઈ પણ પુરુષ તારી સાથે જીવવા માગે..." સત્યજીતની આંખો તરલ થઈ આવી હતી, એના ચહેરા પર એક અજબ જેવો ઉઘાડ હતો. આટલાં બધાં વર્ષો પછી પોતાના મનની વાત ભલે ટુકડે-ટુકડે, ધીમે-ધીમે કહી રહ્યાનો, કહેવાઈ રહ્યાનો એક અજબ જેવો ઉજાસ હતો, "રાધિકા, લજ્જા સારી જ છોકરી છે... મને એના માટે માન છે, લાગણી છે, ફક્ત એટલા ખાતર કારણ કે એ તારી બેન છે..."

રાધિકા લગભગ સ્તબ્ધ થઈ ગઈ હતી, એણે ક્યારેય નહોતું કલ્પ્યું કે સત્યજીત એના વિશે આવું કંઈ વિચારતો હશે, એણે સત્યજીતને ક્યારેય એક પુરુષ તરીકે જોયો જ નહોતો. એને માટે એક દોસ્ત હતો... એવો દોસ્ત જેને કોઈ જાતિ નહોતી, એણે સત્યજીતને પોતાનાથી અલગ, પોતાનાથી અળગો કે જુદો જોવાનો પ્રયાસ જ નહોતો કર્યો.

આજે એને પહેલી વાર સમજાયું કે સત્યજીતની એ તરલ આંખો એને અવાર-નવાર શું કહેતી હતી...

લંડન જતા પહેલાં સત્યજીત સાથે થયેલી મુલાકાતો અને દલીલબાજીઓનો અર્થ શું હતો...

આટલાં વર્ષો પછી પોતાને શોધતો લંડન આવેલો સત્યજીત ખરેખર શું શોધી રહ્યો હતો...

"પણ જીત..." રાધિકાને શું કહેવું એ સમજાયું નહીં, એનું ગળું ભરાઈ આવ્યું, એણે ગળું ખંખાર્યું, થૂંક ગળા નીચે ઉતાર્યું. પછી જાતને સ્વસ્થ કરીને ધીમેથી સત્યજીતને કહ્યું, "આજે મેં મારી જિંદગીનો એકમાત્ર દોસ્ત ખોઈ દીધો."

"રાધિ..." સત્યજીત એકદમ સંવેદનશીલ થઈ ગયો, એણે રાધિકાનો હાથ પકડી લીધો, "હું હંમેશા તારો દોસ્ત હતો, આ પળે પણ છું, મેં તને પહેલાં જ કહ્યું હતું કે મને તારી પાસેથી કોઈ અપેક્ષા નથી, જવાબ નથી જોઈતો..."

"તો પછી શું કામ કહ્યું તેં મને આ?" રાધિકાનું ગળું ફરી ચોક થઈ ગયું..." જીત, કોણ જાણે કેમ સ્ત્રી-પુરુષના સંબંધમાંથી મારી શ્રદ્ધા જ ઊઠી ગઈછે. હજી હમણાં જ ગઈ તે પળ સુધી મને તારામાં અથાગ શ્રદ્ધા હતી. તને અડવું, તારી સાથે તોફાન કરવું, ધબ્બો મારવો કે ભેટી પડવું મારે માટે જરાય અસ્વાભાવિક નહોતું." એણે ઊંડો શ્વાસ લીધો, "આ પળ સુધી..." એ સત્યજીતની તરફ જોવાનું ટાળી રહી હતી, "હવે મને એ દરેક વાતમાં ભય લાગશે."

"ભય? શેનો ભય?"

"તેં આપણા સંબંધ સાથે એક અર્થઘટન જોડી દીધું. ગઈ કાલ સુધી જે બધું જ કોઈ અર્થ વગર, કોઈ જરૂરત વગર, કોઈ અસ્વાભાવિકતા વિના કે ઔપચારિકતા વિના થતું રહ્યું એ બધું હવે બદલાઈ જશે એવો ભય.."

"તારું શું કરું રાધિકા?" સત્યજીતના અવાજમાં એક અસહાયતા હતી, છૂટી ગયેલા તીરને પાછું ન વાળી

શકવાની અસહાયતા...

"મારું કશું જ થઈ શકતું નથી જીત..કદાચ હું આમ જ, આમથી તેમ ભટકતી ભટકતી ખોવાઈ જવા માટે જન્મી છું." રાધિકાએ પોતાની જાતને સંભાળવાનો ભરપૂર પ્રયાસ કર્યો. એણે ખૂબ પ્રયત્નપૂર્વક સત્યજીતનો ખભો થપથપાવ્યો, "તું બહુ જ સારો માણસ છે. સમજદાર! કોઈપણ સ્ત્રીને સુખી કરી શકે એવો..."

"કોઈ પણ સ્ત્રી?" સત્યજીતના ચહેરા પર એક હળવું વ્યંગમાં ડૂબેલું સ્મિત આવ્યું, "કોઈ પણ સ્ત્રીને સુખી કરવા ઘણી બધી ઉદારતા જોઈએ રાધિકા... મારામાં નથી. મૂછનો દોરો ફૂટ્યો ત્યારથી... જાતને સમજતો થયો ત્યારથી... હું માત્ર એક જ છોકરીને મારા સપનાંમાં જોતો આવ્યો છું, એક જ સ્ત્રી વિશે વિચારી શક્યો છું... અને એ તું છે રાધિકા..." રાધિકા કંઈ બોલવા ગઈ પણ સત્યજીતે એના હોઠ પર આંગળી મૂકી દીધી.

"તારો વાંક નથી... હું તને એને માટે જવાબદાર નથી ગણતો. પણ, એટલું જરૂર કહીશ કે તું અદ્‌ભુત સ્ત્રી છે. જિંદગી આખી શોધ્યા કરો અને તોય ન મળે, ન જડે એવી એક આરાધ્ય સ્ત્રી..." રાધિકા એની સામે જોઈ રહી..."રાધિકા, મને તારી પાસેથી કંઈ નથી જોઈતું, મારી દયા ખાવાનું કે મારી લાગણીઓ અંગે કોઈ સમાધાન કરવાની જરૂર નથી... માત્ર એક વિનંતી કરું છું." રાધિકા સ્તબ્ધ અને ચૂપચાપ હતી, "આજ પછી ક્યારેય મને બીજી કોઈ સ્ત્રી વિશે વિચારવાનું નહીં કહેતી રાધિકા... હું કદાચ એકલો જીવી જઈશ.

પણ, બીજી કોઈ સ્ત્રીની કલ્પના નથી કરી શકતો..."

"જીત..." રાધિકાના અવાજમાં સત્યજીતની પીડા સમજી શક્યાની વેદના હતી.

"તારે ખરાબ લગાડવાની જરૂર નથી. આ મારો પ્રશ્ન છે, મારા એકલાનો..." સત્યજીતે એની તરફ જોઈને સ્મિત કરવાનો પ્રયાસ કર્યો... પછી એની આંખો ભીંજાઈ ગઈ.

રાધિકા થોડી વાર એમ જ ચૂપચાપ બેસી રહી અને પછી હાથ ફેલાવીને સત્યજીતને ભેટી પડી.

"જીત..." એનાથી આગળ કંઈ બોલી શકાયું નહીં. છતાં એણે હિંમત કરીને કહ્યું, "હું કોઈ વચન નથી આપતી. જાણું છું કે તું એકલો નહીં જ જીવી શકે. જો સ્ત્રી તારા જીવનમાં આવવાની જ હોય, તો એ લજ્જા કેમ નહીં?"

એ પછી બંને જણા ખાસ્સી વાર ચૂપચાપ એકબીજાની સાથે બેસી રહ્યાં.

પોતપોતાના તાણા-વાણા ગૂંથતાં, ઉકેલતાં! સૂરજ ઢળી ગયો, વડના ઝાડના એ ઝુંડને અંધકારે લપેટી લીધું ત્યાં સુધી બંને સાવ નિઃશબ્દ હતાં...

રાહુલ ઘરે પાછો ફર્યો ત્યારથી જ બેબાકળો હતો.

એણે રાધિકાને ઘરમાં જ જોવાની આશા રાખી હતી. પણ, રાધિકા ઘરમાં નહોતી એટલું જ નહીં એ ક્યાં ગઈ છે એવું એ સીધેસીધું તો કોઈને પૂછી શકે એમ પણ નહોતો... છેક રાત પડવા આવી હતી.

ઑફિસનું કામ અડધું છોડીને આવેલા રાહુલને ખરેખર અકળામણ થવા લાગી હતી.

'રાધિકા આવી રીતે જાય જ કેમ?' એવી મનોદશામાં એ પોતાના રૂમમાં ધૂંઆપૂંઆ થઈને પગ પર પગ ચઢાવીને પડ્યો હતો.

નીચેથી એક ઝંખેલો અવાજ સાંભળવાની પ્રતીક્ષામાં એનું મગજ ફાટફાટ થતું હતું...

અચાનક એને ખ્યાલ આવ્યો કે, એ તો કોઈ પતિ કે પ્રેમીની જેમ વર્તી રહ્યો હતો... જે છોકરીને હજી સુધી એણે નજરોનજર જોઈ પણ નથી એ છોકરી ક્યાં ગઈ છે , કોની સાથે ગઈ છે અને શું કામ ગઈ છે એ વાતે એ ઉશ્કેરાયેલો, અકળાયેલો હતો!

એણે અરીસામાં જોયું, એ હસી પડ્યો.

"રાહુલ!" એણે જાતને જ કહ્યું, "આ શું થઈ ગયું છે તને? તું જે કંઈ જાણે છે એ છોકરી વિશે, એ પછી એને બાંધવાનો પ્રયત્ન તને ક્યારેય એના સુધી નહીં પહોંચવા દે... પાંખ ફેલાવીને ઊડનારી એ છોકરીને તારે એના આકાશમાં જઈને મળવું પડશે. એને પામવી હશે તો પાંજરું નહીં ચાલે, આખું આકાશ આપવું પડશે એને...

રાહુલે પોતાના પલંગની બાજુના ડ્રોઅરમાંથી એક નોટબુકનો પેપર કાઢ્યો, એના પર રાધિકાના હસ્તાક્ષરમાં લખેલી કવિતા હતી...

"તને ઝંખવો એ ભૂલ હોય તો પણ, અસ્તિત્વ આખું એનું મૂલ હોય તો પણ, એક સાંજ સાટે બધું વસૂલ હોય તો પણ, તારા વિનાનાં વર્ષો ગયાં છે તારા વિનાની ક્ષણો જઈ રહી છે મારી હસ્તરેખા એક જુદી કથા કહી રહી છે."

રાહુલ એ અક્ષરો સામે જોઈ રહ્યો. ચોખ્ખા, મરોડદાર, કાળી પેનથી લખાયેલા મોટા અક્ષરો રાધિકાનું વ્યક્તિત્વ ઉજાગર કરી રહ્યા હતા. છૂટુંછૂટું લખતી છોકરી સ્પષ્ટ વિચારી શકે છે. મોટા અક્ષર એના વ્યક્તિત્વનું માપ છે અને સ્પષ્ટતા એના મરોડદાર અક્ષરો પરથી તદ્દન ચોખ્ખી વાંચી શકાતી હતી.

મેનેજમેન્ટ ભણેલો રાહુલ રાધિકાનું એનાલિસીસ કરી રહ્યો હતો...

એ જ વખતે એણે નીચે લજ્જાનો અવાજ સાંભળ્યો, "અમે ક્યારનાં તમારી જમવા માટે રાહ જોઈએ છીએ..."

એનું આખું અસ્તિત્વ જાણે એના કાનમાં આવીને ગોઠવાઈ ગયું.

"જરા મોડું થઈ ગયું..." એક રણકદાર, સામાન્ય રીતે સ્ત્રીનો ન હોય તેવો થોડો ઘેરો-હસ્કી અવાજ જવાબ આપી રહ્યો હતો,"બાપુ ક્યાં છે?" "એમના ઓરડામાં. તારી રાહ જુએ છે."

"જીત, તું જમીને જજે..."કહીને એક પગલાંની જોડ પરસાળમાં થઈને રાહુલના ઓરડાની નીચેની વિંગ તરફ આવતી એ સાંભળી શક્યો. એને ઊભા થવું હતું. પોતાના ઓરડાની પરસાળમાં ઊભા રહીને રાધિકાને જોવી

હતી.પણ, કોણ જાણે કેમ એને જાણે કોઈએ પલંગમાં બાંધી દીધો હોય એમ એ જકડાઈ ગયો હતો!

“તમને...” લજ્જા એના ઓરડાના દરવાજે ઊભી હતી, “તમને નીચે જમવા બોલાવે છે.”

“મને?” રાહુલથી લગભગ બૂમ પડાઈ ગઈ.

“હા, મારી દીદી આવી છે લંડનથી...” લજ્જાએ કહ્યું, “આજે બધાં સાથે જમે એવી બાપુની ઇચ્છા છે.”

“તારા બાપુએ મને બોલાવ્યો છે?” રાહુલ હસી રહ્યો હતો.

“તમે ત્યાં કોઈ તોફાન નહીં કરતા.” લજ્જાએ હાથ જોડ્યા, એની આંખો પહોળી હતી અને ચહેરા પર સ્મિત, “દી’ની સામે તમે અને બાપુ ટેબલટેનિસ શરૂ નહીં કરી દેતા.”

“તો મને રહેવા જ દે...” રાહુલ ખડખડાટ હસી પડ્યો, “તારા બાપુને મારી જોડે આડું બોલ્યા વિના ચાલશે નહીં અને એ કંઈ બોલશે તો મને જવાબ આપ્યા વિના ચાલશે નહીં.”

“દી’ બાપુને બહુ ચાહે છે, તમે બાપુ સાથે આડુંતેડું બોલશો તો દી’ સાથે ઝઘડો થઈ જશે.”

“હું તારી દીને ચાહું છું” રાહુલને કહેવું હતું, “ઝઘડો તો ઝઘડો... હું તો એની આંખમાં આંખ નાંખીને એ તેજ જોવા માગું છું જે મેં એના હસ્તાક્ષરોમાં જોયું છે. એ પ્રખર તાપને સ્પર્શીને રોમરોમ બળી જવા માગું છું...” પણ, એ કશું બોલ્યો નહીં. માત્ર લજ્જા સામે જોઈ રહ્યો.

“ચાલોને પ્લીઝ... તમે નહીં આવો તો પણ બાપુ નારાજ થશે.” “ઓલરાઇટ” રાહુલ ઊભો થયો. એણે અરીસામાં જોયું, વાળમાં આંગળીઓ ફેરવી, “ઇફ યુ સે સો...”લજ્જાની સામે જોઈને કહ્યું, “તું જા હું આવું છું.”

“જલદી...” લજ્જાએ કહ્યું ને પગથિયાં ઊતરી ગઈ.

રાહુલ અરીસામાં જોઈ રહ્યો. માપ લઈને બનાવ્યું હોય એવું નાક, ભાગ્યે જ કોઈ પુરુષના હોય એવા પથ્થરમાંથી કોતરેલા સુંદર હોઠ, મોટી ભાવવાહી આંખો, વિખરાયેલા છતાં ગોઠવાયેલા વાળ, સ્વચ્છ-બેદાગ ગોરી ચામડી, એક દિવસની વધેલી શેવ, કુલ મળીને એક દિલધડક, બેફિકર દેખાવ... રાહુલને પોતાનાં જ વખાણ કરવાની ઇચ્છા થઈ આવી. એના ટેનિસ કોલરના ક્રોકોડાઇલ ટીશર્ટના ત્રણે બટન ખુલ્લાં હતાં, એમાંથી એની છાતીના વાળ દેખાતા હતા. હાફ સ્લીવના ટીશર્ટમાંથી રાહુલનાં શેઈપલી બાવડાં અને પહોળા ખભા સ્પષ્ટ ઉજાગર થતા હતા...

રાહુલે ફરી એક વાર વાળમાં આંગળીઓ ફેરવી, અરીસાની સામે આંગળી લંબાવી પોતાના જ નાકને સ્પર્શ્યો અને સ્મિત કરીને કહ્યું, “ચાલો! મેડમ નીચે બોલાવે છે...”

રાહુલ પગથિયાં ઊતરતો હતો કે છેલ્લે પગથિયે બાપુને લઈને આવતી રાધિકા એને સામે મળી ગઈ. રાધિકાનો હાથ અર્જુનકુમાર દીવાનના ખભે હતો. વોકર વગર રાધિકાના સહારે ધીમે ધીમે ચાલી રહેલા અર્જુનકુમાર

દીવાન રાહુલને જોઈને એક સેકન્ડ અટક્યા.

"ગુડ ઇવનિંગ સર" રાહુલે કહ્યું.

"વેરી ગુડ ઇવનિંગ..." એમણે જવાબ આપ્યો.

રાહુલને નવાઈ લાગી. સામાન્ય રીતે રાહુલ કંઈ પણ બોલે એના જવાબમાં અર્જુનકુમાર દીવાને આડું જ બોલવું પડે એવો એમનો સંબંધ હતો. અર્જુનકુમાર દીવાનને પોતાના ઓરડા અને લાઇબ્રેરી વાપરતો રાહુલ સહેજ પણ નહોતો ગમતો...

પણ, અત્યારે એમણે જે ઉષ્મા અને આનંદથી રાહુલને જવાબ આપ્યો એનું કારણ માત્ર રાધિકાનું આગમન હતું એવું રાહુલ સમજી શક્યો.

"આ મારી દીકરી છે રાધિકા" અર્જુનકુમારના અવાજમાંથી ગર્વ છલકાતો હતો, "સ્ટેનફોર્ડ યુનિવર્સિટીમાં ભણાવતી હતી, હવે અહીં રહેવાની છે."

છેલ્લા વાક્યમાંથી બહુ સ્પષ્ટ સમજાતું હતું કે એમણે રાહુલને ધમકી આપવાનો પ્રયત્ન કર્યો હતો!

"સરસ!" રાહુલે કહ્યું અને રાધિકા સામે જોયું, "નાઇસ મિટિંગ યુ " આટલું કહેતાં કહેતાંમાં તો રાહુલને જાણે ખૂબ મહેનત પડી. બે આંખોમાંથી વરસતું તેજ રાહુલ માટે અસહ્ય હતું. રાધિકાના લખેલા બધા જ અક્ષરો જાણે રાહુલની સામે આવીને નાચવા લાગ્યા. એનાં વાક્યો, એના શબ્દો, એના વિચારો રાહુલને જાણે પકડીને જુદી જુદી દિશામાં ખેંચી રહ્યા હતા.

સીધા વાળ, સુરેખ ચહેરો, લાંબી પાંપણ અને કથ્થાઈ આંખો! આંખોમાં આંજણની પરત... જીન્સ અને ખાદીનો કુર્તો પહેરેલી રાધિકાને જોઈને રાહુલને એને ભેટી પડવાની, બાહુપાશમાં લઈ લેવાની, ચૂમી નાંખવાની ઝંખના થઈ ગઈ!

આ એ સ્ત્રી હતી જેની આ ઘરમાં રહીને રાહુલ રાહ જોઈ રહ્યો હતો.

પોતાની સામે એકીટસે જોઈ રહેલી રાધિકાને જોઈને રાહુલને અચાનક ખ્યાલ આવ્યો કે પોતે એની સામે જે રીતે મોઢું ફાડીને આશ્ચર્યચકિત આંખોથી જોઈ રહ્યો હતો એમાં પોતે કેટલો બાઘો અને સ્ટુપીડ દેખાતો હતો!

"આ છે લાઇબ્રેરીની સાચી માલિક!" અર્જુનકુમાર દીવાન કહી રહ્યા હતા. પણ, રાહુલને કશું જ સંભળાતું નહોતું, "હવે આ આવી ગઈ છે, મેં તને કહ્યું હતુ ને કે એક વાર રાધિકા આવે પછી તારું આવી બનશે..."

"તમે સાચું કહ્યું હતું" રાહુલ જાણે સંમોહિત અવસ્થામાં હતો, ઘણા પ્રયત્ન છતાં એ રાધિકાના ચહેરા પરથી પોતાની નજર જ હટાવી શકતો નહોતો... એ જે રીતે ઊભો હતો એ રીતે પરસાળમાં અર્જુનકુમાર દીવાન અને રાધિકા આગળ જઈ શકે એમ નહોતાં... બરાબર વચ્ચે ઊભેલો રાહુલ મુગ્ધ થઈને રાધિકાની સામે જોઈ રહ્યો હતો...

રાધિકાના ચહેરા પર સ્મિત આવી ગયું, “અમને જવા દેશો પ્લીઝ?” “ઓહ શ્યોર...” એણે કહ્યું, એ ખસી ગયો. રાધિકા અર્જુનકુમાર દીવાનને લઈને ધીમે ધીમે આગળ વધી. અર્જુનકુમાર એની સાથે કંઈ વાત કરતા હતા, રાધિકા એમની વાત સાંભળી રહી હતી. રાહુલ હજી ત્યાં જ ઊભો હતો, જાણે ખોડાઈ ગયો હોય એમ એના પગ સ્થિર થઈ ગયા હતા. એ જતી રાધિકાને એટલા જ મુગ્ધ ભાવે, પહોળી આંખોએ, ખુલ્લા મોંએ જોઈ રહ્યો હતો...

થોડે આગળ જઈને રાધિકાએ પાછળ જોયું, રાહુલ સાથે એની આંખ મળી. અને, કોણ જાણે કેમ પણ રાધિકાને લાગ્યું કે જાણે એ ક્ષણ વીજળીનો લાઇવ વાયર અડકાઈ ગયો હોય એમ આખા શરીરમાં ઝણઝણાટી લઈને ફરી વળી...

એણે નજર વાળી લીધી અને આગળ જવા લાગી.

પણ, રાહુલની એ બે આંખો જાણે રાધિકાનો પીછો કરતી હોય એમ પરસાળમાં એની પાછળ પાછળ જતી હોય એવું એ અનુભવી શકી.

9

ડાઇનિંગ ટેબલ ઉપર પણ રાહુલની આંખો જાણે રાધિકાની આસપાસ ફરતી રહી. એને ઊભા થઈને રાધિકાને અડવાની, એના ચહેરા પર વારે વારે ઝૂકી આવતી વાળની લટ હટાવવાની, એના હોઠ પર આંગળી ફેરવવાની, એની ચિબુક પકડીને આંખોમાં આંખો પરોવવાની... કોણ જાણે કેવી કેવી ઇચ્છાઓ થતી રહી!

માંડ માંડ જાત પર કાબૂ રાખીને રાહુલ ચૂપચાપ જમી રહ્યો હતો.

"કેમ? આજે તારું જમવામાં ધ્યાન નથી..." સુમિત્રાએ એને ટોક્યોય ખરો. રાહુલ કશું બોલ્યો નહીં.

"ડરી ગયો છે. મેં એને કહ્યું હતું કે રાધિકા આવશે પછી એ વિંગ ખાલી કરવી પડશે." અર્જુનકુમાર મોટા અવાજે હસ્યા.

"હું બે વર્ષ અહીં જ રહેવાનો છું."

"જોઈશું." અર્જુનકુમારે કહ્યું અને પછી રાધિકા સામે જોયું, "એણે બે વર્ષનું એડ્વાન્સ ભાડું આપ્યું છે. આપણે પાછું આપી દઈશું. તું મારાવાળી વિંગમાં શિફ્ટ થઈ જા. લાઇબ્રેરી પણ ઠીકઠાક કરવાની છે અને 'થર્ડ બેલ' પૂરી કરવાની છે બેટા..." રાધિકાના આવતાં જ જાણે અર્જુનકુમાર દીવાન જીવવા માગતા હતા. અધૂરાં બધાં કામો પૂરાં કરવા માગતા હતા. રાધિકા પોતાની સાથે એક મુઠ્ઠીમાં જાણે સપનાં લઈને આવી હતી, જે એણે આખા ઘર પર વિખેરી દીધાં હતાં. ઝગમગતા તારાઓની જેમ આખા ઘરના બધાની આંખોમાં એ સપનાં ચમકતાં જોઈ શકતી હતી રાધિકા.

જેમ એ સપનાંઓને વધુ ચમકતાં જોતી હતી એમ વધુ ડર, વધુ નિરાશા અને વધુ સવાલોથી ઘેરાતી જતી હતી.

રાહુલ એક જ હતો, જે રાધિકાના ચહેરા પર મૂંઝવણ અને અકળામણ જોઈ શકતો હતો. એને સમજાતું હતું કે કોઈ એક વાત રાધિકાને તકલીફ આપી રહી છે, મૂંઝવી રહી છે... એને પૂછવું હતું રાધિકાને, પણ પૂછે તો કયા અધિકારે?

રાહુલને વારંવાર ઇચ્છા થતી હતી કે એ રાધિકાની સામે જોઈને બધાની વચ્ચે કહી દે, "હું છું... તારી સાથે, તારા માટે, તારા તમામ સવાલોના જવાબો છે મારી આંગળીનાં ટેરવે, મારી આંખોમાં, મારા બાહુપાશમાં... મારા ખભે માથું મૂકી દે રાધિકા અને ભૂલી જા તારી બધી સમસ્યાઓને..." પણ કહી શકતો નહોતો.

રાહુલને પોતાને નવાઈ લાગતી હતી. જે છોકરીને ઓળખતો નહોતો, એના વિશે આવી લાગણી કેમ થતી હતી એને?

ભણેલો-ગણેલો, દુનિયા જોઈ ચૂકેલો રાહુલ ક્યારેક પોતાની જાત પર ચીડાતો હતો તો ક્યારેક એને હસવું આવતું હતું. ડાઇનંગિ ટેબલ પર જમતી વખતે એણે સ્કૂલમાં જતા છોકરા જેવો પ્રયત્ન કર્યા હતો, રાધિકાનું

ધ્યાન ખેંચવાનો. એને પોતાની તરફ આકર્ષિત કરવાનો. પરંતુ રાધિકા કોણ જાણે કયા વિચારમાં ડૂબેલી હતી... એણે ભાગ્યે જ કોઈ વાતનો જવાબ આપ્યો કે કોઈ વાતમાં રસ લીધો...

સત્યજીત, લજ્જા, સુમિત્રા, અર્જુનકુમાર, રમણકાકા સહિત બધાં જ ડાઇનિંગ રૂમમાં હાજર હતાં. મલય સહેજ મોડો આવ્યો. રાધિકાને જોઈને એક ઔપચારિક સ્મિત કર્યું મલયે... સાવ ત્રીજા માણસને પૂછે એવી રીતે એના કુશળ પૂછ્યા. એ ખુરશી ખેંચીને બેસી ગયો.

રાધિકા એની સામે જોઈ રહી હતી. મલય જાણે આ ઘરનો માણસ ના હોય એટલું બધું ઔપચારિક અને પરાયું વર્તી રહ્યો હતો. અર્જુનકુમાર એની સાથે કંઈક વાત કરવાનો પ્રયત્ન કરે તો મલય ટૂંકો જવાબ આપીને કે ડોકું હલાવીને વાત ટાળી દેતો હતો એ રાધિકાએ નોંધ્યું. યુવાન થઈ ગયેલો મલય ઘરના કોઈની સાથે આત્મીય નહોતો એવું રાધિકા અનુભવી શકી.

સુમિત્રા પણ મલય સાથે જાણે પરાણે, ખેંચાઈને વાત કરતી હોય એમ દંભ કરતી, હસતી, લાડથી વર્તી રહી હતી. ડાઇનિંગ ટેબલ પર લજ્જાની નજર સતત સત્યજીત પર હતી. અર્જુનકુમાર ભૂતકાળની વાતોમાં ખોવાયેલા હતા. બીજા લોકો સાંભળે છે કે નહીં એની ચિંતા કર્યા વિના બસ, બોલ્યે જતા હતા...

રાધિકાએ થોડા જ કલાકો પહેલાં પૂછેલા સવાલથી અને એમની વચ્ચે થયેલી વાતચીતથી સત્યતજીત ખિન્ન અને ઉદાસ હતો.

રાધિકાએ પોતાની સાથે જે રીતે વાત ના કરી, એનાથી સુમિત્રા આહત હતી.

આમ જુઓ તો આખું કુટુંબ કેટલાંય વર્ષો પછી સાથે બેસીને જમતું હતું. સદેહે બધાં જ હાજર હતાં, પણ મન કોઈનુંય અહીં નહોતું.

રાહુલે એક-બે વાર જોક મારવાનો પ્રયાસ કર્યો, પણ જાણે કોઈને એની વાતમાં રસ નહોતો.

એણે અર્જુનકુમાર સાથે પણ વાત કરવાનો પ્રયાસ કર્યો, પણ એમણેય ફરી પાછી રાહુલની વાતને પોતાના ભૂતકાળના પ્રસંગ સાથે જોડીને ઉડાડી દીધી...

ડિનર પત્યું. રાધિકા અન્યમનસ્ક જેવી ઊભી થઈને પોતાના રૂમ તરફ જવા લાગી.

"બેટા, થાકી ગઈ છે?" અર્જુનકુમાર કદાચ હજીયે એની સાથે વાતો કરવા માગતા હતા. રાધિકાએ ડોકું હલાવીને હા પાડી.

"આજે તો આવી છે બિચારી, હવે ક્યાંય નથી જવાની... કાલે વાતો કરજો. તમે દવા લઈને સૂઈ જાવ સાહેબ..." રમણકાકાએ એમને પકડીને ઊભા કર્યા. વોકર સુધી લઈ ગયા. સત્યજીત ઊભો થયો એટલે લજ્જા પણ દોડીને એના હાથમાંથી એંઠી થાળી લેવા લાગી. રાધિકા સ્પષ્ટ રીતે જોઈ શકી કે થાળી લેતાં લેતાં લજ્જાએ સત્યજીતના હાથને સ્પર્શવાનો એક બાલિશ પ્રયાસ કર્યો...

રાધિકા અને સત્યજીતની આંખો મળી. એક જ ક્ષણમાં બંને બીજી તરફ જોઈ ગયાં. મલય એક પણ અક્ષર બોલ્યા વિના પોતાના રૂમ તરફ જવા લાગ્યો. સુમિત્રા અને રમણકાકા ટેબલ પરની વસ્તુઓ ભેગી કરતા પોતાના કામમાં પરોવાયા.

એક રાહુલ જ હતો, જેને સમજાયું નહીં કે કઈ તરફ જવું. એટલે એણે અર્જુનકુમારની સાથે ધીરે ધીરે એમના ઓરડા તરફ ચાલવા માંડ્યું.

"'થર્ડ બેલ' શું છે?" રાહુલ જાણતો હતો, લાઇબ્રેરી ફેંદતી વખતે એમાંથી એને નોટ્સ અને હસ્તલિખિત પ્રતનાં પાનાં મળ્યાં હતાં.

"મારી આત્મકથા છે ઔરંગઝેબ..." અર્જુનકુમારે કહ્યું, "તને ખબર છે હું કોણ છું?"

"ના રે..." રાહુલે ખભા ઊંચક્યા, "હું તો અભણ છું. છાપાંબાપાં વાંચ્યાં નથી ને... તમારા એકેડેમી એવોર્ડ્સ અને ઇન્ટરનેશલ ન્યૂઝ મારા સુધી નથી પહોંચ્યા અર્જુનકુમાર દીવાન..."

"એ તો મને ખબર જ હતી." અર્જુનકુમાર દીવાન હસી પડ્યા. એમણે પહેલી વાર રાહુલના ખભે હાથ મૂક્યો. રાહુલને આખા શરીરમાં જાણે હિમાલયની ઠંડક મહેસૂસ થઈ. એણે અર્જુનકુમાર સામે જોયું અને ક્ષણેક વિચાર કરીને એમનો હાથ પકડી લીધો. વોકર ત્યાં જ, સાઇડમાં મૂકી દીધી. અર્જુનકુમારે જે નજરે રાહુલ સામે જોયું એ નજર રાહુલની અંદર ઊંડે સુધી ઊતરી ગઈ...

બંને જણા ચૂપચાપ અર્જુનકુમારના ઓરડા સુધી ગયા. રાહુલે એમને પલંગ પર બેસાડ્યા. બંને ગાલ પર હાથ મૂક્યા અને હળવેથી કહ્યું, "ગુડ નાઇટ ઓલ્ડમેન..."

"ઓલ્ડમેન તારો બાપ..." અર્જુનકુમારે કહ્યું. બંને ફરી હસી પડ્યા. રાહુલ આખી રાત સૂઈ શક્યો નહીં. પોતાની બિલકુલ સામેની વિંગમાં સો ડગલાં ચાલીને પહોંચી જવાય એટલે દૂર રાધિકા હતી. એ વિચાર એને નખશિખ વિચલિત કરી રહ્યો હતો.

એ રાધિકા પાસે પહોંચી જવા માગતો હતો. એને હચમચાવીને, હલબલાવીને કહેવા માગતો હતો કે, "મેં તારી રાહ જોઈ છે રાધિકા, ક્ષણે ક્ષણ તને ઝંખી છે. ફક્ત તારા જ માટે આ ઘરમાં રહું છું હું..."

એને પોતાને જ પોતાની મનઃસ્થિતિ પર હસવું આવતું હતું.

જો એ ખરેખર આવી રીતે પહોંચી જાય તો શું થાય એ વિચારમાત્રથી એનું રોમરોમ રોમાંચિત થઈ ગયું.

એને જાતને રોકવી મુશ્કેલ લાગી.

"એ જે વિચારવાની હોય એ વિચારે, જે ધારવું હોય તે ધારે એ મારા વિશે! આઇ ડોન્ટ કેર... આમ રોજ રોજ આખી રાત તો નહીં જગાય મારાથી..." રાહુલ ઊભો થયો. લાઇટ કરી, અરીસામાં જોયું, વાળમાં આંગળી ફેરવી, સ્લીપરમાં પગ નાખી, ટ્રેકના ખિસ્સામાં હાથ નાખી રૂમની બહાર પરસાળમાં આવ્યો...

પણ એણે જે જોયું એ આશ્ચર્યચિકત કરી નાખે એવું દશ્ય હતું. નાઇટી પર ઘૂંટણ સુધીનો ડ્રેસિંગ ગાઉન પહેરેલી રાધિકા ધીમે ધીમે પગથિયા ચડીને રાહુલની વિંગ તરફ આવી રહી હતી.

રાહુલ પોતાના રૂમમાં જતો રહ્યો અને બારણાની આડશે ઊભો રહીને રાધિકા શું કરે છે તે જોવા લાગ્યો... રાધિકા જાણે સંમોહિત હોય એમ ચાલતી ચાલતી લાઇબ્રેરી સુધી આવી. લાઇબ્રેરીના બારણાને ધક્કો મારીને ખોલ્યાં એ અંદર દાખલ થઈ ગઈ.

લાઇબ્રેરીમાં જવું કે નહીં એની અસમંજસમાં જાત સાથે લડતો રાહુલ ત્યાં જ ઊભો હતો.

પણ, એ જાતને રોકી શક્યો નહીં એટલે એ પણ સહેજ ધીમેથી અવાજ ન થાય એ રીતે લાઇબ્રેરીના બારણાને ધક્કો મારીને અંદર દાખલ થયો. લાઇબ્રેરીમાં દાખલ થતાંની સાથે એણે જે જોયું એ દશ્ય એ એને ચકિત કરી નાંખ્યો.

રાધિકા જાણે વર્ષો જૂના મિત્રોને મળતી હોય એમ એક પછી એક પુસ્તકોને સ્પર્શી રહી હતી. એની આંખોમાં અજબ જેવો ભાવ હતો... પુસ્તકોને સ્પર્શતાં એની આંગળીઓ જાણે સિતાર પર ફરતી હોય એમ એનું અંગેઅંગ ઝણઝણતું હતું... કોણ જાણે કેટલીયે સ્મૃતિઓનાં દ્વાર ઊઘડતાં હતાં એ પ્રત્યેક સ્પર્શમાં!

રાહુલ એને જોઈ રહ્યો હતો.

રાહુલને પણ જાણે રાધિકાની આ લાગણી સ્પર્શતી હોય એમ એણે પાસે

પડેલાં પુસ્તકોને આંગળીના ટેરવાથી સ્પર્શવાનો પ્રયાસ કર્યો.

આજ સુધી અનેક વાર એ લાઇબ્રેરીમાં આવ્યો હતો, અનેક વાર એણે આ પુસ્તકોને હાથ લગાડ્યો હતો, અનેક વાર આખી આખી રાત આ લાઇબ્રેરીમાં વીતાવી હતી. પરંતુ, આજની આ પળ જાણે આ નવું જ સ્થળ હોય એવો અનુભવ આપી રહી હતી.

રાધિકાની હાજરી માત્રથી જાણે આખાય ઓરડામાં એક સંજીવની ફૂંકાઈ હોય એમ ઓરડાના ઇંચે ઇંચમાં પ્રાણ આવી ગયા હતા.

આજ ઓરડામાં રાહુલે અનેક વાર રાધિકાના વિચારો કર્યા હતા, અનેકવાર રાધિકાની કલ્પનાઓ કરી હતી, અનેક વાર મનોમન કેટલાય સંવાદો કર્યા હતા રાધિકાની સાથે. આજે જ્યારે ખરેખર આ ઓરડામાં રાધિકા હાજર હતી ત્યારે રાહુલમાં હિંમત નહોતી કે જઈને રાધિકાને બોલાવે, એની પોતાની હાજરી વિશે કહે કે એની સામે પોતાની લાગણી જાહેર કરે!

રાહુલ ચૂપચાપ ખૂણામાં ઊભો રહીને જોઈ રહ્યો હતો. રાધિકાએ પુસ્તકોના ઢગલાને આમતેમ કરીને જાણે કંઈ શોધતી હોય એમ જોવા માંડ્યું... પુસ્તકોના ઢગલાને ખસેડીને એણે અંદરથી રવીન્દ્રનાથ ટાગોરની કવિતાઓનું એક પુસ્તક ખેંચી કાઢ્યું. પુસ્તક હાથમાં લઈને એના પર મમતાથી હાથ ફેરવ્યો અને પછી એના પાનાં ઉથલાવી એની વચ્ચે મુકાયેલો એક કાગળ ખેંચી કાઢ્યો.

એ કાગળ હાથમાં આવતા જ રાધિકાનો ચહેરો બદલાઈ ગયો. ત્રીસીમાં પ્રવેશી ચૂકેલી રાધિકા જાણે સત્તર વર્ષની હોય એમ એ કાગળ હાથમાં પકડીને મંદ મંદ હસી રહી હતી. એણે એ કાગળ બહાર કાઢીને ખોલ્યો, એ કાગળ વાંચતા એના ચહેરા પર જે ભાવ આવતા હતા એ કોઈ મુગ્ધા કે કિશોરીના ચહેરા પરના ભાવ હતા.

રાહુલને અફસોસ થયો. આમ તો એણે અહીંનાં પુસ્તકોનાં પાને પાનાં ઉથલાવ્યાં હતાં. જ્યાંથી રાધિકાના અક્ષરમાં જે કાંઈ મળે એ બધું જ વાંચવાનો પ્રયાસ કર્યો હતો... તો પછી આ રવીન્દ્રનાથ ટાગોરનું પુસ્તક કેવી રીતે રહી ગયું?

એને અત્યારે દોડી જઈને રાધિકાના હાથમાંથી એ પત્ર છીનવી લેવાની ઇચ્છા થતી હતી. રાધિકાના ચહેરા પરના ભાવ સ્પષ્ટ કહી રહ્યા હતા કે એ પત્રમાં કશું એવું હતું કે ખૂબ ઋજુ અને મૃદુ હતું... એ પત્ર સાથે રાધિકાની કોઈ ખૂબ મધુરી યાદો જોડાયેલી હતી.

આ પત્ર એણે જ અહીં સાચવીને મૂક્યો હોવો જોઈએ, અહીંથી જતા પહેલાં...

એનો અર્થ એમ કે... રાહુલનું મગજ ચકરાવે ચડી ગયું, ‘આ પત્ર... આ પત્ર તો વીરેનનો હોઈ શકે અથવા રાધિકાના કોઈ બીજા બોયફ્રેન્ડનો... ’

“એને હજી આ પત્ર યાદ છે! વાંચવો છે! એનો અર્થ એમ થાય છે કે એ માણસ એને હજી યાદ છે” રાહુલને ઈર્ષા થઈ આવી. રાહુલ અમસ્તોય પોતાની જાતને કશુંય કરતા રોકી શકતો નહીં, તદ્દન ઇમ્પલસીવ વગર વિચાર્યું વર્તનારો અને વર્ત્યા પછી ભાગ્યે જ વિચારનારો રાહુલ પોતાની જાતને રોકી શકે એ પહેલાં એ પુસ્તકોના ઘોડાની આડશની બહાર નીકળ્યો. એ રાધિકા સુધી પહોંચી ગયો. રાધિકા હજીયે પત્ર વાંચવામાં તલ્લીન હતી. રાહુલના આવવાથી થયેલા પદસંચારથી એ સહેજ જાગી, હજી કંઈ સમજે એ પહેલાં રાહુલે એની સામે જઈને એના હાથમાંથી એ કાગળ લઈ લીધો.

“કોનો કાગળ છે?” પૂછીને એણે સીધો જ એ કાગળ વાંચવા માંડ્યો. “અરે, આ મારો કાગળ છે” રાધિકા ઝપટ મારીને ઝૂંટવવા ગઈ પણ રાહુલે એ કાગળ એની પહોંચની બહાર લઈ લીધો, “વિચિત્ર માણસ છો તમે? આવી રીતે કોઈનો પર્સનલ કાગળ...”

“તમારી અને મારી વચ્ચે એક્ચ્યુલી કશું પર્સનલ છે જ નહીં.” રાહુલે કહ્યું અને રાધિકાથી ઊંધો ફરીને કાગળ વાંચવા માંડ્યો.

“વ્હાલી દીકરી રાધિકા” રાહુલે સંબોધન વાંચ્યું, “ઓહ... આ તો અર્જુનકુમાર દીવાનનો કાગળ છે...”

“હા, પણ મારી ઉપર છે.” રાધિકાએ એ કાગળ ઝૂંટવવાની ફરી એક નિરર્થક કોશિશ કરી.

“તો?” રાહુલે બિલકુલ અનૌપચારિક રીતે એની સામે જોયું, “તમારા પર આવેલા અને તમે લખેલા ઘણા કાગળો મેં વાંચ્યા છે.”

“વોટ?” રાધિકા એની સામે નવાઈથી જોઈ રહી, “યુ મીન...” “યસ... તમારી ગેરહાજરીમાં આ લાઇબ્રેરીનું લગભગ એક એક પુસ્તક મેં ફેંદ્યું છે, એક એક કાગળ વાંચ્યો છે, તમારી ડાયરી, અર્જુનકુમાર દીવાનની અડધી આત્મકથા પણ હું વાંચી ચૂક્યો છું.” રાહુલના ચહેરા પર સ્મિત હતું, કશું મેળવી ચૂક્યાનું સ્મિત, કશું પામીને તૃપ્ત થયાનું સ્મિત “રાધિકા, મને ખબર નથી કે તું માનીશ કે નહીં પણ હું તને એટલી ઓળખું છું જેટલી તું પણ તારી જાતને ન ઓળખતી હોય...” રાધિકા કશું બોલી નહીં. એ ફક્ત રાહુલની સામે જોતી રહી, “હું અમસ્તોય ગોળ ગોળ વાત કરવામાં નથી માનતો... જે દિવસથી આ ઘરમાં દાખલ થયો એ દિવસથી શરૂ કરીને આ પળ સુધી મેં ફક્ત તારી રાહ જોઈ છે રાધિકા..આ ઘરમાં અને મારી જિંદગીમાં... તું લગભગ સાથે દાખલ થઈ છે.”

“પણ, એ બરોબર નથી.” રાધિકાના ચહેરા પર ગુસ્સો સ્પષ્ટ દેખાતો હતો. બંધ પરબીડિયાની જેમ સીલ કરીને રાખેલી એની જિંદગી સાવ અજાણ્યા માણસ સામે ઊઘડી ચૂકી હતી! એ માણસ એના વિશે બધું જ જાણતો હતો, એ માણસને પોતે નહોતી ઓળખતી પણ એ માણસ એને પૂરેપૂરી ઓળખી ચૂક્યો હતો.

રાધિકાને જાણે કશું ગુમાવી દીધાનો અહેસાસ થઈ ગયો. જિંદગી આખી એ એક બંધ મુઠ્ઠીની જેમ જીવી હતી. સામેના માણસને એના વિશે કંઈ જ જાણવા ન મળે, સામેનો માણસ એને ન જ ઓળખી શકે, ન જ સમજી શકે એવો પ્રયત્ન જાણે-અજાણ્યે એ કરતી રહી હતી...

આજે એની સામે એક એવો માણસ ઊભો હતો જે એને ઓળખવાનો, જાણવાનો, સમજવાનો દાવો કરતો હતો. રાધિકાને શું કહેવું એ સમજાતું નહોતું. એ લગભગ અવાચક રાહુલની સામે જોઈ રહી હતી.

રાહુલ એના ચહેરા પર લીંપાયેલી અસમંજસ અને આશ્ચર્ય વ્હાલથી જોઈ રહ્યો. પછી પત્ર હાથમાં પકડીને મોટેથી વાંચવા લાગ્યો, “વહાલી દીકરી રાધિકા... છેલ્લા કેટલાય દિવસથી તું મારી સાથે વાત નથી કરતી. જોઈ શકું છું કે મેં ભરેલા પગલા વિશે તું નારાજ છે. પરંતુ એ વિશે તને ધીરજથી વિચારવાની વિનંતી કરું છું.” રાહુલે રાધિકા તરફ જોયું, એની આંખો સહેજ સજળ બની હતી, એણે પત્ર પાછો માગવા હાથ લંબાવ્યો. રાહુલે પત્ર તો પાછો ના આપ્યો, પણ એનો હાથ પકડી લીધો, “તારે પણ વાંચવાનો જ છે... હજુ સુધી તેં આ પત્ર નથી વાંચ્યો, રાઇટ?”

રાધિકાની આંખોમાં આશ્ચર્ય ઉમેરાયું, ‘આ માણસને કેવી રીતે ખબર હતી કે પોતે પત્ર વાંચ્યા વિના આ પુસ્તકમાં મૂકી દીધો હતો!’

“તને અધિકાર છે મારાથી નારાજ થવાનો, રિસાવાનો, મારા કોઈ પણ વર્તન અંગે ફરિયાદ કરવાનો.” રાહુલ પત્ર વાંચતો જતો હતો અને રાધિકાની આંખમાં ધીમે ધીમે પાણી છલકાતાં જતાં હતાં, “પરંતુ તેં જે રીતે બોલવાનું બંધ કર્યું છે એનાથી મારી અંદર અપરાધની લાગણી વધતી જાય છે. મેં મારી જિંદગી જીવવાનો એક નાનકડો પ્રયાસ કર્યો છે. એનાથી તને આટલું બધું દુઃખ થશે એવી જાણ હોત તો હું ક્યારેય આવું ના કરત. તું પણ જાણે છે કે આજ સુધી હું ફક્ત તારા માટે જીવ્યો છું. તારી માના ગયા પછી તને કોઈ વાતે ઓછું નથી આવવા દીધું.”

“રાધિકા...” રાહુલે એની તરફ જોયું, એ દૂર ક્યાંક શૂન્યમાં જોઈ રહી હતી. એની આંખોમાં પાણી છલોછલ

ભરાઈ ગયાં હતાં. નીચે ટપકવા તૈયાર, તોળાઈ રહેલાં આંસુ રાહુલે હાથ લંબાવીને લૂછી નાખ્યાં. એણે આગળ વાંચવા માંડ્યું, "હું સુમિત્રાને તારી માની જગ્યાએ નથી લાવ્યો. એને પ્રેમ કરું છું એવો દાવો પણ નથી કરતો. તું કદાચ આજે મારી વાત નહીં સમજી શકે, પણ સમય સાથે તને સમજાશે કે એક પુરુષને એક સ્ત્રીની જરૂરિયાત શા માટે હોય છે..."

રાહુલે રાધિકા તરફ એક ડગલું ભર્યું, એનો ચહેરો ચિબુકથી પકડ્યો, એની આંખોમાં જોયું, "એક પુરુષને એક સ્ત્રીની જરૂર હોય છે રાધિકા, અને એ જરૂર એને ક્યારે, કઈ પળે અને કયા સંજોગોમાં મહેસૂસ થાય છે એની એને પોતાનેય ખબર નથી પડતી."

રાધિકા રાહુલની આંખોમાં જોઈ રહી. પત્ર હજી રાહુલના હાથમાં હતો. હવે સજળ નયને રાધિકા ઇચ્છી રહી હતી કે રાહુલ જ પત્ર પૂરેપૂરો વાંચીને એને સંભળાવે.

રાહુલ રાધિકાની આંખોમાં જોઈ રહ્યો હતો. પોતાની જાતને એકદમ સ્ટ્રોંગ અને મજબૂત માનતી રાધિકા આ પળે જાણે નિર્ણય કરવાની શક્તિ ગુમાવી બેઠી હતી. કોઈની સાથે પોતાની લાગણી વહેંચવી એને નબળાઈ માનતી રાધિકા અત્યારે પિતાનો પત્ર રાહુલના મોઢે સાંભળવા માગતી હતી! એને પોતાને પણ નવાઈ લાગતી હતી. આ શું થઈ રહ્યું હતું એને? કંઈ મનઃસ્થિતિ હતી આ? શો અર્થ આ આખીય વાતનો? અને છતાંય રાહુલે ચિબુકથી પકડેલો પોતાનો ચહેરો એણે છોડાવવાનો પ્રયાસ ના કર્યો. એ માત્ર રાહુલની આંખોમાં જોઈ રહી.

એ પત્ર વાંચી રહ્યો હતો કે પોતાના મનની વાત કહી રહ્યો હતો એ નક્કી કરવું અઘરું હતું.

"જેવી સ્ત્રીની તમે કલ્પના કરી હોય એવી સ્ત્રી દરેક વખતે મળે એ જરૂરી નથી. માણસે સમાધાન કર્યા જ કરવું પડે છે. સંજોગો, શરીર અને સમસ્યાઓ સાથે." રાહુલનો ઘેરો, ભીનો, સ્મૂધ અવાજ જાણે કોઈ વહેતી નદી હોય એમ રાધિકા એ અવાજમાં ડૂબતી – તરતી – તણાતી જતી હતી, "સ્ત્રી અને પુરુષના સંબંધ બહુ વિચિત્ર હોય છે. એકબીજા વિના પણ ના જીવી શકે અને એકબીજાની સાથે જીવવું પણ અઘરું જ લાગે." રાહુલ ધીમે ધીમે રાધિકાની નજીક આવી ગયો હતો. એના શ્વાસ રાધિકાના ચહેરા પર ટકરાઈને પાછા ફરી રહ્યા હતા. એના આફ્ટર શેવની સુગંધ અને એણે છેલ્લે પીધેલી સિગરેટના ઉચ્છ્વાસ રાધિકાના શ્વાસમાં થઈને એના દિમાગનો કબજો લઈ રહ્યા હતા.

રાધિકા આ પરિસ્થિતિમાંથી જાતને છોડાવવા માગતી હતી, પણ રાહુલના શ્વાસ જાણે ધીમે ધીમે એના પર સંમોહનની અસર કરી રહ્યા હતા.

"એણે એટલા જ નજીક ઊભા રહીને આગળ વાંચવાનું શરૂ કર્યું, સ્ત્રી એટલે શું બેટા? દરેક વખતે એક પુરુષ અને એક સ્ત્રી વચ્ચે શરીરનો જ સંબંધ એવું નથી હોતું. સુમિત્રાનાં બે સંતાનો સાથે હું એને અહીં લાવ્યો છું એ માત્ર શરીરસુખ ભોગવવા માટે? અને એ પણ જ્યારે, તું સત્તર વર્ષની થઈ ગઈ છે ત્યારે?"

રાહુલની આંગળીઓ હજીયે રાધિકાની ચિબુકને પકડીને ધ્રૂજતી હતી. એના બીજા હાથમાં પત્ર હતો. એ લગભગ રાધિકાના કાનમાં વ્હિસ્પર કરી રહ્યો હોય એમ પત્ર વાંચી રહ્યો હતો, "બેટા, એક સંબંધ હોય છે

દોસ્તીનો, વાતો કરવાનો! બે માણસોની વચ્ચે વહેંચાતી બૌદ્ધિકતાનો... રાધિકા, માણસ એકલો જીવી જાય છે. જીવી શકે છે પણ એને ધબકવા માટે, શ્વાસ લેવા માટે, પોતે માણસ છે એવું અનુભવવા માટે બીજા માણસની જરૂર પડે છે અને એ બીજો માણસ સામાન્ય રીતે વિજાતીય હોય એવું દરેક ઇચ્છે છે."

રાહુલ રાધિકા સામે જોઈ રહ્યો, "રાધિકા, તારા બાપુએ કેટલું સાચું લખ્યું છે... આ એમણે પોતાની નહીં, મારી વાત લખી છે. જ્યાં સુધી આ ઘરમાં નહોતો આવ્યો ત્યાં સુધી મને લાગતું હતું કે સ્ત્રી જિંદગીમાં જરાય જરૂરી વસ્તુ નથી."

"વસ્તુ?!?" રાધિકાની આંખો ગોળ થઈ ગઈ. એણે નવાઈથી પોતાની સામે જોયું, ઝટકો મારીને પોતાનો ચહેરો છોડાવ્યો. લગભગ નશામાં ડૂબી ગયેલી ક્ષણો જાણે પૂરી થઈ ગઈ. એક ધુમ્મસભર્યું વાદળું બંને ઉપરથી પસાર થઈને, બંનેને ભીંજવીને કોઈ બીજી દિશામાં વળી ગયું, "તું સ્ત્રીને વસ્તુ માને છે?" રાધિકા 'તમે'માંથી 'તું' પર ક્યારે આવી ગઈ એની એને પોતાનેય ખબર ના પડી.

"માનતો હતો... મને એવું લાગતું હતું કે પુરુષ અને સ્ત્રીનો સંબંધ લગ્નથી શરૂ કરીને લડાઈ સુધી અને પ્રણયથી શરૂ કરીને પથારી સુધીમાં પૂરો થઈ જાય છે." "નોનસેન્સ..."

"એમ જ હશે..." રાહુલ હસ્યો, "મારે એ વિશે કોઈ સેમિનાર નથી કરવો તારી સાથે." એણે એનો હાથ રાધિકાના વાળમાં પરોવ્યો. આંગળીઓથી માથાને આધાર આપ્યો, એને નજીક ખેંચી. રાધિકાએ અક્કડ રહીને રાહુલના એ નજીક ખેંચવાના પ્રયાસને ખાળ્યો.

"જો રાહુલ, તું કોઈ પણ હોય... મને નથી ખબર... પણ આ ઘર મારું છે અને તારા એડ્વાન્સ આપેલા પૈસા હું તને પાછા આપવા તૈયાર છું."

"પણ હું લેવા તૈયાર નથી." રાહુલ હજી હસી રહ્યો હતો. એની આંખોમાં શરારત હતી, "એક વાર વેચેલો માલ અમે પાછો નથી લેતા, એક્સચેન્જ ઓફર પણ નથી આપતા..."

"એટલે તું..."

"એટલે હું..." રાહુલ હસતાં હસતાં રાધિકાની નજીક આવ્યો. એના કપાળ સાથે કપાળ ટકરાવ્યું, "હું અહીંથી નથી જવાનો."

"હાઉ કેન યુ ડુ ધેટ?"

"હું કંઈ પણ કરી શકું રાધિકા." રાધિકાના ચહેરાથી અડધો જ ઇંચ દૂર રાહુલની આંખોમાં ઘેલછા ઊતરી આવી હતી, "કંઈ પણ... તારા જેવી સ્ત્રી માટે મને કંઈ પણ કરવું મંજૂર છે." રાધિકા નવાઈથી એની સામે જોઈ રહી હતી, "મને લાગે છે હું તને ચાહવા માંડ્યો છું. પ્રેમ કરવા માંડ્યો છું. કશુંક એવું બન્યું છે મારી અંદર, જેની મને પોતાને કલ્પના નહોતી રાધિકા..."

"સ્ટૂપિડ જેવી વાત છે. કોઈને મળ્યા વિના, ઓળખ્યા વિના તમે ચાહી કેવી રીતે શકો?"

"મેં હજી હમણાં જ કહ્યું કે મને ખબર નથી કે તું માનીશ કે નહીં, હું તને એટલી ઓળખું છું, જેટલી તું પણ તારી જાતને ન ઓળખતી હોય."

"ઓ.કે." રાધિકા બે ડગલાં દૂર ખસી. એણે અદબ વાળી અને ખભા ઉલાળ્યા, "હું આ વાત માની લઉં છું. તો એનાથી શો ફેર પડે છે તારી જિંદગીમાં કે મારી જિંદગીમાં?" રાધિકાનો અવાજ જરા ખોખરો થઈ ગયો, સહેજ ઊંચો પણ... એના અવાજમાં સહેજ ચીડની છાંટ ભળી, "તમને ખબર છે મિસ્ટર રાહુલ, મારી જિંદગીમાં અત્યારે સાવ જુદી બાબતો અગત્યની છે. જે પ્રેમની તમે વાત કરી રહ્યા છો એવા પ્રેમમાં હું આજથી દસ વર્ષ પહેલાં પડીને નીકળી ગઈ." એણે કટાક્ષથી રાહુલ સામે જોયું, "જે અનુભવ તમારે માટે બહુ રોમાંચકારી, વિસ્મયજનક, અદ્‌ભુત અને જિંદગીનો પહેલો અનુભવ છે એ અનુભવ આજથી મેં દસ વર્ષ પહેલાં કર્યો છે રાહુલ. હું ઉંમરમાં તમારાથી ચાર-પાંચ વર્ષ અને અનુભવમાં એક દસકો મોટી છું."

"તો?" રાહુલે ખભા ઉલાળીને રાધિકા તરફ નવાઈથી જોયું, "તેં જે ભૂલ દસ વર્ષ પહેલાં કરી એ મારે આજે કરવી છે."

"શાબાશ!" રાધિકાએ વધુ નવાઈથી રાહુલ તરફ જોયું, "એટલે તને ખબર છે આ ભૂલ છે એ..."

"કમ ઓન રાધિકા, તારા જેવી સ્ત્રી સાથેનો પ્રેમ એ ભૂલ નહીં તો બીજું શું છે? જે પોતાની લાગણી પણ સમજી નથી શકતી એ બીજાની લાગણી શું સમજવાની? જેને પોતાના ઇમોશન્સ નથી સમજાતા, એને બીજાના ઇમોશન્સ શું સમજાય? જે પોતે જ મધદરિયે ગોથાં ખાય છે એ હલેસાં મારીને, મારી નાવને સામે પાર લઈ જશે એવું માનવું બેવકૂફી છે."

"તો શું કામ કરવી છે આ બેવકૂફી?"

"મારો મારી જાત પરથી કાબૂ જતો રહ્યો છે રાધિકા. એક સમય હતો, જ્યારે મને લાગતું હતું કે હું મારી જાત ઉપર મુસ્તાક હતો... મને લાગતું હતું કે હું જિંદગી મારા કાયદાથી જીવું છું... ક્યારેય મેં કોઈના ગમા-અણગમાની પરવા નથી કરી. લાગણી નામનો શબ્દ મારા શબ્દકોષમાં નહોતો. મેં તારી જ ડાયરીમાં વાંચ્યું હતું કે આપણા ઇમોશન્સ જો આપણા કાબૂમાં ના રહે તો એ આપણને પોતાના કાબૂમાં કરી લે." રાહુલ હસી પડ્યો, "રાધિકા, તેં જે લખ્યું હતું એ તારા માટે તો સાચું પડ્યું જ, મારા માટે પણ સાચું પડી ગયું. બે લોકોનાં નસીબ આમ જોડાતાં હશે એવી મને કલ્પના નહોતી."

"કેવાં નસીબ ને કેવી કલ્પના... તું તારી પોતાની બનાવેલી મૂરખ જેવી દુનિયામાં જીવે છે રાહુલ. બહાર નીકળી જા. મારા માટે પ્રેમ શબ્દનો કોઈ અર્થ જ નથી રહ્યો હવે..." રાધિકાનો અવાજ ભરાઈ આવ્યો, "અંગત સુખ, ઇચ્છા કે પોતાની જિંદગી નામના શબ્દો મેં છેકી કાઢ્યા છે. હું જે પળે લંડનથી પાછી ફરી એ પળથી મારી જિંદગી આ કુટુંબ માટે છે." રાધિકા રાહુલ સામે એક ક્ષણ જોઈ રહી, "તને નહીં સમજાય, મેં કેવડો મોટો અન્યાય કર્યો છે આ કુટુંબ સાથે, મારા પિતા સાથે, મારાં ભાઈ-બહેન સાથે... અને કદાચ..." એ સહેજ અચકાઈ, "સુમિત્રા સાથે પણ..." એ થોડી વાર ચૂપ રહી. પછી એણે રાહુલ સામે જોયું, "એ અન્યાયનો મારે હિસાબ કરી આપવાનો છે. ગઈ કાલ સુધી જે જવાબદારીઓ અર્જુનકુમાર દીવાનની હતી એ બધી આજથી મારી છે રાહુલ..."

રાહુલ થોડી વાર એની સામે સ્થિર નજરે જોઈ રહ્યો. પછી બહુ જ શાંતિથી, સ્વસ્થતાથી એણે રાધિકાનો હાથ પકડ્યો, "હું તારી શી મદદ કરી શકું?"

"નોકરી..." રાધિકાએ રાહુલ સામે એટલી જ સ્થિર નજરે જોયું, "તું મને એક નોકરી અપાવી શકે રાહુલ, અને એટલું પૂરતું છે."

"ઓ.કે." રાહુલે ખભા ઉલાળ્યા, "મિસ રાધિકા દીવાન, એમ. એ. પોલિટિકલ સાયન્સ, ઇકોનોમિક્સ, માસ્ટર ઇન હ્યુમન રિસૌર્સ મેનેજમેન્ટ... એક્સ પ્રોફેસર સ્ટેનફોર્ડ યુનિવર્સિટી... તમારા માટે નોકરી અઘરી નથી. અમારો હ્યુમન રિસોર્સ ડિપાર્ટમેન્ટ આવા લોકોને શોધતો હોય છે." એણે ખિસ્સાં ફંફોસ્યાં, પછી હસ્યો, "મારું કાર્ડ નથી અત્યારે, કાલે મને સી.વી. આપી દેજે. હું માનું છું ત્યાં સુધી તું નેક્સ્ટ વીક તો જોઇન કરી શકીશ."

"વ્હોટ?" રાધિકાએ જે સાંભળ્યું એના પર એને વિશ્વાસ નહોતો.

10

"લબાડ... જુઠ્ઠો છે એ... જે દિવસથી આવ્યો એ દિવસથી મને ઇમ્પ્રેસ કરવાની ટ્રાય કરે છે." અર્જુનકુમાર દીવાન કહી રહ્યા હતા. રાધિકા એમની સામે બેઠી હતી. લજ્જા ભીંતને અઢેલીને ઊભી હતી. રમણકાકા અર્જુનકુમારની બાજુમાં ખુરશી પર હાથ રાખીને ઊભા હતા, "એ તને શું નોકરી આપવાનો? હું વાત કરીશ ચાર-પાંચ જણા જોડે... સાહિત્ય અકાદમીના વડા મારા મિત્ર છે, યુનિવર્સિટીમાં પણ વાત થઈ શકે. એવી નોનસેન્સ કંપનીમાં નોકરી કરવાની જરૂર શી છે?"

રાધિકા કશું જ બોલ્યા વિના એમની સામે જોઈ રહી, 'આ માણસને કંઈ ખબર જ નથી, અથવા ખબર છે અને છતાં એ પરિસ્થિતિથી મોઢું છુપાવે છે. કોને ખબર!'

બારસાખની આડે ઊભેલી સુમિત્રા રાધિકા સામે જોઈ રહી હતી.

"બાપુ, નોકરી તો કરવી જ પડશે. હું અહીંયાં બેસી નહીં રહી શકું."

"તને બેસી રહેવાનું કોણ કહે છે? તું મારી આત્મકથા પૂરી કર. પબ્લિશર્સ ખડા પગે તૈયાર છે. અર્જુનકુમાર દીવાનની આત્મકથા છાપવા પડાપડી થશે."

લજ્જાથી અનાયાસે સુમિત્રા સામે જોવાઈ ગયું. એ બંનેની આંખોમાં જે ભાવ હતો તે રાધિકાથી અજાણ્યો ના રહ્યો. એ સમજી શકતી હતી કે સુમિત્રા આવી વાતોથી શું અનુભવતી હશે. હવે અર્જુનકુમાર દીવાન એટલી મહત્ત્વની વ્યક્તિ નહોતા જ રહ્યા કે એમની આત્મકથા છાપવામાં કોઈને પણ રસ પડે. આ વાત રાધિકા સમજી શકતી હતી... કોઈ એક જમાનામાં દાયકા પહેલાંનું આ શહેર અને એનું વાતાવરણ હવે બદલાઈ ચૂક્યાં હતાં. જૂની હવેલીની બહાર જ નહીં નીકળેલા અર્જુનકુમાર દીવાનને ખબર નહોતી. એ માનતા હતા કે જગત આજે પણ એ જ છે, જે આજથી એક દાયકા પહેલાં હતું.પોતાની પ્રસિદ્ધિ અને સફળતા વિશે પણ એમનો કદાચ આવો જ કોઈ ભ્રામક ખ્યાલ હતો અથવા એ જાતને બહેલાવી રહ્યા હતા...

"જો બેટા, આપણી પાસે બધું છે. તારે એવી નાનીસૂની નોકરી કરવાની જરૂર નથી."

"બાપુ, બધું એટલે શું?" રાધિકાના સવાલમાં એક એવી વેધકતા હતી, જે ત્યાં ઊભેલા દરેક માણસની આરપાર નીકળી ગઈ, "તમે પણ સમજો છો બાપુ, નોકરી કરવાની જરૂર છે જ અને એ વાતને હવે છુપાવવાનો અર્થ નથી."

અર્જુનકુમારને ડૂમો ભરાઈ આવ્યો, "બેટા, મેં તને આર્થિક મદદ કરવા નથી બોલાવી અહીં. સત્યજીતે તને જે કંઈ કહ્યું હોય તે, તું મારું ઘર ચલાવવા નથી આવી અહીં..." એ બીજી તરફ જોઈ ગયા, "સુમિત્રાનાં સંતાનો મારી જવાબદારી છે, તારી નહીં."

"મારાં સંતાનો કોઈનીયે જવાબદારી નથી." સુમિત્રાનો અવાજ અનિચ્છાએ કડવો અને ઊંચો થઈ ગયો, "એ એમનું નસીબ લઈને આવ્યાં છે, જીવશે એમની રીતે..." એણે વધુ કડવાશ ઉમેરીને કહ્યું, "આમેય તમને

રાધિકા સિવાય કોઈ ચંતિા થઈ છે ક્યારેય?"

રમણકાકાને ભય લાગ્યો કે વાત આડે પાટે ચડી જશે એટલે એ હસવા લાગ્યા, "ભાઈ, તમે આખી જિંદગી દીકરો-દીકરો કહીને ઉછેરી છે ને તો હવે દીકરો થઈને મદદ કરશે તમારી. એમાં ખોટું શું છે? અને ભાભીનાં છોકરાંઓ અને તમારાં છોકરાંઓ એવો કોઈ ભેદ હોય? એય રાધિકાનાં ભાઈ-બહેન જ છે ને?"

"બાપુ, રમણકાકા સાચું કહે છે. દીકરો- દીકરો કહીને બગાડીને છે મને... દીકરીની જેમ તો ઉછેરી નથી." રાધિકાનો અવાજ સહેજ ધ્રૂજ્યો, "દીકરીની જેમ ઉ છેરી હોત તો સારું થાત. અત્યાર સુધીમાં ક્યાંક લગ્ન કરીને ગોઠવાઈ ગઈ હોત." પછી ખ્યાલ આવ્યો કે વાત બહુ સિરિયસ થઈ ગઈ છે. એટલે હસી પડી, "એક-બે છોકરાંઓ હોત..."

"બેટા..." બીજું કોઈ સમજ્યું કે નહીં, અર્જુનકુમાર દીવાન રાધિકાના અવાજમાં રહેલો ખાલીપો અને તકલીફ બંને સમજી શક્યાં, "બધો વાંક મારો જ છે."

"વાંક કોઈનોય નથી." રાધિકાએ ધીમેથી કહ્યું. પછી દીવાલને અઢેલીને ઊભેલી લજ્જાને હાથથી ઇશારો કરીને નજીક બોલાવી, "આ છોકરી બોલતી નથી, પણ એની આંખો જુઓ... સપનાં છલકાઈ પડે છે. એનાં લગ્ન, મલયનું ભણતર અને આ ઘરની જવાબદારી મારી છે બાપુ..." લજ્જા નજીક આવી અને રાધિકાની બાજુમાં જમીન પર બેસી ગઈ. ખુરશી પર બેઠેલી રાધિકાના પગ પર કોણી ટેકવીને જમીન પર બેઠેલી લજ્જાના પાતળા-સૂકા હાથ પર રાધિકા હાથ ફેરવવા લાગી, "મારી જગ્યાએ તમારો દીકરો હોત તો આ જ બધું કરત ને?" એણે પૂછ્યું તો ખરું, પણ મનોમન ક્યાંક કશુંક દુઃખી આવ્યું એને... એનું મન – એનું શરીર અને એની સંવેદનાઓ સામાન્ય છોકરીઓ જેવી નહોતી એ સાચું... એને જિંદગી પાસેથી કશુંક જુદું જોઈતું હતું એ પણ સાચું, અને છતાં કોઈના વહાલની, કોઈના સ્નેહની, કોઈના સ્પર્શની તરસ એની અંદર પણ ઉફણાઈ આવતી એ પણ સાચું જ હતું!

'આમ ને આમ જીવી શકીશ હું? મારી પોતાની જિંદગીને ભૂંસીને માત્ર કોઈના ભવિષ્ય અને બીજાની જિંદગીઓ વિશે વિચારતી કેટલાં વર્ષ કાઢી શકીશ?' એને વિચાર આવ્યો.

"અને તારાં લગ્ન? તારી પોતાની જિંદગી? એનું શું?" અર્જુનકુમારે સીધું જ પૂછી નાખ્યું.

"હવે એની જગ્યા જ ક્યાં રહી છે?" રાધિકાની સામે વીરેન તરવરી ગયો, "બહુ મોડું થઈ ગયું..." એને હજી ગઈ કાલે સાંજે જ સત્યજીત સાથે થયેલી વાત યાદ આવી અને વિચાર આવ્યો, 'લગ્ન કરવા માગું તો કેટલા ચહેરા... અને છતાં લગ્ન ન જ કરી શકાય એવું નિશ્ચિત ભવિષ્ય! ક્યાં લાવીને મને મૂકી છે નસીબે!' એના ચહેરા પર સ્મિત આવી ગયું.

"બેટા, કશુંયે મોડું નથી થયું. જિંદગી હંમેશાં દરેક સવાલનો એક નવો જવાબ આપતી જ રહે છે. હું કરાવીશ તારાં લગ્ન... રાજકુમાર લઈ આવીશ, રાણીની જેમ રાખશે તને..."

"અહીં શું દુઃખી છું? તમારે કાઢી મૂકવી છે?" રાધિકાનું ગળું તરડાવા લાગ્યું હતું, "ફરી એક વાર..." એણે

કહ્યું અને આંખો લૂછી નાખી, "બાપુ, હવે જે સત્ય છે એને સ્વીકારીને આપણે બધાં જ જીવવા લાગીએ તો કદાચ સહેલું પડશે." એણે કહ્યું અને જાણે સોપો પડી ગયો.

"પણ બેટા... કેટલાં વરસ?" અર્જુનકુમારનો અવાજ અચાનક જ બૂઢો થઈ ગયો, "અમે એમ આસાનીથી નહીં મરીએ."

બારસાખની આડશે ઊભેલી સુમિત્રાએ ધીમેથી કહ્યું, "તું તારી જિંદગી જીવી શકે છે રાધિકા, અમારા માટે કોઈ ત્યાગ-બલિદાન..."

"આ ત્યાગ-બલિદાન નથી." રાધિકાએ એની વાત વચ્ચેથી જ કાપી નાખી, "બહુ બહુ તો તમે આને પ્રાયશ્ચિત્ત કહી શકો, પણ સાચો શબ્દ મારી ફરજ છે. મારા બાપુએ મને આખી જિંદગી દીકરો-દીકરો કહીને ઉ છેરી છે, અહીં પહોંચી ત્યાં સુધી એ શબ્દનો સાચો અર્થ નહોતી જાણતી. માનતી હતી કે મન ફાવે તેમ જીવવું. આપણને ગમે તેમ વર્તવું. સ્ત્રી હોવાનો સંકોચ કે ભય, કોઈના પર આધારિત રહેવાની જરૂરિયાત કે કોઈની સાથે બંધાવાની ફરજ નહીં. સામાજિક સ્વીકૃતિ વગર જીવવું એટલે દીકરાની જેમ જીવવું...

મોઢે સાચું કહી દેવું, કોઈની લાગણીઓની પરવા ના કરવી એટલે દીકરાની જેમ જીવવું..." રાધિકાના હાથ હજીયે લજ્જાના પાતળા હાથ પર ફરી રહ્યા હતા, "પણ એક પુરુષ માત્ર તોછડાઈ કે અભિમાન નથી હોતો! બહુ બધી જવાબદારી હોય છે એક પુરુષના માથે. કમાવાથી શરૂ કરીને નિભાવવા સુધીની... એ મને અહીંયાં આવીને સમજાયું છે."

"જો રાધિકા, કોઈ ગેરસમજ નહીં કરતી." સુમિત્રા બારણાની આડશ છોડીને બહાર આવી. બિલકુલ સીધી – સામે, રાધિકાની આંખમાં આંખ મિલાવીને જોઈ રહી, "તું દીકરો હોય તો પણ તારા બાપનો! મારાં સંતાનો, મારાં પોતાનાં સંતાનો છે. હું એમને સાથે લઈને આવી હતી. તેં મનેય નથી સ્વીકારી તો કોઈ બીજાથી જન્મેલાં મારા સંતાનોને સ્વીકારવાં..." એ થોડી વાર ચૂપ રહી. રાધિકાને વિચાર આવ્યો કે એની વાત કાપી નાખે. બોલી નાખે એને જે બોલવું છે તે, અને કહી દે, આટલાં વર્ષોથી મનમાં ભરી રાખેલી બધી જ વેદના અને પીડા...

પણ એ ચૂપ રહી, એણે સુમિત્રાને જ બોલવા દીધી, "આ તારાં ભાઈ- બહેન નથી રાધિકા. હું તારી મા નથી. આ વાત એક દસકા પહેલાં તેં કહી દીધી છે. આજે અચાનક દયા ખાઈને અમારાં બધાં માટે તારું ભવિષ્ય, તારી જિંદગી, તારી ઝંખનાઓ કુરબાન કરવાની મહાનતા ન દેખાડે તો સારું."

"સુમિત્રા..." અર્જુનકુમારનો અવાજ ઊંચો થઈ ગયો, "એ છોકરી બિચારી..." એ ઊભા થવા ગયા, પણ ફસડાઈ પડ્યા. રમણકાકાએ એમને ખભે હાથ મૂક્યો અને થપથપાવ્યો, "તું તો પહેલેથી જ..."

"હા, હું જ પહેલેથી ખોટી હતી. તમારી સાથે જીવવાનો નિર્ણય કરતા પહેલાં મારે રાધિકાને પૂછી લેવું જોઈતું હતું." સુમિત્રાએ કહ્યું અને એની આંખો ભરાઈ આવી, "દસ વર્ષથી સજા ભોગવું છું એ ભૂલની..."

"બસ થયું. આપણે બધાં દસ વર્ષ પાછળ જીવીએ છીએ. હવે ભૂતકાળને છોડીને વર્તમાનમાં આવીએ. આજની વાત કરીએ, આજની વાત એ છે કે હું સાંજે રાહુલને મારો સી.વી. આપવાની છું... જેટલી બને એટલી જલદી

નોકરી જોઇન કરીશ. એ વિશે હવે આ ઘરમાં આગળ ચર્ચા નહીં થાય." રાધિકા ઊભી થઈ, અર્જુનકુમાર દીવાન પાસે જઈને ગળામાં હાથ નાખ્યો, "તમારી આત્મકથા પણ પૂરી થશે... ને પબ્લિશ પણ થશે... ઝડપથી..." પછી સુમિત્રા સામે જોયું, "હું મહાન થવાનો પ્રયત્ન નથી કરતી... ક્યારેય નહીં કરું... આઇ પ્રોમિસ..."

એ ઓરડામાં હાજર સૌની આંખો ભીંજાઈ ગઈ. રાધિકાએ અર્જુનકુમારને એક ચૂમી લઈ લીધી.

રાહુલ છ શર્ટ બદલી ચૂક્યો હતો.

એને પોતાની જાત પર નવાઈ લાગતી હતી, એ આ શું કરી રહ્યો હતો અને શું કામ કરી રહ્યો હતો એ એને માટે એક નવાઈની વાત હતી...

આજે એણે રાધિકાને પોતાની સાથે ઑફિસ લઈ જવાની હતી. રાધિકાનો સી.વી. જોતાંની સાથે જ એનો ઇન્ટરવ્યૂ થઈ ગયો હતો. બહુ સ્વાભાવિક રીતે જ રાધિકા પોતાના ઇન્ટરવ્યૂમાં શ્રેષ્ઠ સાબિત થઈ. એને રાહુલની જ કંપનીમાં પબ્લિક રિલેશન ડિપાર્ટમેન્ટમાં નોકરી મળી ગઈ હતી. આજે રાધિકાની જોબનો પહેલો દિવસ હતો. રાધિકા આજે રાહુલની સાથે ઑફિસ જવાની હતી. રાહુલ માટે રાધિકા પોતાની ગાડીમાં બેસીને, પોતાની સાથે એની ઑફિસ જાય એ એટલી તો આનંદની વાત હતી કે એ પોતાના ઉત્સાહ પર કાબૂ નહોતો રાખી શકતો.

એણે છ વખત શર્ટ બદલ્યાં... ત્રણ વખત અરીસામાં જોયું... પોતે કેવો લાગતો હતો એ વિશે અચાનક જ એ ખૂબ સભાન થઈ ગયો. રાધિકા પોતાની સાથે ઑફિસ આવશે અને પોતે એની બધા સાથે કઈ રીતે ઓળખાણ કરાવશે ત્યાંથી શરૂ કરીને રાધિકાને લંચ માટે કઈ રીતે પૂછશે ત્યાં સુધીનાં બધાં રિહર્સલ એ એકથી વધારે વાર કરી ચૂક્યો હતો. ગઈ કાલ રાતથી જ એને જાણે સતત લાગતું હતું કે હવે બધું જ એણે ઇચ્છ્યું હતું એમ થવાનું હતું.

રાહુલ અરીસામાં જોઈને પોતાની જાતને કહી રહ્યો હતો , "કુલ ડાઉન રાહુલ... ઉતાવળ કરવાથી ગરબડ થઈ જશે. એને તને ઓળખવા દે... સમજવા દે... એને સમય આપ... એ એની મેળે કદાચ..." રાહુલનું વાક્ય અધૂરું જ રહી ગયું અને એના રૂમની બહારથી અવાજ સંભળાયો, "મે આઇ કમ ઇન?"

"ઓહ યસ... યસ..." રાહુલ અચાનક એકદમ ઔપચારિક થઈ ગયો. એ રાધિકા સામે જોઈ રહ્યો. સ્કાયબ્લયૂ કલરની શિફોનની પ્લેન સાડી સાથે ડાર્ક બ્લ્યૂ કલરના આભલા ભરેલો એનો સ્કાય બ્લ્યૂ બ્લાઉઝ ખૂબ સુંદર દેખાતો હતો. એના વાળ એણે એક અંબોડાની જેમ બાંધીને બટરફ્લાય ક્લીપ લગાવી હતી. કાનમાં એક એક સ્કાય બ્લ્યૂ રંગના પથ્થરના ટોપ્સ પહેર્યાં હતાં...

આંખોમાં આંજણ અને સાવ સાદો પણ નજરને બાંધીને વશીકરણ કરી લે એવો ચહેરો જોઈને રાહુલ જોતો જ રહી ગયો.

"મને લાગ્યું કે... આપણને કદાચ મોડું થઈ જશે."

રાહુલે ઘડિયાળ જોઈ..."ઓહ..યસ... યસ..." અને ઝડપથી પોતાના વાળમાં હાથ ફેરવ્યો.

"જોબના પહેલા દિવસે મોડું થાય તો કદાચ..." "યસ... ચલો... ચલો..." રાહુલે કહ્યું અને શુઝમાં પગ નાખીને ઝડપથી બહાર નીકળવા લાગ્યો...

રાધિકા હસી પડી, રાહુલને નવાઈ લાગી.

"તમે ટ્રાઉઝર્સ નથી પહેર્યું..." રાધિકાએ પોતાની હથેળીથી પોતાના હોઠ ઢાંકી દીધા અને હસી રહી હતી.. રાહુલ સહેજ ઝંખવાઈ ગયો. એણે મોજાં અને શુઝ પહેર્યાં હતાં, ટોવેલ લપેટ્યો હતો અને ઉપર શર્ટ પહેર્યું હતું, ટાઇ બાંધી હતી પણ ટ્રાઉઝર્સ પહેરવાનું બાકી હતું. રાધિકાના વિચારોમાં અને ધૂનમાં ને ધૂનમાં રાહુલ એમ જ બહાર નીકળવા લાગ્યો હતો...

રાહુલ ઝડપથી અંદર જઈને તૈયાર થઈને બહાર આવ્યો. બંને જણા સીડી ઊતરીને નીચે આવ્યાં. અર્જુનકુમાર દીવાન ખુરશી નાખીને તડકામાં બેઠા હતા. રાધિકા આગળ વધીને એમને પગે લાગી, "બાપુ,... આજથી આ દેશમાં સેટલ થવાનો પ્રયાસ શરૂ કરું છું..."

"બેટા, મને નથી ખબર તને રોકું કે આશીર્વાદ આપું..."

"આશીર્વાદ આપો, હવે પછી હું ક્યાંય ન જાઉં એવા..." રાધિકાનું ગળું ભરાઈ આવ્યું.

રાહુલે એક ક્ષણ માટે એની સામે જોયું, આંખો મીંચી અને પોતાની જાતને કહ્યું, "હવે તારે જવું હશે તો પણ તને નહીં જવા દઉં રાધિકા..."

રાધિકા જાણે રાહુલની વગર કહેલી વાત સાંભળી ગઈ હોય એમ એણે રાહુલની સામે જોયું. એની આંખોમાં એક અજબ જેવો ભાવ હતો, એણે પોતાની લેધરબેગનો પટ્ટો ખભા પર સરખો કર્યો, સેન્ડલમાં પગ નાખીને ધીમેથી નીચે ઊતરવા લાગી.

રમણકાકા ચોકમાં નાનકડી વાડકી લઈને ઊભા હતા. એમણે રાધિકાને રોકી, "બેટા, દહીં ખાઈને જા.."

રાધિકા રમણકાકા સામે જોઈ રહી. એની આંખો ભરાઈ આવી, આ જ ચોકમાં આવી જ રીતે પરીક્ષા આપવા જતી વખતે એને મા દહીં ખવડાવતી એ રાધિકાને યાદ આવી ગયું.

એણે મોઢું ખોલ્યું, એક ચમચી દહીં ખાધું અને પછી પાછળ જોયા વિના સડસડાટ હવેલીની ડોકાબારીમાંથી બહાર નીકળી ગઈ.

એ બહાર નીકળી કે સામે એને સત્યજીત મળ્યો.

"બે મિનિટ મોડો પડ્યો હોત તો તું નીકળી ગઈ હોત."

સત્યજીતના ચહેરા પર એક ફિક્કું સ્મિત હતું, "આમ પણ હું મોડો જ પડતો રહ્યો છું, ખાસ કરીને તારી બાબતમાં."

"જીત..." રાધિકાના અવાજમાં સહેજ ફરિયાદ આવી ગઈ.

"આઇ નો... તું સારા કામે જાય છે, નવી શરૂઆત કરે છે. ભગવાન તારી બધી રીતે મદદ કરે એવું હું ઇચ્છું..."

"અત્યારે તો રાહુલે મદદ કરી છે." રાધિકાએ કહ્યું, સત્યજીતને કોણ જાણે કેમ સહેજ તકલીફ પહોંચી. એક પુરુષ તરીકે કે એક વિચક્ષણ માણસ તરીકે એ રાહુલની આંખોમાં સ્પષ્ટ લખાયેલું રાધિકા માટેનું આકર્ષણ જોઈ શકતો હતો. એને સમજાતું હતું કે રાહુલ સ્થિર અને મક્કમ ગતિએ રાધિકા તરફ એક એક ડગલું આગળ વધી રહ્યો છે છતાં એ કશું જ કરી શકવાની સ્થિતિમાં નહોતો... એને ક્યારેક પોતાની જાત પર ચીડ ચડતી તો ક્યારેક પોતે ખૂબ અસહાય છે એવું લાગતું...

એ ગઈ કાલે આખી રાત સૂતો નહોતો.

રાધિકાની નોકરીની વ્યવસ્થા આટલી ઝડપથી થઈ જશે, એ પણ આટલી સારી કંપનીમાં અને આવા સારા પગારે. એની સત્યજીતને કલ્પના પણ નહોતી, એમાંય આ કામ રાહુલ કરી નાખશે એવું તો એણે ક્યારેય વિચાર્યું નહોતું.

એ ખરેખર તો રાધિકાને ઑફિસ મૂકવા માટે આવ્યો હતો, ક્લિનિક છોડીને... એ ઇચ્છતો હતો કે રાધિકાને એ ઑફિસ પહોંચાડે... પણ, એ જોઈ શક્યો કે રાધિકા રાહુલ સાથે ઑફિસ જઈ રહી છે. બંનેના રસ્તા એક જ હતા એટલે એને કશું બોલવા જેવું નહોતું રહ્યું...

એ ચૂપ રહ્યો.

"જીત, જિંદગીની એક નવી યાત્રા શરૂ થાય છે, એક નવી દિશામાં બહુ ધીમે પણ પહેલું ડગલું ભર્યું છે મેં..."

"એ ડગલું તને મારાથી દૂર લઈ જશે રાધિકા..." સત્યજીતે મનોમન કહ્યું પછી કશું જ બોલ્યા વિના રાધિકાનો ખભો થપથપાવ્યો. એના સ્પર્શમાં એક સધિયારો અને સ્નેહ હતો.

રાધિકા હજી ગાડીમાં બેસવા જ જતી હતી કે પોસ્ટમેનને એણે સાઇકલ પર આવતો જોયો. પોસ્ટમેને દૂરથી જ રાધિકાને ઇશારો કર્યો, રાધિકા ગાડીમાં બેસતી અટકી ગઈ. પોસ્ટમેને રાધિકાને ઇંગ્લૅન્ડનું સ્ટેમ્પ ચોટાડેલું એક મોટું એન્વેલપ આપ્યું.

રાધિકા અક્ષર ઓળખી શકતી હતી. એણે કશું જ બોલાવ્યા એન્વેલપ હાથમાં લઈ લીધું.

ત્યાં ઊભેલા બે પુરુષો મનોમન એ એન્વેલપ કોનું હશે એ સમજી શકતા હતા અને છતાં બેમાંથી કોઈ કશું બોલ્યું નહીં.

રાધિકાએ પણ એન્વેલપ ખોલ્યા વિના પોતાની લેધરબેગ ખોલીને એન્વેલપ એમાં સરકાવી દીધું. રાહુલની ગાડીનો દરવાજો ખોલીને બાજુની સીટમાં બેસી ગઈ.

રાહુલે સત્યજીત સાથે હેન્ડશેક કર્યા, "થેંક્સ રાહુલ... રાધિકાને જોબ અપાવીને તેં..."

"મેં કંઈ નથી કર્યું, એનો સી.વી. માત્ર મારા એચ. આર. ડિપાર્ટમેન્ટ સુધી પહોંચાડ્યો. બાકીનું બધું એણે જાતે કર્યું છે... આમ પણ રાધિકા માટે કોઈ કશું કરી શકે જ નહીં. એ જે કંઈ કરે તે પોતાની જાતે જ કરે..." એણે બીજા હાથે સત્યજીતનો હાથ પકડી લીધો, "તું સમજે છે ને આ વાત?"

"હું તો સમજું જ છું... બાળપણથી ઓળખું છું એને... પણ આ વાત તું પણ સમજ. રાધિકા ક્યારેય ક્યાંય સ્થિર થઈ શકે એમ નથી."

"આઇ નો... હું એને બાંધવા માગતો પણ નથી... એની સાથે વહી જવા માગું છું, કદાચ! રાધિકાની સાથે જ રહેવું હોય તો એની ઝડપે વહેવું પડે એટલું તો હું સમજી જ શક્યો છું."

"હું એટલું સમજી શક્યો હોત તો..." સત્યજીતે એક નિઃશ્વાસ નાંખ્યો, "પરિસ્થિતિ જુદી હોત રાહુલ..."

"પરિસ્થિતિઓ પર આપણો કાબૂ નથી હોતો સત્યજીત, આપણે માત્ર પરિસ્થિતિએ બનાવેલી ટનલમાંથી પસાર થવાનું હોય છે, કોઈ ઓપ્શન વગર... બહાર નીકળવાનો રસ્તો પણ નથી હોતો એટલે ટનલ પૂરી થાય ત્યાં સુધી ચાલ્યા કરવા સિવાય બીજું કંઈ કરી પણ નથી શકતા."

સત્યજીત રાહુલ સામે જોઈ રહ્યો, 'રાધિકાનો મોહ હજી એક બીજું દિલ તોડવાનો હતો, કદાચ!' એ ધીમેથી હાથ છોડાવીને, રાહુલનો ખભો થપથપાવીને પોતાની ગાડી તરફ ચાલી નીકળ્યો.

ગાડીમાં બેસીને ઑફિસ તરફ જતાં રાધિકા બહારના રસ્તાઓ જોઈ રહી હતી. ચૂપચાપ બહારની તરફ જોઈ રહેલી રાધિકા એટલું તો સમજી જ શકતી હતી કે રાહુલની નજર એને, અને માત્ર એને જ જોઈ રહી હતી. રાધિકા એ નજરથી જાતને બચાવવાનો પ્રયાસ કરતી, રાહુલ તરફ જોવાનું ટાળતી, મુંબઈના રસ્તાઓ જોતી, મનમાં આવતા કંઈ કેટલાય વિચારોને એની રીતે જ ખાળતી અને વહેવા દેતી, કંઈ કેટલુંયે વિચારી રહી.

એક દાયકા પહેલાંના અને આજના મુંબઈમાં આભ-જમીનનો ફેર પડી ગયો હતો. શહેર જાણે સાવ બદલાઈ ગયું હતું અને એમાંય શહેરનો આ તરફનો ભાગ તો રાધિકા માટે સાવ અજાણ્યો હતો.

"બહુ ટેન્શન છે?" રાહુલે પૂછ્યું.

"હં?" સાવ બેધ્યાન રાધિકાને એટલી પણ ખબર નહોતી કે રાહુલે એને શું પૂછ્યું. એણે નજર બારી બહારથી અંદરની તરફ ફેરવી. એની મોટી મોટી આંખોમાં આંજણની પરત જાણે રાહુલ માટે બેકાબૂ કરી મૂકવાનું ષડ્યંત્ર હોય એવી દેખાતી હતી.

"નવી જોબ છે, ટેન્શન થાય છે?"

“ના, એવું ખાસ કંઈ નહીં, માત્ર વિચારું છું કે જિંદગી મને ક્યાંથી ક્યાં લઈ આવી. શું વિચાર્યું હતું, ક્યાં પહોંચવું હતું અને ક્યાં આવીને ઊભી છું...” રાહુલને બોલવાનું મન થયું, પણ એણે રાધિકાને બોલવા દીધી, “આ શહેર છોડ્યું ત્યારે નક્કી કર્યું હતું કે ક્યારેય પાછી નહીં આવું. પગ નહીં મૂકું આ ધરતી પર! પાછી આવી એટલું જ નહીં, હવે અહીં જ રહેવાની છું. આ જ શહેરમાં, અને નોકરી કરવા નીકળી છું.” એના ચહેરા પર સ્મિત આવી ગયું, “માણસ શું માગે છે અને એને શું મળે છે, એવું વિચારું છું.”

“હું પણ એમ જ વિચારું છું.” રાહુલે રાધિકા તરફ જોઈને મોટું સ્મિત કર્યું. એના ચહેરા પરની નિર્દોષતા અને સાથે સાથે શરારત રાધિકાને ગમી ગયાં. એનું સ્મિત કહી રહ્યું હતું કે એ કશું તોફાની વિચારી રહ્યો હતો, “તું ગમે ત્યાં જવા માગતી હતી, પણ તારા માટેની મારી ઝંખના તને અહીં ખેંચી લાવી છે. યુ હેવ નો ચોઇસ...”

“રાહુલ!”

“મને મારું નામ ખબર છે.” રાહુલ હસી રહ્યો હતો, “તું માને કે નહીં રાધિકા, પણ આપણું મળવું એ ખરેખર કોઈ ચમત્કાર જેવું છે. મારું અમેરિકા છોડીને હિન્દુસ્તાન આવવું, તારે ઘેર જવું, તારા અક્ષર વાંચવા અને અહીં અટકી જવું...” રાધિકા નવાઈથી જોઈ રહી હતી, “અને એ પછી રોજ તારી રાહ જોવી. તારું સરનામું હોય કે નહીં, મનોમન રોજ તને પાછા ફરવા માટે એક કાગળ લખવો... અને આખરે તારું આવવું.”

“હું આવી બધી વાતોમાં નથી માનતી રાહુલ, જિંદગી કો-ઇન્સિડન્સ નથી.” “જિંદગી માત્ર કો-ઇન્સિડન્સ છે... અકસ્માતોની પરંપરા... હમણાં જ તેં ના કહ્યું કે તમે શું વિચારો છો અને શું થાય છે... ક્યાં પહોંચવા માગો છો અને ક્યાં પહોંચી જાવ છો. આ અકસ્માત નહીં તો બીજું શું છે રાધિકા?”

“મજબૂરી! કે પછી તમારા કાબૂની બહાર નીકળી ગયેલા સંજોગો અને પરિસ્થિતિઓ?”

“એટલે અકસ્માત...” રાહુલ હસ્યો, “રાધિકા, તારું અહીં મારી ગાડીમાં, મારી બાજુમાં હોવું એ પણ એક અકસ્માત છે. એટલો સુખદ અકસ્માત કે જેની કલ્પના મેં હંમેશાં કરી હતી, પણ આશા મને ક્યારેય નહોતી.”

“રાહુલ, તું બહુ રોમૅન્ટિક છે.”

“છું, પણ હતો નહીં.” રાહુલની આંખો બદલાઈ ગઈ. એની આંખોમાં રાધિકા માટેની આસક્તિ આવીને બેસી ગઈ, “મેં ક્યારેય નહોતું વિચાર્યું રાધિકા, કે હું કોઈને પ્રેમ કરી શકું, અને એ પણ આવો.”

“પ્રેમ? મેં તને પહેલાં પણ કહ્યું છે રાહુલ, તને જે થાય છે તે પ્રેમ નથી.”

“એમ?” રાહુલે એની સામે આંખો નચાવી, “તને કેવી રીતે ખબર?” એ હસી પડ્યો, “તને ખબર છે પ્રેમ શું છે? તને એ ખબર છે કે મને શું થાય છે? જાણ્યા-સમજ્યા વગર સ્ટેટમેન્ટ કરે છે...”

“સ્ટેટમેન્ટ નથી કરતી, સમજાવું છું તને.”

“સમજાવે છે?” રાહુલ મોટે મોટેથી હસવા લાગ્યો, “શું સમજાવે છે? અને શા માટે સમજાવે છે? હું સમજી જ

લઈશ એવું કઈ રીતે માની લીધું તેં?"

"રાહુલ, આ મજાકની વાત નથી."

"હું પણ એ જ કહું છું, આ મજાકની વાત નથી." રાહુલનો ચહેરો એકદમ ગંભીર થઈ ગયો હતો, "હું સિરિયસ છું રાધિકા અને સિરિયસલી આ બધું માનું છું."

"રાહુલ, જો તું આ જ વાત કરતો રહીશ તો આપણાથી રોજ સાથે નહીં જવાય."

"ઓહ! એટલે રોજ મારી સાથે જવા તૈયાર છે?"

"હા, જો તું રોજ આ પ્રેમની ચર્ચા ના કરવાનો હોય તો." રાધિકાએ ફરી બારીની બહાર જોઈ લીધું, "આ પ્રેમ શબ્દથી એક જાતનો અણગમો છે મને. કાચ પર ધાતુ ઘસાય અને જે કર્કશ અવાજ તમારી નસોને ઉશ્કેરી મૂકે એવો માનસિક ત્રાસ થાય છે મને એ શબ્દ સાંભળીને..." એ બારીની બહાર જોઈ રહી હતી, પણ કહી રહી હતી રાહુલને, "મેં ખૂબ ગુમાવ્યું છે આ શબ્દની પાછળ. આ શબ્દના અર્થને પામવા કેટલાય દરવાજા ખખડાવી જોયા છે, કેટલાય સ્પર્શ મારા શરીરથી શરૂ કરીને આત્મા સુધી એના ડાઘા છોડી ગયા છે અને તોય આ શબ્દ મને કોઈ રીતે ગળે નથી ઊતરતો." એ બોલતાં બોલતાં ઉશ્કેરાઈ ગઈ હતી. એણે પર્સમાંથી પેલું કવર કાઢ્યું અને રાહુલને દેખાડ્યું, "આ! આ વીરેન... અમે બંને એકબીજા સાથે રહેવા માગતાં હતાં. બંને માનતાં હતાં કે એકમેકને પ્રેમ કરીએ છીએ, અને છતાં..." રાધિકા અચાનક જ ચૂપ થઈને બહાર જોવા લાગી.

રાહુલે હકપૂર્વક એના હાથમાંથી પેલું કવર લઈ લીધું.

"શું કરે છે રાહુલ?" રાધિકા કવર પાછું લેવા ગઈ, પણ રાહુલે એ કવર પોતાના હાથમાં મજબૂત રીતે પકડી રાખ્યું, "રાહુલ, આ મારા પર આવેલો પત્ર છે."

"તો?" રાહુલે સાવ બેફિકરાઈથી, નફટાઈથી કહ્યું. ગાડી એક વિશાળ કંપાઉન્ડમાં દાખલ થઈ. કંપાઉન્ડમાં એક મોટું બિલ્ડિંગ હતું અને એ મોટા બિલ્ડિંગની આજુબાજુ બે-ત્રણ નાનાંનાનાં બિલ્ડિંગ હતાં. મોટા બિલ્ડિંગથી નાના બિલ્ડિંગને જોડતી ગ્લાસથી કવર કરેલી ટનલ્સ હતી. આમ છૂટા છૂટા લાગતા યુનિટ્સ એકબીજા સાથે જોડાયેલા હતા. બિલ્ડિંગના ઉપરના ભાગે મોટા બોર્ડ પર 'સિમેન્સ' લખેલું હતું. દરેકેદરેક બિલ્ડિંગમાં બહારની તરફ સ્ટ્રક્ચરલ ગ્લેઝના ટફન ગ્લાસ લગાડેલા હતા. બહારનો પ્રકાશ અંદર આવે અને છતાં બહારથી કશું દેખાઈ ના શકે, બલકે બહારના દૃશ્યનું પ્રતિબિંબ એ ટફન ગ્લાસ પર પડ્યા કરે એવી દૃશ્યરચના હતી.

મોટા કંપાઉન્ડમાં અનેક ગાડીઓ પાર્ક થઈ હતી. એ ગાડીઓની વચ્ચે રાહુલે પોતાનો નંબર લખેલી પાર્કિંગ સ્પેસમાં એની ગાડી પાર્ક કરી દીધી અને રાધિકા સામે જોયું, "આ પત્ર તારા નામે આવ્યો છે એ સાચું, તારા સરનામે આવ્યો છે એ પણ સાચું, પણ હું આ પત્ર વાંચવાનો છું."

"વ્હોટ?" રાધિકાએ પૂછ્યું, "આ પત્ર..." એની આંખોમાં નવાઈ કરતાં વધારે એક અજબ પ્રકારનો સવાલ હતો, "કયા અધિકારે વાંચીશ તું?"

“અધિકાર? કોઈ અધિકાર નહીં. તારા ઉપર આવેલા દરેક પત્રો, તેં લખેલો દરેક અક્ષર, તેં જીવેલી જિંદગીની પ્રત્યેક પળ મારે જાણવી છે – વાંચવી છે... તને મળેલા દરેક માણસને મારે મળવું છે. તને સ્પર્શેલી દરેક વ્યક્તિને મારે અડકી જોવું છે. હું તારા ભૂતકાળથી શરૂ કરીને તારી આવતી કાલ સુધીના તારા આખાય વિશ્વમાં પથરાઈ જવા માગું છું. હવાની જેમ વિખેરાઈ જવા માગું છું. ભલે દેખાઉં નહીં, પણ મારી હાજરીની પ્રતીતિ તને સતત થવી જોઈએ રાધિકા.”

“શા માટે? તું છે કોણ મારો?” રાધિકાએ તોછડાઈથી પૂછ્યું.

“બધું જ.” રાહુલે કહ્યું, “એ બધું જ, જે આજ સુધી તને નથી મળ્યું એ હું છું રાધિકા...”

“એવું મને દરેકે કહ્યું છે... દરેક વખતે મને સમજાયું છે કે જે મળ્યું એ મારે નહોતું જોઈતું.”

“રાધિકા, એક વાર જે મળ્યું છે એને પૂરેપૂરું ઓળખવાનો અને સમજવાનો પ્રયત્ન કર. તું ક્યાંય એક પળ રોકાતી જ નથી. સતત સૂટકેસ લઈને પ્રવાસ કર્યા કરે છે. તારી બેગ ખાલી કર. સામાન કબાટોમાં ગોઠવ અને સાચે જ નક્કી કર કે તું અહીંથી આગળ નથી જવાની.”

“કર્યું છે ને...” રાધિકાએ જે રીતે રાહુલ સામે જોયું એ વીંધી નાખનારું હતું, “કર્યું છે મેં નક્કી! આ વખતે ક્યાંય નથી જવાની છતાં જોયા કરજે, એક એક સળી કરીને માંડ માંડ ગોઠવેલો મારો માળો એક પળમાં તહસ-નહસ થઈ જશે. બધું વિખેરાઈ જશે. કશું જ નહીં બચે...” એણે ભરાઈ આવેલા ડૂમાને હોઠ ભીંસીને રોકી દીધો. ઉપરના દાંત નીચે હોઠ દબાવ્યો, “આ જ થતું આવ્યું છે રાહુલ, અને મારી સાથે આમ જ થતું રહેશે.”

“કારણ કે તું આમ જ કરવા માગે છે...” રાહુલે રાધિકાનો હાથ પકડ્યો, “ ‘ના’ નામના સિક્કાની એક બીજી બાજુ છે અને એ ‘હા’ છે. તું દરેક વખતે સિક્કો ઉછાળીને ‘ના’ બાજુ પાડવાનો પ્રયાસ કરે છે તેથી એ જ બાજુ પડે છે રાધિકા, જો તારી ઇચ્છાશક્તિ આટલી જ બળવાન હોય તો એક વાર હા બાજુ પણ પાડવાનો પ્રયાસ કરી જો. તું ઇચ્છે તે થાય છે રાધિકા, એક વાર ઇચ્છા કરી જો અને પછી જો...”

રાધિકા રાહુલની સામે જોઈ રહી, ‘શું કહી રહ્યો હતો આ?’

આ એણે પહેલાં ક્યાં સાંભળ્યું હતું? હાઇડ પાર્કમાં વીરેને એને આ જ વાત કહી હતી. આ જ વાત એને મુંબઈ છોડતી વખતે સત્યજીતે કહી હતી એની પહેલાં એના પિતા પણ એને આ જ કહેતા રહ્યા હતા...

તેમ છતાં રાધિકા સતત પ્રવાસમાં રહીને કોણ જાણે શું મેળવવા, કઈ દિશામાં અને કેમ પ્રવાસ કરતી રહી હતી?

11

વીરેનનું કવર હજી રાહુલના હાથમાં હતું. બંને જણાં હજી ગાડીમાં જ બેઠાં હતાં.

રાહુલે કશું જ બોલ્યા વિના કવર ખોલ્યું. રાધિકાને અંદરથી જાણે કોઈ ધક્કા મારીને કહી રહ્યું હતું, "રાહુલને રોક. એ તારા સાવ અંગત વિસ્તારોમાં દાખલ થઈ રહ્યો છે. આજ સુધી તેં જ્યાં કોઈનેય પ્રવેશવા નથી દીધા એ તારાં બંધ કિલ્લાનાં દ્વાર એણે ખોલી નાખ્યાં છે રાધિકા, એને રોક." પરંતુ એ એક અક્ષર બોલી શકી નહીં. રાહુલે એન્વેલપ ખોલીને વાંચવા માંડ્યું, રાધિકા...

તેં શહેર છોડી દીધા પછી હોડી કાગળની છે. દીવાસળીનો દરિયો ને ધુમાડાનું આકાશ છે. માટીનાં પંખીઓ ને પ્લાસ્ટિકનાં ફૂલો છે... મને કશુંયે સાચું લાગતું નથી. કશુંય સારું લાગતું નથી.

દીવાલોના દેશમાં જીવું છું, પથરીલા પ્રદેશમાં ભટક્યા કરું છું.

ઝાકળ બનીને ઝરી જાઉં છું રોજ રાત્રે, સૂરજ ઊગે પછીની સફર એકલતાના અંધારામાં દિશાહીન બનીને કોઈ સૂકા પાંદડાની જેમ ઊડ્યા કરું છું. સંવેદના મરી ગઈ છે. લાગણીઓ ખરી ગઈ છે. ટેરવાં ઉપર જાણે તારા સ્પર્શની સુગંધ ઠરી ગઈ છે.

સોમ – મંગળ – બુધ – ગુરુ જીવન રોજેરોજ કડવું, ખારું ને તૂરું.

ઈશ્વરે તને અહં આપ્યો છે અને જવાના રસ્તા ઉઘાડા મૂક્યા છે, વાંસળીમાં છેદ પડે એમ મારી અંદર આરપાર કશું નીકળી ગયું છે, તું જ હોઈશ!

હવે વેદનાના સૂર રોજ વાગે છે. હું રોજ પત્ર લખું છું, મારી જ જાતને – આજે નથી રહેવાયું એટલે તને લખ્યો છે!

હવે તારી પ્રતીક્ષા એ જ મારો ધર્મ છે, મારા જીવનનો મર્મ છે.

સફર ખૂબ લાંબી છે અને શબ્દો ખૂટી પડ્યા છે. કોને ખબર હું ક્યાં સુધી આ શબ્દ વગરની નગરીમાં જીવી શકીશ. તરસ-તરસ કરતો ફરું છું ને, તોય મને સતત ખારું પાણી મળ્યા કરે છે મારી આંખમાં!

જમીન મારા નસીબમાં નથી. ગમગીન સૂર્ય અને રંગીન તડકો, પાનખરમાં ખરી ગયેલાં પાંદડાં અને ખંડિયેરોનો સરવાળો એટલે હું?

તારા ગયા પછી કોણ કોને ભૂલી ગયું? એવું કયું દ્વાર જે બંધ હતું, ખૂલી ગયું. હું પ્રશ્નોથી ઉપર ઊઠી ગયો છું.

તારા સમાચાર સાંભળવા સતત તરફડ્યા કરું છું. પ્રિસ્ક્રિપ્શન વગરની દવા જેવો થઈને, મુઠ્ઠીમાં ભરેલી હવા જેવો થઈને...

પોઇન્ટ ઓફ નો રિટર્ન પર આવીને ઊભો છું.

સુખના હોય કે દુઃખના, હવે દિવસો વીતતા જાય છે.

કશુંયે નથી અથવા બધુંયે છે... અને એ શું છે અથવા શું નથીની વિગતોમાં પડ્યા વગર, જાત સાથે લડ્યા વગર, હોઠ પર સ્મિતને બદલે સિગરેટ રાખીને જીવતો જાઉં છું.

તું બોલાવ... અથવા તારા ખબર મોકલાવ...

ફરી એક વાર મોટું અસાઇન્મેન્ટ આવ્યું છે. પેલેસ્ટાઈન જઈ રહ્યો છું. ક્યારે આવીશ, મને નથી ખબર, વધુ સ્પષ્ટ કહું તો આવીશ કે નહીં એનીય નથી ખબર.

જતા પહેલાં એક વાત કહેવી છે તને. મેં ખૂબ ચાહી છે તને. મારી જાતથી વધારે. મારા અહંથી પણ વધારે અને જો હું ના રહું તો આવનારાં વર્ષોમાં મારા દરેક જન્મદિવસે મને યાદ રાખીને કેક કાપજે... એક એક મીણબત્તી વધારતી જજે..."

આટલું વાંચતાં વાંચતાં તો રાહુલને ડૂમો ભરાઈ ગયો. રાધિકા કોઈ ભાવ વગર પત્ર સાંભળી રહી હતી. એના ચહેરા ઉપર કોઈ જ ફેરફાર નહોતા.

"રાધિકા, તું આવા માણસને છોડી આવી?" રાહુલથી પૂછ્યા વિના ના રહેવાયું.

"છોડી આવી? રાહુલ, કોઈ, કોઈને છોડી નથી આવતું. બહુ બહુ તો તમે સ્થળ છોડી શકો. નામ બદલી શકો. ટેક્નોલોજીનો સહારો લઈને કદાચ ચહેરો બદલી શકો, પણ પ્રકૃતિ કે સ્વભાવ કેમ બદલો?" રાધિકાએ લગભગ ભાવવિહીન ચહેરે કહી દીધું, "તમે કશું છોડી આવો કે કોઈ તમને છોડી જાય એ બંને કિસ્સામાં બહુ ફરક નથી પડતો. ફોટોગ્રાફ્સ ફ્રેમ તોડીને બહાર આવતા રહે છે. ચાદર પર માણસની ગંધ રહી જતી હોય છે અને તમારા શરીર પર થયેલા સ્પર્શ કેમે કર્યા લૂછી શકાતા નથી."

"શું ખૂટ્યું તને?" રાહુલે સાવ સીધું, સ્પષ્ટ પૂછી નાખ્યું, "વીરેન સાથેના સંબંધમાં એવું શું હતું જે તને બાંધી શક્યું નહીં રાધિકા?"

"મને કોઈ બાંધી શકતું નથી. મારે તો દરેક જગ્યાએ રોકાઈ જવું હોય છે. એવા વિચારથી જ હું એ સ્ટેશન પર ઊતરું છું રાહુલ, અને માની લઉં છું કે હવે ક્યાંય નથી જવું, પણ સમય મને ત્યાં ટકવા જ દેતો નથી. ઉખેડી નાખે છે મને મૂળ સોતી! હું ફરી ઊડવા માંડું છું. ડાળથી વિખૂટા પડેલા સૂકા પાંદડાની જેમ..."

"હવે નહીં ઊડે તું." રાહુલે રાધિકાના ચહેરાને બંને હાથે પકડી લીધો, "જરૂર પડશે તો તારી પાંખ કાપી લઈશ, ફેવિકોલ લગાડીને મારી નોટબુકમાં ચોટાડી દઈશ તને, પણ જવા નહીં દઉં રાધિકા." એના અવાજમાં વ્હાલ કરતાં વધારે સહાનુભૂતિ હતી. આજે પહેલી વાર રાહુલ સમજી શક્યો હતો કે રાધિકાના આ પ્રવાસમાં એની ઇચ્છા કે એની શોધ કરતાં વધારે એની મજબૂરી હતી... કશુંક એવું હતું એની અંદર, જે વાતે રાધિકાને થકવી નાખી હતી.

"હવે તારો પ્રવાસ પૂરો થશે રાધિકા, હું તને એ બધું જ આપીશ, જેની શોધમાં તું ભટકી રહી."

"શોધ? મેં કંઈ નથી શોધ્યું રાહુલ..." રાધિકા રડું રડું થઈ ગઈ હતી, "પ્રવાસ મને શોધતો આવે છે. પિતાથી શરૂ કરીને પુરુષોના જગતમાં હું એવી રીતે અટવાતી રહી છું, જાણે કોઈ બાળક જંગલમાં ભૂલું પડી ગયું હોય, દરેક રસ્તા નવા લાગે રાહુલ! અને, એવી લાલચ થાય કે આ રસ્તો કદાચ મને ઘર સુધી લઈ જશે... એ પછીની જ પળે લગભગ એવો જ એક બીજો રસ્તો આવીને ઊભો રહે... બધાં ઝાડ સરખાં લાગે, બધા રસ્તા સરખા લાગે, બધી દિશાઓ સરખી લાગે, ધીમે ધીમે સવાર-સાંજ સરખા લાગવા માંડે રાહુલ, અને કોઈ રસ્તો ક્યાંય પહોંચાડે નહીં તમને..." એની આંખો સહેજ ભીની થઈ ગઈ હતી. એણે ફરી એક વાર દાંત નીચે હોઠ દબાવીને બારીની બહાર જોવા માંડ્યું. એનો ચહેરો હજી રાહુલના હાથમાં પકડેલો હતો. એણે ચહેરો છોડાવવાનો હળવો પ્રયાસ કર્યો, પણ રાહુલે એનો ચહેરો પકડી રાખીને પોતાના તરફ ફેરવ્યો, એ પછી રાહુલે બંને હાથે પકડેલો રાધિકાનો ચહેરો નજીક ખેંચ્યો, રાધિકા પણ કોઈ વિરોધ વિના સાવ સ્વાભાવિક રીતે એની નજીક ખેંચાઈ આવી. રાહુલે એની આંખમાં આંખ પરોવીને નિકટ આવતા જતા એના ચહેરાને વધુ ને વધુ નજીક લીધો.

"રાધિકા, તું આ પ્રવાસમાં એટલી તો અંધાધૂંધ દોડતી રહી કે સાથે દોડનારા ક્યારે પાછળ છૂટી ગયા એની તને ખબર ના પડી. કંઈ કેટલાય પડાવ આવીને પસાર થઈ ગયા, પણ તું અટકી નહીં. તારી ગતિ જ તારો અભિશાપ બની ગઈ. હવે હું તને અટકાવીશ... શાંતિથી, શ્વાસ ખાઈને, પલાંઠી વાળીને, ક્યાંક બેસીને તું નિરાંતે 'હાશ' કહી શકે એવો સમય આવશે રાધિકા, જરૂર આવશે..."

"હવે નહીં આવે રાહુલ, સતત પ્રવાસ એ જ મારી નિયતિ છે." રાધિકાએ રાહુલને એવી રીતે કહ્યું જાણે એ વાત પૂરી કરવા માગતી હોય. એના અને રાહુલના ચહેરા વચ્ચે ભાગ્યે જ ચાર આંગળનું અંતર હતું. એક જ ક્ષણ, જે એમની વચ્ચે પસાર થઈ ગઈ. એને જો રાધિકા મજબૂતીથી પસાર ન કરી ગઈ હોત તો રાહુલે કદાચ ચુંબન કરી લીધું હોત!

હવે રાધિકા સ્વસ્થ થઈ ગઈ હતી. એક જોરદાર પવનનો સુસવાટો આવે અને શરીરમાંથી ઠંડીનું લખલખું પસાર થઈ જાય એવી રીતે અથવા નારિયેળીનું ઝાડ પવનના ધક્કાથી ઝૂકીને ફરી પાછું સ્થિર થઈ જાય એવી રીતે રાધિકાએ પોતાની જાત પર ફરી એક વાર કાબૂ મેળવી લીધો હતો.

"મારી નોકરીનો પહેલો દિવસ છે અને મારે મોડા નથી પડવું."

રાહુલને પણ અચાનક ખ્યાલ આવ્યો કે ઘડિયાળનો કાંટો સડસડાટ આગળ જઈ રહ્યો હતો. એ કશું બોલ્યો નહીં. એણે પાછળની સીટમાંથી પોતાનું લેપટોપ લીધું અને ગાડીનો દરવાજો ખોલીને ઊતરવા જતો હતો. ડેશબોર્ડ પર પડેલો વીરેનનો પત્ર એણે રાધિકાના હાથમાં આપ્યો, "જવાબ લખવાની છે?"

"જવાબ?" રાધિકાના ચહેરા પર સ્મિત આવી ગયું, "ક્યાં જવાબ લખું? એ તો ગયો, સમયની જેમ... હવે પકડી નહીં શકાય એને."

"ભગવાન ના કરે, અને ખરેખર એને કંઈ થઈ જાય તો?" રાહુલ પોતાની જાતને વીરેનની જગ્યાએ મૂકીને

વિચારી રહ્યો હતો.

"તો હું શું કરી શકવાની રાહુલ?" રાધિકાના અવાજમાં રહેલી નિઃસ્પૃહતાની લાગણીએ રાહુલને હચમચાવી નાખ્યો, "નિશ્ચિત આવરદા છે – માણસની અને સંબંધની, પૂરા થયે જ છૂટકો..."

"રાધિકા!"

"હું આ જ શીખી છું રાહુલ, આ જ સમજી છું અને આમ જ જીવતી રહી છું."

"તો?" રાહુલની આંખો ઝીણી થઈ ગઈ, ભવાં સંકોચાઈ ગયાં, "ગઈ કાલ સુધી ભૂલ કરતી હતી એટલે આજે પણ કરવી? ગઈ કાલ સુધી જે ખોટી ગણતરીઓ ગણતી હતી એ આજે પણ ગણ્યા કરવી? તું જે માનતી હતી એ જ સાચું હતું અને છે, એમ માનવું એ સૌથી મોટી ભૂલ છે રાધિકા." રાહુલે કહ્યું અને ગાડીમાંથી ઊતરી ગયો.

રાધિકા પણ ધીમેથી નીચે ઊતરી, દરવાજો બંધ કર્યો અને રાહુલે એને અંદર જવાનો રસ્તો બતાવ્યો.

બંને જણાં ધીમે ધીમે અંદરની તરફ જવા લાગ્યાં, પણ કોણ જાણે કેમ, રાહુલે કહેલી વાત રાધિકાના મનમાં રહી રહીને ઘૂંટાવા લાગી..."હું ગઈ કાલ સુધી ભૂલ કરતી હતી? જે માનતી હતી તે ખોટું હતું? મારા સંબંધો મારી ખોટી માન્યતાઓના પાયા પર ઊભા હતા? અને એટલે જ... પત્તાંના મહેલની જેમ દરેક વખતે, દરેક સંબંધ તૂટી પડ્યો?"

રાધિકા રાહુલની સાથે પગથિયાં ચડીને બીજા માળે આવેલી એચ.આર. (હ્યુમન રિસોર્સીસ)ની ઑફિસમાં પહોંચી. સુંદર રીતે ગોઠવાયેલી કોર્પોરેટ એમ્બિયન્સ ધરાવતી એ ઑફિસ રાધિકાની યુનિવર્સિટીના ડિપાર્ટમેન્ટ કરતાં, એના સ્ટાફરૂમ કરતાં સાવ જુદી હતી.

સ્ટેનફોર્ડ યુનિવર્સિટીના રાધિકાના ડિપાર્ટમેન્ટમાં સામાન્ય રીતે ખૂબ ચહલપહલ રહેતી. માણસોની અવરજવરની સાથે સાથે વિદ્યાર્થીઓનો અવાજ અને ક્લાસરૂમ પાસેથી પસાર થતા કાને પડી જતા બે-ચાર શબ્દો... કુલ મળીને સજીવ વાતાવરણમાં સતત ધબકતી એ જિંદગી હતી. લાઇબ્રેરીથી શરૂ કરીને કેફેટેરિયા થઈને રીડિંગ રૂમ સુધી એક લોબી હતી. એ લોબીની એક તરફની દીવાલ પર સળંગ કાચનાં કબાટો હતાં. જેમાં સોફ્ટબોર્ડ લાગેલાં હતાં. વિદ્યાર્થીઓની કવિતાઓ, એમના લેખો અથવા એમને વાંચવા જોગ કશુંક છાપામાં કે મેગેઝિનમાં છપાયું હોય તેનાં કટિંગ પણ કાપીને અહીં લગાડવામાં આવતાં.

કોઈના સ્કેચીઝ, પેઇન્ટિંગ્સ અને બીજી જાતજાતની સર્જનાત્મક ચીજો અહીંયાં જોવા મળતી.

વાતાવરણમાં ઉલ્લાસ અને યુવાનોને કારણે સતત તાજગી રહેતી. "હેલ્લો મેમ...", "ગુડ મોર્નિંગ મેમ..." "ગુડ ડે મેમ..."ના અવાજો અને મુસ્કુરાતા ચહેરા સતત તમને તમારા હોવાની પ્રતીતિ કરાવતા રહેતા.

એવું કશું જ અહીંયાં નહોતું. એક મોટા વિસ્તારને ગ્રે દીવાલોથી રંગી દેવામાં આવ્યો હતો. દીવાલો ઉપર મોટિવેટ કરે – પ્રોત્સાહિત કરે એવાં પોસ્ટર્સ અને કંપનીના જુદાં જુદાં ઉત્પાદનોનાં ચિત્રો લગાડેલાં હતાં.

સર્જનાત્મકતાના નામે ખૂણામાં એક બોર્ડ હતું, જેના ઉપર કોઈકે લખેલાં બે-ચાર ફરફરિયાં હવામાં ઊડી રહ્યાં હતાં. ચોકડી જેવા પાર્ટિશન ગોઠવીને બનાવેલા ચાર ચાર જણ બેસી શકે એવા વર્કસ્ટેશન – ક્યુબિકલ્સ અને એ સિવાય ઓરડાની ચારે તરફ આરપાર જોઈ શકાય એવી કાચની કૅબિન્સ હતી, જેમાંની અમુક ભરેલી હતી, અમુક ખાલી હતી, પણ ત્યાં કોઈ બેસતું હશે એવો ખ્યાલ આવી શકે. જ્યારે ત્રણેક કૅબિન્સ તદ્દન ખાલી હતી. એ નહીં વપરાતી હોય એવો ખ્યાલ તરત જ આવી જાય.

રાહુલે રાધિકાના ખભે હાથ મૂક્યો, “આવ તને તારા હેડ ઓફ ધ ડિપાર્ટમેન્ટ જોડે ઓળખાણ કરાવું.”

“શ્યોર.” રાધિકા રાહુલની સાથે છેક ખૂણાની મોટી મુખ્ય કૅબિન તરફ આગળ વધી ગઈ. રાહુલે કાચ પર ટકોરા માર્યા. અંદરથી એક ઘેરો, જરા કડક લાગે તેવો અવાજ સંભળાયો.

“કમ ઇન રાહુલ.”

રાહુલ રાધિકને લઈને દાખલ થયો. સામે બેઠેલી વ્યક્તિએ કંપનીના યુનિફૉર્મ જેવું સ્કાય બ્લ્યૂ રંગનું શર્ટ પહેર્યું હતું. એના ઉપર ગ્રે અને બ્લ્યૂ ચેક્સનું બ્લેઝર. ગળામાં જર્મન બ્લ્યૂ કલરની ટાઇ હતી, જેના પર બરાબર મધ્યમાં નાનકડો સિમેન્સનો લોગો ઉપસાવેલો હતો.

રાહુલે દાખલ થઈને એમની ઓળખાણ કરાવી, “મિસ્ટર અવિનાશ મલહોત્રા – એચ.આર.ના હેડ ઓફ ધ ડિપાર્ટમેન્ટ.” પછી રાધિકા સામે જોઈને સ્મિત કર્યું, “તારા બોસ.”

“ઓહ કમ ઓન, અહીં કોઈ બોસ નથી.” મિ. મલહોત્રા ઊભા થઈ ગયા. એમણે રાધિકા જોડે હેન્ડશેક કર્યા અને એકીટશે રાધિકા સામે જોઈ રહ્યા. એમની આંખોમાં પ્રશંસાનો ભાવ હતો, “તમને આ પહેલાં કોઈએ કહ્યું છે મિસ રાધિકા કે તમે ખૂબ સુંદર છો?”

“મેં હમણાં જ કહ્યું સર.” રાહુલે હસીને કહ્યું, એ બંને જણા ખડખડાટ હસી પડ્યા. રાધિકાએ પણ સ્મિત કર્યું.

“વેલકમ ટુ અવર કંપની એન્ડ ડિપાર્ટમેન્ટ.” એમણે રાધિકાને કહ્યું અને પછી રાહુલ તરફ જોયું, “રાહુલ, એને મેગીની ઓળખાણ કરાવી દે. એ એને એની સીટિંગ અરેન્જમેન્ટ અને ફોર્માલિટી સમજાવી દેશે.” પછી ફરી પાછું રાધિકા સામે જોયું, “એક-બે નાની ફોર્માલિટીઝ કરવાની છે. ફોર્મ ભરવાનાં હશે કદાચ. એ બધું પૂરું કરી લો. કાલથી હું તમને તમારું કામ સમજાવી દઈશ.”

“થેન્ક યુ સર.” કહીને રાધિકા બહાર નીકળી ગઈ.

એના ગયા પછી તરત જ મલહોત્રાએ આંખો ઝીણી કરીને રાહુલ સામે જોયું, “ક્યાંથી શોધી લાવ્યો આને?”

“સર, બહુ મહેનત પડી છે...” પછી હસીને ઉમેર્યું, “માંડ માંડ મળી છે.”

“રિઅલી વેરી બ્યુટીફુલ...” મલહોત્રાએ કહ્યું, “એનામાં એક કશિશ, એક ખેંચાણ, એક અજબ જેવું તેજ છે, નહીં?”

“અપને ખયાલ કિતને મિલતે-જુલતે હૈં સર.” રાહુલે કહ્યું પછી હસીને મલહોત્રા જોડે હાથ મિલાવ્યા, “બધા બુદ્ધિશાળી લોકો એકસરખું કેમ વિચારતા હશે?”

“રાસ્કલ.” મલહોત્રાએ કહ્યું. રાહુલ હસતો હસતો એમની કૅબિનની બહાર નીકળી ગયો.

રાધિકા ફોર્માલિટીઝ પતાવીને મલહોત્રાની કેબિનમાં ગઈ.

“સર, બધું પતી ગયું છે. મેં બધાં જ ફોર્મ ભરીને જે કંઈ પેપર્સ સબમિટ કરવાના હતા એ કરી દીધા છે.”

“વેરી વેલ. તમને તમારો અપોઇન્ટમેન્ટ લેટર કાલે મળી જશે.”

મલહોત્રાએ કહ્યું પછી રાધિકાને બેસવાનો ઇશારો કર્યો. રાધિકા અચકાઈને એમની સામે બેઠી, “લંડનથી અહીંયાં આવી જવાનું કારણ શું? લોકો ભારત છોડીને પરદેશ જાય છે અને તમે આટલાં વર્ષ પરદેશ રહ્યા પછી આવી લ્યુક્રેટિવ જોબ છોડીને અહીં માથાં ફોડવા...”

“થોડાં પર્સનલ કારણોસર, મારા ડેડ હવે ઘરડા થયા છે.”

“બહુ સરસ, તમે પરણ્યાં નથી કેમ?” રાધિકાએ એમની સામે જરા વેધક નજરે જોયું એટલે મલહોત્રા હસી પડ્યા, “તમારા બાયોડેટામાં લખ્યું છે.”

“જી...” રાધિકાને શું કહેવું તે સૂઝયું નહીં એટલે એ ઊભી થઈ ગઈ. “બેસો બેસો... હું કોઈ અંગત સવાલો નહીં પૂછું. માત્ર એક અંગત સવાલ પૂછવો છે તમને વાંધો ના હોય તો.”

“અ... જી... આઇ મીન...”

“તમે લંચ તો કરો છો ને?” મલહોત્રા હસી પડ્યા. પછી ઊભા થઈને એમણે રાધિકા સામે હાથ લંબાવ્યો, “હું લંચ કરવા અહીં જ કેફેટેરિયામાં જ જાઉં છું. આવશો?” રાધિકા હજુ વિચાર કરતી હતી ત્યાં મલહોત્રા ફરી હસ્યા, “આખરે માણસ આ બધી મજૂરી શું કામ કરે છે? ખાવા માટે...” હસતાં હસતાં એમણે રાધિકાના ખભે બહુ સ્વાભાવિકતાથી હાથ મૂક્યો, “ચલો ચલો, એ બહાને થોડી વાતો પણ થશે.”

નોકરીના પહેલા જ દિવસે ધડ્ દઈને બોસને ના પાડવી રાધિકાને યોગ્ય ના લાગ્યું. વળી, એને ભૂખ તો લાગી જ હતી. એટલે એક ઔપચારિક સ્મિત કરીને મલહોત્રાની સાથે કેફેટેરિયા જવા લાગી. જતાં જતાં મલહોત્રાએ એને પોતાના વિશે કહ્યું. મુંબઈમાં એકલો જ રહેતો હતો. પરિવાર દિલ્હીમાં હતો. અડધા વર્ષે ટ્રાન્સફર કરી એટલે છોકરાંઓની સ્કૂલ પૂરી ના થાય ત્યાં સુધી પત્ની અને બાળકો દિલ્હીમાં જ રહેવાનાં હતાં. અડધો પરિવાર લુધિયાણામાં રહેતો હતો. માતા-પિતા અને મોટો ભાઈ, ભાભી...

એનામાં એક ટિપિકલ પંજાબી અનઔપચારિકતા હતી. વાતે વાતે હસી પડવું. સામેની વ્યક્તિને અડીને વાત કરવી. પ્રમાણમાં સહેજ ખરાબ લાગી જાય એવી જોક્સ મારવી અને પછી ખડખડાટ હસવું...

રાધિકા આવા માણસોથી પરિચિત નહોતી. ઓછું અને ધીમું બોલતી રાધિકા સામાન્ય રીતે આવા 'લાઉડ' કહી શકાય એવા લોકોથી દૂર રહેવાનું પસંદ કરતી, પણ કોણ જાણે કેમ, એને મલહોત્રા રસપ્રદ માણસ લાગ્યો. રાધિકાને સવાલો પૂછવાને બદલે એ પોતાને વિશે કહી રહ્યો હતો.

કંપની વિશે જણાવવાને બદલે, રાધિકાના કામ વિશે વાત કરવાને બદલે એ પોતાના પરિવાર, પત્ની, બાળકો, લુધિયાણાનાં ખેતરો અને એ અહીંયાં ઘરનું ખાવાનું કેટલું મિસ કરે છે એની ચર્ચા કરી રહ્યો હતો.

રાધિકાને થોડી નવાઈ લાગી અને થોડું હસવું આવ્યું. એક રીતે આનંદ પણ થયો, એમ વિચારીને કે જેની સાથે રોજેરોજ કામ કરવાનું હતું એ માણસ પ્રમાણમાં સરળ અને ખુલ્લા દિલનો હતો. ગોઠવાવાનું કદાચ અઘરું નહીં પડે એવું રાધિકાને લાગ્યું.

રાધિકા અને અવિનાશ કેફેટેરિયાના એક ટેબલ પર ગોઠવાયાં.

"હું તો અહીંયાં ફિક્સ લંચ જમું છું. તારે શું ખાવું છે?" અવિનાશે રાધિકાને સવાલ પૂછ્યો અને રાધિકાની નજર બાઘા મારતા, આમતેમ જોતા કેફેટેરિયામાં દાખલ થયેલા રાહુલ પર પડી. કેફેટેરિયામાં સરસરી નજર દોડાવતા રાહુલની નજર બરાબર એ જ સમયે રાધિકા પર પડી અને કોણ જાણે કેમ, રાહુલના ચહેરા પર એક વિચિત્ર અણગમો ઊતરી આવ્યો. રાધિકાને અવિનાશ સાથે બેઠેલી જોઈને રાહુલને ન ગમ્યું હોય એવા ભાવ એના ચહેરા પર હતા.

રાધિકા એને પોતાના ટેબલ પર બોલાવવા માગતી હતી, પણ રાહુલ અચાનક જ નજર ફેરવીને થોડે દૂરના ટેબલ પર એકલો જઈને ગોઠવાયો. રાધિકાને થોડી નવાઈ લાગી, પણ રાહુલની વિચિત્રતા જાણતી હોવાને કારણે એણે બહુ મન પર ના લીધું.

"સાંજે ઘરે જતાં રાહુલ સાથે વાત કરીશ." એણે વિચાર્યું અને અવિનાશની વાતમાં ધ્યાન આપવાનો પ્રયત્ન કર્યો, પણ એને પોતાને જાણે અવિનાશની વાતમાંથી રસ ઊડી ગયો હોય એવું લાગ્યું.

"આ રાહુલ કોણ છે મારો?" એણે જાતને પૂછ્યું, "એના ગમા-અણગમા પર મારા મૂડનો આધાર કેમ છે?" રાધિકાને પોતાની જાત પર જ નવાઈ લાગી, "મેં ક્યારેય મારી જાતની બહાર નીકળીને કોઈનોય વિચાર નથી કર્યો. બાપુનો પણ નહીં, વીરેનનો પણ નહીં... અને આ રાહુલ..."

રાધિકા રાહુલની સામે જોઈ રહી હતી, પણ રાહુલ જાણે રાધિકા હાજર જ ના હોય એમ વર્તી રહ્યો હતો. રાધિકાને મનોમન ગુસ્સો આવતો હતો, પણ અવિનાશ હસતાં હસતાં અલક-મલકની વાતો કરતો હતો. એની સામેથી એકદમ ઊભા થઈને ચાલ્યા જવું પણ રાધિકા માટે અઘરું હતું... એનું સમગ્ર ધ્યાન હવે રાહુલમાં ચાલી ગયું હતું.

"એક વાર રાહુલ અહીંયાં જુએ..." રાધિકાએ જાતને કહ્યું અને જાણે મનોમન રાહુલને અહીં બેઠાં બેઠાં જ બૂમ પાડી, "રાહુલ, પ્લીઝ મારી સામે જો." રાહુલે જાણે એ બૂમ સાંભળી હોય એમ ફટ્ કરીને લગભગ પ્રતિભાવ આપતો હોય તેમ રાધિકા તરફ જોયું.

એની નજરમાં એક જાતની ફરિયાદ હતી. થોડો ગુસ્સો, થોડી અકળામણ...

રાધિકાને હસવું પણ આવ્યું સાથે જ ગુસ્સો પણ ચડી ગયો.

હસવું એ વાતનું કે રાહુલ સાવ નાના બાળકની જેમ વર્તતો હતો. સોળ- સત્તર વર્ષના ટીનએજર એકબીજાથી રિસાય તેમ અવિનાશ જોડે રાધિકાને બેઠેલી જોઈને રાહુલ મોઢું ચડાવીને બેસી ગયો હતો અને ગુસ્સો એ વાતનો કે રાહુલ પહેલા દિવસથી જ જો આવી રીતે પઝેસિવ થઈને વર્તશે તો આ ઑફિસમાં કામ કરવું અઘરું થઈ પડશે...

રાહુલ એની સામે જોઈ રહ્યો હતો. રાધિકાએ મસમોટું સ્મિત કર્યું. એણે હાથથી ઇશારો કરીને રાહુલને બોલાવ્યો. રાહુલે સાવ નાના બાળકની જેમ જીભ કાઢીને બંને હથેળી ઉપર લઈ, કાન બનાવીને આંગળીઓ હલાવી વિચિત્ર હરકત કરી. રાધિકાને હસવું આવી ગયું. પોતાની વાતમાં રાધિકાનું ધ્યાન નથી એવી અવિનાશને હજુ સુધી ખબર નહોતી, પણ રાધિકા અચાનક હસી પડી એટલે અવિનાશે ચોંકીને પોતાની પાછળ જોયું – રાધિકા શું જોઈને હસે છે તે જોવા માટે, અને એણે જોયું કે રાહુલ આ તરફ જ જોઈ રહ્યો હતો...

અવિનાશે રાહુલને બૂમ પાડી, “ઇધર આ જા યાર...”

હવે રાહુલ પાસે છૂટકો નહોતો. એ ઊભો થયો. અવિનાશ અને રાધિકાની બાજુમાં પડેલી એક ખુરશીમાં પોતાની પ્લેટ લઈને બેસી ગયો.

“તૂ ક્યા કર રહા થા ઉધર સે?” અવિનાશે સીધું જ પૂછી નાખ્યું. એ કદાચ રાહુલને ઓળખતો હતો... રાધિકાને એનો ચહેરો યાદ આવ્યો અને ફરી હસવું આવી ગયું. એને હસતી જોઈને અવિનાશે કહ્યું, “જરૂર મોઢાં બનાવતો હશે.”

“હું?” રાહુલનો ચહેરો એટલે ભોળો હતો કે બે જ મિનિટ પહેલાં એણે આવું કર્યું હશે એવું કોઈને કહીએ તો માનવામાં ના આવે...

“હાસ્તો.” અવિનાશ રાહુલને બરાબર ઓળખતો હતો કદાચ, “તું જ એક નંબરનો બદમાશ છે. હું તને નથી ઓળખતો એમ ના માનતો.” એણે રાહુલના ખભે ધબ્બો માર્યો, “અને આ ઑફિસમાં રાધિકાને તું લાવ્યો છે એટલે એણે કોઈ સાથે હળવું-મળવું નહીં, વાત કરવી નહીં એવા બધા આગ્રહો નહીં ચાલે...” એણે રાધિકા સામે જોયું, “આ લંગુરથી ડરવાની જરૂર નથી.”

“હું એને શું કામ ના પાડું?” રાહુલનો ચહેરો હજી એટલો જ ભોળો અને ગરીબડો હતો, “હું તો એને કહેતો હતો કે બરાબર ખાય... બીજું કંઈ નહીં.”

“રાહુલ...” અવિનાશના અવાજમાં મજાક ઊતરી આવી, “મને ખાતરી છે કે તું એની સામે એ રીતે જોતો હતો કે તારું ચાલે તો મને ખાઈ જાય.”

અવિનાશે પોતાનું વાક્ય પૂરું કર્યું કે રાધિકા ખડખડાટ હસી પડી. રાહુલ સહેજ ઝંખવાઈ ગયો. રાધિકાને પોતાને પણ નવાઈ લાગી. કોણ જાણે કેટલા દિવસે એ આવી રીતે ખડખડાટ હસી હતી!

લંચ પછીનો ટાઇમ કામ સમજવામાં ગયો. રાધિકાનું કામ અઘરું નહોતું, પણ ખૂબ મહેનત અને ચોકસાઈ માગી લે તેવું હતું. કામ કરતા બધા જ એક્ઝિક્યૂટિવ સ્ટાફ પાસે એક ફૉર્મ ભરાવવાનું, જેમાં કંપની તરફથી મળતી સવલતો અને બીજી વિગતોની સાથે સાથે એમની કંપની પાસેથી શી અપેક્ષા છે અને વધુ સારાં પરિણામો કેવી રીતે મેળવી શકાય એ વિશેની વિગતોનો અભ્યાસ કરવાનું કામ એનું હતું. હ્યુમન રિસોર્સિસ – માનવસંસાધનને સારામાં સારી રીતે કઈ રીતે ઉપયોગમાં લઈ શકાય એ વિશેનું કામ કરવા કંપનીએ રાધિકાની નિમણૂક કરી હતી.

લંચ પછીનો આખો સમય અવિનાશ રાધિકાને એનું કામ સમજાવતો રહ્યો. ફૉર્મ તૈયાર કરવાની જવાબદારી પણ રાધિકાની જ હતી. સવાલો કઈ રીતે ગોઠવવા અને મળતા જવાબનું એનાલિસિસ કઈ રીતે કરવું એ બધા વિશે અવિનાશ અને રાધિકા મોડી સાંજ સુધી કામ કરતાં રહ્યાં. રાધિકાએ ઘડિયાળ જોઈ ત્યારે જ એને ખબર પડી કે સાડા છ વાગી ગયા હતા.

રાધિકાએ રાહુલનો એક્સ્ટેન્શન નંબર લગાડ્યો. "બોલો..." રાહુલનો અવાજ કંટાળેલો હતો. "સોરી... મને ખ્યાલ જ ના રહ્યો."

"નીકળીએ?" રાહુલે જાણે સાંભળ્યું જ ના હોય એમ કહ્યું.

રાધિકાને નવાઈ તો લાગી, પણ બપોરની ઘટના અને અત્યારનો રાહુલનો મિજાજ જોતાં લાંબી ચર્ચા કરવી નકામી છે એમ માનીને કહ્યું, "હું તને કારપાર્કમાં મળું છું." ફોન મુકાઈ ગયો.

ગાડીમાં બેસીને ઘરે જતાં પણ રાહુલ જાણે ટૅક્સી ડ્રાઇવર હોય એવી રીતે ગાડી ચલાવતો રાધિકાની સામે પણ જોવા તૈયાર નહોતો. રાધિકાને રાહુલ સમજાતો નહોતો. આટલી મોટી પોસ્ટ ઉપર અને અમેરિકામાં રહેલો આવો છોકરો જે રીતે વર્તી રહ્યો હતો એનાથી રાધિકાને નવાઈ તો લાગતી હતી, સાથે સાથે એવો વિચાર પણ આવતો હતો કે રાહુલ કયા અધિકારે આ રીતે વર્તી રહ્યો હતો...

આખરે એનાથી ના રહેવાયું, "રાહુલ, શું પ્રોબ્લેમ છે?"

"મને?" રાહુલે રાધિકા તરફ જોયું, પછી તરત નજર ફેરવી લીધી. "અફકોર્સ તને! લંચમાં મને અવિનાશની સાથે જોઈ ત્યારથી..." "ઓહ! તું માને છે કે મને ઈર્ષા થાય છે..."

"નથી થતી?" રાધિકાએ સહેજ સ્મિત સાથે રાહુલ સામે જોયું.

"થાય છે... થવી જ જોઈએ." રાહુલે સાવ નાના બાળકની જેમ લગભગ પગ પછાડતો હોય એવી જીદ સાથે કહ્યું, "રાધિકા, અવિનાશ નહીં... દુનિયાના કોઈ પણ પુરુષ સાથે તું અમુક રીતે વર્તીશ તો મને ઈર્ષા થશે..."

ઊંડો શ્વાસ લઈને ઉમેર્યું, "આજે નહીં, જીવનભર..."

"રાહુલ તું..." રાધિકાએ સહેજ ઉગ્રતાથી કહ્યું, "સમજતો નથી! તું મારી મદદ કરી રહ્યો છે. હું સમજું છું! પણ એથી કંઈ..." સહેજ અટકીને એણે દૃઢતાથી કહ્યું, "જો રાહુલ, આપણે સારા મિત્રો છીએ. વી આર ગુડ ફ્રેન્ડ્સ..."

"તારે તારી જાતને છેતરવી હોય તો તને છૂટ છે. હું મારી જાતને છેતરવા નથી માગતો. હું તને પ્રેમ કરું છું રાધિકા, કોઈ ગેરસમજ વગર આ વાત તું સમજી પણ લે અને સ્વીકારી પણ લે..."

"હું કોઈને પ્રેમ કરી શકું એમ નથી."

"તું સમજી નહીં." રાહુલ ખડખડાટ હસી પડ્યો, "મેં મારી વાત કરી. હું તને પ્રેમ કરું છું. તને ક્યારેય નહીં સમજાય એટલો, તારા માન્યામાં નહીં આવે એટલો પ્રેમ કરું છું અને દુનિયાના કોઈ પણ પુરુષ સાથે તું હસીને બોલીશ, નજીક આવીશ તો મને તકલીફ થશે એ નક્કી છે... મારું ચાલે તો તને મારી નાખી, તારું તાવિજ બનાવીને ગળામાં પહેરી લઉં. મારા તકિયાની નીચે તને ફોટો બનાવીને રાખું..." રાહુલના અવાજમાં એક અજબ જેવું પેશન આવી ગયું હતું. એણે ગાડી ચલાવતાં ચલાવતાં રાધિકાનો હાથ પકડી લીધો, "મારો પ્રેમ, મારી ઈર્ષા અને મારો તરફડાટ મારો પ્રોબ્લેમ છે રાધિકા... તારે એમાં કંઈ નથી કરવાનું."

"એટલે?" રાધિકાને નવાઈ લાગી.

"એટલે એમ કે મારી જિંદગી હું જીવીશ, મારા ભાગનો પ્રેમ હું કરતો રહીશ..." રાહુલના દાંત ભીંસાઈ ગયા હતા. એણે સ્ટિયરિંગ વ્હીલને કસીને પકડી લીધું, "મેં તારી પાસે કંઈ નથી માગ્યું." એણે રાધિકા સામે જોયું, "માગ્યું છે ક્યારેય?"

"પણ રાહુલ..."

"જો રાધિકા, જેમ હું તને નથી રોકતો, એમ તારે પણ મને નહીં રોકવાનો." "તું મને સમજાતો જ નથી." રાધિકાએ હથિયાર નાખી દીધાં.

"તારે શું સમજવું છે? તારાં લોજિક, તારી ગણતરીઓ અને દુનિયા વિશેની તારી સમજમાં આવા પ્રેમની વ્યાખ્યા નથી આવતી ને?" એની આંખોમાં વીંધી નાખે એવી વેધકતા હતી, "મારો પ્રેમ મારા પૂરતો છે. હું ક્યારેય તારા પર એ પ્રેમ થોપવાની કોશિશ નહીં કરું રાધિકા. એવી આશા પણ નહીં રાખું કે તું મને ગમે એમ વર્તે. પણ એટલે મને જે નહીં ગમે તે સંતાડીશ નહીં..." રાધિકા એની સામે જોઈ રહી, "તારી ઇચ્છા વિરુદ્ધ તને સ્પર્શીશ નહીં ક્યારેય, પણ એથી તારા સ્પર્શ માટેની મારી તરસ ઓછી છે એવું માનવાનું કોઈ કારણ નથી... હું રોજ તને સવાર પડ્યે આઇ લવ યુ નહીં કહું." એણે ઊંડો શ્વાસ લીધો, "કદાચ ક્યારેય નહીં કહું, પણ એથી મારી જિંદગીની એક પળ માટે પણ હું તારા વિશે વિચારતાં અટકી નહીં શકું..." રાધિકાને આ આખી વાત કોઈ પરીકથા હોય એવી લાગી રહી હતી. કોઈ નવલકથાનું પાત્ર જાણે પુસ્તકનાં પાનાંઓમાંથી જીવતું થઈને રાધિકાને સામે ઊભું હોય એમ અવિશ્વાસથી એ રાહુલ સામે જોઈ રહી, "જો રાધિકા, હું તને ઘસડવાનો પ્રયત્ન નહીં કરું, પણ તું મને રોકવાનો પ્રયત્ન નહીં કરતી ક્યારેય."

“રાહુલ...” શું બોલવું એ રાધિકાને સમજાયું નહીં. એ થોડી વાર ચૂપ રહી. પછી એણે ધીમેથી રાહુલને કહ્યું, “તું આવી રીતે વર્તે એનાથી મને...

આઇ મીન... તું મારી સામે જુએ નહીં, તને ખરાબ લાગે અથવા મારા કોઈ વર્તનથી તને તકલીફ પહોંચે તો મને...”

“તો તને?” રાહુલની આંખોમાં અજબ જેવી કશિશ ઊતરી આવી હતી. એણે જે રીતે રાધિકા સામે જોયું એમાં ધસમસતો આવતો લાગણીઓનો પ્રવાહ ખાળી શકવો રાધિકાને અઘરો લાગ્યો, “તને તકલીફ થાય છે, રાઇટ? હું મોઢું ચડાવું, દુઃખી થાઉં એનાથી તારી અંદર કશુંક બદલાય છે, તને ફેર પડે છે રાધિકા, મારા ગમા-અણગમાનો... કેમ? કેમ ફેર પડે છે તને?”

રાહુલ રાધિકા સામે જોઈ રહ્યો હતો, અને રાધિકા પોતે જ જાણે પોતાની અંદર ડૂબકી મારીને જવાબ શોધવાનો પ્રયાસ કરી રહી હતી.

12

પહેલો પગાર લઈને ઘેર આવતી રાધિકાના પગમાં ગજબ જેવું જોર અને ઉત્સાહ હતાં.

ડેલીનો દરવાજો ખોલીને ચોકમાં દાખલ થતાંની સાથે એણે જોરથી બૂમ પાડી, "લજ્જા... મલય... રમણકાકા..."

છેલ્લા સવા મહિનામાં કદાચ પહેલી વાર રાધિકાના અવાજમાં આટલો ઉત્સાહ અને આટલી તાજગી હતી.

જ્યારથી રાધિકા લંડનથી આવી હતી ત્યારથી રાધિકા અને મલય વચ્ચે ભાગ્યે જ વાતચીત થતી.

લજ્જા એવી ઉંમરમાં હતી કે રાધિકા ગઈ ત્યારે એની પરિસ્થિતિ અને એનાં કારણો સમજી શકતી, પરંતુ મલયને હંમેશાં એમ જ લાગતું રહ્યું કે રાધિકાએ એની મા સુમિત્રા સાથે અન્યાય કર્યો છે. રાધિકા અને મલય વચ્ચે છેલ્લા સવા મહિનામાં ભાગ્યે જ વાતચીત થઈ હતી.

એક જ ઘરમાં રહેતાં ભાઈ-બહેન હોવા છતાં રાધિકા અને મલય બને ત્યાં સુધી એકબીજાની સામે જવાનું ટાળતાં. મલય બ્રેકફાસ્ટ કરીને નીકળી જાય ત્યાં સુધી ડાઇનંગિ ટેબલ પર ન જવું પડે એવો પ્રયાસ રાધિકા કરતી અથવા રાધિકા ડાઇનિંગ ટેબલ પર પહોંચી ગઈ હોય તો મલય ત્યાં જવાનું ટાળતો. કોઈ વાર રસોડામાં જ ઊભો ઊભો બ્રેકફાસ્ટ કરી લેતો તો કોઈ વાર રાધિકાની સામે પરસાળમાં ભટકાઈ જવાનું થાય તો નીચું જોઈને નીકળી જતો.

નાની ઉંમરે એણે પોતાનું ભણતર અધૂરું છોડવું પડ્યું હતું એ વાતનો એને બહુ અફસોસ હતો. એને માટે એ રાધિકાને જવાબદાર ઠરાવતો હતો. એણે ક્યારેય ખૂલીને કહ્યું નહોતું કે આક્ષેપો નહોતા કર્યા એ સાચું, પરંતુ એ હંમેશાં એમ માનતો રહ્યો કે રાધિકા જો આવી રીતે ઘરમાંથી ગઈ ના હોત તો પિતાની તબિયત અને આ ઘરની હાલત સારી જ હોત. તો કદાચ, પોતાની કારકિર્દી બની શકી હોત!

મલયની અંદર ધીરે ધીરે સમેટાતું રહેલું આ ઝેર એણે ક્યારેય રાધિકાની સામે દેખાડ્યું નહોતું, પણ એની અંદર એક ગુસ્સો હતો – રાધિકાની વિરુદ્ધ, એના વર્તનની વિરુદ્ધ, આ ઘરમાં એના મહત્ત્વની વિરુદ્ધ...

રાધિકાએ આજે ઘરમાં દાખલ થતાંની સાથે ઘરનાં સૌનાં નામની બૂમ પાડી, જેમાં મલયનું નામ પણ હતું...

પોતાના રૂમમાં વાંચી રહેલા મલયને નવાઈ લાગી.

એણે રાધિકા સાથે વાત કરવાનો પ્રયત્ન નહોતો કર્યો તો સામે પક્ષે રાધિકાએ પણ ક્યારેય એ દીવાલ તોડી નહોતી. આજે અચાનક આટલા ઉત્સાહમાં પોતાના નામની બૂમ પડતી સાંભળીને મલયને આશ્ચર્ય તો થયું જ, તેમ છતાં બૂમ પડી હતી એટલે ઊઠીને બહાર આવ્યો.

"જુઓ રમણકાકા, હું તમારા માટે શું લાવી છું..." રાધિકાએ ખાદીના બે સદરા અને ધોતિયાની એક જોડી રમણકાકાના હાથમાં મૂકી દીધી. રસોડામાંથી દોડતી આવેલી લજ્જાને એણે બે સલવાર-કમીજ અને એક

નાનકડું ચોરસ બોક્સ હાથમાં આપ્યું...

બહાર આવીને થાંભલાને અઢેલીને ઊભેલા મલયને એણે નજીક બોલાવ્યો. બે શર્ટ, એક જીન્સ અને ફોર્મલ ટ્રાઉઝરનું પેકેટ એણે મલયના હાથમાં આપ્યું.

અર્જુનકુમાર દીવાન માટે ચશ્માંની નવી ફ્રેમ, કપડાં અને શેક કરવાની ઇલેક્ટ્રોનિક બેગ...

સુમિત્રા બહાર નીકળીને ઓટલાને ખૂણે ઊભી હતી. રાધિકાએ ધીમા ડગલે આગળ જઈને એના હાથમાં પણ પ્લાસ્ટિકની એક થેલી પકડાવી, "સાડી છે... બે... બ્લાઉઝ પીસ પણ લઈ આવી છું."

ઘરનાં સૌ ખુશ થઈ ગયાં. મલય અને સુમિત્રાએ એકબીજાની સામે જોયું.

મલયનો અવાજ સહેજ ભીનો થયો. એણે રાધિકાની આંખમાં જોઈને કહ્યું, "થેન્ક યુ..." સુમિત્રા કશું બોલી નહીં. એણે હાથ લંબાવીને ઓટલા પર ઊભા ઊભા જ નીચે ઊભેલી રાધિકાના માથા પર હાથ ફેરવ્યો.

અર્જુનકુમારના ચહેરા પર છલકાઈ પડતી ખુશી ઘરના કોઈ સભ્યથી અજાણી નહોતી રહી શકી, "રાધે... બધા માટે બધું લાવી, તારા માટે શું લાવી?"

"મારા માટે આવતા મહિને..." રાધિકાના અવાજમાં એકદમ સ્વાભાવિકતા હતી, એણે હાથમાં પકડેલી પર્સમાંથી એક સફેદ એન્વલપ કાઢીને સુમિત્રાના હાથમાં આપ્યું, "મારા પગારમાંથી બચેલા પૈસા છે. થોડાક મેં મારા માટે રાખ્યા છે, બાકીના ઘર માટે."

સુમિત્રાની આંખમાંથી આંસુનાં બે-ચાર ટીપાં પડીને એ એન્વલપના કાગળ પર ફેલાઈ ગયાં.

"બેટા!" સુમિત્રાનો અવાજ સહેજ કંપી રહ્યો હતો, "અમે તને આ બધું કરવા નથી બોલાવી."

"પણ હું તો આ જ કરવા આવી છું."

"મારો પગાર આવે છે..." મલયે સહેજ ખુદ્દારીથી કહી નાખ્યું પછી ધીમેથી, પણ ઉમેર્યું, "દીદી..."

"આવતા મહિનાથી નહીં આવે." "એટલે?"

"આવતા મહિનાથી તું તારી 'કેટ'ની તૈયારી કરીશ. હું તને પૂરું ભણાવવા માગું છું." રાધિકા મલયની નજીક ગઈ, "તું ક્યારેય કહેતો નથી એટલે હું સમજી નથી શકતી એવું નહીં માનતો." એના અવાજમાં એક મોટી બહેનનો પ્રેમ અને જવાબદારી હતાં, "અહીં મારે લીધે જે કંઈ થયું છે એની જવાબદાર હું છું અને મલય. તારા જેવા બ્રાઇટ છોકરાએ ભણતર પૂરું કરીને દેશનું નામ ઉજાળવું જોઈએ."

"દીદી, તમને ખબર છે 'કેટ'નો ખર્ચો કેટલો છે?"

“લોન લઈશું... ભરી દઈશું... તારે ભણવાનું છે એ નક્કી છે.” રાધિકાએ કહ્યું, પછી લજ્જા સામે જોયું, “તને તો આવતા વર્ષે પરણાવી દઈશું એટલે રમણકાકાને ચાર રોટલી ઓછી કરવી પડે.” રાધિકાએ માત્ર આટલું જ કહ્યું ત્યાં એની નજર સુમિત્રા સાથે ટકરાઈ ગઈ. સુમિત્રાની આંખમાં જે હતું એ રાધિકા વાંચી શકી, પણ એની પાસે એ સવાલનો જવાબ નહોતો. રાધિકા જાણતી હતી કે સુમિત્રાની ઇચ્છા લજ્જાનાં લગ્ન સત્યજીત સાથે થાય એવી હતી પરંતુ એ વિશે રાધિકા સત્યજીત જોડે વાત કરી ચૂકી હતી...

લજ્જા નીચે ઊતરીને રાધિકાના ગળામાં હાથ પરોવીને ઊભી રહી ગઈ, “હું તમારા જેટલી હોશિયાર નથી. તમારા જેટલા પૈસા નહીં કમાઈ શકું, પણ...” એણે સુમિત્રા સામે જોયું, પછી અર્જુનકુમાર સામે, “મને કોઈ જોબ ના મળે?”

“આપણે જરૂર તપાસ કરીશું.” રાધિકાએ ફરી મલય સામે જોયું, “તું રિઝાઇન કરે છે...”

“કેટલું કરીશ આ ઘર માટે?” સુમિત્રાના અવાજમાં ઉપકારનો બોજ હતો. “થશે એટલું...” રાધિકાની આંખો ભરાઈ આવી, “આ મારું ઘર નથી?

તમે બધાં મારાં નથી?”

સુમિત્રા કશું બોલી નહીં, પણ એણે ચૂપચાપ આંખોના ખૂણા લૂછી નાખ્યા. રાધિકાના લંડનથી આવ્યાના સવા મહિના પછી આજે પહેલી વાર ઘરમાં સાચા અર્થમાં કુટુંબ જેવું વાતાવરણ સર્જાયું હતું. રાધિકા વસ્તુઓ લાવી હતી એટલે નહીં, એણે સુમિત્રાને પૈસાનું કવર આપ્યું એટલે પણ નહીં! એણે ઘરના દરેક સભ્ય સાથે જે રીતે મન ખોલીને વાત કરી, એમનાં સપનાંઓને એમની સાથે વહેંચવાનો પ્રયાસ કર્યો એનાથી કદાચ પોતાની જાતને સતત આ ઘરની બહારના અનુભવી રહેલાં સુમિત્રા, મલય અને લજ્જાને ખૂબ સારું લાગ્યું હતું.

ઘણા દિવસ પછી આખું કુટુંબ સાથે જમવા બેઠું. હજી થાળીઓ પીરસાતી હતી કે ડેલીનો દરવાજો ખૂલવાનો અવાજ આવ્યો. અને પછી ગુસ્સાથી છલકાતી એક બૂમ સંભળાઈ, “રાધિકા... રાધિકા...”

સૌને ખબર હતી કે અવાજ રાહુલનો હતો, પણ સૌને નવાઈ લાગી કે એના અવાજમાં આટલો બધો ગુસ્સો કઈ વાતનો હતો?

રાધિકા ઊઠીને ચોકમાં આવી. રાહુલ ડેલીના દરવાજાથી મોટી મોટી ડાંફો ભરતો ઓટલા પર ઊભેલી રાધિકા સુધી આવ્યો અને લગભગ ધમકાવતો હોય એવા અવાજે પૂછ્યું, “એકલી ઘરે આવી ગઈ?”

“અ... હા એટલે...” રાધિકાને પોતાના અવાજમાં રહેલી અસમંજસની નવાઈ લાગી.

“તને એવી સમજણ ના પડી કે હું તારી રાહ જોતો હોઈશ?” રાહુલ એક ડગલું આગળ વધ્યો. એની આંખો ગુસ્સામાં લાલ હતી, “આખી ઑફિસમાં શોધી તને. હાફ-ડે લઈને નીકળી ગઈ... જણાવવાની પણ તસદી નથી લેતી. આ બધું નહીં ચાલે.”

“નહીં ચાલે?” રાધિકાને નવાઈ લાગી. આજ સુધી એની સાથે કોઈએ આવી રીતે વાત નહોતી કરી, “નહીં

ચાલે એટલે શું કહેવા માગે છે?"

"અરે, ગુજરાતી નથી સમજતી?" રાહુલ એક જ કૂદકો મારીને ઓટલા પર ચડી ગયો, "રોજ મારી સાથે આવે છે ને મારી સાથે જાય છે. એકદમ ઑફિસમાંથી નીકળી જાય અને મને જણાવે પણ નહીં? તને શું લાગે છે હું તારો ડ્રાઇવર છું?" એણે વધારે ગુસ્સાથી કહ્યું, "અરે, લોકો ડ્રાઇવરને પણ કહીને નીકળે છે..."

"રાહુલ, મારે થોડી ખરીદી કરવી હતી." "તો મને કહેવું હતું, હું આવત તારી સાથે."

"કમ ઓન રાહુલ..." રાધિકાએ સહેજ પાછળની તરફ જોયું, "બધાં સાંભળે છે."

"તો સાંભળવા દે. મને કોઈની બીક નથી લાગતી." રાહુલનો અવાજ સહેજ ઊંચો થયો. એણે રાધિકાનો હાથ પકડ્યો. રાધિકા કશું સમજે એ પહેલાં એણે ઘસડતો ડાઇનિંગ રૂમમાં લઈ ગયો અને સીધું અર્જુનકુમાર દીવાનની સામે જોઈને કહ્યું, "તમે આને કંઈ શીખવાડ્યું છે કે નહીં? જવાબદારીનું ભાન નથી આને..."

ડાઇનિંગ ટેબલ પર બેઠેલાં બધાં જ સ્તબ્ધ થઈને રાહુલની સામે જોઈ રહ્યાં હતાં. રાહુલ ગુસ્સામાં અર્જુનકુમાર દીવાનને કહી રહ્યો હતો, "સાવ બગાડી મૂકી છે તમે. એને એટલી બધી સ્વતંત્રતા આપી છે કે બીજાની લાગણીની, બીજાની ચિંતાની કે બીજાના ગમા-અણગમાની એને પરવા નથી રહી."

"રાહુલ..." રાધિકાનો એકદમ ધીમો અવાજ સંભળાયો.

"આઇ એમ સિરિયસ... આજ પછી આવી રીતે આવી ગઈ છે ને તો..." "તો શું?" રાધિકાએ જોરથી બૂમ પાડીને પૂછ્યું.

રાહુલ એક ક્ષણ રાધિકા સામે જોતો રહ્યો અને પછી એક પણ અક્ષર બોલ્યા વિના ડાઇનિંગ રૂમની બહાર નીકળીને સડસડાટ સીડી ચડીને પોતાના ઓરડામાં જતો રહ્યો.

પાછળ ડાઇનિંગ રૂમમાં બધાં જ જાણે ડઘાઈ ગયાં હોય એમ રાહુલને જતો જોઈ રહ્યાં.

રાધિકા એક શબ્દ બોલ્યા વિના પોતાની જગ્યાએ પાછી ફરી, બેસી ગઈ અને જમવા લાગી. લગભગ બધાં જ ડઘાઈ ગયાં હતાં. જે રીતે રાધિકાને આ ઘરનાં સૌ ઓળખતાં હતાં એ રીતે રાધિકા કોઈની બૂમાબૂમ આવી રીતે સાંભળી લે, એ પછી પણ કશું બોલ્યા વિના શાંતિથી પોતાનું કામ કરતી રહે એ વાત સૌને નવાઈ પમાડે એવી હતી.

એકલી સુમિત્રાને એમાં કશુંક પોઝિટિવ, કશુંક સારું દેખાયું..." રાધિકાના જીવનમાં આ માણસનું કોઈ મહત્ત્વ છે એ નક્કી... બાકી આમ ચૂપચાપ રાધિકા કોઈની વાત સાંભળે નહીં." સુમિત્રા મનોમન વિચારતી હતી અને ચૂપચાપ જમતી હતી. પરંતુ રાધિકાનું મન ચગડોળે ચઢી ગયું હતું. સુમિત્રાની જેમ જ એને પણ વિચાર આવ્યો કે એણે શા માટે રાહુલની આ બૂમાબૂમ સાંભળી લીધી.

"મેં આખી જિંદગી ક્યારેય કોઈનેય મારી પર આમ હાવી થવા દીધા નથી... તો રાહુલ શું કામ?" રાધિકાએ

જાતને સવાલ પૂછ્યો, “મને રાહુલે નોકરી અપાવી એ કારણે કે મારા ઘરમાં રહીને, મારાં માતા-પિતાને આર્થિક મદદ કરી એ કારણે, હું રાહુલના ઉપકારના બોજ તળે મારી જાતને દબાયેલી અનુભવું છું?” એનો કોળિયો હાથમાં જ અટકી ગયો હતો, “એમ તો વીરેને પણ મને બહુ મદદ કરી હતી, સત્યજીતે પણ મને બહુ મદદ કરી છે. સાચું પૂછો તો મારી જિંદગીમાં આવેલા દરેક માણસે મને કંઈ ને કંઈ આપ્યું છે અને હું માત્ર લેતી રહી છું.”

“રાધે… શું વિચારે છે બેટા? જમી લે શાંતિથી…” અર્જુનકુમારે એનું ધ્યાન પાછું વાળ્યું અને રાધિકા જમવા લાગી. પણ એ જે રીતે જમી રહી હતી એ જોતાં ત્યાં બેઠેલા સૌ સમજી શકતાં હતાં કે એનું ધ્યાન અહીંથી ચાલી ગયું હતું.

તેમ છતાં એણે અને સૌએ ચૂપચાપ જમી લીધું. ક્ષણભર પહેલાંનું આનંદનું વાતાવરણ સહેજ ઠંડું પડી ગયું. રાધિકાના બદલાયેલા મૂડની અસર જાણે ઘરનાં સૌ પર થઈ ગઈ!

જમીને પોતાના ઓરડા તરફ જતાં રાધિકાએ ધીમેથી રમણકાકાને કહ્યું, “રાહુલને બોલાવી લેજો, એ જમ્યો નહીં હોય.”

“હું ગયો હતો બેટા, એ ઉપર ગયો કે તરત જ…” રમણકાકાએ સહેજ સંકોચ સાથે કહ્યું, “પણ, રાહુલે કહ્યું કે…” એ બોલતાં અટકી ગયા.

“શું કહ્યું એણે?” રાધિકાના અવાજમાં અનાયાસ સહેજ ચીડ ભળી ગઈ.

“બેટા, છોડને… સવારે વાત કરીશું.” “રમણકાકા, એણે તમને શું કહ્યું?”

“તું તો જાણે છે બેટા” રમણકાકાએ રાધિકાના માથે હાથ ફેરવ્યો અને સહેજ હસી પડ્યા, “તદ્દન ચક્રમ છે એ…”

“એણે તમને શું કહ્યું?”

“એણે કહ્યું કે, તમારી રાધિકાને જો ખરેખર મારી ચિંતા હશે તો થાળી લઈને આવશે, બાકી ભૂખ્યો સૂઈ જવાનું મારા માટે નવું નથી.” રાધિકા રમણકાકા સામે જોઈ રહી. રમણકાકા હસી પડ્યા, “શું કહું બેટા? એ તો છે જ આવો, આવ્યો એ દિવસથી. મને તો એનો એક સ્ક્રૂ ઢીલો જ લાગે છે. હું જાણું છું તું થાળી લઈને નહીં જાય એટલે મેં તને કહ્યું જ નહીં.”

રાધિકા ક્ષણભર વિચારમાં પડી ગઈ, એણે જવું જોઈએ કે નહીં? જવાથી એ જે અપેક્ષા રાખે છે એ પૂરી થશે. રાહુલને લાગશે કે રાધિકાને એની ચિંતા છે, એને માટે કાળજી છે પણ ખરેખર પોતાને એને માટે એવી ચિંતા કે કાળજી છે ખરાં?

રાધિકાએ ક્યારેય કોઈનાય માટે આવું કશું જ કર્યું નહોતું. દરેક વખતે પોતાની ટર્મ્સ, પોતાના સિદ્ધાંતો, પોતાના ગમા-અણગમા, પોતાના જ અહમ્‌ને પોષતી રહી હતી. આજે એક માણસ – એક પુરુષ એની પાસે

પોતાના અહમ્ને પોષવાનો પ્રયાસ કરતો હતો. રાધિકાને વિચાર આવ્યો, "મારે જવું જોઈએ?"

એણે રમણકાકાની આંખોમાં જોયું, એને લાગ્યું કે રમણકાકા પણ કદાચ એ જ વિચારી રહ્યા હતા અને એણે સીધું જ રમણકાકાને પૂછી નાખ્યું, "મારે જવું જોઈએ?"

"શું કહું બેટા? પણ કોઈને સારું લાગે એવું વર્તવાથી ક્યારેય નુકસાન થતું નથી. બલકે કોઈને સારું લગાડીને હંમેશાં આપણને સારું જ લાગે છે."

થોડી વાર પહેલાં જ રાધિકાને આ વાતની સચ્ચાઈનો અનુભવ થયો હતો. એ ઘરના સૌ માટે જે રીતે વસ્તુઓ લાવી, મલયને જે રીતે આગળ ભણવાનું કહ્યું એ પછી મલયનું બદલાયેલું વર્તન અને આનંદ એનાથી છાનાં નહોતાં જ...

એણે રમણકાકાને કહ્યું, "થાળી તૈયાર કરો, હું ઉપર જઈશ." "બેટા..."

"રમણકાકા, મને તમારી વાત સાચી લાગે છે, એ રોજ મને ઑફિસે લઈ જાય છે અને પાછી લાવે છે. મારે ઑફિસેથી નીકળતા પહેલાં કહેવું જોઈતું હતું, એનો ગુસ્સો સાચો છે..." રમણકાકા નવાઈથી રાધિકા સામે જોઈ રહ્યા. આજે પહેલી વાર રાધિકાને એમણે આટલી શાંત, આટલી સ્વસ્થતાથી પોતાની ભૂલ કબૂલતી સાંભળી હતી.

એ રાજી થતા રસોડામાં ગયા... થાળી ભરતા પહેલા મંદિર પાસેથી પસાર થતા એમણે ઠાકોરજીની સામે જોયું, "હવે આ પ્રેમકથાને આગળ વધારવાનું તારા હાથમાં છે." એમણે મનોમન કહ્યું. રસોડામાં જઈ સરસ રીતે થાળી ભરી. ઉપર બીજી થાળી ઢાંકીને એના ઉપર કપડું ઢાંક્યું, "ચલ હું આવું તારી સાથે... તું આ ઊંચકીને ક્યાં જઈશ?"

"હું લઈ જઈશ, લાવો..." રાધિકાએ રમણકાકાના હાથમાંથી થાળી લઈ લીધી અને પરસાળમાં થઈને ઉપર જવાની ચીડી ચઢવા લાગી.

"અંદર આવું?"

"તારું ઘર છે, તારે જ્યાં આવવું હોય ત્યાં આવ, ને જ્યાં જવું હોય ત્યાં જા..."

રાધિકાના ચહેરા પર સ્મિત આવી ગયું, એ હાથમાં થાળી પકડીને દાખલ થઈ અને સાઈડમાં પડેલું સ્ટૂલ પગથી ખસેડીને એના પર થાળી મૂકી, ત્યાં જ ઊભી રહી, "ચલ, જમી લે..."

રાધિકાને હતું કે રાહુલ 'હા' 'ના' કરશે... મનાવાનો આગ્રહ કરશે પણ એવું કશું જ થયું નહીં. કહ્યાગરા બાળકની જેમ ચૂપચાપ ઊઠીને રાહુલે પહેલાં થાળી પરનું કપડું અને પછી ઢાંકેલી થાળી હટાવી, સ્ટૂલ નજીક ખેંચ્યું... ચૂપચાપ જમવા લાગ્યો.

રાધિકા એની નજીક આવી, પાસે પડેલી એક સૂતળીની નકશીવાળી ખુરશી ખેંચીને એ એની બાજુમાં ગોઠવાઈ

ગઈ.

"રાહુલ..."

"હં..." રાહુલ નીચું જોઈને જમી રહ્યો હતો, થોડી વાર પહેલાંનો બૂમો પાડતો, અકળાયેલો રાહુલ ક્યાંય ગુમ થઈ ગયો હતો.

"આઈ એમ સોરી..." રાહુલનો કોળિયો મોઢામાં અટકી ગયો. એણે નવાઈથી આંખો પહોળી કરીને રાધિકા સામે જોયું, "ખરેખર કહું છું. મારે તને કહેવું જોઈતું હતું."

"રાધિ... કા?!" રાહુલને બોલતાં તકલીફ પડી.

"એક વાત કહું?" રાધિકાએ બને એટલી નમ્રતાને પોતાના અવાજમાંથી વ્યક્ત કરવાનો પ્રયત્ન કર્યો, "આવતીકાલથી હું મારી જાતે જ ઑફિસે પહોંચી જઈશ અને મારી જાતે જ પાછી આવીશ. હવે તને તકલીફ આપવી..."

રાહુલે હાથમાં લીધેલો કોળિયો થાળીમાં મૂકી દીધો, "તો તું આ કહેવા આવી છે?"

"આવી ત્યારે આવું કહીશ એવું મનમાં નહોતું પણ અત્યારે આ જ વાત આવી ગઈ મનમાં, તો કહી નાખી." રાધિકાની આંખોમાં કોઈ અપરાધભાવ નહોતો, "હું સમજું છું રાહુલ... તું મને રોજ તારી સાથે લાવે અને લઈ જાય તો તારી આટલી અપેક્ષા હોય જ... પણ આપણે..."

"આપણે શું?" રાહુલ ઊભો થઈને ખુરશીમાં બેઠેલી રાધિકાના ખભા પર બંને હાથ મૂકીને ઝૂકી ગયો, "દરેક વખતે ખોટો વિકલ્પ જ શું કામ પસંદ કરે છે? સાથે નહીં આવવાનું કે જવાનું તને મંજૂર છે પણ બહાર નીકળતા પહેલાં મને કહી દેવું એ તારા અહમ્ ને નડે છે..."

"એવું નથી." રાધિકાને પોતાનો જ અવાજ ખાલી લાગ્યો, એને લાગ્યું કે રાહુલ કદાચ સાવ સાચી વાત કહી ગયો... અને એ પણ કેટલી સરળતાથી!

"જો રાધિકા, કોઈને આપણા વિશે જણાવવાથી કે કોઈ પૂછે એના જવાબો આપવાથી સ્વતંત્રતા જોખમાઈ નથી જતી. તેં તારી સ્વતંત્રતાની વ્યાખ્યા કેટલી નાની અને સંકુચિત કરી નાખી છે. કોઈ તારી ચિંતા કરે એ તને ગમતું નથી, કારણ કે તારે કોઈની ચિંતા કરવી નથી..." રાહુલે રાધિકાના કપાળ પર ચુંબન કરી લીધું, રાધિકાથી અનાયાસે પોતાના કપાળ પર હાથ ફેરવાઈ ગયો, રાહુલે ફરી ચુંબન કર્યું, "હું તો પૂછીશ, સો વાર પૂછીશ... તને નહીં ગમે તો પણ પૂછીશ... તું જવાબ નહીં આપે ત્યાં સુધી પૂછીશ..." રાધિકા પોતાના ચહેરા પર ઝૂકી આવેલા રાહુલ સામે ટગરટગર જોઈ રહી, "આજ સુધી તને મળેલા લોકો તને પ્રેમ નહોતા કરતા રાધિકા... તારાથી અંજાઈ ગયેલા, તારા આકર્ષણમાં સપડાયેલા, પોતાની જાતને તારાથી નાની અનુભવતા, તને મહાન માનતા લોકો હતા." રાહુલના ચહેરા પર સ્મિત હતું, "હું તને ચાહું છું... પ્રેમ કરું છું તને... એક પુરુષ એક સ્ત્રીને ચાહે એમ... માટે જ તારી ચિંતા કરવી... તને સાચવવી... તને સવાલો પૂછવા અને તારી પાસે ધાર્યું કરાવવું મને ગમે છે."

રાધિકાને આ ક્ષણે જ રાહુલને ધક્કો મારીને ઊભા થઈ જવું હતું પણ કોણ જાણે રાહુલની આંખોમાં એવું શું હતું કે રાધિકા એક પણ અક્ષર બોલ્યા વિના ચૂપચાપ એની આંખોમાં જોતી રહી.

“તું શું ઇચ્છે છે રાહુલ?” “તને... તને ઇચ્છું છું હું...”

હવે રાધિકાનો અવાજ સહેજ ઊંચો થઈ ગયો, “શું કરવું છે? સૂઈ જવું છે મારી સાથે?” એની આંખો બદલાઈ ગઈ હતી, “તને લાગતું હશે ને કે આ તો કોઈની સાથે પરણ્યા વગર રહીને આવેલી, ઘર છોડીને ભાગી ગયેલી, ફ્રી સેક્સમાં માનતી ચાલુ છોકરી છે... આની સાથે કંઈ પણ થઈ શકે!”

“રાધિકા!” રાહુલના ચહેરા પર ઢગલાબંધ આશ્ચર્ય અને આઘાત હતાં, “એક સ્ત્રી-પુરુષનો સંબંધ તું અહીં સુધી જ સમજી શકે છે? એની આગળ કે એના સિવાય કશું નથી હોતું?”

“શું હોય છે? તું જ કહે મને...” રાધિકા જાણે ઘા પર ઘા કરવા માગતી હતી,“ એક સ્ત્રી સાથેના સંબંધમાં શરીરથી વધારે શું રસ હોય છે એક પુરુષને?” એ બીજી તરફ જોઈ ગઈ, એણે અદબ વાળી દીધી, “અને તું પણ કેટલા દિવસ આ શરીરમાં રસ લઈ શકીશ? બે-ચાર-આઠ-દસ-બાર વાર... પછી તને આ શરીર જૂનું લાગશે. જાણીતું...” એ રાહુલ સામે જોઈને હસી, “પછી કોઈ નવી રાધિકાને શોધજે...”

રાહુલ એની નજીક ગયો, એણે રાધિકાનું જડબું પકડી લીધું. એની આંખોમાં આંખો નાખી, “તું મને સમજે છે શું? તારી ચિંતા કરવી, તારું ધ્યાન રાખવું એ ગુનો છે મારો? એ દરેક માણસ જે તારી નજીક આવે, તને પ્રેમ કરે, તારું ધ્યાન રાખે કે તને કશુંક આપવાનો પ્રયાસ કરે એ બધાને તું જાણે-અજાણે દૂર ધકેલી દે છે એ ખબર છે તને?”

“હું ધકેલું છું?” રાધિકાએ જડબું છોડાવવાનો પ્રયાસ પણ ન કર્યો, એને સખત પીડા થઈ રહી હતી. રાહુલે પકડેલા એના ચહેરા પરની પકડ સહેજ વધુ કસાઈ ગઈ, “હું નથી ધકેલતી... એ જ માણસ દૂર ચાલ્યો જાય છે, કારણ કે એને મારામાંથી રસ ઊડી જાય છે...”

“આ વહેમ છે તારો... અથવા તો તેં તારી જાતને આ કારણ આપી દીધું છે જેનાથી તું તારી પોતાની નજરમાં ગુનેગાર ન રહે! વીરેન, અર્જુનકુમાર, રાહુલ કે સત્યજીત... કોણ દૂર ગયું તારાથી? તારા આ બધા અસહ્ય વર્તન છતાં?”

“સત્યજીત... એનું નામ...”

રાહુલે વચ્ચે જ રાધિકાનું જડબું છોડી દીધું અને ઉશ્કેરાઈ ગયો, “લઈશ!

એનું નામ પણ લઈશ. તું શું માને છે, મને સમજાતું નથી? મને દેખાતું નથી?

સત્યજીત પણ તને ચાહે છે, પારાવાર... પણ એ રાહુલ નથી એટલે તારાથી દૂર રહીને પણ, તને પામ્યા વિના પણ પ્રેમ કરી શકે છે.” રાધિકા નવાઈથી જોઈ રહી, “અને, વીરેન પણ રાહુલ નથી એટલે તને આસાનીથી જવા દીધી.” એણે બંને હાથ રાધિકાની આસપાસ લપેટીને એને સાવ નજીક ખેંચી લીધી, “હું રાહુલ છું... તને

ચાહું છું... બેપનાહ... અને તને પામ્યા વિના નહીં જીવી શકું."

"પામવું એટલે શું રાહુલ?" રાધિકાએ વેધક નજરે એની સામે જોયું, "શરીરથી નજીક આવવું, એક સ્ત્રીને ભોગવી લેવી એટલે એને પામી લેવી, રાઈટ?"

"મૂર્ખ!" રાહુલ હસ્યો, "તું મૂર્ખ છે." "શટઅપ..."

"નો, આઇ વીલ નોટ..." રાહુલે રાધિકાને થોડી વધારે નજીક ખેંચી, રાધિકા એની મજબૂત પકડમાંથી છટકવા તરફડિયાં મારતી હતી પણ રાહુલે એને સાવ નજીક ખેંચીને ભીંસી દીધી, "કોઈને પામી લેવું એટલે એના સુખમાં ભાગીદાર થવું, એના ગમા-અણગમા ઓળખવા અને એ પ્રમાણે વર્તવું. એની બેવકૂફીઓને સહી લેવી. એની સાથે જિંદગીનો મોટા ભાગનો સમય ગાળવો, લડવું-ઝઘડવું, હસવું-રડવું... સાથે સાથે સુખી અને દુ:ખી થવું, રાધિકા..."

રાહુલે હિંમત કરીને એના હોઠ પર હોઠ મૂકી દીધા, બહુ જ હળવું પતંગિયાની પાંખ જેવું ચુંબન કર્યું. નાક સાથે નાક ઘસ્યું ફરી એની આંખોમાં જોયું, "સાથ નામનો શબ્દ તું શીખી જ નથી રાધિકા, તારી જાતના ઘેરામાંથી બહાર નીકળીને જો. એક વિશાળ જગત છે, ઘણા બધા લોકો છે, થોડું સુખ છે, ઘણુંબધું દુ:ખ છે પણ એવું કંઈ કેટલુંયે છે જેને જાણવાનો, ઓળખવાનો કે મેળવવાનો પ્રયાસ સુધ્ધાં નથી કર્યો તેં..."

રાધિકાએ ઝટકો મારીને જાતને છોડાવી, "મારી જ લાઇબ્રેરીના કોઈ પુસ્તકમાંથી વાંચ્યું છે તેં આ... અને હવે મને જ સંભળાવે છે. શું માને છે? હું ઇમ્પ્રેસ થઈ જઇશ? ડઘાઈ જઈશ? આવા મોટા મોટા શબ્દો અને આવી મહાન ફિલોસોફિકલ વાતો સાંભળીને..."

"આ ફિલોસોફી નથી, જિંદગી છે રાધિકા.." એ એની નજીક ગયો, "તારો પ્રોબ્લેમ શું છે તને ખબર છે? તું ફિલોસોફીને જિંદગી અને જિંદગીને ફિલોસોફી માને છે. હંમેશાં ખોટી દિશામાં ખોટા રસ્તે જતી રહી છે." રાહુલે એના ગાલ પર હાથ મૂકવાનો પ્રયાસ કર્યો પણ રાધિકાએ ઝાપટ મારીને એનો હાથ ખસેડી કાઢ્યો, "ઓ.કે..." રાહુલે ખભા ઊંચક્યા, "ખોટે રસ્તે જાય ત્યાં સુધી પ્રોબ્લેમ નથી રાધિકા, પણ તું દૃઢપણે એમ માને છે કે તું જે રસ્તે જાય છે એ જ સાચો છે અને બીજાએ પણ એ જ રસ્તે જવું જોઈએ, તું સ્ટુપીડ છે અને સૌથી મોટો પ્રોબ્લેમ એ છે કે તારો બાપ..."

"ડોન્ટ સે એનીથિંગ એબાઉટ હીમ."

"કેમ?" રાહુલના ચહેરા પર સ્મિત આવી ગયું. એ એટલો બધો સોહામણો લાગતો હતો કે રાધિકાને એક ક્ષણ એની નજીક જવાની ઇચ્છા થઈ ગઈ. એની આંખોમાં શરારત હતી, આટલી બધી દલીલો કર્યા પછી પણ એ ઉશ્કેરાયો નહોતો, બલકે એના ચહેરા પરનું સ્મિત વધુ ને વધુ તોફાની થતું જતું હતું, "તું આજે જે કાંઈ છે એમાં અર્જુનકુમાર દીવાનનો ફાળો નાનોસૂનો નથી... એમણે તને કારણ વગર એવું શીખવાડી દીધું છે કે મહાન લોકોથી પ્રેમ ન થાય, મહાન લોકોથી જિંદગીનાં નાનાં નાનાં સુખોમાં રસ ના લેવાય! વરસાદમાં ન્હાવું, પતંગિયાને જોઈને ખુશ થઈ જવું કે કોઈ ખીલેલા ફૂલને જોઈને રોમાંચિત થઈ જવું... આ બધું તને એમણે શીખવ્યું જ નહીં. એમને લાગ્યું કે આ બધું એમની ગરિમાથી વિરુદ્ધ છે..."

રાહુલે એને ફરીથી પોતાના બાહુપાશમાં લેવાનો પ્રયાસ કર્યો પણ રાધિકા ધક્કો મારીને આઘી ખસી ગઈ, “ડોન્ટ ટચ મી...”

“કેમ?” રાહુલે ફરી એક વાર હાથ ફેલાવીને રાધિકાને બાહુપાશમાં લઈ લીધી, “મારો ડર લાગે છે તને? કે પછી તારો પોતાનો ડર લાગે છે?”

“ડર? મને કોઈનો ડર નથી લાગતો.” રાધિકાનો અવાજ મોટો થઈ ગયો.

“તો આ વાત આટલા જોરથી શું કામ કહે છે?” રાહુલ હસતો હસતો એની નજીક આવ્યો, રાધિકાના તીવ્ર વિરોધ છતાં એને પોતાના બાહુપાશમાં લઈ લીધી, “સ્વીટહાર્ટ, જિંદગી વિશે બહુ વિચારવાનું નહીં, એને જીવવાની... પ્રત્યેક પળે આપણા હાથમાંથી કશું જાય છે. જતી પળ તો રોકી શકાતી નથી પણ એને યાદગાર તો બનાવી જ શકાય છે.” એણે રાધિકાના હોઠ પર ફરી એક વાર ચુંબન કર્યું, “આમ...”

“રાહુલ...” રાધિકાએ પોતાના બંને હાથ એની છાતી પર મૂકીને એને ધક્કો મારવાનો પ્રયત્ન કર્યો પણ રાહુલ કંઈ જુદા જ મૂડમાં હતો, એણે ફરી એક વાર રાધિકાને ચૂમી લીધી, “આમ...” એ એને વારે વારે ચૂમતો રહ્યો, “આમ... આમ... આમ...”

“હું તને તમાચો મારી દઈશ.”

“તો માર... કહે છે શું કામ?” રાહુલ હજી એને છોડવા તૈયાર નહોતો. “રાહુલ, તું સમજતો કેમ નથી? હું તને પ્રેમ નથી કરતી, હું કોઈને પ્રેમ નથી કરતી, કરી શકું એમ જ નથી.”

“આહ!” રાહુલના ચહેરા પર તોફાની સ્મિત હતું, એના ગાલમાં ખાડા પડતા હતા, એણે રાધિકાને છોડી દીધી અને નાટકીય રીતે કપાળ ઉપર હાથ મૂક્યો, “તને ખબર નથી રાધિકા, મારી કેટલી મજબૂરીઓ છે, મારી કેટલી જવાબદારીઓ છે?”

રાધિકા એકદમ ચીડાઈ ગઈ, “છે જ...”

“એટલે જેને બહુ જવાબદારી હોય અને જેને જિંદગીમાં બહુ બધું કરવાનું હોય એને પ્રેમ કરવાનો અધિકાર નથી?”

“નથી જ...” “કેમ?”

રાધિકા રાહુલની સામે જોતી રહી, એને તરત જવાબ ન જડ્યો. રાહુલની હાજરજવાબી શરારત અને બુદ્ધિ સામે આજે કોણ જાણે કેટલામી વાર હથિયાર નાખવા પડ્યાં હતાં. એક તરફથી એને ગુસ્સો આવતો હતો તો બીજી તરફથી એની અંદર ઊંડે ઊંડે ક્યાંક કશુંક અંકુરિત થતું, ફણગાતું અનુભવી રહી હતી રાધિકા... કેટલાય સમયથી સૂક્કી વેરાન ધરતી પર પડેલી તિરાડોમાં વરસાદનાં પહેલાં ફોરાં પડે એવી લાગણી રાધિકાની છેક ઊંડે ભીતરમાં ક્યાંક બહુ જ હળવે હળવે પણ જાગી રહી હતી...

"કેમ?" રાહુલે ફરી પૂછ્યું, "હું તને પૂછું છું રાધિકા..." રાહુલ એની સામે એકીટસે જોઈ રહ્યો હતો, "કારણ કે તું પ્રેમને નબળાઈ માને છે.

તું માને છે કે પ્રેમ કરવાથી માણસ નબળો થઈ જાય. એ જેને પ્રેમ કરે એની સામે એણે હથિયાર નાખવાં પડે... જેને પ્રેમ કરે એ માણસ વહેલો-મોડો ક્યારેક એની લાગણીનો, એના સંવેદનોનો દુરુપયોગ કરે... તું માને છે રાધિકા કે જેને આપણે પ્રેમ કરીએ એ આપણા તાબામાં રહેવો જોઈએ, ખરું?" એણે રાધિકાના ચહેરાને બંને હાથની વચ્ચે પકડ્યો, એ એની આંખોમાં જોઈ રહ્યો, "રાધિકા... પ્રેમ એ હારજીતની શરત નથી, પ્રેમ કોઈના ઉપર માલિકી મેળવવી કે કોઈના ગુલામ થઈ જવું એવી કોઈ રમત નથી. પ્રેમમાં બે વ્યક્તિઓ ઓગળીને એક થાય છે..." રાધિકા જાણે રાહુલના બે હાથની વચ્ચે પોતાનો ચહેરો પીગળતો અનુભવી રહી, "પ્રેમ કોઈ નબળાઈ નથી રાધિકા, એ શક્તિ છે. માણસને જીવાડતી... જીવતો રાખતી શક્તિ... પ્રયત્ન કરી જોજે, ફક્ત એક વાર, પ્રેમ કરવાનો."

"રાહુલ..."

"હા, રાધિકા... તું કહે છે તેવો પ્રેમ નહીં, હું જેને પ્રેમ કહું છું એવો પ્રેમ! કરી જો એક વાર..." રાધિકાને લાગ્યું કે એનું આખું શરીર મીણનું બનેલું હતું અને રાહુલની હથેળીમાંથી રેલાતી ગરમીમાં એનું શરીર ટીપે-ટીપે પીગળી રહ્યું હતું.

13

રાધિકાને લાગ્યું કે એનું આખું શરીર મીણનું બનેલું હતું અને રાહુલની હથેળીમાંથી રેલાતી ગરમીમાં એનું શરીર ટીપે-ટીપે પીગળી રહ્યું હતું.

એણે ઘણું ઇચ્છ્યું કે રાહુલને ધક્કો મારીને પોતાનાથી દૂર કરી દે – પોતે એનાથી દૂર થઈ જાય – છોડાવી દે પોતાની જાતને – ભાગી જાય નીચે... પણ જાણે એનું શરીર એના કહ્યામાં નહોતું. રાહુલના સ્પર્શની એક અજબ જેવી નશીલી ઊંઘ એના આખા શરીરને પીગળાવી રહી હતી, બેકાબૂ કરી રહી હતી... એ રાહુલના બાહુપાશમાંથી છૂટવા માગતી હતી, પણ એનું શરીર જાણે વધુ ને વધુ રાહુલની નજીક જવા, એના શરીર સાથે એકાકાર થઈ જવા તરફડિયાં મારતું હતું.

રાહુલની હથેળીઓ રાધિકાના ચહેરા પર, ગળામાં, ખભા પર અને ગળાની નીચે સરકતી હતી, એની કમર પર, એના પેટ પર રાહુલની આંગળીઓ જાદુ કરી રહી હતી.

રાધિકાને આવો અનુભવ ક્યારેય નહોતો થયો. એ હંમેશાં માનતી કે એનો પોતાની જાત પર ઘણો કાબૂ છે, એ ધારે તેમ, ઇચ્છે તેમ વર્તીને પોતાના મન અને શરીરને કાબૂમાં રાખી શકે છે.

પણ, અત્યારનો અનુભવ એક અજબ જેવો અશરીરી અનુભવ હતો, એને પોતાનું શરીર જાણે હોય જ નહીં એવી લાગણી થઈ, ધીમે ધીમે એ હવાનો ભાગ બનીને ઊંચે, વધુ ઊંચે ઊડી રહી હતી... રાહુલનો સ્પર્શ જ્યાં જ્યાં થતો શરીરનો એ ભાગ જાણે રહ્યો જ ન હોય એમ બધું જ હવામાં ઓગળતું જતું હતું.

રાધિકાની આંખો મીંચાઈ ગઈ હતી. એના હોઠ રાહુલના ચુંબનની પ્રતીક્ષામાં થોડા ખૂલી ગયા હતા.

રાહુલના ચહેરા પર અત્યાર સુધી રમી રહેલું સ્મિત અચાનક અદૃશ્ય થઈ ગયું હતું એ એક પુરુષ, સંપૂર્ણ પુરુષ બનીને હૂંફાળી આંખે રાધિકા તરફ જોઈ રહ્યો હતો.

રાધિકાના મનમાં બાંધી રાખેલી કેટલીયે ગાંઠો રાહુલના સ્પર્શે બહુ જ હળવે હળવે ખૂલી રહી હતી. એના બાહુપાશમાં ઘેરાયેલી રાધિકા બંધન અને અવકાશનો એકસાથે અનુભવ કરી રહી હતી. એના સિતારની જેમ રણઝણી રહેલા શરીર પર રાહુલની આંગળીઓ કોઈ સુરીલી ધૂન વગાડી રહી હતી, રાહુલ એને સહારો આપીને નજીક પડેલા કાઉચ સુધી લઈ આવ્યો. એણે કોઈ ઢીંગલીને સુવાડતો હોય એટલી નજાકતથી રાધિકાને કાઉચ પર હળવેથી ઢાળી દીધી.

રાધિકાના આખા શરીર ઉપર પોતાની હથેળી એણે એ રીતે ફેરવી જાણે એની ત્વચાના ઇંચે ઇંચને જગાડી દેવા માગતો હોય.

“અત્યારે, આ પળે આખા કોસમોસમાં માત્ર તારા શ્વાસનો અવાજ સંભળાય છે, તારી સુગંધ લહેરાય છે, માત્ર તારી બે સળગતી આંખોથી અજવાળું છે અહીં, તારા ખુલ્લા હોઠમાં પ્રવેશીને હવે સૂર્ય સુધી પહોંચી શકાય છે...” રાહુલે કહ્યું. રાધિકા બંધ આંખે કોઈ કવિતા સાંભળતી હોય એમ એને બોલતો સાંભળી રહી, “દરેક

માણસ પાસે ત્રણ આંખો હોય છે રાધિકા... જે જિંદગીમાં ગુમાવી શકે છે, સહન કરે છે, રાહ જુએ છે – કશું એવું બનવાની જે એની કલ્પનાની પણ બહાર હોય છે એ દરેક માણસ પાસે ત્રીજી આંખ હોય છે. જે તૂટી શકે છે, તૂટવાની તકલીફ અનુભવે છે અને ફરી એક વાર પોતાની જ રાખમાંથી ઊભો થાય છે. એ દરેક માણસ ત્રીજી આંખથી જોઈ શકે છે, પણ તારા આખા શરીર પર આંખો છે... તું તારા દરેક રોમથી જોઈ શકે છે રાધિકા...”

રાધિકાએ આ પહેલા આવા શબ્દો ક્યારેય નહોતા સાંભળ્યા... એ રાહુલના સ્પર્શના ઘેનમાં અને આ શબ્દોના નશામાં ડૂબતી-તરતી આખીયે ક્ષણના પ્રવાલ લયમાં કોણ જાણે ક્યાં પહોંચી ગઈ...

“રાહુલ...” એ પોતે પણ ભાગ્યે જ સાંભળી શકે એવા અવાજમાં એણે રાહુલનું નામ લીધું અને પોતાના ચહેરાની નજીક રાહુલના બાવડા પર હળવેથી બચકું ભર્યું.

આખાય ઓરડાની હવા જાણે ગરમ ગરમ થઈ ગઈ હતી... આગની લપટો ઓરડાની ચારે તરફ ભડભડ સળગી રહી હતી. રાહુલનો હાથ રાધિકાના શરીર પર એવી રીતે ફરી રહ્યો હતો જાણે એક એક કરચલી કાઢીને એના શરીરને તંગ અને ચમકતું કરી નાખવું હોય...

ધસમસતા વહેતા જતા સંવેદનોના પ્રવાહમાં અથડાતા-કુટાતા-પછડાતા- વિખરાતા અને ફીણ ફીણ થઈ જતા બંને ક્યાંય સુધી એકબીજાને ભીંસતાં રહ્યાં, એકબીજા સુધી પહોંચવાનો, એકબીજાને પામવાનો પ્રયાસ કરતાં રહ્યાં.

ક્ષણો બરફ થઈને ઓગળતી રહી, મીણ થઈને પીગળતી રહી, હવા થઈને વહી ગઈ એમની આરપાર, એમને સાથે લઈને ઊડી ગઈ...

રાધિકાએ જ્યારે આંખો ખોલી ત્યારે એના ચહેરા પર અજબ તેવી તૃપ્તિ હતી. ઓરડામાં અગરબત્તી કે ધૂપની સુગંધ રેલાતી હતી જાણે... મંદિરના ઘંટ સંભળાતા હતા, આરતીનો દીપક જાણે રાહુલની આંખોમાં ઝિલમિલાતો હતો. એવું લાગતું હતું જાણે આ ઓરડો કોઈ મંદિર હોય, બંને જણાં એક વેદી પર પ્રગટેલી આગમાંથી જન્મેલાં બે શરીરો હોય...

“શું વિચારે છે?” રાહુલે રાધિકાના હોઠ પર આંગળી ફેરવી.

“શું વિચારું?” રાધિકા ઉઘાડી આંખે છત તરફ જોઈ રહી હતી, “વિચારવા જેટલી, સમજવા જેટલી જગ્યા જ ક્યાં છોડી છે?”

રાહુલના હોઠ ફરી એક વાર રાધિકાના હોઠ પર પથરાઈ ગયા... ક્યાંય સુધી... રાધિકાએ રાહુલને એવી રીતે પકડ્યો જાણે કોઈ પાણીના ધસમસતા ધોધને પોતાના બાહુપાશમાં પકડવાનો પ્રયત્ન કરતો હોય, અને પોતાના આખા શરીરમાં ઝીણી ઝીણી કૂંપળો ફૂટતી હોય એવો અનુભવ થયો...

“રાહુલ, મારી જિંદગીનો તું પહેલો પુરુષ નથી, આ શરીર માટે આ અનુભવ નવો નથી.”

"જાણું છું" રાહુલે હાથ લંબાવીને રાધિકાને પોતાની વધુ નજીક ખેંચી, "પણ, મારે માટે તું મારા જીવનની પહેલી સ્ત્રી છે અને કદાચ છેલ્લી પણ..."

"કદાચ એટલે?"

"નથી જાણતો રાધિકા... તારા સ્વભાવે, તારી પ્રકૃતિએ અને તારા પ્રવાસી હોવાના આ ભ્રમમાં તું ક્યાં સુધી અહીં મારા બાહુપાશમાં રોકાઈશ!" એણે રાધિકાના શરીર પર ફરી એક વાર હથેળી ફેરવવાની શરૂ કરી, "અદ્ભુત શરીર, એની અંદરનું કુશાગ્ર દિમાગ અને એક ચંચળ મન... આ ત્રણે મળીને મને ક્યારે ફરી એકવાર એકલો અને અધૂરો કરી નાખશે એ નથી જાણતો. પણ ત્યાં સુધી આ રેશમના નગરમાં, આ હિમાચ્છાદિત શિખરોની વચ્ચે, ઓગળતા સૂર્ય અને પીગળતા સોનાની આ નદીઓમાં મારે વહેતા રહેવું છે રાધિકા..."

"રાહુલ!"

"ખરેખર કહું છું" બહાર ગહેરો થતો જતો અંધકાર અને સુગંધી સંગીતમાંથી ઉફણાતા-શાંત થઈ જતા શ્વાસોનો એક અજબ લય આ ઓરડામાં ફેલાઈ રહ્યો હતો. શરીરના સોનેરી તડકામાં જાતને શેકી રહેલાં બંને જણાં આ ક્ષણ પછી જીવવાનાં ન હોય એમ આ જ ક્ષણને પૂરેપૂરી જીવી લેવા માગતાં હતાં, "તારાથી ડરવાની પણ મજા આવે છે! તારી સાથેના સંબંધમાં આ અસલામતી અને અનિશ્ચિતતાનું જે વાતાવરણ છે એ જ આ સંબંધને જીવતો-ધબકતો રાખશે."

"હું આવી હતી નહીં રાહુલ..." રાધિકાની આંખો અચાનક ભરાઈ આવી, "કોણ જાણે ક્યાંથી શરૂ કર્યો હતો આ પ્રવાસ અને ક્યાં પહોંચી ગઈ."

"જ્યાં પહોંચી છે એ જ કદાચ તારી જગ્યા હોય..."

"હજી મારે ઘણો પ્રવાસ કરવાનો છે રાહુલ... મારી પાસેનાં એકઠાં કરેલાં કેટલાંય શૂન્યોમાં તેં માત્ર એક આંકડો ઉમેરીને મને એક અર્થ આપી દીધો છે. તેં વિખરાયેલા બધા જ ટુકડાઓ ઉઠાવીને એમાંથી ફરી એક વાર આખી રાધિકા, પૂરેપૂરી રાધિકા બનાવી છે..."

"એ રાધિકા મારી છે" રાહુલે બેચેન થઈને કહ્યું અને રાધિકાને એવી રીતે ભીંસી જાણે પોતાની અંદર સમાવી લેવી હોય.

"કોને ખબર? ઊડતી ઊડતી કોઈ સૂકા પાંદડાની જેમ હું અહીં આવીને ભરાઈ ગઈ છું... ફરી પવન આવશે તો ફરી ઊડીશ ને ફરી ક્યાંક જઈને ભરાઈ જઈશ. ક્યારેક સળગતી આગમાં પડીને રાખ બની જઈશ રાહુલ... હું તો હવા છું, મારા માળા માટે પીંછાં અને પાંદડાં મારા જ ખભે લઈને ફરું છું... બસ, ક્યાંય ગોઠવી શકતી નથી." રાધિકાએ રાહુલની છાતીમાં માથું નાખીને રડવા માંડ્યું, રાહુલની આંગળીઓ એના વાળમાં ફરી રહી હતી. રાધિકાની અંદર જામેલો કેટલોય બરફ ધીમે ધીમે પીગળી રહ્યો હતો.

રાધિકાના હૃદયના હિમાલયની નદીઓમાં રાહુલ નામના ઊગેલા સૂરજથી ભયાનક પૂર આવ્યાં હતાં. ગંગાનો

પ્રવાહ એમની વચ્ચેથી, એમની અંદરથી વહી રહ્યો હતો...

રાહુલની આંખો ખૂલી ત્યારે રાધિકા બાજુમાં નહોતી. એ એમ જ ચાદર ઓઢીને ઘસઘસાટ ઊંઘતો હતો...

એણે બાજુમાં પડેલો મોબાઈલ ઉઠાવીને સમય જોયો, સાડા નવ? "રાધિકા..." એણે બૂમ પાડી.

"એ ઑફિસ જવા નીકળી ગઈ." રમણકાકાએ નીચેથી જવાબ આપ્યો. રાહુલને જાણે કોઈ ઢાળ ઉપર ધક્કો મારી દીધો હોય એવી લાગણી થઈ.

એ ઊભો થયો, જાતને ધક્કો મારીને તૈયાર કરી, માંડ માંડ ધકેલતાં ઑફિસ પહોંચ્યો...

એ રાધિકાના ડિપાર્ટમેન્ટમાં દાખલ થયો ત્યારે રાધિકા તદ્દન પથ્થર જેવો ચહેરો લઈને, સાવ અજાણ આંખો લઈને એની સામે જોઈ રહી હતી, "હાય રાહુલ..." એના અવાજમાં કોઈ આરોહઅવરોહ નહોતો.

"મને જગાડ્યો નહીં?" રાહુલે નજીક આવીને રાધિકાની કોણી પકડી. "મને મોડું થતું હતું અને આમ પણ આજથી આપણે જોડે નહીં આવવાનું નક્કી કર્યું છે..." રાધિકાએ રાહુલ સામે જોયું, એની આંખોમાં રાહુલે કોઈ ભાવ શોધવાનો પ્રયાસ કર્યો પણ રાધિકા જાણે ફરી એ જ ભાવવિહીન, આરસની પૂતળી બની ગઈ હતી, સુંદર... સુંવાળી... અપ્રતિમ... પરંતુ ઠંડી અને પથ્થરમાંથી કોતરેલી... !

"શું થયું રાધિકા?" રાહુલને નવાઈ લાગી. ગઈ કાલની રાતની રાધિકા અને હમણાંની રાધિકામાં આભ-જમીનનો ફેર હતો. એની ગઈ કાલે રાત્રે જોયેલી આંખો અને અત્યારે દેખાતી આંખો જાણે બે જુદા ચહેરા અને જુદી આંખો હોય એમ ભાસતું હતું.

"કશું નથી થયું રાહુલ." રાધિકાનો અવાજ સાવ સપાટ હતો. એણે હળવેથી પોતાની કોણી છોડાવી.

રાહુલ સહેજ નજીક આવ્યો, "રાધિકા, તને કોઈ ગિલ્ટ, કોઈ અપરાધભાવ જાગ્યો છે ગઈ કાલ રાત માટે?"

"મારે ગઈ કાલ રાતની કોઈ વાત નથી કરવી રાહુલ."

"મારી જિંદગીની શ્રેષ્ઠ રાત હતી એ. બંધ આંખે તો બધાં સપનાં જુએ, ગઈ કાલે રાત્રે મેં ઉઘાડી આંખે સપનાં જોયાં. મને જે જોઈતું હતું એ મળી ગયું..."

"બસ તો! હવે આપણે બંને પોતપોતાની દિશા લઈ લઈએ."

"મારી દિશા તો તું જ છે રાધિકા, હું હવે તારી તરફ આવી રહેલો એક એવો માણસ છું, જેનું લક્ષ્ય પણ તું છે, રસ્તો પણ તું છે અને મંઝિલ પણ તું જ છે."

"આ બધા શબ્દો કવિતાઓમાં અને નવલકથાઓમાં સારા લાગે રાહુલ, અફસોસની વાત છે પણ સત્ય છે કે જિંદગીની વાસ્તવિકતાઓ આવા શબ્દોથી નથી બનતી."

"શું થઈ જાય છે તને? કઈ વાસ્તવિકતાની વાત કરે છે તું? હું વાસ્તવિકતા નથી? આપણો સંબંધ વાસ્તવિકતા નથી? ગઈ કાલે રાત્રે આપણી વચ્ચે જે કંઈ થયું એ વાસ્તવિકતા નહોતી?"

"હશે! અથવા નહીં હોય..." રાધિકા આગળ વાત કર્યા વિના ઊંધી ફરીને જવા લાગી. લગભગ બધા જ એની સામે જોઈ રહ્યા હતા. રાહુલે પાછળ દોડીને એનો હાથ પકડી લીધો, રાધિકાએ હાથ છોડાવ્યો. "હાથ છોડ, બધા જુએ છે."

"ભલે જુએ, મને કોઈની બીક નથી લાગતી."

"બીક અને હિંમત, હાર અને જીત, મેળવવું અને ગુમાવવું – બસ, આની જ આસપાસ તારી જિંદગી ફર્યા કરે છે રાહુલ, આ શબ્દોની બહાર પણ કશુંક છે, જે કઠોર છે, સત્ય છે અને જેને જીવવું પડતું હોય છે."

"એટલે?"

"એટલે એમ રાહુલ, કે કાલે પળભરના ઉન્માદમાં..." એણે સહેજ વિચારીને ઉમેર્યું, "ઘણા વખતથી દબાઈ રહેલી મારી શારીરિક જરૂરિયાતના કારણે પણ હું તારી સાથે અમુક પ્રકારના આકર્ષણમાં ઘસડાઈ ગઈ... પણ એ સંબંધ કાયમી ના થઈ શકે રાહુલ."

"કેમ? કેમ ના થઈ શકે?"

"કારણ કે..." રાધિકાએ જવાબ આપવાનો શરૂ તો કર્યો, પણ એ અટકી ગઈ. રાહુલની આંખોમાં કશુંક એવું હતું, જેનાથી એ જવાબ ન આપી શકી અને હાથ છોડાવીને ચાલવા લાગી. જતાં જતાં એણે ખૂબ ધીમેથી, પણ મક્કમતાથી કહ્યું, "હવે મારી પાછળ નહીં આવતો પ્લીઝ... બધા જુએ છે એ મને નથી ગમતું."

"ઓ.કે." રાહુલ ત્યાંથી ચાલી ગયો, પણ એના મનમાં જાણે કશુંક ચીરાઈ ગયું. એ સમજી નહોતો શકતો કે રાધિકા આવી રીતે કેમ વર્તી રહી હતી. ગઈ કાલે રાત્રે જે સ્ત્રી એના બાહુપાશમાં પીગળી ગઈ હતી અને પોતાનું સર્વસ્વ એને સોંપીને સંપૂર્ણપણે એની સાથે એકાકાર થઈ ગઈ હતી, પોતે જેને પોતાનું મન, શરીર અને આત્મા સોંપી દીધાં હતાં એવી આ સ્ત્રી અચાનક આમ કેમ વર્તતી હતી!

ઑફિસમાં આનાથી વધુ ચર્ચા નહીં થઈ શકે એમ માનીને રાહુલ પોતાની કેબિનમાં ચાલી ગયો, પણ એનું મન આખો દિવસ રાધિકાના વિચારોમાં ડૂબેલું રહ્યું. થોડા જ કલાકોમાં રાધિકા આમ કેમ બદલાઈ ગઈ એ સવાલનો જવાબ એને જડતો નહોતો અને એ જવાબ ન જડે ત્યાં સુધી રાહુલની પ્રકૃતિ અને એનો સ્વભાવ એને જંપીને બેસવા દે તેમ નહોતાં...

આ સવાલનો જવાબ રાધિકાની પોતાની પાસે પણ નહોતો.

રાહુલના ગયા પછી એ પોતાના ટેબલ પર બેઠી. એણે આંખો મીંચી અને ઊંડા શ્વાસ લેવા માંડ્યા. રાહુલની આંખો જોઈને ખરેખર એની અંદર કશુંક ચીરાઈ ગયું હતું. એણે પોતાની જાતને પૂછ્યું, "રાહુલ સાથે બરાબર કર્યું રાધિકા? દરેક વખતે તને ચાહતા માણસને પીડા આપીને શું મળે છે તને?"

"હું પીડા આપું છું?" એણે જાતને પૂછ્યું.

"તું જ તો... તું નહીં તો બીજું કોણ?" એનું મન એને હચમચાવીને-ઝકઝોરીને પૂછી રહ્યું હતું, "રાહુલનો વાંક શું છે? ફક્ત એટલો જ કે એ તને ચાહે છે? તારે માટે સર્વસ્વ કુરબાન કરવા તૈયાર થઈ ગયો છે? દરેક વખતે તને મળી જતો પુરુષ તારે માટે નકામો કેમ થઈ જાય છે રાધિકા?" એ પોતે જ ચોંકી ગઈ. એના મને કદાચ પહેલી વાર આવો સવાલ પૂછ્યો હતો. એ ખુરશીની પીઠ પર માથું ઢાળી, બંધ આંખે વિચારી રહી હતી અને એનું મન એને ફરી ફરીને એક જ સવાલ પૂછતું હતું, "રાધિકા, શું પુરુષ કોઈ પડકાર છે તારા માટે? એને જીતી લેવો, એના પર સરસાઈ મેળવવી, એ તને ચાહવા લાગે એવી સ્થિતિ ઊભી કરવી, એ એનાં તમામ હથિયારો તારા પગમાં નાખીને ઘૂંટણિયે પડે ત્યાં સુધી એને સુધી ઘસડી લાવવો અને પછી..." એનું મન એને પૂછી રહ્યું હતું, "અને પછી એને તરછોડી – તિરસ્કારી નાખવો, તારાથી દૂર કરી દેવો... આ કઈ રમત છે રાધિકા? અને શું કામ રમ્યા કરે છે વર્ષોથી?"

"હું? હું ક્યાં રમત રમું છું? રમત તો ભાગ્ય રમે છે મારી સાથે..." "તારી જાતને છેતરવાનું આ સૌથી મોટું હથિયાર છે તારી પાસે. તારા માટે જાત ન્યોચ્છાવર કરતા તારા પિતા – અર્જુનકુમાર દીવાનને કેટલી તકલીફ આપી તેં? એમના કયા ગુનાને કારણે..."

રાધિકાના મને આજે એને અદાલતમાં ઊભી કરી દીધી હતી. જે સવાલો રાહુલની આંખોમાં લખાયેલા હતા અને છતાં એક શબ્દ પણ બોલ્યા વિના રાહુલ ચાલી ગયો એ પછી, એ બધા જ સવાલો એક પછી એક રાધિકાનું જ મન એને પૂછી રહ્યું હતું.

"તું જાણે છે સત્યજીત તને પ્રેમ કરે છે – તું અહીંથી લંડન ગઈ ત્યારે પણ જાણતી હતી. પાછી આવી ત્યારે પણ... તને સત્યજીત તારે લાયક નથી લાગતો, કારણ કે એ સીધોસાદો સરળ છોકરો છે. સાચું મોઢે કહેનારો, તારા ખોટા ગર્વને નહીં પંપાળનારો..."

"સત્યજીત..." રાધિકા પોતાના જ મન સામે જાણે દલીલો કરવા માટે શબ્દોનાં ફાંફાં મારતી હતી, "સત્યજીત દોસ્ત છે, મિત્ર છે મારો. હું એને પ્રેમ નથી કરી શકતી."

"કારણ કે એ જીતાતો નથી, કેમ?"

"હું... હું..." રાધિકા જાત સાથે જ દલીલો કરી રહી હતી, "હું કદાચ કોઈનાય પ્રેમને લાયક નથી. પ્રેમ કરવો મારો અધિકાર નથી. મને પ્રેમ સદતો જ નથી."

"કે પછી તારે સ્થિર થઈને રહેવું જ નથી? સ્થિર થાય તો જવાબદારી લેવી પડે. અમુક પરિસ્થિતિઓ સાથે સમાધાન કરવાં પડે. જાતના વર્તુળમાંથી બહાર નીકળીને બીજાના ગમા-અણગમાનો વિચાર કરવો પડે અને એ તારા અહમ્‌ને ક્યારેય નહીં પોસાય..."

"એમ જ હશે." રાધિકાએ ધડાક દઈને મનના દરવાજા બંધ કરી દીધા, "મારે ચર્ચા નથી કરવી..." આજે રાધિકા પહેલી વાર પોતાના જ મનથી ડરી ગઈ હતી. આમ તો એના મન સાથે સતત સંવાદ ચાલ્યા કરતો.

જિંદગીની દરેક બાબતમાં, લગભગ પ્રત્યેક પળે એ પોતાના મન સાથે દલીલો કર્યા કરતી.

પરંતુ, દરેક વખતે એ દલીલ જીતવા માટે હતી, કારણ કે રાધિકા ક્યારેય પોતાના મનને પોતાનાથી જુદું નહોતી કરતી શકતી. ખરેખર આજ પહેલાં થયેલી બધી દલીલો બે જણા વચ્ચેની દલીલો નહોતી! એ એક જ વ્યક્તિએ પોતાને ફાવે તેવી રીતે, પોતાની જ સાથે કરેલી દલીલો હતી...

આજે પહેલી વાર એના મને એને એવા સવાલો પૂછ્યા હતા, જેના જવાબો રાધિકા પાસે નહોતા. આજે પહેલી વાર એના મને રાધિકાના પોતાના કાબૂની બહાર નીકળીને એને આયનો બતાવ્યો હતો. એ આયનામાં દેખાતો પોતાનો જ ચહેરો જોઈને રાધિકા છળી ગઈ હતી.

એણે આંખો મીંચી દીધી હતી એ ચહેરા પરત્વે.

પોતાના જ ચહેરામાં એને પિતાનો, સત્યજીતનો, વીરેનનો અને રાહુલનો ચહેરો દેખાયો હતો...

એ તમામ ચહેરા ફરિયાદ કરી રહ્યા હતા, સવાલ પૂછી રહ્યા હતા. હાથ લંબાવીને પોતાનો અધિકાર માગી રહ્યા હતા અને ગઈ કાલ સુધી પોતાની બુદ્ધિ પર, પોતાના તર્ક પર, પોતાની આવડત અને અક્કલ પર મુસ્તાક રાધિકા પોતાના હૃદય સામે અસહાય બની ગઈ હતી.

એને બંધ આંખે સવારનો પ્રસંગ નજર સામે દેખાઈ રહ્યો હતો. આજે બનેલા એ પ્રસંગે પીગળી ગયેલી રાધિકાને ફરી એક વાર થીજી જવા, પથ્થરની બની જવા મજબૂર કરી નાખી હતી.

રાધિકાની આંખો ખૂલી ત્યારે રાહુલ ઘસઘસાટ ઊંઘતો હતો. એના ચહેરા પર પ્રગાઢ તૃપ્તિ અને શાંતિ હતી. કશુંક પામ્યાનું સ્મિત એના ચહેરા પર એમ જ અટકી ગયું હતું.

રાધિકા થોડી વાર એને જોતી રહી, પછી એનો હાથ પોતાના ગળામાંથી કાઢીને ધીમેથી ઊભી થઈ પોતાનાં વસ્ત્રો પહેરીને લાઇબ્રેરીના ઓરડામાંથી બહાર નીકળી ત્યારે પરસાળમાં બેઠેલા અર્જુનકુમાર દીવાનને એણે જોયા.

અર્જુનકુમારે પણ રાધિકાને લાઇબ્રેરીના ઓરડામાંથી બહાર નીકળી જોઈ. બેમાંથી કોઈ કશું બોલ્યું નહીં, પણ એ ચાર આંખોએ એકબીજાની સામે જે દૃષ્ટિએ જોયું એમાંથી નીકળતી ઠંડી આગ આખા ઘરને ભસ્મીભૂત કરી દેવા માટે પૂરતી હતી.

રાધિકા કશું જ બોલ્યા વિના ચૂપચાપ પોતાના ઓરડા તરફ જઈ રહી હતી કે અર્જુનકુમારે બૂમ પાડી, "રાધિકા, નીચે આવ."

અર્જુનકુમાર જ્યારે ગુસ્સામાં હોય ત્યારે જ રાધિકા કહેતા. બાકીનો બધો સમય એ રાધા અથવા રાધે કહીને સંબોધતા... તેમણે જે રીતે બૂમ પાડી એ રીતે રાધિકાને સમજાઈ ગયું કે એમનો મૂડ સારો નથી.

એ થોડી વાર પરસાળમાં ઊભી રહી અને પછી ધીમા ડગલે નીચે આવી. "આખી રાત લાઇબ્રેરીમાં હતી?"

"જી." અહીં, આ ઘરમાં જુઠ્ઠું બોલવાનો રિવાજ નહોતો એટલે રાધિકાએ સીધેસીધું સત્ય સ્વીકારી લીધું. "અને પેલો?"

"એ પણ."

"તને શું લાગે છે રાધિકા, તારી જિંદગી આમ જ એકથી બીજા ને બીજાથી ત્રીજા પડાવો પર બદલાતી રહેશે? તને ઠરીઠામ થવાનું, ક્યાંય અટકવાનું, રોકાવાનું મન નથી થતું?"

રાધિકા જવાબ આપ્યા વિના અર્જુનકુમાર દીવાનની સામે ટગર ટગર જોતી રહી.

એના મનમાં તો આવ્યું કે અર્જુનકુમાર દીવાનને સણસણતો જવાબ આપી દે, પણ એણે શબ્દો ગળી જવામાં વધુ ડહાપણ છે એમ માનીને ચૂપ રહેવાનું પસંદ કર્યું.

"રાધિકા, હું પુરાણા વિચારોનો નથી... તું જાણે છે સ્ત્રી-પુરુષના સંબંધો વિશે હું ઉદાર અભિપ્રાય ધરાવું છું, પણ એનો અર્થ એવો નથી રાધિકા કે હું મારી પોતાની દીકરીને ખોટા રસ્તે જતી જોયા કરું."

હવે રાધિકા માટે ચૂપ રહેવું લગભગ અસંભવ હતું, "ખોટો રસ્તો?

ખોટો અને સાચો રસ્તો કોણ નક્કી કરશે શ્રી અર્જુનકુમાર દીવાન?" "હું, તારો બાપ..."

"મને એ મંજૂર ના હોય તો?"

"તો..." અર્જુનકુમાર દીવાને આંખો મીંચી દીધી. પોતાના બંને હાથની મુઠ્ઠીઓ વાળી દીધી અને ચહેરાથી જ રાધિકાને ત્યાંથી જવાનો ઇશારો કર્યો. "બોલો... ફરી એક વાર કહી દો મને કે આ ઘર તમારું છે. અહીં એ જ થશે, જે તમે ઇચ્છો છો, તમે ધારો છો..." રાધિકાનું ગળું રૂંધાઈ ગયું, "દસ વર્ષે હું એ જ સાંભળવા પાછી આવી છું."

"આઇ એમ..." અર્જુનકુમાર દીવાને એક ઊંડો નિઃશ્વાસ નાખીને કહ્યું, "સોરી રાધિકા..." એમણે આંખો ઉઘાડી, એ થોડી વાર રાધિકા સામે જોતા રહ્યા, "તું અહીંથી ગઈ ત્યારે બાળકી હતી, અથવા એવું મને લાગતું હતું...

મને તો તું આજે પણ બાળકી જ લાગે છે." બંને થોડી વાર ચૂપ રહ્યાં. અર્જુનકુમાર દીવાનની અપેક્ષા હતી કે રાધિકા જવાબ આપશે, પણ એ કશું જ બોલી નહીં. એટલે એમણે આગળ કહ્યું, "હવે મને સમજાય છે કે તું મોટી થઈ ગઈ છે. તારા નિર્ણયો જાતે કરી શકે છે. મારે તને કંઈ કહેવાનું નથી. માત્ર એક સવાલ પૂછવાનો છે." "પૂછો."

"રાહુલને કેટલું ઓળખે છે? શું જાણે છે એના વિશે? તને ખરેખર એવું લાગે છે કે જે કંઈ થઈ રહ્યું છે તે યોગ્ય અને સાચું છે? જો તારો જવાબ 'હા' હોય તો મારે તારી સાથે કોઈ ચર્ચા નથી કરવાની..." રાધિકા કંઈક કહેવા ગઈ, પણ અર્જુનકુમાર દીવાને એને હાથ ઊંચો કરીને અટકાવી, પછી એ જ હાથે જવાનો ઇશારો

કરતાં કહ્યું, "તું જઈ શકે છે."

"બાપુ, મેં તમારી બધી વાત સાંભળી લીધી છે. મારે માત્ર એક જ વાત કહેવાની છે..." અર્જુનકુમાર દીવાને ફરી આંખો મીંચી દીધી હતી, છતાં રાધિકા ત્યાં જ ઊભી રહી, "હું રાહુલને નથી ઓળખતી. કદાચ મેં જે કંઈ કર્યું છે એ તમારી દૃષ્ટિએ ખોટું પણ હશે. પણ એક વાત કહી દઉં તમને... મારે કોઈ જવાબદારી નથી. મારા આ વર્તનથી બીજા કોઈને અસર નથી થવાની..." રાધિકાએ થોડી વાર ચૂપ રહીને છેલ્લું વાક્ય કહી જ દીધું, "તમે આજથી દસ વર્ષ પહેલાં જે કર્યું હતું એનાથી મારી જિંદગી બરબાદ થઈ ગઈ..."

"અચ્છા! તારે કોઈ જવાબદારી નથી?" અર્જુનકુમાર દીવાને રાધિકાની આંખોમાં આંખો નાખી, "તો પછી ગઈ કાલે રાત્રે મોટી મોટી વાતો શાની કરતી હતી? મલયનું ભણવાનું, લજ્જાનાં લગ્ન, ઘરની જવાબદારી..." અર્જુનકુમાર દીવાન હસી પડ્યા, "રાધિકા, હું ઘર છોડીને ભાગી નહોતો ગયો. ઘરમાં કોઈને લઈ આવ્યો હતો અને એ બે વાતમાં ફરક છે. ખેર, મને લાગે છે આપણે વ્યર્થ સમય બરબાદ કરી રહ્યાં છીએ. તું આજ સુધી તારી જિંદગી જીવતી આવી છે, હવે પછી પણ તું તારી જ રીતે જીવવાની છે. પ્લીઝ, ગો અહેડ..." એમણે ફરી આંખો મીંચીને ખુરશીની રેસ્ટ પર માથું ઢાળી દીધું.

રાધિકા થોડી વાર ઊભી રહી, પછી ત્યાંથી પોતાના રૂમ તરફ જતી રહી.

અત્યારે પણ આ પ્રસંગ યાદ કરતાં રાધિકાને ફરી એક વાર આંખમાં આંસુ ઊભરાઈ આવ્યાં. એણે આંખો લૂછી અને કામે લાગવાનો પ્રયાસ કર્યો. એનું મન કોઈ રીતે કામમાં નહોતું લાગતું. રાહુલની એ આંખો ફરી ફરીને એની સામે આવીને ઊભી રહેતી હતી. 'ઓ.કે.' કહીને ત્યાંથી જતી વખતે રાહુલે એની સામે જે રીતે જોયું એ નજર ઉપરથી રાહુલના મનમાં કશુંક ચીરાઈ ગયું હતું એવું રાધિકા સમજી શકી હતી અને છતાં એણે નક્કી કરી લીધું હતું કે એ રાહુલથી દૂર જશે. આજે સવારે પિતા સાથે થયેલી વાત પછી રાહુલના પ્રેમનો નશો જાણે પળભરમાં ઊતરી ગયો હતો. એને પોતાની જવાબદારીનો અહેસાસ થઈ ગયો હતો. એને સમજાઈ ગયું હતું કે આ સંબંધ એને માટે અર્થહીન હતો.

એ હજી માંડ માંડ આખી પરિસ્થિતિમાંથી બહાર નીકળે એ પહેલાં એણે જોયું કે એનો સેલફોન રણકતો હતો. સ્ક્રીન પર નામ ચમકતું હતું, 'સત્યજીત'.

ફોન ઉપાડવો કે નહીં એની અસમંજસમાં રાધિકાએ થોડી વાર રિંગ વાગવા દીધી. પછી એ જાતને રોકી ના શકી. એણે ફોન ઉપાડ્યો અને કાને લગાડ્યો, "બોલ..."

"શું બોલે? ક્યાં ગુમ છે તું ગઈ કાલ રાતથી?"

"આવી ગઈ છું... જ્યાં પણ ગઈ હતી ત્યાંથી પાછી આવી ગઈ છું."

રાધિકાના અવાજમાં રહેલી ગંભીરતા અને ઉદાસી સત્યજીતથી છાનાં ના રહ્યાં.

એણે ધીમેથી પૂછ્યું, "બધું બરાબર તો છે ને રાધિ?" "હા... હા..."

"રાધિકા, હું આજે ઘરે ગયો હતો, પણ તું નીકળી ગઈ હતી." એ થોડી વાર ચૂપ રહ્યો, શબ્દો શોધતો – ગોઠવતો હોય એમ. પછી ઉમેર્યું, "બાપુ કહેતા હતા કે..."

"એમણે તને પણ કહી દીધું? ઉફ્! મને સમજાતું નથી કે મેં એમની સાથે આટલી શાંતિથી વાત કરી તેમ છતાં તને કહેવાની શી જરૂર હતી? બાકી રહી ગયું હોત તો અમે રાત્રે નાટકનો બીજો અંક પૂરો કરત."

"નાટક? તું શાની વાત કરે છે રાધિકા?" "સવારે જે કંઈ થયું એની."

"તારે એમની વાતનો વિચાર કરવો જોઈએ." રાધિકાને સત્યજીતનો અવાજ અચાનક ઉદાસ અને ખાલી લાગ્યો, "તારા પિતા છે. તારી ભલાઈની વાત કરે છે. કોઈ પણ બાપ ઇચ્છે કે દીકરીનું ઘર વસે. એ સુખી થાય."

"તું શાની વાત કરે છે?" રાધિકા ગૂંચવાઈ. "તું શાની વાત કરે છે?"

"એ છોડને... બાપુએ તને શું કહ્યું?" "એ જ, જે રાહુલે બાપુને કહ્યું."

"જીત, ઇનફ... સીધી સીધી વાત કર, તેં શું કહેવા ફોન કર્યો છે." "મને હતું કે તને મળીને વાત કરીશ, પણ મને લાગે છે તને તો કશી ખબર જ નથી." સત્યજીતના અવાજમાં નવાઈ પણ હતી અને થોડી પીડા, થોડી તકલીફનો રણકો પણ સંભળાતો હતો. રાધિકા સત્યજીતને બાળપણથી ઓળખતી હતી. એની આંખમાં, ચહેરા પર કે અવાજમાં નાનો સરખો પણ બદલાવ આવે તો રાધિકાથી એ છાનો ના જ રહી શકે..."રાહુલ આજે તારા બાપુને મળ્યો હતો. આઇ થિન્ક તું ચાલી ગઈ હતી, એ પછી..." "રાહુલ? બાપુને શા માટે મળ્યો હતો?"

"એ તારી સાથે લગ્ન કરવા માગે છે."

"વ્હોટ?" રાધિકાનો અવાજ એટલો મોટો થઈ ગયો કે આસપાસ બેઠેલા લોકો એના તરફ જોવા લાગ્યા. રાધિકાએ જાતને સંભાળી.

"તારા ગયા પછી રાહુલ બાપુ પાસે ગયો હતો... અને એણે તમારાં લગ્નની વાત કરી છે..."

ફોન રાધિકાના હાથમાં હતો, પણ એનું મન ક્યાંક બીજે પહોંચી ગયું. એ પછી સત્યજીત જે કહી રહ્યો હતો એમાંનો એક પણ શબ્દ એના કાને પડ્યો જ નહીં...

14

સત્યજીત કહી રહ્યો હતો, "તારા ગયા પછી રાહુલ બાપુ પાસે ગયો હતો... અને એણે તમારાં લગ્નની વાત કરી છે."

"તને કોણે કહ્યું?"

"મને કોણ કહેવાનું? મને બાપુએ કહ્યું બહુ ખુશ છે..." "એની હિંમત કેવી રીતે થઈ?"

"રાધિકા... એણે કશું ખરાબ નથી કર્યું..."

"તારે આમાં પડવાની જરૂર નથી..." રાધિકાનો અવાજ સાવ સુક્કો બરડ થઈ ગયો હતો, "એ સમજે છે શું એના મનમાં?"

"અરે, કોઈ સ્ત્રીને સન્માન આપવું, એની સાથે જિંદગી જોડવાનો પ્રયત્ન કરવો એમાં કશું ખરાબ નથી. એને લાગ્યું કે..."

"તું એની વકીલાત કરવાની રહેવા દે... એને શું લાગ્યું હશે એ હું એને જ પૂછી લઈશ..."

"રાધિકા..." સત્યજીતનો અવાજ ખાલી હતો, એના અવાજમાં અજબ જેવું દર્દ હતું, "તું નહીં માને છતાંય એક સલાહ આપવી છે."

"બોલ..." રાધિકાએ કોઈ ભાવ વગરના અવાજે કહ્યું, "મને ખબર છે તું જે સલાહ આપવાનો છે તે..."

"રાધિ..."

"સત્યજીત, મારી એક વાત સાંભળી લે. દરેક માણસના નસીબમાં સુખ, સલામતી અને શાંતિ નથી હોતાં."

"તારે જોઈતાં નથી." "અથવા, મને સદતાં નથી."

"રાધિકા, ક્યાં સુધી તારી જાતને આમ તકલીફ આપતી રહીશ અને શા માટે?"

"સત્યજીત, મારું એક કામ કરીશ?" રાધિકાનો અવાજ સહેજ ભીનો થઈ ગયો, "પ્લીઝ..."

"હું બાપુને કશું જ નહીં કહું." "તારે જ કહેવું પડશે."

"રાધિકા... મેં તારા જેવી છોકરી નથી જોઈ, જે પોતાની જિદગીને જાતે જ રોળવા નીકળી પડે... દરેક વખતે સામે ચાલીને સુખ, સલામતી અને શાંતિ તારી પાસે આવ્યાં અને દરેક વખતે તેં એને ઠોકર મારીને દૂર ફગાવી દીધાં. સમજવાનો પ્રયત્ન કર રાધિ... હવે તું નાની નથી રહી."

“એટલે જ કહું છું... લગ્નની ઉંમર વીતી ગઈ સત્યજીત..અને લગ્ન જ કરવાં હોત તો વીરેન સાથે કરવાં જોઈતાં હતાં.” એ સહેજ અચકાઈ અને પછી ઉમેર્યું, “તારી સાથે પણ થઈ જ શક્યાં હોત. બંધાઈને રહેવાનું મારા સ્વભાવમાં નથી. હું તો દુઃખી થઈશ ને મારી સાથે જીવનારાનેય દુઃખી કરીશ.” સત્યજીતને કંઈ કહેવાની ઇચ્છા થઈ પણ પછી એણે ચૂપ રહીને રાધિકાને બોલવા દેવાનું વધુ મુનાસિબ માન્યું,“હું હવે આખેઆખી-પૂરેપૂરી એક સ્ત્રી જ નથી રહી સત્યજીત... મારી અંદર હવે ભાગલા પડતા ગયા છે. ખંડ ખંડમાં વિભાજિત થઈ ગઈ છું. દરેક વખતે જ્યાં જ્યાંથી નીકળી ગઈ ત્યાં ત્યાં મારામાંનું કશુંક મૂકતી આવી છું...”

“આ બધાં મનનાં કારણો છે રાધિકા... તું ઇચ્છે તો સુખેથી રહી જ શકે. રાહુલ જેવો છોકરો...”

“નહીં મળે એમ જ ને?”

“કદાચ!” સત્યજીતે ઊંડો નિઃશ્વાસ નાખ્યો, “એ ખૂબ ચાહે છે તને.” “એમ તો તું પણ મને ચાહે છે, વીરેન પણ ચાહતો હતો... તેથી શું?

કોઈ તમને ચાહતું હોય એ એક જ કારણ નથી હોતું એની પાસે જીવવા માટે..”

“તું આખરે શું ઇચ્છે છે રાધિકા?” સત્યજીતે જરા ગુસ્સાથી પૂછી નાખ્યું. “એ જ તો જાણવાનો પ્રયત્ન કરું છું, એ જ શોધી રહી છું આટલાં વરસોથી...” એ થોડી વાર ચૂપ રહી અને પછી ધીમેથી કહ્યું, “કદાચ, સદીઓથી.” સત્યજીત સાંભળતો રહ્યો, “હું સદીઓથી ભટકું છું સત્યજીત...

શું શોધું છું એની મને જ નથી ખબર પણ એક વાતની ખબર છે કે હવે મને જ્યાં ત્યાંથી ભાગી જવાનું પોષાય એમ નથી. મલયનું ભણતર... લજ્જાનાં લગ્ન... બાપુની ટ્રીટમેન્ટ અને સુમિત્રાનું ઘર... મારી જવાબદારી છે.”

“તને શું લાગે છે? રાહુલ તારી જવાબદારીમાં સાથે નહીં હોય?” “એવું મેં ક્યાં કહ્યું?” રાધિકાનો સ્વર એકદમ શાંત હતો, પરંતુ એના અવાજમાં પહેલાં ક્યારેય નહીં સાંભળેલી પીડા સંભળાતી હતી, “હું મારી જવાબદારી કોઈના માથા પર નાખી દેવા નથી માગતી. એ તું હોય કે રાહુલ... જે મારું કામ છે એ તો મારે જ કરવું રહ્યું.”

“આની જગ્યાએ રાહુલનાં મા-બાપ હોત તો તેં...”

“જો હોત તો...” રાધિકાએ ફરી નિઃશ્વાસ નાખ્યો, “આ મારા પિતા છે. એમણે લગ્ન કરેલી એમની પત્ની છે, એમની પત્નીનાં સંતાનો છે અને એમાં રાહુલને કોઈ લેવાદેવા નથી.” એણે થોડી વાર ચૂપ રહીને ઉમેર્યું, “ન હોવી જોઈએ...”

“એટલે તું શું કરવાની છે?”

“મને જ નથી ખબર... પણ રાહુલ સાથે લગ્ન નથી કરવાની એ નક્કી છે.”

“ટૂંકમાં તારે દુઃખી થવું છે ને સૌને દુઃખી કરવાં છે.”

"એમ જ હશે." રાધિકાએ ફોન કોઈ ઔપચારિકતા વિના કાપી નાખ્યો.

સત્યજીત એટલો તો ગુસ્સામાં આવી ગયો હતો કે એણે આજ પછી રાધિકાને ફોન નહીં કરવાનું નક્કી કરી લીધું. ફોન ડિસકનેક્ટ કરીને રાધિકા થોડી વાર અન્યમનસ્ક જેવી બેસી રહી. આખીયે વાત અર્જુનકુમારને કઈ રીતે કહેવી એ વિચારતી રહી.પછી એણે ગાંઠ વાળી, 'આ વખતે હું ભાગીશ નહીં. હું અહીં જ રહીશ, પરિસ્થિતિનો સામનો કરીશ... '

એણે પોતાના ટેબલ પર પડેલા કાગળો ઉપાડીને કામમાં જીવ પરોવવાનો પ્રયત્ન કર્યો.

રાહુલ પોતાની કૅબિનમાં તો ચાલ્યો ગયો, પણ એનું મન રાધિકાના વિચારોમાં ડૂબેલું રહ્યું... થોડા જ કલાકોમાં રાધિકા આમ સાવ બદલાયેલું કેમ વર્તવા લાગી...

સવારે ઊઠીને પોતે અર્જુનકુમાર દીવાન પાસે ગયો હતો... એણે તો લગ્નની વાત કરી હતી, હવે સાંજે એ ઘરે પહોંચશે અને અર્જુનકુમાર એને સવાલો પૂછશે તો પોતે શું જવાબ આપશે? કઈ રીતે વર્તશે? એ વિશે એનું મન ગૂંચવાવા લાગ્યું.

એણે ધાર્યું હતું કે એ ઑફિસમાં આવતાંની સાથે રાધિકાને અર્જુનકુમાર દીવાન સાથે થઈ ગયેલી વાતના ગુડ ન્યૂઝ આપશે. પણ રાધિકાએ જે રીતે વાતની શરૂઆત કરી એનાથી રાહુલનો ઉત્સાહ સાવ ઠંડો પડી ગયો.

એને આઘાત લાગ્યો.

એ જાણતો હતો કે રાધિકા જુદી પ્રકૃતિની હતી, વિચિત્ર હતી, એની ડાયરીમાં, એનાં લખાણોમાં અમુક વસ્તુઓ એણે વાંચી હતી અને એનાથી એ રાધિકાને જેટલી ઓળખી શક્યો હતો એનાથી ખરેખર તો એને રાધિકાના આ વર્તનનો આઘાત નહોતો લાગવો જોઈતો, પરંતુ ગઈકાલે રાત્રે એની અને રાધિકા વચ્ચે જે કંઈ બન્યું એના પછી રાહુલને એમ લાગ્યું હતું કે કદાચ રાધિકા બદલાઈ છે. ઉંમર અથવા સમયે એને જુદી રીતે વિચારતાં શીખવ્યું છે...

"મારે ગઈ કાલ રાતની કોઈ વાત નથી કરવી રાહુલ... હવે આપણે પોતપોતાની દિશા લઈએ..." જ્યારે રાધિકાએ કહ્યું ત્યારે રાહુલને પગ નીચેથી જમીન ખસી જતી લાગી હતી.

અત્યારે પણ ટેબલ પર બેઠેલો રાહુલ પોતાના મનને સવાલ પર સવાલ કરી રહ્યો હતો, પણ એમાંના એક પણ સવાલનો જવાબ એને જડતો નહોતો!

રાહુલ માટે રાધિકા એક એવું ઉખાણું બની ગઈ હતી જેનો જવાબ શોધ્યા વિના એને ચેન નહોતું પડતું... અને જેનો જવાબ શોધવામાં કદાચ એની આખી ઉંમર ખર્ચાઈ જાય એમ હતું.

"કેમ રાધિકા?" એણે મનોમન રાધિકાને પૂછતો હોય એમ પૂછ્યું, "શું ખૂટ્યું તને આ સંબંધમાં? મારામાં? મારા પ્રેમમાં..."

જાણે એના સવાલનો જવાબ આપતી હોય એમ પોતાના ટેબલ પર બેઠેલી રાધિકાએ મનોમન રાહુલને કહ્યું, "થઈ શકે તો મને માફ કરજે રાહુલ.. હું જાણું છું મેં તને તકલીફ આપી છે પણ મારી સાથેના સંબંધમાં આવનારા દરેક માટે આ પીડા અનિવાર્ય છે. હું વિષકન્યા છું રાહુલ... જેને સ્પર્શ કરું એને મારામાં ઠાંસી ઠાંસીને ભરેલા હળાહળ વિષ સિવાય બીજું કંઈ આપી શકતી નથી. તું મારા એક જ ડંખ પછી વિષના આ કુંડમાં ડૂબી જતો અટકી જાય એવું ઇચ્છુ છું..." રાધિકા પોતાનું કામ કરી રહી હતી, એના હાથ યંત્રવત્ કમ્પ્યુટર પર ચાલતા હતા, સામે સ્ક્રીન પર આંકડા બદલાતા જતા હતા અને મગજમાં સમાંતર આ જ વિચારો ચાલી રહ્યા હતા, "હું કોઈને કશુંય આપી શકું એમ નથી,પોતે જ અધૂરી છું, અસલામત, એકલી છું... મારી નજીક આવનારાએ મારી આ જ અધૂરપ, એકલતા અને અસલામતીના વર્તુળમાં દાખલ થવાનું છે, પછી મારી જ સાથે ગોળ ગોળ ફર્યા કરવાનું છે આ વિષચક્રમાં.."

"રાધિકા... રાધિકા... રાધિકા..." રાહુલના મનમાં જાણે એકસરખો એનો વિચાર ચાલતો હતો, એની આંખો સામે રહી રહીને રાધિકાનો ચહેરો આવી જતો હતો.

એ મીંચેલી આંખો, તપ્ત ત્વચા, પીગળતા સોના જેવો ચહેરો અને મીણના બન્યા હોય એવા નરમ હોઠ... એ સ્પર્શ... એ સુગંધ... એ માધુર્ય... એ તૃપ્તિ... રાહુલ માટે રાધિકા વિનાની એક ક્ષણ પણ હવે અર્થહીન નકામી હતી.

"તું બહુ કિંમતી છે રાહુલ... બહુ સારો... હું મારી પીડાના આ કિલ્લામાં એકલી જ પુરાઈને એકલી જ મૃત્યુ પામવા માગું છું. તને એનો ભાગ નહીં બનાવું, ક્યારેય નહીં." રાધિકાએ જાણે દઢ નિર્ધાર કરી લીધો.

"તું ગમે તેટલું ભાગ રાધિકા, એક દિવસ થાકી જઈશ, હાંફી જઈશ, પળભર માટે પણ શ્વાસ લેવા ઊભી રહીશ તો મને તારી બાજુમાં જ જોઈશ. આ મારું તને વચન છે." રાહુલે પણ જાણે મનોમન ગાંઠ વાળી લીધી, "હું કોઈ પણ ભોગે, કોઈ પણ રીતે તને પામીશ રાધિકા... તને તારી અસલામતીના, તારી એકલતાના, તારી અધૂરપના કિલ્લામાંથી છોડાવીશ."

રાધિકા ઘરે પહોંચી ત્યારે ઘરનું વાતાવરણ સાવ જુદું જ હતું. રમણકાકા રાધિકા સામે જોઈને મુશ્કુરાઈ રહ્યા હતા. લજ્જાએ દોડીને રાધિકાનો હાથ પકડી લીધો...

સુમિત્રા પગથિયાં ઊતરીને છેક દરવાજા સુધી રાધિકાને લેવા આવી. ઓટલા પર ખુરશીમાં બેઠેલા અર્જુનકુમાર દીવાનના ચહેરા પર આનંદભરી મુશ્કુરાહટ હતી, રાધિકાએ ઘણા વખતે એમનો ચહેરો આટલો આનંદમાં અને ખુશ જોયો હતો.

રાધિકાને વત્તાઓછા અંશે આ જ પ્રકારના પ્રતિભાવની અપેક્ષા હતી. સત્યજીતે જ્યારથી એને કહ્યું કે રાહુલે સવારે અર્જુનકુમાર દીવાન સાથે લગ્નની વાત કરી છે ત્યારથી રાધિકાને અપેક્ષા હતી જ કે એના ઘરના લોકો કઈ રીતે વર્તશે.

ખરેખર તો ઑફિસથી ઘરે આવતાં એને પહેલો વિચાર આવ્યો કે એ સિનેમા જોવા જતી રહેશે. રાત્રે અગિયાર-બાર વાગે બધાં ઊંઘી જાય પછી જ ઘરે પહોંચશે. બીજા કોઈ પ્રસંગે રાધિકાએ એમ જ કર્યું હોત,

પરંતુ આજે એણે મનોમન ગાંઠ વાળી હતી, નહીં ભાગવાની! પરિસ્થિતિની સામે ઊભા રહીને મુકાબલો કરવાની...

અને, એટલે જ અંદરથી મન ગમે તેટલી ના પાડે તોય એણે આખરે ઘરે જ જવાનું નક્કી કર્યું.

ઘરમાં દાખલ થતા જ એણે જેવું ધાર્યું હતું તેવું જ બન્યું.

સુમિત્રાએ આવીને એના માથા ઉપર હાથ ફેરવ્યો, "મને બહુ જ આનંદ થયો બેટા.."

"શેને માટે?" રાધિકાએ અજાણ્યાં થઈને પૂછ્યું. "તને રાહુલે કહ્યું નથી?"

"શું?"

"ઓહ! તો એણે સીધી તારા બાપુ સાથે જ વાત કરી એમ?" સુમિત્રા સહેજ ઝંખવાઈ ગઈ.

"શેની વાત?" રાધિકાએ સહેજ કંટાળાથી પૂછ્યું, "શું કહો છો તમે?

મને કંઈ ખબર નથી પડતી."

"તું અંદર તો આવ, પછી કહું છું." લજ્જા, રમણકાકા અને સુમિત્રા સહિત સહુ ગૂંચવાઈ ગયાં. રાધિકા કહેતી હતી કે એને કંઈ ખબર નથી અને રાહુલે તો અહીં લગ્નનો પ્રસ્તાવ મૂકી દીધો હતો. સુમિત્રાનું મગજ વિચારે ચડી ગયું, 'રાધિકા જેવી છોકરીને પૂછ્યા વિના નક્કી કરી લીધું હશે! રાધિકાને ઓળખતો કોઈ પણ માણસ એમ ન જ કરે... જો ખરેખર એવું હોય તો આ છોકરાએ પોતે જ પોતાના માટે પ્રોબ્લેમ ઊભો કરી દીધો, હવે તો રાધિકા માનતી હશે તોય નહીં માને... '

એ કશું બોલ્યા વિના અર્જુનકુમાર દીવાન સામે અર્થપૂર્ણ નજરે જોતી પરસાળ વટાવીને રસોડા તરફ જવા લાગી.

અર્જુનકુમારે રાધિકાને હાથના ઇશારાથી પોતાના તરફ બોલાવી. "રાહુલે સવારે મારી સાથે વાત કરી" રાધિકા કશું બોલ્યા વિના સાંભળી રહી, "તારી સાથે લગ્ન કરવા માગે છે."

"જી."

"બેટા, મને લાગે છે એ ખરેખર સારો છોકરો છે." "જી."

"જો રાધિકા, તું હવે નાની નથી, તારી જિંદગીના બધા જ નિર્ણયો તેં જાતે કર્યા છે અને મેં તને કરવા પણ દીધા છે. આજે હું તને પૂછું છું, જો તને રાહુલ ગમતો હોય તો..."

"મને વ્હાઇટહાઉસ ગમે છે બાપુ... મને ખરીદી આપશો?"

"રાધિકા, માત્ર બુદ્ધિશાળી દલીલો કરવાથી જિંદગીમાં કશું મળતું નથી."

"બાપુ, હું આખી જિંદગી બુદ્ધિથી જીવી છું."

"એટલે જ કહું છું ક્યારેક હૃદયથી જીવી જો..." અર્જુનકુમાર દીવાનની આંખોમાં પાણી આવી ગયાં, "આમ જુઓ તો વાંક મારો જ છે, દરેક વાતમાં મગજથી વિચારતાં મેં જ શીખવ્યું છે તને... કોઈ પણ વાતને તાર્કિક રીતે તોડી પાડવી, પોતાની બુદ્ધિથી સામેનાની તલવાર બુઠ્ઠી કરી નાખવી આ મારી જ દેન છે તને... ઉપર મૂકેલાં ઢગલાબંધ પુસ્તકો તારી બુદ્ધિની ધાર તો કાઢતાં રહ્યાં રાધિકા... પણ તારા હૃદયની ભીનાશ ચુસાતી ગઈ. જેમ જેમ તારી બુદ્ધિ, તારા તર્ક તેજ થતા ગયા, તારું શબ્દભંડોળ વધતું ગયું, તું પરિસ્થિતિને વધારે ને વધારે છૂટી પાડીને જોતાં શીખતી ગઈ તેમ તેમ તને માણસની, લાગણીઓની અને સંબંધની કિંમત ઘટતી ગઈ."

"બાપુ... તમને નથી લાગતું કે આ બધી વાત કરવા માટે મોડું થઈ ગયું છે?"

અર્જુનકુમાર રાધિકાની આંખમાં જોઈ રહ્યા, થોડી વાર ચૂપ રહ્યા અને પછી એકદમ દૃઢ અવાજે એમણે કહ્યું, "ખરેખર તો આ વાત કરવાનો હવે જ સમય છે રાધિકા... ગઈ કાલ સુધી હું માનતો હતો કે તને નિર્ણય કરવાની સ્વતંત્રતા આપીને હું તને તારી રીતે જીવવા દઈને, તારા પર વિશ્વાસ મૂકીને તને સાચે રસ્તે જવા દઉં છું. પણ મને આજે સમજાય છે કે આ તમામ વર્ષો દરમિયાન તને તારી રીતે જીવવા દેવાને બદલે મારે તારે માટે એક રસ્તો કંડારવાનો હતો..." એમણે રાધિકાનો હાથ પકડ્યો, "સ્વતંત્રતા એને અપાય જેને સ્વતંત્રતાનો ઉપયોગ કરતાં આવડે રાધિકા... તદ્દન અણઘડ સવારના હાથમાં તોફાની ઘોડાની લગામ આપી દઈએ અને સવાર પછડાય તો વાંક ઘોડાનો કે સવારનો નથી. વાંક, લગામ એના હાથમાં આપનારનો છે."

"બાપુ... હું માનું છું ત્યાં સુધી તોફાની ઘોડો નાસી છૂટ્યો છે અને જમીન પર પછડાયેલો સવાર હવે પગે ચાલતાં શીખી ગયો છે..."

"રાધિકા, શા માટે તારી જાતને મારા કરેલા ગુનાની સજા આપે છે?" "સજા? હું શું કામ સજા આપું અને સજા આપનારી હું છું કોણ? હું તો જે થઈ રહ્યું છે એ જોઈ રહી છું, જે થવું જોઈએ એ કરી રહી છું. જેમ જીવાય એમ જીવવાનો પ્રયત્ન કરું છું."

"રાધિકા, પ્લીઝ સમજવાનો પ્રયત્ન કર.. હું ઇચ્છું છું કે તું સેટલ થઈ જાય..."

"લગ્ન કરીને તમે સેટલ થઈ ગયા છો?" રાધિકા અને અર્જુનકુમારની દલીલો સાંભળી રહેલાં બધાં જ સ્તબ્ધ થઈ ગયાં હતાં. રાધિકા જે રીતે આખીયે વાતને સ્પષ્ટતાથી નકારતી હતી એનાથી રમણકાકાના ચહેરા પર ચિંતા તરી આવી હતી. સુમિત્રાની આંખોમાં પાણી છલકાયાં હતાં. લજ્જા પણ અપરાધભાવ અનુભવતી ચૂપચાપ ખૂણામાં ઊભી હતી.

"રાધિકા, મારાં સંતાનો મારાં પોતાનાં છે, મેં તો અર્જુનને પણ એમની જવાબદારી નથી સોંપી ક્યારેય... તું એમને માટે તારી જિંદગી શું કામ..." "મારી જિંદગી?" રાધિકાએ સુમિત્રાની વાત વચ્ચે જ કાપી નાખી,

"મારી જિંદગી મારી પોતાની ક્યાં રહી છે! પહેલાં હું અર્જુનકુમાર દીવાનને ખોટા પાડવા જીવી પછી વીરેનને કોઈ કારણ વગર તકલીફ આપતી રહી એ પછી..." રાધિકાએ લજ્જા સામે જોયું અને સત્યજીતનું નામ ગળી ગઈ. થોડી વાર ચૂપ રહી અને ધીમેથી ઉમેર્યું, "હવે રાહુલ... મારે તો દરેક વખતે સામેની વ્યક્તિને એવું સમજાવ્યા કરવાનું કે એ જે ઇચ્છે છે તે પ્રમાણે જીવવું એ મારી ફરજ નથી."

"રાધિકા, રાહુલમાં શું ખરાબી છે?" અર્જુનકુમારે સીધું જ પૂછી નાખ્યું. "મેં ક્યાં કહ્યું કે રાહુલમાં કોઈ ખરાબી છે?" રાધિકાની આંખો સહેજ ભીની થઈ પણ એણે જાત પર કાબૂ મેળવી લીધો, "લજ્જાની ઉંમરની હોત તો કદાચ રાહુલ જેવા છોકરાને પામીને ધન્ય થઈ ગઈ હોત. હવે એ શક્ય નથી... એક પુરુષની આસપાસ વિંટળાઈને કે વિખરાઈને જીવવું મારે માટે શક્ય નથી."

"કારણકે તું તારી જાત સિવાય કોઈ વિશે વિચારી જ શકતી નથી." "એમ જ હશે." રાધિકા ઊભી થઈ ગઈ, "પણ હવે એ જ સત્ય છે. હું રાધિકા છું અને મને લાગે છે ત્યાં સુધી રાધિકા જ બનીને જીવ્યા કરવું મને અનુકૂળ બનશે. હું મિસિસ રાહુલ, મિસિસ વીરેન કે ડોટર ઓફ અર્જુનકુમાર દીવાન બનીને નહીં જીવી શકું."

"માત્ર બુદ્ધિથી જીવી શકાતું નથી, જરૂરિયાતો હોય છે રાધિકા..."

અર્જુનકુમાર સહેજ ખચકાયા, "મનની, શરીરની..."

"મારે મન જ નથી." રાધિકાના ચહેરા પર કોઈ જ ભાવ નહોતા, "અને, શરીર હવે ઠંડું પડી ગયું છે બરફ જેવું..." એ હજી ઊભી હતી પણ એણે ઉપર જવા માટે બે ડગલાં ભરી લીધાં, "હું જ મારી વાત ખોટી પાડું છું નહીં? એક લાશને ગમા-અણગમા ન જ હોય... અને મારામાં હવે કોઈ ઝંખનાઓ રહી જ નથી... મારે કંઈ નથી જોઈતું... સલામતી પણ નહીં, પ્રેમ પણ નહીં અને..." રાધિકા ઉપર જવા લાગી.

"જો રાધિકા, તારી જિંદગીમાં જે કંઈ થયું છે તે વીતી ગયું છે, રાહુલ તારી આવતીકાલ બની શકે."

"આવતીકાલ? તમે જોઈ છે? જાણો છો આવતીકાલ વિશે? નિશ્ચિતપણે કહી શકશો કે શું થવાનું છે? રાહુલ સાથે પણ વીરેન જેવું નહીં થાય એની કોઈ ખાતરી છે? આજે જે બુદ્ધિ રાહુલને પ્રેમમાં પાડે છે એ જ બુદ્ધિ કાલે સવારે રાહુલ માટે માથાનો દુખાવો બની જશે... જે રાધિકાને રાહુલ પ્રેમ કરે છે આજે એ રાધિકા કાલે રાહુલથી સહન પણ નહીં થાય..." એણે અર્જુનકુમાર દીવાન સામે જોઈને વેધકતાથી કહ્યું, "તમે જ શીખવ્યું છે ને કે બહુ ખુશ હો ત્યારે કોઈ વચનો આપવાં નહીં અને બહુ દુઃખી હો ત્યારે કોઈ નિર્ણયો કરવા નહીં... રાહુલ બહુ ખુશ છે અને હું બહુ દુઃખી... બંને પક્ષે આ ખોટો સમય છે કંઈ પણ કરવાનો..."

"રાધિકા, હું માનું છું કે તારી જિંદગીમાં અટકી જવાનો સમય આવી ગયો છે." અર્જુનકુમારે કહ્યું, "ગમે તેટલી તોફાની હોય અને ગમે તેવી રીતે વહેતી હોય... નદી આખરે દરિયામાં જઈને મળે છે."

"અને બધું મીઠું પાણી ખારું થઈ જાય છે." રાધિકા હસી પડી અને ઉપર જવા લાગી.

"વિચાર કરી જોજે રાધિકા... મને રાહુલ ખૂબ સારો છોકરો લાગે છે." "અચાનક?" રાધિકાએ ભવાં સંકોચ્યાં, "તમે કહો છો તો સાચું જ કહેતા હશો પણ હું થાકી ગઈ છું..." રાધિકા ઓટલાનાં ત્રણ પગથિયાં ચડીને ઉપર

જતી સીડી તરફ જવા લાગી, “દલીલો કરીને પણ, અને આખો દિવસ કામ કરીને પણ... હવે ઊંઘી જવું છે...” એણે રમણકાકા સામે જોયું, “મારે જમવું નથી.”

રમણકાકા એક ડગલું આગળ આવ્યા, “દરેક વખતે લગ્નની વાત ટાળીને તું તારું જ નુકસાન કરે છે, બેટા!”

“હું ફાયદા-નુકસાનના હિસાબથી ઉપર નીકળી ગઈ છું.” રાધિકાનું ગળું ભરાઈ આવ્યું, “જેટલું નુકસાન થવાનું હતું એટલું થઈ ચૂક્યું, હવે આનાથી વધારે મારું નુકસાન હું પોતે પણ નહીં કરી શકું.” અને સડસડાટ પગથિયાં ચડીને રાધિકા ઉપર જતી રહી. ત્યાં ઊભેલાં બધાં જ એકબીજા સામે જોઈ રહ્યાં. લજ્જાની આંખો છલકાઈ પડી. સુમિત્રા કંઈ જ બોલ્યા વિના રસોડામાં જતી રહી.

રાધિકાના ઓરડાનો દરવાજો બંધ હતો. સાંજે ઑફિસથી આવીને ચર્ચા પૂરી કરીને પોતાના ઓરડામાં જઈને એણે દરવાજો બંધ કરી લીધો હતો. એ જે રીતે ગઈ હતી એ રીતે ઘરનાં બધાં જાણતાં હતાં કે હવે રાધિકા સવાર પહેલાં દરવાજો નહીં ખોલે.

રાહુલે ઑફિસથી આવીને ઘરમાં પ્રવર્તતી સ્મશાનવત્ શાંતિ જોઈ. આખું ઘર જાણે સન્નાટામાં ડૂબી ગયું હતું. સુમિત્રા રસોડામાં કશું જ કામ નહોતું તોય ચીજો આમતેમ કરી રહી હતી. રમણકાકા ભગવાનના મંદિરમાં બેઠા હતા.

લજ્જા પરસાળમાંના થાંભલાને અઢેલીને પગ લાંબા કરીને બેઠી હતી, પણ એની આંખો પરથી જાહેર થતું હતું કે એ ખૂબ રડી છે.

અર્જુનકુમાર દીવાન એમના ઓરડામાં ચાલી ગયા હતા.

છેલ્લા થોડા દિવસથી બધાં સાથે જમતાં. આજે ઘરમાં કોણ જમ્યું અને કોણ નહીં એની કોઈને ખબર નહોતી. રાહુલ રસોડામાં સુમિત્રા પાસે ગયો. સુમિત્રા ચીજો ઊલટપુલટ કરી રહી, પણ એણે રાહુલ સામે જોવાનું ટાળ્યું.

રાહુલ થોડી વાર શાંતિથી ઊભો રહ્યો, પછી એણે સુમિત્રાનો ચહેરો પકડીને પોતાની તરફ ફેરવ્યો, “તમને શું લાગે છે, મને ખબર નહીં હોય કે રાધિકાનો પ્રતિભાવ શું હશે?”

“બેટા...” સુમિત્રા અસહાય આંખે રાહુલ તરફ જોઈ રહી, “અમે તો સમજાવવાનો...”

“એ નથી માનવાની. બહુ બગાડી છે એને દીવાનસાહેબે...” રાહુલ હસી પડ્યો, “હવે મારે જ ભોગવવાનું છે.”

સુમિત્રા નવાઈથી એની સામે જોઈ રહી. રાધિકાએ જે દૃઢતાથી લગ્નની ના પાડી હતી એ પછી આ છોકરાનો આત્મવિશ્વાસ જોઈને સુમિત્રાને દુઃખ થયું, “બેટા, આ લગ્ન નહીં થઈ શકે.”

“એવું તમને લાગે છે. એની પાસે છૂટકો જ નથી.”

“એ બહુ જિદ્દી છે.”

"હું એનાથી વધારે જિદ્દી છું." એણે આકાશ તરફ જોયું, "આ વખતે તો ભગવાન પણ મારી સાથે છે."

"હું સમજી નહીં."

"સમજાઈ જશે." રાહુલ હસ્યો. એણે સુમિત્રાના બંને ગાલ પર હાથ મૂક્યા, "તમે શું કામ એની આટલી ચિંતા કરો છો?"

"એ માને કે નહીં, હું મા છું એની..." સુમિત્રાની આંખો ભરાઈ આવી, "મારી ફરજ છે કે મારી દીકરીને પરણાવતા પહેલાં એનો સંસાર વસાવું."

"એ ચક્રમ છે. નહીં પરણે તો લજ્જાને કુંવારી રાખશો?" રાહુલના હાથ હજી સૂકા ગાલ પસવારી રહ્યા હતા, "ખરેખર તો તમે બધાં એનાથી ડરો છો."

સુમિત્રાને ખરેખર નવાઈ લાગી, એણે ઘણાં વર્ષો પહેલાં એક વાર અર્જુનકુમાર દીવાનને કહ્યું હતું, "તમે બાપ છો એના, અને દીકરીથી ડરો છો?" આજે રાહુલ એ જ વાત કહી રહ્યો હતો!

"જુઓ, હું તમને એક વાત કહી દઉં, તમારી આ માથાની ફરેલ, બેલગામ, તોછડી છોકરીને હું ગમે તેમ કરીને પરણવાનો છું."

સુમિત્રાની આંખોમાં પાણી હતાં, પણ એનાથી પુછાઈ ગયું, "બેલગામ? તોછડી? માથાની ફરેલ? એટલી ખરાબ છે મારી છોકરી તો શું કામ પરણવું છે?"

"હું પ્રેમ કરું છું ને..." રાહુલ હસવા લાગ્યો, "તમારી ને મારી, બંનેની હાલત આમ તો સરખી જ છે. રાધિકા તમને મા નથી માનતી ને મને પ્રેમ નથી કરતી ને તોય તમે એને દીકરીની જેમ ચાહો છો અને હું દિલ ફાડીને પ્રેમ કરું છું. તમે બધાં ખોટી એને બુદ્ધિશાળી-બુદ્ધિશાળી કરો છો... એક નંબરની બેવકૂફ અને ડોબી છોકરી છે તમારી."

"એમ!" સુમિત્રાના ચહેરા પર સ્મિત વધુ ને વધુ પહોળું થઈ રહ્યું હતું. "નહીં તો શું, જે માણસને પોતાનો ફાયદો ના દેખાય એને બીજું શું કહેવાય?"

"તો જા, સમજાવ એને એનો ફાયદો..." સુમિત્રાએ આંખો નચાવી, "છે હિંમત? અમે બધાં ડરીએ છીએ ને? તું તો નથી ડરતો."

રાહુલના ગાલમાં ખાડા પડી ગયા. એણે સુમિત્રાના ગાલ પરથી હાથ લઈ વાળમાં આંગળીઓ ફેરવી. એના ચહેરા પર એક શરમાળ સ્મિત આવી ગયું, "એક્ચ્યુલી હું પણ ડરું જ છું. બાકી એક થપ્પડ મારીને કહેત કે કચકચ કર્યા વિના જઈને પાનેતર પહેરી લે! એણે ચોક તરફ આંગળી ચીંધી, "આ ચોકમાં જ તમારી દીકરી સાથે ચાર ફેરા ફરી નાખત. પણ ગાંઠતી નથી ને?"

"બેટા, આજ સુધી મને કોઈ દિવસ આવો વિશ્વાસ નથી આવ્યો." સુમિત્રાના ચહેરા પર એક આખેઆખી મા

ઊપસી આવી. એની આંખોમાં નિર્ભેળ માતૃત્વ છલકાવા લાગ્યું, "આજે પહેલી વાર તને જોઈને મને એમ લાગે છે કે રાધિકાને કોઈ સંભાળી શકે એમ હોય તો એ તું જ છે."

"એવું તો મને પણ લાગે છે." રાહુલે પોતાના એક હાથ પર બીજી હથેળી પછાડી, "પણ એને લાગવું જોઈએ ને?"

"લાગશે, એને પણ લાગશે." સત્યજીતનો અવાજ સાંભળીને બંને જણાં ચોંક્યાં. બંનેએ પાછળ ફરીને જોયું તો રસોડાની બારસાખમાં ઊભેલો સત્યજીત હસી રહ્યો હતો, "છોકરી ના પટી તો એની માને પટાવે છે?"

"યાર, તારી બહેનપણી તો ભયાનક છે."

"તે છે જ... તને શું લાગે છે આ કોઈ નાની-મોટી ગોલ્ડફિશ છે? જાળ નાખી કે તારા હાથમાં આવી ગઈ? આ તો શાર્ક છે. જડબાં ખોલશે તો તને આખો ખાઈ જશે." ત્રણેય જણાં હસવા લાગ્યાં.

"ડ્રિન્ક?" રાહુલે પૂછ્યું.

"આઇ ડોન્ટ માઇન્ડ..." સત્યજીતે જવાબ આપ્યો.

બંને જણા રાહુલના રૂમમાં બેઠા હતા. હજી હમણાં જ રાહુલને કોઈએ ગિફ્ટ આપેલી મોલ્ટ વ્હિસ્કીની બોટલ ખૂલી હતી. ક્રિસ્ટલ ગ્લાસમાં આછા સોનેરી રંગનું પ્રવાહી રેડાયું હતું.

"ચિયર્સ..." બે ગ્લાસ ટકરાયા અને આડીઅવળી વાત કર્યા સિવાય રાહુલે સીધું જ કહી નાખ્યું.

"તું એને ચાહે છે, નહીં?"

"ચાહતો હતો." સત્યજીતે એક સિપ લીધો અને આંખો મીંચી દીધી. "બકવાસ બંધ કર. રાધિકાને કોઈ એક વાર ચાહે પછી એને પામ્યા વિના જીવવું અઘરું થઈ જાય."

"પામવું?" સત્યજીત હસી પડ્યો, "પામવું એટલે શું રાહુલ? કોઈ એક સ્ત્રી સાથે પથારી સુધી પહોંચી જવાને જ પામવું કહેવાય? એના સુખમાં સુખી થવું, એની કાળજી લેવી, એનું ધ્યાન રાખવું, એને કોઈ તકલીફ ના પડે એટલું જોતા રહેવું એને ચાહ્યું ના કહેવાય?" સત્યજીત ક્યાંક દૂર જોઈ રહ્યો હતો.

"સત્યજીત..." રાહુલે એની આંખોમાં જોયું, "તને ઇચ્છા નથી થતી રાધિકાને સ્પર્શવાની, એને..."

"ના." સત્યજીતે રાહુલની આંખોમાં આંખો પરોવી, "મારા માટે લવિંગ ઇઝ કેરિંગ... કોઈને ચાહવું એટલે એની આસપાસ રહેવું. એક મા જેમ નવું નવું ચાલતા શીખેલા બાળકને પોતાની રીતે ચાલવા દે, પણ સતત આસપાસ રહીને એને પડવા ના દે... એમ હું રાધિકાને સતત સાચવ્યા કરું છું કદાચ એ જ મારા માટે પ્રેમ છે."

"ખબર નહીં કેમ, મને તારી વાત ગળે નથી ઊતરતી." રાહુલે એક જ ઘૂંટમાં એનો આખો પેગ ગળા નીચે ઉતારી દીધો. પછી થોડી વાર ગળાની નીચે ઊતરતી એ ગરમ ગરમ લાગણીને માણતો રહ્યો, "મને રાધિકા મારાથી એક પળ માટે પણ દૂર જાય તો કંઈક થઈ જાય છે."

"શું ઇચ્છે છે?" સત્યજીત રાહુલની સામે જોતો રહ્યો, "રાધિકા એમ નહીં બંધાય... એ હવા છે. સુગંધ છે, તડકો છે, સમય છે, વહેતી નદી જેવી છે. છે અને નથી બંને શબ્દો રાધિકા માટે સાચા છે."

"તો?"

"તો શું? મેં તને સાચું કહ્યું. હવે તારે નક્કી કરવાનું છે."

રાહુલ થોડી વાર ચૂપ રહ્યો. એણે બીજો પેગ બનાવ્યો, બરફ નાખ્યો, બરફના ટુકડા કાચના ગ્લાસની દીવાલ પર અથડાઈને અવાજ કરતા રહ્યા અને એ ગ્લાસને ગોળ ગોળ હલાવતો રહ્યો. સત્યજીતે પણ એને વિચારવા દીધું. એ કશું બોલીને રાહુલને ખલેલ પહોંચાડવા નહોતો માગતો.

સારી એવી ક્ષણોના મૌન પછી એક સિપ લઈને ગ્લાસને સામે ટેબલ પર મૂકતાં રાહુલે સત્યજીત સામે વીંધી નાખે એવી નજરે જોયું, "એ વીરેનને ચાહે છે?"

"મને ક્યાં ખબર છે..."

"એ વીરેનની રાહ જુએ છે એવું માને છે તું?"

"ના." સત્યજીતે રાહુલ સામે જોયું. પોતાની વાત કહેવી કે નહીં એ વિશે વિચારતો હોય એમ થોડી વાર ચૂપ રહ્યો પછી એણે ધીમેથી કહ્યું, "એ વીરેનની રાહ જોતી હોય તો પણ એ નકામું છે." એણે નિઃશ્વાસ નાખ્યો અને ઉમેર્યું, "વીરેન ક્યારેય પાછો નહીં આવે."

"એટલે?"

"એટલે..." સત્યજીત થોડી વાર ચૂપ રહ્યો. પછી એણે પોતાની લેપટોપની બેગની ઝીપ ખોલી. લગભગ વીસેક જેટલા પત્રો કાઢીને રાહુલના હાથમાં આપ્યા. બધા જ સીલ હતા. રાહુલ એ પત્રો એક પછી એક જોતો રહ્યો. દરેક પર રાધિકાનું સરનામું હતું, પણ મોકલનારનું નામ કે સરનામું નહોતાં. એણે આ પહેલાં એક વાર વીરેનનો પત્ર વાંચ્યો હતો. એટલે એ અક્ષર ઓળખી શક્યો.

"આ પત્રો..."

"પેલેસ્ટાઇનથી વીરેને લખ્યા છે રાધિકા માટે, પણ પહોંચ્યા છે હજી હમણાં જ." એણે ઘડીભર આંખો મીંચી. ટેબલ પર પડેલો વ્હિસ્કીનો ગ્લાસ ઉપાડી એક ઘૂંટમાં ખાલી કરી ટેબલ પર મૂક્યો, "વીરેનના શબની સાથે."

"વ્હોટ?" રાહુલનો અવાજ ફાટી ગયો.

15

"હા, વીરેનનું ગોળી વાગવાથી મૃત્યુ થયું છે. મૃત્યુ થયા પછી બારમા દિવસે એનું શબ લંડન પહોંચ્યું. એના ઘરના લોકોએ એની અંતિમવિધિ પતાવીને એની બેગ ખોલી તો એમાંથી આ પત્રો મળ્યા, જે એ લોકોએ રાધિકાને મોકલ્યા..."

"રાધિકા જાણે છે?" રાહુલને કોણ જાણે કેમ એવું લાગ્યું કે જાણે એને એક પ્રકારની રાહત થઈ ગઈ. પોતાને આવી લાગણી થવા બદલ એને પોતાની જ જાત પર શરમ આવી, પણ વીરેનનું મૃત્યુ અને આ પત્રો જાણે એના માટે ખરાબ સમાચાર કરતાં એક રાહતની લાગણી લઈને આવ્યા હતા.

રાધિકાએ જ્યારે લગ્નનો ઇન્કાર કર્યો ત્યારે ખૂબે ઊંડે રાહુલને લાગ્યું હતું કે, " રાધિકા વીરેનને કારણે એની સાથે પરણવા નથી માગતી. એ ભલે લંડન છોડી આવી, પરંતુ એ આજે પણ વીરેનને ચાહે છે." એણે મનોમન વિચારી લીધું હતું કે એ રાધિકાને આ વિશે સીધેસીધું પૂછી લેશે, પરંતુ આજે આવી પહોંચેલા આ પત્રો રાહુલના રાધિકાને વગર પુછાયેલા સવાલનો જવાબ લઈને આવ્યા હતા.

હાથમાં પકડેલા એ પત્રો જોતો રાહુલ ક્ષણભર અવાક થઈ ગયો હતો. બધા જ પત્રો બંધ કવરમાં હતા. એ રાધિકા સુધી એમ જ પહોંચવા જોઈતા હતા, પરંતુ રાહુલની અંદર એક અજબ પ્રકારનું કુતૂહલ ઉછાળા મારી રહ્યું હતું. એને એ બધા જ પત્રો ખોલવા હતા, વાંચવા હતા... કોઈ પણ કિંમતે! કોઈ પણ ભોગે!

"આ પત્રો..." એણે એ પત્રો પર આંગળીઓ ફેરવી. એમાંથી વીરેનની લાશની ત્વચા જેવી ઠંડક એ અનુભવી શકયો, એક ધ્રુજારી એના શરીરમાંથી પસાર થઈ ગઈ. "તું આપવાનો છે રાધિકાને આ પત્રો?" એણે પૂછ્યું.

"તારે આપવા છે?"

"આ કોઈ સારા સમાચાર નથી... તે રાધિકા સુધી પહોંચાડવા માટે કંઈ ઇનામ મળે." એના અવાજમાં વ્યંગ હતો.

"ઇનામ?" સત્યજીતે નિઃશ્વાસ નાખ્યો, "એક ઓર ડ્રીંક બનાવ, મને હવે જરા સારું લાગે છે." એણે ગ્લાસ રાહુલ તરફ લંબાવ્યો, "રાધિકાને હેન્ડલ કરવી પડશે. આ સમાચાર સાંભળતાં જ ભાંગી પડશે."

"ખૂબ ચાહતી હતી વીરેનને?" સત્યજીતને રાહુલના અવાજમાં ઈર્ષા સંભળાઈ.

"ચાહતી તો હતી. તને કદાચ ન ગમે તો પણ! વીરેન એનો પહેલો પ્રેમ હતો. અર્જુનકુમાર દીવાનનો હાથ છોડીને એણે જેનો હાથ પકડીને બહારની દુનિયા પહેલી વાર જોઈ એ માણસનું નામ વીરેન હતું... વીરેને ખૂબ સંભાળી એને, ભણાવી, રીતસર ઉછેરી છે એને!" રાહુલ સત્યજીત સામે જોઈ રહ્યો, "આજે રાધિકા જે કંઈ છે એમાં વીરેનનો બહુ મોટો ફાળો છે"

"તો તો મારે વીરેન સાથે ઝઘડવું જોઈએ" રાહુલ ફિક્કું હસ્યો, "દસ વરસ એની સાથે રહી, પણ વીરેને એને

સુધારી નહીં...” એણે સત્યજીતનું ડ્રીંક બનાવીને ગ્લાસ લંબાવ્યો.

સત્યજીતે ગ્લાસ હાથમાં લઈને ગોળ ગોળ હલાવ્યો, ફરી એક વાર બરફ ટુકડા કાચની દીવાલ પર ટકરાવાનો મધુર અવાજ સંભળાતો રહ્યો, “રાહુલ, કદાચ વીરેનમાં તારા જેટલો આત્મવિશ્વાસ અને ધીરજ નહીં હોય. તેં રાધિકાની ના સ્વીકારી નહીં અને તારા તરફથી તું એના સુધી પહોંચતો રહ્યો... વીરેનને કદાચ એ આવડ્યું નહીં અથવા એ કરી શક્યો નહીં.”

“વેલ, મને નથી ખબર...” રાહુલના ચહેરા પર સહેજ શરારતી સ્મિત આવી ગયું, “એને ન આવડ્યું એ મારા માટે સારું જ થયું ને? એ મારી રાધિકાને લંડનમાં જ રોકી લેત તો મારા સુધી પહોંચી જ ન હોત...” પછી એનો અવાજ રૂંધાઈ ગયો, “વીરેન જીવવો જોઈતો હતો.” એણે નિસાસો નાખ્યો, “રાધિકાને સુખી જોવા પણ જીવતો હોવો જોઈતો હતો...”

સત્યજીત એની સામે જોઈ રહ્યો, પછી કશું જ બોલ્યા વિના એણે હાથ લંબાવ્યો. રાહુલે પેલા પત્રો પોતાના હાથમાં જ પકડી રાખ્યા અને સત્યજીતની આંખોમાં જોયું, “હું આપી દઈશ.” એણે સત્યજીતને પૂછ્યું, “તને કંઈ વાંધો તો નથી ને?”

“હું તો એવું જ ઇચ્છતો હતો કે તું આપે, તમારા બંને વચ્ચે ફરી વાતચીત શરૂ થવી બહુ જરૂરી છે.”

“તને મારી અદેખાઈ નથી આવતી? આપણે બંને એક જ સ્ત્રીને પ્રેમ કરીએ છીએ.”

“તો?” સત્યજીત શાંતિથી વ્હીસ્કી સિપ કરી રહ્યો હતો.

“તો શું? જે સ્ત્રીને તું પ્રેમ કરે છે એને કોઈ બીજા માણસને સોંપી દેવાની તૈયારી છે તારી?”

“સોંપી દેવાની?” સત્યજીત હસી પડ્યો. આટલા સમયમાં રાહુલે પહેલી વાર આવો ખૂલીને હસતો જોયો હતો, “હું એને શું સોંપવાનો? એ ક્યારેય મારી હતી જ નહીં. રાધિકા વ્યક્તિ છે, વસ્તુ નહીં. એ કોઈની નહીં થાય, એ પોતાની મરજીથી બિલોંગ કરે, એના માલિક નહીં થઈ શકાય રાહુલ, ક્યારેય નહીં.”

“આહ! હું રાધિકા વિશે પઝેસિવ થઈ ગયો છું નહીં?”

“પહેલેથી હતો... એને મળ્યો નહોતો ત્યારથી...” શરાબ ધીમે ધીમે બંનેની ભીતરના તાળાં ખોલી રહી હતી.

“તને ખબર છે?”

“અફકોર્સ... મને ખબર છે. રાધિકાને જોઈ પણ નહોતી ત્યારથી તું પ્રેમ કરે છે એને, ત્યારે મને લાગતું હતું કે આ નકરું રોમૅન્ટિસિઝમ છે, પણ હવે લાગે છે કે આ તારા લોહીમાં વહે છે, તારો સ્વભાવ છે, તારી પ્રકૃતિ છે. હું અત્યાર સુધી માનતો હતો કે ફક્ત સ્ત્રીઓ જ રોમૅન્ટિક હોઈ શકે, પરંતુ તારા જેવો પુરુષ પણ...” સત્યજીતે એના ખભે એક ધબ્બો માર્યો, “જા, જઈને રાધિકાને આ પત્રો આપ અને મનાવી લે...” રાહુલને લાગ્યું કે સત્યજીતનો અવાજ ભરાઈ આવ્યો હતો, “એ તૂટી જશે-એ જ સમયે એને વિખરાતી રોકીને તારી અંદર

સમેટી લે, જા...” એની આંખોમાં ઝળઝળિયાંના પડદા બાઝી ગયા.

રાહુલે ખેંચીને સત્યજીતને પોતાની નજીક લીધો અને ભેટી પડ્યો, “યુ આર ગ્રેટ, હું ક્યારેય તારા જેવો નહીં બની શકું.”

“બનતો પણ નહીં. રાધિકાને ખોઈને હું સુખી છું એમ નહીં માનતો.”

સત્યજીતથી કહેવાઈ ગયું, “એ સુખી હોય તો મારે માટે હવે જીવવાનું એટલું જ કારણ પૂરતું છે...”

રાહુલ એનાથી છૂટો પડીને, પત્રો હાથમાં પકડીને રાધિકાના રૂમના દરવાજા પાસે પહોંચ્યો.

એણે દરવાજે પહોંચીને ટકોરા માર્યા.

“હું દરવાજો નથી ખોલવાની.” અંદરથી અવાજ આવ્યો. “મારે તારી સાથે વાત કરવી છે.”

“મારે તારી સાથે કોઈ વાત નથી કરવી.”

“રાધિકા... હું આપણા વિશે નહીં બીજા કોઈ વિશે વાત કરવા આવ્યો છું.”

“બીજા કોઈ વિશે?” અંદરથી આવી રહેલા રાધિકાના અવાજમાં પણ રાહુલ ધાર નીકળેલી અનુભવી શક્યો, “તું બીજા કોઈ વિશે વિચારે છે? તારા સિવાય કોઈ બીજું જીવે છે તારા લિસ્ટમાં?”

“રાધિકા! દરવાજો ખોલ...”

“હું સવારે દરવાજો ખોલીશ ને વાત પણ સવારે જ કરીશ.” “આ જીદ છે.”

“ના, મારી ઇચ્છા...”

“દરેક વખતે પોતાની ઇચ્છા એ જ સત્ય ના હોઈ શકે રાધિકા..” એણે જોરથી દરવાજા પર મુક્કો પછાડ્યો, “મારે તને કંઈ કહેવું છે, દરવાજો ખોલ.”

“અત્યારે નહીં રાહુલ...”

“રાધિકા...” રાહુલ એને દરવાજાની બહારથી જે સમાચાર નહોતો આપવા માગતો એ વાત આખરે એણે કહી નાખી, “વીરેનના પત્રો આવ્યા છે.”

“વીરેનના પત્રો?” ધડાક દઈને દરવાજો ખૂલી ગયો, રાહુલની ભીતર ઈર્ષાની એક લહેર દોડી ગઈ, એણે આટલી બધી વાર કહ્યું તેમ છતાં દરવાજો ન ખૂલ્યો અને વીરેનનું નામ સાંભળતાં જ રાધિકા બહાર આવી ગઈ! જે માણસ હયાત નહોતો એ આજે પણ રાધિકાના મન ઉપર વધુ અસર કરી શકતો હતો...

"ક્યાં છે વીરેનના પત્રો?" રાધિકાએ રાહુલ સામે જોયું. રાહુલે પત્રોની થોકડી આગળ કરી દીધી.

રાધિકાએ બધા પત્રો હાથમાં લઈ લીધા. એ દરવાજો બંધ કરવા જતી હતી કે રાહુલે પોતાનો પગ વચ્ચે મૂકી દીધો, "શું છે?" રાધિકાએ પૂછ્યું.

"પૂરી વાત નથી સાંભળવી?" "હવે શું સાંભળવાનું છે?"

"વીરેન... આઈ મીન.. વીરેનના આ પત્રો..." રાહુલને શબ્દોનાં ફાંફાં પડવા માંડ્યા. સત્યજીતે સાચું જ કહ્યું હતું. રાધિકાને આ સમાચાર આપવા સહેલા નહોતા. એણે બંને હાથે રાધિકાનો ચહેરો પકડ્યો અને ધીમેથી કહ્યું, "વીરેનના આ પત્રો એની ડેડબોડી જોડે આવ્યા છે, પેલેસ્ટાઇનથી..."

ભાવવિહીન ચહેરે રાધિકાએ એની સામે જોયું, "જાણું છું" રાહુલ ડઘાઈ ગયો, "એનાં મમ્મીનો ફોન આવ્યો હતો, લંડનથી. હું પત્રોની જ રાહ જોતી હતી."

"એટલે તને ખબર હતી?"

"પરમદિવસથી..." રાધિકાના ચહેરા પર કોઈ ભાવ નહોતા, "બીજું કંઈ કહેવું છે?"

રાહુલનું મન અને શરીર માઇનસ ડિગ્રી ટેમ્પરેચર પર થીજી ગયાં હતાં. એ કલ્પી પણ નહોતો શકતો કે વીરેનના મૃત્યુના સમાચાર રાધિકા પાસે બે દિવસ પહેલાં પહોંચ્યા હતા અને છતાં રાધિકા આટલી સ્વસ્થ અને આટલી નિર્લેપ હતી.

આ બે દિવસમાં એના વર્તનમાં ક્યાંય એક નાનોસરખો પણ પીડાનો રંગ નહોતો દેખાયો.

અત્યારે પણ રાધિકા જે રીતે રાહુલની સામે જોઈ રહી હતી એમાં એક અજબ જેવી વિરક્તિ હતી. સુખ અને દુઃખથી ઉપર ઊઠી ગયેલા માણસના ચહેરા પર હોય એવી. એની આંખોમાં આછી ભીનાશ પણ નહોતી.

રાહુલે આગળ વધીને એને ખભેથી પકડી લીધી, "રાધિકા, વીરેન નથી રહ્યો, તું સમજે છે?"

"સમજું છું." એનો અવાજ એકદમ સંયત અને સ્વસ્થ હતો. "તું એની સાથે દસ વર્ષ જીવી છે."

"રહી છું." રાધિકાએ ધીમેથી કહ્યું, "હું એની સાથે દસ વર્ષ રહી છું રાહુલ, જો એની સાથે જીવી શકી હોત તો કદાચ..." એણે વાક્ય અધૂરું છોડી દીધું. પછી દરવાજો ખુલ્લો જ છોડીને, પત્રોની થોકડી હાથમાં પકડીને પોતાના પલંગ તરફ જવા લાગી.

રાહુલે આગળ વધીને એને બાવડેથી પકડીને પોતાના તરફ ફેરવી, "હું મરી જઈશ તો પણ આમ જ વર્તીશ?"

"એ જાણવા માટે તારે મરવું પડશે." "વ્હોટ ડુ યુ મીન?"

"રાહુલ, હું એમ જ માનતી હતી કે મારા બાપુ વિના આ દુનિયામાં હું ક્યાંય જીવી ના શકું. પણ મેં એમને છોડીને, આ ઘર છોડીને જવાનું નક્કી કર્યું, કારણ કે મને લાગ્યું હતું કે હું વીરેન વિના નહીં જીવી શકું. એટલે જ મારા પિતાને છોડીને વીરેન પાસે લંડન જતી રહી. એની સાથે રહેતાં રહેતાં મને સમજાયું કે હું એની સાથે નહીં જીવી શકું... લંડન છોડીને અહીંયાં આવી ત્યારે ખરેખર ખબર નહોતી કે મારું શું થશે... ત્યારે લાગતું હતું કે હું લંડન છોડીને ક્યાંય નહીં જીવી શકું." એણે શાંતિથી પહેલો પત્ર ખોલ્યો અને વાંચવા માંડ્યો.

રાહુલે એ પત્ર એના હાથમાંથી ઝૂંટવી લીધો, "શું સાબિત કરવા માગે છે?"

"સાબિત? સાબિત કરવાની વાત ક્યાં આવી રાહુલ? હું મારી જાતને જ નથી ઓળખતી. મારા જ વિશે કશું જાણી નથી શકતી. મને જ નથી ખબર હોતી કે હું શું ઇચ્છું છું? શું કરવા માગું છું? કઈ રીતે કોની સાથે જીવવા માગું છું અથવા કોના વગર નહી જીવી શકું..." "રબ્બીશ... તું બેવકૂફ છે."

"હોઈશ, પણ સાચી છું. માત્ર તને સુખી કરવા માટે એવું નહીં કહી શકું રાહુલ કે હું તને ચાહું છું. અત્યારે, આ પળે મને પ્રેમથી વધારે વાહિયાત શબ્દ બીજો કોઈ નથી લાગતો. પ્રેમની શોધમાં મેં કેટલાં વર્ષો વેડફી નાખ્યાં. હવે હું એ શોધમાંથી બહાર નીકળીને મારી પોતાની જિંદગી જીવવા માગું છું... પુરુષ વિનાની, સાવ મારી પોતાની જિંદગી."

"અચ્છા! આ માણસ, જે મરી ગયો – એના પ્રેમની, એની લાગણીની કોઈ કિંમત નથી તારા માટે? તું માત્ર તારા વિશે વિચારી શકે છે."

"આ વાત તેં મને બીજી વાર કહી... હવે તું આ વાત સ્વીકારી લે." "રાધિકા, હું તને ચાહું છું, તારી સાથે લગ્ન કરવા માગું છું."

"તું બે વાતને મિક્સ કરે છે. તું મને ચાહે છે ત્યાં સુધી હું સમજી શકું છું, પણ મારી સાથે લગ્ન શું કામ કરવા માગે છે?" રાધિકા એની સામે જોઈ રહી હતી, "પ્રેમ અને લગ્નને એકબીજા સાથે કોઈ સંબંધ નથી અને જો હોય તો એ રિવર્સ છે..."

"શું બકવાસ કરે છે?"

"ખરેખર કહું છું. પ્રેમ ત્યાં સુધી જ ટકે છે, જ્યાં સુધી લગ્ન નથી થતાં.

લગ્ન પ્રેમને વાસી અને નકામો કરી નાખે છે. પુરુષ પ્રકૃતિએ શિકારી છે. સ્ત્રીનો હોય કે પ્રાણીનો, એને શિકાર કરવો ગમે છે. પાછળ દોડીને, મનાવીને, પટાવીને, એને એક વાર શિકાર કરી લેવો હોય છે... એ પછી એ શિકારની કિંમત મૃતશરીરથી વધારે બીજી કોઈ નથી હોતી."

"ઉફ્!" રાહુલ ચિડાઈ ગયો, "અજબ છોકરી છે તું. દુનિયાની કોઈ પણ છોકરી જેને પ્રેમ કરતી હોય એની સાથે જીવવા માગે, એની સાથે લગ્ન કરવા માગે, એના બાળકની મા બનવા માગે. જ્યારે તું છે કે..." એણે ખુરશી પર બેસીને બીજો પત્ર વાંચવાનો પ્રયાસ કરી રહેલી રાધિકાને ખભેથી બંને હાથે પકડી, થોડા ઝૂકીને એની આંખમાં જોયું, "રાધિકા, મને સીધો અને સ્પષ્ટ જવાબ જોઈએ છે. તું મારી સાથે લગ્ન કરીશ કે નહીં?"

"તું સમજતો નથી રાહુલ." એણે પોતાના ખભા છોડાવ્યા, "જે દિવસે મને જવાબ મળશે એ દિવસે તને આપીશ. હું જ નથી જાણતી મારે શું કરવું છે."

"એટલે મારે તારા જવાબની રાહ જોઈને જિંદગીભર..."

"ના." રાધિકાએ વચ્ચે જ કહ્યું, "તું જઈ શકે છે. તારે જ્યાં જવું હોય ત્યાં. મેં તને પહેલાં પણ નથી બાંધ્યો, હવે પણ નથી બાંધતી..."

"કેમ નથી બાંધતી રાધિકા? બાંધ મને... હું તારી સાથે જીવવા માગું છું. જે તને નથી દેખાતું એ મને દેખાય છે. સતત આમતેમ ભટકતી, કપાયેલા પતંગ જેવી તારી મનઃસ્થિતિમાં તને કોઈકની જરૂર છે. કોઈ એવા માણસની, જે તને ચાહે. દિલ ફાડીને પ્રેમ કરે. જાતને ભૂલીને તારામાં ખોવાઈ જાય. એ માણસ હું છું રાધિકા. મારામાં એક વાર વિશ્વાસ કર. હું તને સુખી કરીશ."

રાધિકા હસી પડી, "સુખી? કોણ કોને સુખી કરી શકે છે રાહુલ... તમે કોઈ પાસે સુખી થવાની આશા રાખો એટલે તમે એને દુઃખી કરવાનો અધિકાર આપો છો એની ખબર છે તને? હું સુખી નહીં થાઉં તો ચાલશે મને, પણ હવે દુઃખી થવા નથી માગતી. પ્લીઝ રાહુલ, મને મારી રીતે જીવવા દે. મારી જિંદગીમાં હવે એવું કંઈ નથી, જે તને આપીને હું..."

"આ જ સમજી છે તું, લેવડ-દેવડ... પ્લીઝ, મારી વાત સમજવાનો પ્રયત્ન કર રાધિકા, હું એક વાર અહીંથી જતો રહીશ તો..."

"તો શું?" એણે પત્રોની થોકડી ઊંચી કરીને રાહુલને બતાડી, "તો શું રાહુલ? આ જતો જ રહ્યો છે અને હું હજી શ્વાસ લઉં છું. નોકરી કરીશ, ખાઈશ, પીશ, જમીશ, મારો દિવસ નોર્મલી ચાલશે." એણે ખૂબ દૃઢતાથી કહ્યું, "આકાશ તો નહીં જ તૂટી પડે રાહુલ, એની મને ખબર પણ છે અને ખાતરી પણ છે."

"ટૂંકમાં તારે કોઈ પણ રીતે ભાગી છૂટવું છે..."

"રાહુલ, હું પ્રવાસી છું. ક્યાંય કાયમ રહી શકું એમ જ નથી... પ્લીઝ, મને સમજવાનો પ્રયત્ન કર."

"એટલે તારો જવાબ ના છે?"

"હા! ના! મને જ નથી ખબર... મને તું ખૂબ ગમે છે, પણ તારી સાથે આખી જિંદગી જીવી શકીશ કે નહીં એ નથી જાણતી. રાહુલ, મારી જિંદગી પર મારો અધિકાર છે. એને સુધારવાનો કે બગાડવાનો, બંને... પણ તારી જિંદગી ઉપર મારો કોઈ અધિકાર નથી... મારી પ્રકૃતિને કારણે, મારા સ્વભાવને કારણે કે મારાં અંગત કારણોને લીધે તને દુઃખ નથી આપવું મારે..." એણે વીરેનનો પત્ર ઊંચો કર્યો, "જો, આ જો! દસ દસ વર્ષ પછી પણ હું એને એ ન જ આપી શકી, જેની એને મારી પાસેથી આશા હતી... મારા પિતા, આજે પણ ખુરશીમાં બેસે છે. ચાલી નથી શકતા... મારા જ કારણે. બસ રાહુલ બસ... હવે વધારે લોકોને દુઃખી નથી કરવા મારે. એ અપરાધના બોજ સાથે નહીં જીવાય."

"રાધિકા, હું આને તારો આખરી જવાબ સમજું?"

"ખબર નહીં. અત્યારનો જવાબ આ છે રાહુલ, હું ખરેખર નથી જાણતી અને જે વાત જાણતી નથી એ કેવી રીતે કહું?"

રાહુલ થોડી વાર રાધિકા સામે જોઈ રહ્યો પછી ઝટકાથી એના ખભા છોડીને એના રૂમની બહાર નીકળી ગયો. રાધિકાને બે-ત્રણ વાર વિચાર આવ્યો કે એ રાહુલને રોકે, પણ રાહુલથી ઉંમરમાં અને અનુભવમાં એ મોટી હતી. એ સમજી શકતી હતી કે રાહુલ અત્યારે એની વાત નહીં જ સમજી શકે... વધુ દલીલો કરીને કડવાશ ઊભી કરવાને બદલે એણે રાહુલને જવા દીધો.

થોડી વાર ખુરશીમાં બેસી રહી. પછી ઊભી થઈ. એણે દરવાજો બંધ કર્યો.

દરવાજો બંધ કરતાં જ જાણે વીરેનના બાહુપાશે એને ઘેરી લીધી. એના આફ્ટરશેવ ડીઓડરન્ટની સુગંધ એના શ્વાસમાંથી થઈને એના ફેફસાં સુધી પહોંચી ગઈ. એની મૃદુતા, એની સરળતા અને સાથે જ એની સમજદારી અત્યારે પણ જાણે રાધિકાને બાંધી રહ્યાં હતાં.

"વીરેન!" એણે મનોમન કહ્યું, "તેં શા માટે ના રોકી મને? એક થપ્પડ મારીને મને ઘરમાં રોકી લીધી હોત તો? મને જ નથી ખબર, હું શું કામ કોઈ જગ્યાએ પહોંચું છું અને શું કામ કોઈ જગ્યાએથી નીકળી જાઉં છું? તને દુઃખ આપીને મેં બહુ મોટો અપરાધ કર્યો છે વીરેન... બની શકે તો મને માફ કરજે..."

આખી રાત રાધિકા વીરેનના પત્રો વાંચતી રહી. કોઈ વાર બે દિવસે, તો કોઈ વાર અઠવાડિયા પછી લખાયેલા. કોઈ એક દિવસમાં લખાયેલા બે પત્રો!

કેલેન્ડર જાણે રિવાઇન્ડ થઈ રહ્યું હતું. ઘડિયાળના કાંટા ઊંધા ફરતા હતા... રાધિકાના ઓરડામાં વીરેનના અક્ષર વિખરાતા જતા હતા. એના મનની વાત, એની પીડા, એની કસક, એણે રાધિકાને ક્યારેય નહીં પૂછેલા સવાલો અને એમની વચ્ચે જીવાઈ ગયેલી પળો આ ઓરડામાં ફરી સજીવ થઈ આવી હતી.

તારીખ, વાર, સમય બદલાતાં ચાલ્યાં હતાં.

વીરેનના અક્ષરમાં જાણે રાધિકાનો આખો ભૂતકાળ હતો. એની જિંદગીના એક દાયકાનો હિસાબ-કિતાબ હતો એ પત્રોમાં. રાધિકા બહુ જ ધીમે, સંભાળીને એ પત્રો વાંચતી રહી. કોરી આંખે અને લોહી નીતરતા હૃદયે.

રાધિકાને સતત સ્વતંત્રતા આપતો રહેલો, એની મરજીથી જીવવા દેવાનો દાવો કરતો વીરેન સતત ઇચ્છતો હતો કે રાધિકા એની સાથે લગ્ન કરે, એની થઈ જાય... રાધિકાની નાની નાની નબળાઈઓ, મોટી મોટી તકલીફો, પિતા સાથેના સંબંધનો બોજ અને વીરેન સાથેના સંબંધની અનિશ્ચિતતા, બધું જ આ પત્રોમાં પોતાની આંખે જોઈને આલેખ્યું હતું વીરેને... રાધિકા ધીમે ધીમે એ પત્રો વાંચતી રહી.

દસ વર્ષના સહવાસમાં વીરેન સાથે ક્યારેય નહોતો થયો એવો સંવાદ અત્યારે રાધિકા અને વીરેન વચ્ચે થઈ રહ્યો હતો. વીરેને કહેલી કેટલીયે વાતો ફરી એક વાર આ પત્રોમાંથી એને સંભળાઈ રહી હતી, તો એણે નહીં

કહેલા કેટલાય શબ્દો અત્યારે આ પત્રોમાંથી પડઘાતા હતા.

આખાય ઓરડામાં વીરેનની સુગંધ, વીરેનના અક્ષર અને વીરેનની સ્મૃતિ વિખરાયેલી હતી...

રાધિકા પત્રોની વચ્ચે સૂતી હતી.

એ જમીન પર જ ઊંઘી ગઈ હતી. એની આંખ ખૂલી ત્યારે હજીયે વીરેનના પત્રો એની આસપાસ વિખરાયેલા હતા. એણે આંખો ઉઘાડી, હાથ લંબાવીને પત્રોને ફરી એક વાર સ્પર્શી લીધું,પછી ઊભી થઈ અને બાથરૂમમાં ગઈ.

એ મોઢા પર પાણીની છાલકો મારતી હતી કે અચાનક કોઈ એના ઓરડાનાં બારણાં ધમધમાવતું સંભળાયું.

બાજુમાં પડેલો નેપ્કિન ખેંચીને ઝડપથી મોઢું લૂછતાં એણે દરવાજો ખોલ્યો. રમણકાકા ઊભા હતા. એમનો ચહેરો ઊતરેલો હતો.

“ગજબ થઈ ગયો બેટા...”

એ ઓસરીમાં આવી ત્યારે એણે જોયું કે આખું ઘર ચોકમાં એકઠું થયું હતું. કંઈ ગંભીર વાત હતી એવો એને ખ્યાલ આવી ગયો.

સુમિત્રા ઓટલા ઉપર બેઠી હતી. થાંભલાને ટેકો દઈને એ જે રીતે બેઠી હતી એના પરથી એની મનઃસ્થિતિનો ખ્યાલ આવતો હતો. ઘરમાં કશું અનિચ્છનીય અથવા ગંભીર બન્યું હતું.

“શું થયું?” એણે રમણકાકાને બૂમ પાડી. “બેટા... જલદી નીચે આવ.”

“પણ થયું શું?” એ સડસડાટ રમણકાકાની પાછળ પગથિયાં ઊતરવા માંડી.

“બેટા, લજ્જાએ... લજ્જાએ...”

“શું થયું લજ્જાને?” રાધિકાને ફાળ પડી.

“થવાનું શું હતું?” એ જેવી ચોકમાં પહોંચી કે સુમિત્રાએ એની સામે જોયું, “ગળામાં દુપટ્ટો બાંધીને પંખે લટકતી હતી. આ તો આજે મારી આંખ વહેલી ખૂલી અને મેં એને જોઈ બાકી તો...” સુમિત્રા ધ્રૂસકે ધ્રૂસકે રડી પડી.

“વોટ નોનસેન્સ...” રાધિકાએ કહ્યું અને ઓરડામાં બંને હાથ ઘૂંટણની આસપાસ લપેટીને, નીચું માથું કરીને બેઠેલી લજ્જા સામે જઈને ઊભી રહી.

“શું સમજે છે તું તારા મનમાં, હેં?” એણે લજ્જાને પૂછ્યું, “મરી જવું છે તારે?”

“હા... હા... મારે મરી જવું છે.” લજ્જાએ રાધિકાની આંખોમાં જોયું, “જીવીને શું કરું?”

“મરીને શું કરીશ?”

“તમે બધાં છૂટશો.” લજ્જા રડવા લાગી.

“એમ કોઈ છૂટતું નથી, તને શું લાગે છે? તું અમારા પર બોજ છે?” “મારાં લગ્ન નથી થતાં એટલે તમે પણ...”

“વેરી ગુડ.. તો ઘરમાં બધાં જ મરી જઈએ ને? હું, તું, બાપુ, સુમિત્રા...

રમણકાકાએ પણ જીવવાની જરૂર નથી.” રાધિકાને એકદમ ગુસ્સો આવી ગયો.

“દીદી, તમે મારી વાત નથી સમજતાં.”

“તું નથી સમજતી અમારી વાત.” રાધિકાએ લજ્જાનો ચહેરો ચિબુકથી પકડીને ઊંચો કર્યો, “હું લગ્ન નથી કરતી કારણ કે મારે નથી કરવાં, બીજું કોઈ કારણ નથી.”

“પણ...”

“તને શું લાગે છે? હું તમારા લોકોની જવાબદારીને લીધે મારી જિંદગી બરબાદ કરું છું?” રાધિકાએ ડોકું ધુણાવીને હા પાડી.

“મૂરખ છે તું... હું લગ્ન કરવા જ નથી માગતી એટલા માટે લગ્ન નથી કરતી.”

“ક્યાં સુધી તમે અમારે માટે...”

“જ્યાં સુધી તમે છો અને હું છું ત્યાં સુધી...” રાધિકાએ બંને હાથે લજ્જાનો ચહેરો પકડ્યો,“ખબરદાર જો આવી બધી અક્કલ વગરની પ્રવૃત્તિ કરી છે તો...” હવે એની આંખોમાં પાણી આવી ગયાં, “પૂરતું ગીલ્ટ છે મને.. હવે વધારે ગીલ્ટ નહીં આપે તો ચાલશે.”

“દીદી” લજ્જાએ કહ્યું. બંને ભેટી પડ્યાં, સુમિત્રાએ ઓટલા પર બેઠાં બેઠાં જ આંખો લૂછી,.

રાધિકા આંખો લૂછતી બહાર આવી અને સુમિત્રાના ખભે હાથ મૂક્યો, “તમે ચિંતા નહીં કરતાં, બધું બરાબર થશે.”

“કોની ચિંતા કરું?” સુમિત્રાની આંખોમાં અજબ જેવો ભાવ હતો, ને કોની કોની ચિંતા કરું?”

“મારી તો નહીં જ કરતાં..”

"બેટા, સૌથી વધારે ચિંતા તારી જ થાય છે, રાહુલ ખરેખર સારો છોકરો છે. એ તારી બધી જ જવાબદારીઓ સમજે છે, સ્વીકારે છે પછી તને શું વાંધો છે?"

"મને કોઈની દયા નથી જોઈતી કે નથી કોઈનો ઉપકાર જોઈતો. હું મારી જિંદગી મારી રીતે જીવવા માગું છું. રાહુલ મારી સાથે સમાધાન કરી રહ્યો છે, આજે મને મેળવવા માટે એ બધી જ વાતની હા પાડે, આવનારાં વર્ષોમાં આ જવાબદારીઓ એને બોજ લાગવા માંડશે..." એણે સુમિત્રાનો હાથ સહેજ દબાવ્યો, "ગેરસમજ નહીં કરતાં, મારી માના ગયા પછી મારા પિતાએ મારી જવાબદારી સ્વીકારી તો ખરી, પણ થોડા સમયમાં એમની જરૂરિયાત જાગી અને એમણે મારો વિચાર કર્યા વિના તમારી સાથે લગ્ન કરવાનું નક્કી કરી લીધું..."

"તું હજી સુધી ત્યાં જ અટકેલી છે?"

"હા, હું ત્યાંથી આગળ વધી જ શકી નથી... એ નાનકડી સત્તર વર્ષની રાધિકાને લાગેલો આઘાત હજી એમ જ છે..."

"બેટા, હવે નીકળી જા ત્યાંથી... વર્ષો વીતી ગયાં છે, સમય બદલાઈ ગયો છે. ફાંસને તારી અંદર રહેવા દઈશ તો તને જ ખૂંચશે."

"નથી નીકળી શકતી." "આ તું કહે છે?"

"હા... તમને કદાચ કલ્પના પણ નહીં હોય પણ મેં બાપુના વચનને બહુ સિરિયસલી લીધું હતું. મેં એવું માની લીધું હતું કે હવે એમની જિંદગીમાં મારા સિવાય કોઈ નથી. એમણે પોતે જ સ્વીકારેલી જવાબદારી એમને માટે બોજ બની ગઈ, રાહુલ માટે પણ એવું જ થશે. મને ખબર છે."

"આ તારી ધારણા..."

"ના, આ મારો અનુભવ છે. માણસ એને જે જોઈતું એ મેળવવા માટે વચન તો આપી દેતો હોય છે, પણ ખરેખર એ વચન પાળવાનું આવે ત્યારે એની જરૂરિયાતો, એનો સ્વાર્થ એની ઉપર હાવી થઈ જાય છે અને એણે પોતે જ સ્વીકારેલી જવાબદારી બોજ લાગવા માંડે છે. આજે રાહુલ માટે મારા ભાઈ- બેન, મારા પિતા એક સહર્ષ સ્વીકારેલી જવાબદારી હોઈ શકે, પણ કાલે સવારે આ બધું બોજ લાગશે. હું જ્યારે મા બનવાની ના પાડીશ ત્યારે એને મારી વાત કોઈ રીતે નહીં સમજાય, કારણ કે એને માટે એ વખતે એની જિંદગી અગત્યની હશે. દરેક વખતે ઝઘડા કરીને, જાતમાં થોડી વધુ કડવાશ ઉમેરીને, માણસોથી છૂટા પડતાં પડતાં હું થાકી ગઈ છું. પ્લીઝ... મને મારી રીતે જીવવા દો તો સારું."

સુમિત્રા પાસે કોઈ જવાબ નહોતો. રાધિકાની વાત સાવ ખોટી તો નહોતી જ. એણે પોતે લગ્ન જે રીતે જીવવા માટે કર્યાં હતાં એવી રીતે જીવી શકાયું નહોતું. પહેલાં રાધિકા ઉપર સુમિત્રાને સ્વીકારવાની જવાબદારી લાદવામાં આવી હતી, પછી રાધિકાના ચાલ્યા જવા માટે સુમિત્રાને જવાબદાર ઠેરવવામાં આવી હતી. એ વાત સુમિત્રાને બરાબર ખબર હતી. શરૂઆતમાં અર્જુનકુમાર દીવાને સુમિત્રાને એના સંતાનો સ્વીકારવા માટે જે પ્રકારનાં વચનો આપ્યાં હતાં એ રાધિકાના ગયા પછી એક પ્રકારની પીડામાં, તકલીફમાં ફેરવાઈ ગયાં હતાં.

સુમિત્રાએ એક ક્ષણ વિચાર્યું અને પછી રાધિકાના ખભે હાથ મૂક્યો, “તું સાચી છે. લગ્ન કરવાથી જ સ્ત્રીનું સ્ત્રીત્વ પૂરું થાય છે એવું નથી. તું તારી જિંદગી તારી રીતે જીવ. હું આજ પછી તને ક્યારેય કોઈ બાબતનો આગ્રહ નહીં કરું, પણ સાથે સાથે એક વાત કહી રાખું.” સુમિત્રાની આંખો ભરાઈ આવી, “તને જે દિવસે એમ લાગે કે તું એકલી જીવતાં થાકી ગઈ છે અથવા તને એમ લાગે કે તારે આ ઘર છોડીને જવું છે ત્યારે એક ક્ષણનો પણ વિચાર નહીં કરતી. અમે જીવીશું, અમારી રીતે... અમારે માટે તારા અંગત સુખનું બલિદાન નહીં આપતી ક્યારેય...”

“જુઓ...” રાધિકા કંઈક કહેવા ગઈ પણ સુમિત્રાએ એને અટકાવી,“જે વાત તું રાહુલ માટે કહે છે એ વાત તને પણ એટલી જ લાગુ પડે છે. આજે તેં લીધેલી જવાબદારી કાલે તારા માટે બોજ બની જાય તો એને ઉતારીને ફેંકી દેતાં અચકાતી નહીં.”

રાધિકા કશું બોલી નહીં. આ બંનેની વાત સાંભળી રહેલા રમણકાકા આગળ આવ્યા એમણે ધીમેથી કહ્યું, “સાહેબને આ વાતની ખબર ના પડે એનું ધ્યાન રાખજે, નહીંતર એમને બહુ તકલીફ થશે.”

“તકલીફો હવે આ ઘરમાં જીવનારા દરેક માટે ટાળી ન શકાય એવી બાબત બની ગઈ છે...” સુમિત્રાએ કહ્યું. એ અંદર લજ્જા પાસે ચાલી ગઈ. રમણકાકા અને રાધિકા બહાર ઊભાં હતાં. વાત શરૂ કરવી કે નહીં એનો થોડીક ક્ષણ વિચાર કર્યા પછી રમણકાકાએ રાધિકાને કહ્યું, “રાહુલ આજે સાંજે અહીંથી જવાનો છે.” રાધિકાએ કશું જ બોલ્યા વિના રમણકાકાની સામે જોયું, “એણે સવારે જ મને કહ્યું... એણે એડ્વાન્સ આપેલું ભાડું પણ પાછું લેવાની ના પાડી, એ કહે છે કે હવે આ ઘરમાં તારી સાથે નહીં રહી શકાય... એટલે..”

“જુઓ કાકા, એ આ ઘરમાં મને પૂછીને નહોતો આવ્યો.” રાધિકાએ સહેજ પણ વિચલિત થયા વિના કહ્યું.

“પણ બેટા, એ જતો રહેશે તો...”

“પાછો નહીં આવે, એમ જ ને?” રાધિકાએ ઊંડો શ્વાસ લીધો, “હું એમ જ ઇચ્છું છું. રાહુલ અહીંથી જાય અને ક્યારેય પાછો ન આવે.”

“બેટા!” રમણકાકા રાધિકા સામે જોઈ રહ્યા.

“મારે આગળ વાત નથી કરવી.” રાધિકા ઉપર, પોતાના ઓરડા તરફ જવા લાગી, “રાહુલ એની જિંદગી જીવે અને મને મારી જીવવા દે એમાં સૌની ભલાઈ છે.” એ સડસડાટ પગથિયાં ચઢીને જતી રહી અને રમણકાકા કશું જ બોલ્યા વિના એને જતી જોઈ રહ્યા.

16

રાધિકા પગથિયાં ચડીને ફરી પોતાના ઓરડામાં આવી. વીરેનના પત્રો હજીયે એના ઓરડામાં વિખરાયેલા હતા... વીરેનની સ્મૃતિની જેમ જ! રાધિકા થોડી વાર એ પત્રો સામે જોઈ રહી પછી એક એક ઉઠાવવા લાગી, સુક્કાં બોરસલ્લી કે ખરી પડેલાં પારિજાત વીણતી હોય એટલી નજાકતથી એ આ પત્રો ભેગા કરતી હતી, પોતાનાં વીતેલાં વર્ષો એક એક કરીને ભેગાં કરતી હોય એમ એણે એને ભેગા કરવા માંડ્યા. એ દરેક પત્રમાં લખાયેલો એક એક શબ્દ ક્યારેક લીલાંછમ પાંદડાં જેવો તાજો હતો, આજે અડતાં જ ખરી પડે એવો સુક્કો અને નાજુક બની ગયો હતો એ દરેક શબ્દ!

વીરેનના દરેક પત્રમાં રાધિકા માટેની લાગણીનો એકરાર હતો. એણે દરેક પત્રમાં લખ્યું હતું કે, એ રાધિકાને કેટલો પ્રેમ કરતો હતો... વીરેનના પત્રોમાંથી એની સચ્ચાઈ અને સંવેદના છલકાતાં હતા. રાધિકા હાથમાં પકડેલા એ તમામ પત્રો ઉપર હાથ ફેરવતી રહી... એની આંગળીઓ એ કાગળના સ્પર્શે જાણે સજીવ થઈ ઊઠી. વીરેન એની અંદર ક્યાંક જીવતો હતો એવું એને લાગ્યું. વીરેન સાથેના તમામ પ્રસંગો જાણે એ કાગળોમાં લખેલા અક્ષરો દ્વારા જીવતા થઈને એની આંખ સામે નાચવા લાગ્યા.

વીરેન નથી રહ્યો એ વાત જાણે એના ગળે જ નહોતી ઊતરતી... વીરેનના જવાથી એની જિંદગીના ભૂતકાળનો, એની યુવાનીનો, એના અસ્તિત્વનો એક હિસ્સો કપાઈ ગયો હતો કદાચ! હવે વીરેન નહોતો એનો અર્થ એવો બનતો હતો કે રાધિકાની જિંદગીનો એ દાયકો પણ ભૂંસાઈ ગયો હતો...

“કોઈ આવી રીતે વિચારતું હશે?” રાધિકાને વિચાર આવ્યો, “માણસો આટલા ઊંડા ઊતરતા હશે જિંદગીમાં? મોટા ભાગના સપાટી પર છબછબિયાં કરીને તરવાનો અનુભવ લીધાનો અહમ્ સંતોષ્યા કરે છે, પણ ખરેખર ડૂબકી મારો તો જ સમજાય કે તળિયે શું પડેલું છે... માથા પર પાણીનું વજન કેટલું લાગે છે અને તમે શ્વાસ રોકીને ક્યાં સુધી પાણીની નીચે રહી શકો છો... કેટલી વારે ગૂંગળાઈ જાવ છો અને ક્યારે ફરી પાછા સપાટી પર આવી જાવ છો...”

એનું મન આજે કશુંય કરવા તૈયાર નહોતું. એક અજબ પ્રકારની સુસ્તી અને નિષ્ક્રિયતા એના મન પર છવાઈ ગઈ હતી. જાણે દરેક તરફથી કશુંક ખાલી થઈ ગયું હતું એની અંદર!

કોણ જાણે શું થવા બેઠું છે? વીરેનના મૃત્યુના સમાચાર, લજ્જાનું વર્તન અને હવે રાહુલના જવાના સમાચાર...

એણે આંખો મીંચી દીધી અને ઊંડો શ્વાસ લીધો, “બધાં જ બંધનો તૂટી રહ્યાં છે. જિંદગી કોઈ એક દિશામાં આગળ વધશે એવું લાગે છે.જેને જેને હું આધાર કે લંગર માનીને અટકતી હતી, રોકાતી હતી, મારી જાતને બાંધતી હતી એ બધું જ તૂટી-ફૂટી ગયું છે... એક મુક્તિનો અનુભવ થઈ રહ્યો છે.” એણે પોતાની જાતને કહ્યું.

વીરેનના પત્રો ખૂબ કાળજીથી સંભાળીને એણે પોતાના કબાટમાં રેશમી સાડીની વચ્ચે મૂકી દીધા, પોતાનો એક આખો દાયકો ગોઠવતી હોય એમ! એની જિંદગીનાં દસ વર્ષ આ થોડા કાગળોના ટુકડામાં સમાઈ જતા હતા.એક છોકરીના ઘર છોડવાની પીડા અને એક માણસને મળવાના અનુભવથી શરૂ કરીને એના સ્ત્રી

બનવાના દિવસો બંધ હતા આ કાગળોમાં.

એ સમય શબ્દમય બનીને જાણે એક ચહેરો બની જતો હતો – વીરેનનો ચહેરો... પોતાનો ચહેરો અથવા, સાથે ગાળેલા એ દિવસોનો એક એવો ચહેરો જેમાં એ પોતાની જાતને શોધી શકતી હતી. એક કાગળનો ટુકડો ઉઘાડીને જોતાં જ કાયાકલ્પ થઈ જતો હતો એનો... દસ વર્ષ પાછળ જતી રહેતી હતી જિંદગી ચપટી વગાડતાં.

“જ્યારે જ્યારે જિંદગી રિવાઈન્ડ કરવી હશે ત્યારે કાગળોના આ ટુકડા કામ આવશે” એણે વિચાર્યું, “આ તો પડછાયા છે. સમયના તડકામાં દેખાતા પડછાયા... કૂણા તડકામાં દેખાતા લાંબા અને ડરાવી મૂકે એવા, આકરા તાપમાં દેખાતા ટૂંકા સળગાવી દે તેવા પડછાયા... જે મારી અંદર જ દેખાય છે, આથમી જાય છે. ઓળખી નથી શકતી અને છતાંય મારા પોતાના જ પડછાયા છે એની મને ખાતરી છે. ક્યારેક સમજી શકું છું એમની વાત, તો ક્યારેક એમની ભાષા પણ ઉકેલી નથી શકતી. ક્યારેક સતત બોલ્યા કરે છે આ પડછાયા, તો ક્યારેક મહિનાઓ સુધી ચૂપ થઈ જાય છે...”

એની આંખો સહેજ ભીની થઈ, પણ ઘણો પ્રયત્ન કરવા છતાં રડવું ન આવ્યું. ખૂબ નિચોવી નાંખેલાં વસ્ત્રોમાં જેમ ભીનાશ હોય અને છતાંય જેમ પાણી ન ટપકે એવી કોઈક વિચિત્ર પ્રકારની લાગણી એની અંદર ઘુમરાવા લાગી. એને લાગ્યું કે હવે જો રડવું નહીં આવે તો શ્વાસ અટકી જશે અને છતાંય રડવું નહીં આવે એની એને ખબર હતી એટલે ભીનાશ શોધવા એ બાથરૂમ તરફ આગળ વધી ગઈ.

બાથરૂમમાં શાવર ચાલુ કરીને પોતાના પર પડતાં પાણીના ટીપાં ઝીલતી રહી. આંખો મીંચીને જાણે પોતાની અંદર કશુંક ધોવાતું, સ્વચ્છ થતું અનુભવતી રહી...

શાવરની એ ભીનાશમાં ક્યાંક એનાં આંસું વહી નીકળ્યાં અને ચહેરા ઉપર પડતા પાણીના ટીપાં સાથે ભળીને એનો ચહેરો પણ આંસુથી ધોવાઈ ગયો.

વીરેનના મૃત્યુ પછીનો આ અનુભવ રાધિકાને ‘રાધિકા’માંથી કશુંક બીજું જ બનાવી ગયો! એ સમજી શકતી હતી કે એને શું થયું હતું, પરંતુ સ્વીકારી શકતી નહોતી.

વીરેનની સાથે એની અંદર કશુંક મૃત્યુ પામ્યું હતું અને હવે એ ક્યારેય ફરી જીવતું થવાનું નહોતું!

એ નહાઈને નીકળી ત્યારે એને ચોકમાં મોટે મોટેથી બોલતા રમણકાકાનો અવાજ સંભળાયો. રમણકાકા કદાચ રાહુલ સાથે વાત કરી રહ્યા હતા. એણે એક વાર ઇચ્છ્યું કે દરવાજો ખોલીને બહાર જાય, રાહુલને છેલ્લી વાર જોઈ લે, પણ એને લાગ્યું કે એવું કરવાથી કદાચ રાહુલ રોકાઈ જાય...

જો રાહુલ રોકાઈ જાય તો જિંદગીનો માંડ ખૂલેલો દરવાજો ફરી એક વાર બંધ થઈ જાય. હજી હમણાં જ લાગણીના પીંજરાની અંદર જીવતી રાધિકા પાંખ ફફડાવીને ઊડતાં શીખી ગઈ હતી... રાહુલના રોકાઈ જવાથી કદાચ ફરી એક પીંજરું ઊભું થઈ જાય તો?

હવે તો એને પોતાની આસપાસનું બધું જ તોડી-ફોડીને વિખરાઈ જવું હતું. એવી સ્થિતિમાં આવી જવું હતું

જ્યાં કશું નવેસરથી શરૂ થઈ શકે.

“રાહુલની જિંદગી બરબાદ કરવાનો મારો કોઈ અધિકાર નથી. હું એને જે નથી આપી શકવાની એ ક્યારેક મળશે એવી આશા આપીને હું એને દુ:ખી નહીં કરું...” એ અરીસામાં જોઈને કહી રહી હતી, “રાહુલને દરેક વખતે એક નવી આશા આપીને ભૂલ મેં જ કરી છે. હવે એ નહીં કરું.”

રમણકાકાનો અવાજ હજી નીચે કંઈ કહી રહ્યો હતો. એણે ધ્યાનથી સાંભળવાનો પ્રયત્ન કર્યો, એના કાન સાંભળતા હતા પણ જાણે એમના શબ્દો પકડાતા નહોતા. એમની વાતનો અર્થ એના મન સુધી પહોંચતો જ નહોતો.

શબ્દો એમનો અર્થ ખોઈને અક્ષરો બની ગયા હતા.

“રાહુલ જઈ રહ્યો છે રાધિકા” એની જ અંદર બેઠેલું કોઈ એને હચમચાવતું હતું, ઝંઝોડી નાખતું હતું.

“ભલે જાય... એને એની દિશા શોધવાનો અધિકાર છે” એની જ અંદર બેઠેલું કોઈ બીજું જવાબ આપતું હતું.

“રાધિકા... તું એની દિશા છે, તું જ એની મંઝિલ છે, તું જ એનો રસ્તો.” “એવું માનીને મારો અહમ્ જરૂર સંતોષાય છે, પણ એ સાચું નથી. હું એને કંઈ નહીં આપી શકું.”

“તું જે આપી શકતી હતી એ બધું જ આપી ચૂકી છે રાધિકા... અને એ પામ્યા પછી જ એ તને વધુ પામવાના મોહમાં અટવાયો છે.”

“મેં શું આપ્યું? હું શું આપીશ? હું અંદરથી ખાલી છું, અધૂરી છું.

ખરેખર તો એણે મને ભરી દીધી છે સ્ત્રી હોવાના અહેસાસથી..જે રાધિકાને શોધતી હું આટલા વર્ષો ફરતી રહી એ રાધિકાને હાથ પકડીને એ મારી પાસે એ જ તો લઈ આવ્યો છે.” એની અંદર બેઠેલું ‘કોઈ બીજું’ કહી રહ્યું હતું.

“તો એટલા ખાતર પણ એને રોકી લે રાધિકા... એ જશે તો તું તને જ ખોઈ બેસીશ.”

“હવે એવું નહીં થાય. હું, મને મળી ગઈ છું. મારી અંદરની રાધિકા કોઈ એક પુરુષ, કોઈ એક શરીર, કોઈ એક મન કે કોઈ એક સ્વીકાર પર આધારિત નથી. એ તો મારી નસનસમાં ફેલાયેલી છે, મારા મનમાં છે, મારા મગજમાં, મારા હૃદયમાં, મારી અંદર ઊઘડતા જતા આ નવા આકાશમાં છે.”

“વીરેનને છોડ્યા પછી તને ભૂલ સમજાઈ હતી...” એનું મન એને ધકેલતું હતું, ઉશ્કેરતું હતું, રાહુલને રોકી લેવા માટે કરગરતું હતું, “રાહુલના ગયા પછી પણ સમજાશે...”

“રાહુલ મારી અંદર જ છે, એ ક્યાંય નથી જવાનો. જે રાહુલને હું પામી છું એને મારી પાસેથી કોઈ નહીં લઈ જઈ શકે. જે જાય છે એ રાહુલ મારો હતો નહીં ને મારો છે પણ નહીં...”

નીચેથી આવતો અવાજ બંધ થઈ ગયો હતો. કદાચ રાહુલ ચાલી ગયો હતો. રાધિકા એમ જ માત્ર ટોવેલ લપેટેલી હાલતમાં પલંગમાં પટકાઈ. એણે આંખો મીંચી દીધી. ભરાઈ આવેલો ડૂમો એણે માંડ માંડ રોક્યો. શંકરના ગળામાં જેમ વિષ અટકી ગયું હતું એમ એના ગળામાં ડૂમો અટવાયો હતો. છાતીમાંથી બહાર નીકળી ગયો હતો અને આંખ સુધી પહોંચતો નહોતો...

એને બહારથી એના ઓરડાના દરવાજા પર પડતા ટકોરા સંભળાયા. એ જવાબ આપ્યા વિના આંખો મીંચીને પડી રહી. જાણતી હતી કોણ હોઈ શકે...

"હું આ ઘર છોડીને જાઉં છું રાધિકા.." રાહુલનો અવાજ સાંભળતાંની સાથે જ એના હૃદયમાં કોઈ છરી ભોંકાઈ હોય એવી લાગણી થઈ.

"હમ્" એણે બંધ આંખે જવાબ આપ્યો. એ આંખ ઉઘાડતાં ડરતી હતી સામે ઊભેલો રાહુલ એને પિગળાવી દે એવો ભય એને વીંટળાઈ વળ્યો હતો.

"પાછો ક્યારેય નહીં આવું." રાહુલ કશું સાંભળવાની આશાએ ઊભો હતો.

"હું પણ એવું જ ઇચ્છું છું." એણે આંખો ખોલી જ નહીં, "તું હવે પાછો ન ફરે એ જ તારે માટે સારું છે. જ્યાંથી એક વાર નીકળી જઈએ ત્યાં પાછા ન જ આવવું જોઈએ, રાહુલ." એ બોલી તો ખરી પણ એનો પોતાનો અવાજ એને અજાણ્યો લાગ્યો.

"રાધિકા, હું તને એક જ વાત કહેવા આવ્યો છું. કહું?"

થોડીક ક્ષણો બંનેની વચ્ચે એક મૌન ઝળુંબતું રહ્યું. રાહુલ ત્યાં જ એમ જ ઊભો રહ્યો પછી રાધિકાના જવાબની રાહ જોયા વિના એણે ધીમેથી કહ્યું, "તું મારા જીવનની એક એવી ક્ષણ છે જેને હું મારી સાથે પણ નથી લઈ જઈ શકતો અને છોડીને પણ નથી જઈ શકતો."

"એવું તું માને છે" રાહુલે ધાર્યું હતું કે રાધિકા જવાબ નહીં આપે,પણ એ બોલી. એણે હિંમત એકઠી કરીને આંખ ઉઘાડી રાહુલ સામે જોયું, "આપણે ગાળેલો સમય આપણી સાથે જ હોય છે. આપણે ઇચ્છીએ કે ન ઇચ્છીએ! તું અહીંથી જાય છે..." એણે ઊંડો શ્વાસ લીધો, "સારું છે. અહીં રહીને તું અટકી જાત – મારી જેમ જ. તારી અંદર પણ કશુંક બંધાઈ જાત, સ્થિર થઈ જાત, અટવાઈ જાત એને બદલે તું આગળ જાય છે."

"આગળ?" રાહુલ હસ્યો, પણ રાધિકાને એના એ હસ્યમાં સડસડાટ વહી જતાં આંસુની ભીનાશ દેખાયા વિના ના રહી, "આગળ કે પાછળ એની મને ખબર નથી. બસ, અહીંથી જાઉં છું... દિશાહીન ભટકવા.. કપાયેલા પતંગની જેમ! દોરીથી છૂટો પડે પછી ક્યાં જઈને પડવું એ એના હાથમાં નથી હોતું." એણે સાવ ધીમેથી કહ્યું, "અપની મરજીસે કહાં અપની સફર કે હમ હૈ, રૂખ હવાઓં કા જીધર કા થા ઉધર કે હમ હૈ..." એક ક્ષણ અટકીને ઉમેર્યું, "જાઉં છું."

"આવજે નહીં કહું." રાધિકાએ ફરી આંખો મીંચી લીધી.

રાહુલ કશું જ બોલ્યા વિના ફરીથી ઓરડાનો દરવાજો બંધ કરીને ચાલી ગયો.

રાહુલના ગયા પછી રાધિકાની અંદર ફરીથી કશું તૂટી ગયું. રાધિકા સતત વિચારતી રહી કે એણે બરાબર કર્યું હતું કે નહીં? રાધિકાએ મનોમન નક્કી કરી લીધું કે હવે એ આડુંઅવળું કશું જ વિચાર્યા વિના ફક્ત જીવવાનો પ્રયાસ કરશે. જિંદગીને આગળ લઈ જવાનો અને પરિસ્થિતિ સાથે કદમ મિલાવીને ચાલવાનો પ્રયાસ કરશે. જે જવાબદારીઓ અને પરિસ્થિતિઓથી એ ગઈ કાલ સુધી ભાગતી હતી એની સામે જઈને ઊભી રહેશે, એની સાથે નવેસરથી ઓળખાણ કરશે. ગૂંચવાઈ ગયેલા બધા જ દોરાઓને ધીમે ધીમે છૂટા પાડીને જિંદગીના ગૂંચવાડાઓને એક વાર ફરીથી એક સૂત્રમાં બાંધવાનો પ્રયાસ કરશે.

એ જાણતી હતી આ સહેલું નહોતું. એને એ પણ ખબર હતી કે આમાં એને ઘણી તકલીફ પડવાની છે, તેમ છતાં હવે એણે મનોમન નક્કી કરી લીધું હતું એટલે રાહુલની પાછળ દોડીને એને રોકવાને બદલે એણે સાવ શાંતિથી રાહુલને જવા દીધો. પોતાના મન ઉપર પથ્થર મૂકીને બેસી રહી...

રાહુલ માંડ નીચે ઊતર્યો હશે કે રમણકાકા દોડતા આવ્યા, “બેટા, રાહુલ સાચે જાય છે.”

“રાહુલ શું? જનારા બધા સાચે જ જતા હોય છે.” એણે ઊંડો શ્વાસ લીધો, “જનારાને કોઈ પણ રોકી શકતું નથી. એને જવા દો.”

“એની સાથે સાથે તારી જિંદગી, તારું ભવિષ્ય જતું રહેશે એની તને ખબર છે?”

“જે કરું છું તે સમજીને કરું છું.” એ રમણકાકા સામે જોઈ રહી, “કદાચ જિંદગીમાં પહેલી વાર જે કરું છું તે સમજી રહી છું.”

“બેટા, હું ખરેખર ચિંતામાં છું. રાહુલ તને ખૂબ ચાહે છે. આવો માણસ કદાચ જિંદગીમાં...”

“આ તમે મને ઘણી વાર કહ્યું, પણ દરેક વખતે આપણને જે જોઈએ તે મળી જ રહે એ જરૂરી નથી. કાકા, પોતાના માટે ઘણું ખોયું છે. એમાં તો સુખ નથી મળ્યું, હવે બીજા માટે કશુંક છોડી જોઉં... કદાચ, ત્યાંથી સુખ મળી જાય.”

“બેટા, સુખ તો આ ઘરના દરવાજાથી બહાર જઈ રહ્યું છે.” રમણકાકાનો અવાજ ઉતાવળો થઈ ગયો, “એને રોક...”

“કાકા, હવે કશુંય રોકી શકાય એવું રહ્યું જ નથી. એને જવા દો...” રાધિકાએ પૂર્ણવિરામની જેમ કહ્યું અને ત્યાંથી ઊભી થઈ ગઈ. રમણકાકા આંખમાં આંસુ સાથે રાધિકા સામે જોતા રહ્યા.

રાહુલ અર્જુનકુમાર દીવાનની સામે બેઠો હતો.

“પણ, તારે શું કામ જવું છે એટલું તો કહે? રાધિકાએ લગ્ન કરવાની ના પાડી એટલે આ ઘર છોડી દેવું જરૂરી નથી. એ તો છે જ એવી... પોતાની જિંદગી પોતાની રીતે જીવતી રહી. અમે કોઈ એને કશુંય કહી

શક્યાં નથી ક્યારેય... વાંક મારો જ હશે, પરંતુ હવે એ વિશે દલીલો કરવાનો કોઈ અર્થ રહેતો નથી. એની જિંદગી એ પોતાની શરતોથી જીવી છે અને હવે એમ જ જીવવાની છે."

"હું ફરિયાદ નથી કરતો. માત્ર અહીંથી જવા માગું છું, કારણ કે રાધિકા વિના અહીંયાં જીવવું લગભગ અશક્ય છે."

"બેટા, તને એક વાત કહું? અહીંયાં રહીશ તો કદાચ પણ રાધિકા સુધી પહોંચી શકીશ. ચાલી જઈશ તો..."

"હવે મારે કોઈ આશાએ અહીંયાં નથી રહેવું. પહેલી વાર અહીંયાં આવ્યો હતો ત્યારે ફક્ત રાધિકા માટે અહીંયાં રહેવાનું નક્કી કર્યું હતું. હવે રાધિકા માટે જ અહીંથી જઈ રહ્યો છું. અહીં રહીને મારે પણ દુઃખી નથી થવું અને એને પણ તકલીફ નથી આપવી."

"જેવી તારી ઇચ્છા બેટા, પણ મને એવું લાગે છે કે..." "કોને શું લાગે છે એ વિશે ચર્ચા નથી કરવી મારે..."

"બેટા, હવે ખરેખર ચર્ચા કરવાનો કોઈ અર્થ નથી. તેં જવાનો નિર્ણય કરતા પહેલાં મારી સાથે વાત કરી હોત તો સારું થાત. હું રાધિકાને ઓળખું છું અને એટલે જ કહું છું કે એને અચાનક આવી પડેલી કોઈ પણ પરિસ્થિતિ સ્વીકારતાં સમય લાગે છે. એ જેટલી મજબૂત દેખાય એટલી છે નહીં. એની અંદર કશુંક ખૂબ નાજુક, ખૂબ સુંદર છે જે એની સખ્તાઈના મહોરા નીચે દબાઈ જાય છે."

"જાણું છું, સમજું છું, પણ આ વાત એને સમજાવી શકતો નથી. તમે શું માનો છો? હું નથી ઓળખતો એને? મને ખબર છે કે એને શું જોઈએ છે અને એ જ આપવાના પ્રયાસમાં અહીં સુધી પહોંચી ગયો હું... એની લાગણી સમજતો હતો, એની અસલામતી, એની પીડા... કદાચ એટલે જ મારે એને જે આપવું હતું તે સલામતી હતી, પણ મને લાગે છે એને અસલામતી કોઠે પડી ગઈ છે. તમારી દીકરી સતત વહ્યા કરવા માગે છે, ક્યાંય બંધાઈને અટકીને નહીં જીવી શકે."

"ખેર, તું જે યોગ્ય સમજે તે જ કર..." અર્જુનકુમાર દીવાને નિસાસો નાખીને વાત પૂરી કરી.

રાહુલ ઊભો થયો, દરવાજો ખોલીને બહાર નીકળી ગયો. પોતાનો સામાન લઈ ધીમે ધીમે ચોક વટાવી મુખ્ય દરવાજા સુધી પહોંચ્યો. ડેલીનો દરવાજો ખોલીને પોતાનો સામાન બહાર કાઢ્યો, ગાડીમાં ગોઠવ્યો. આ બધું જ એ સાવ ધીમે મંથર ગતિએ કરતો રહ્યો. ઊંડે ઊંડે એવી ક્યાંક આશા હતી કે રાધિકા આવશે અને એને રોકી લેશે...

પરંતુ એવું કશું જ થયું નહીં. રાહુલ ગાડીમાં બેઠો, સ્ટાર્ટ કરી, રિવર્સ કરીને મુખ્ય રસ્તા પર આવી ગયો.

એની અંદર એક પ્રકરણ પૂરું થઈ ગયું હતું. સંબંધનું એક એવું પ્રકરણ જે એના માટે પહેલું અને આખરી હતું. એક સ્ત્રી જેને એણે ખૂબ ચાહી હતી, એની સાથેનો સંબંધ શરૂ થાય એ પહેલાં જ પૂરો થઈ ગયો હતો.

પોતે નવા લીધેલા અપાર્ટમેન્ટ પાસે જઈને એણે ગાડી પાર્ક કરી અને નક્કી કરી લીધું કે હવે પછી ક્યારેય એ રાધિકાનો વિચાર પણ નહીં કરે.

રાધિકાએ પણ નિર્ણય કરી લીધો કે આજથી જિંદગીની દિશા બદલાય છે. હવે પ્રેમની ઝંખનામાં પોતે બિલકુલ નહીં ભટકે.

એ સાવ એકલી શાંત બેઠી રહી થોડી વાર અને પછી ઊઠીને પોતાનાં રોજિંદાં કામોમાં લાગી ગઈ. દરેક કામ કરતી વખતે એને એક વિચાર આવતો રહ્યો, "ગમે ત્યાં જઈશ આખરે તો રાહુલની સામે ઊભા રહેવું જ પડશે. એ ઘર છોડી ગયો છે, ઑફિસમાં એનો સામનો ટાળી નહીં શકાય."

રાધિકાની અંદર ક્યાંક કશુંક સતત ગભરાતું રહ્યું અને છતાંય તૈયાર થઈને ઑફિસ જવા નીકળી.

એ બહાર નીકળતી હતી કે સામે દાખલ થતો સત્યજીત મળ્યો. રાધિકાએ ચહેરા પર પરાણે ફિક્કું સ્મિત લાવવાનો પ્રયત્ન કર્યો. સત્યજીત થોડી વાર એની સામે જોઈ રહ્યો પછી ખેંચીને એને છાતીસરસી ચાંપી દીધી. રાધિકાએ પણ પોતાના બંને હાથ સત્યજીતના ગળાની આસપાસ વીંટાળી દીધા, સાવ નાનું બાળક ખોવાઈ ગયેલી માને વળગીને રાહતનું રુદન કરવા લાગે એમ કેટલાય દિવસથી રાધિકાના ગળામાં અટવાતું એનું રુદન એક ઝાટકે બહાર નીકળી ગયું.

આખું શરીર હચમચી જાય એવાં ડૂસકાં લઈને રાધિકા રડી રહી હતી. સત્યજીત એની પીઠ પર, એના વાળમાં હાથ ફેરવી રહ્યો હતો... સત્યજીતે રાધિકાને રડવા દીધી, ખાસ્સી વાર. પછી ખૂબ વ્હાલથી પોતાનાથી સહેજ જુદી કરી, એની આંખોમાં આંખો નાખી અને ધીમેથી પૂછ્યું, "ચારે તરફથી ઘેરાઈ ગઈ છે નહીં?"

રાધિકાએ ડોકું હલાવીને હા પાડી અને ફરી રડવા લાગી.

"કોઈ સમય કાયમ રહેતો નથી રાધિ... આ સમય પણ નીકળી જશે. જેમ તારી જિંદગીનાં વીતેલાં વર્ષો તરફ જોઈને તને એક અજબ જેવી અજાણી લાગણી થાય છે એવી જ લાગણી આ વર્ષો વિશે વિચારીશ ત્યારે ફરી એક વાર થશે રાધિ..."

"મેં બરાબર કર્યું ને? હું સાચી છું ને?"

"આ સવાલ તારે તારી જાતને થોડા કલાકો પહેલાં પૂછવાનો હતો. હવે આ સવાલ પૂછવાનો કોઈ અર્થ નથી રહેતો."

"એટલે?"

"જો રાધિકા, રાહુલ જઈ ચૂક્યો છે અને તેં પણ તારી દિશા લઈ લીધી છે. ફરી ફરીને એ જ સ્થળે પાછા આવ્યા કરવું કોઈ ડહાપણની નિશાની નથી. અનેક કિલોમીટર ચાલતો ઘાણીનો બળદ ક્યાંય પહોંચતો નથી કારણ કે એ એક જ સ્થળે ફર્યા કરે છે. જ્યાંથી નીકળવાનું નક્કી કર્યું છે ત્યાંથી નીકળી જા અને પાછળનો દરવાજો બંધ કરી દે."

"સંબંધોના દરવાજા એમ બંધ કરી દેવાથી બંધ થઈ જતા હોય છે, જીત?" "જો રાધિકા, હું તારી જેમ અને તારા જેટલું નથી વિચારી શકતો, પણ એક વાત ચોક્કસ સમજી શકું છું કે હું મારી જાતને સુખી માનું છું...

કારણ હું દરેક વખતે વીતી ગયેલી વાતનું પોસ્ટમોર્ટમ કરવા નથી બેસતો. રાધિકા, એક વખત નિર્ણય લીધો છે તો એ નિર્ણય પર સ્થિર રહીને જીવી જોવાનો પ્રયત્ન કર."

"ભલે, તું એમ કહે છે તો એમ..." રાધિકાએ આંખો મીંચી દીધી.

"જો રાધિકા..." સત્યજીતે કંઈ કહેવાનો પ્રયાસ કર્યો, પરંતુ રાધિકાએ એક વાર એની આંખોમાં જોયું અને જાણે આગળ વાત ન કરવા માગતી હોય એમ બહારની તરફ જવા લાગી.

"રાધિકા, મારી વાત સાંભળી લે..." "શું?"

"હું તને ખૂબ ચાહું છું અને એવું સમજું છું કે તું ક્યારેય મારી સાથે જીવવાનું પસંદ નહીં કરે, તેમ છતાં તને એક વાત કહી દઉં. હું તારી જ્યાં, જે રીતે મદદ કરી શકું એ રીતે મદદ કરવા માગું છું."

"ખરેખર?" રાધિકાએ અટકીને સત્યજીત સામે જોયું.

"હા, ખરેખર.." સત્યજીતે ઊંડો શ્વાસ લીધો અને ઉમેર્યું, "તું જો એમ માનતી હોય કે લજ્જા સાથે લગ્ન કરવાથી હું તારા પ્રોબ્લેમ્સના લિસ્ટમાંથી એક પ્રોબ્લેમ ઘટાડી શકીશ તો હું એમ કરવા તૈયાર છું."

"જીત?" રાધિકાએ નવાઈથી સત્યજીત સામે જોયું.

"આઈ મીન ઇટ.. હું સાચા હૃદયથી તને ચાહું છું અને તારે માટે કંઈ પણ કરી શકું છું." સત્યજીતે રાધિકાનો ચહેરો પોતાના બંને હાથમાં પકડ્યો અને કહ્યું, "કંઈ પણ..."

રાધિકાની આંખો ભરાઈ આવી, એ ફરી સત્યજીતને ભેટી પડી..."જીત, હું સ્વાર્થી છું, પણ એટલી નહીં કે મારા સુખ માટે તારી આખી જિંદગી માગી લઉં."

"તેં માગી જ લીધી છે રાધિકા... ને મેં આપી પણ દીધી છે." સત્યજીતે મનોમન કહ્યું અને રાધિકાના વાળમાં આંગળીઓ ફેરવતો રહ્યો.

બીજા દિવસની સવાર અર્જુનકુમાર દીવાનના ઘરમાં એવી પડી હતી કે જાણે બધું જ વેરવિખેર થઈ ગયું હતું. રાહુલ ઘર છોડીને ચાલી ગયો અને રાધિકા પણ એ જ પળથી જાણે દસ વર્ષ મોટી થઈ ગઈ.

સત્યજીતે સામે ચાલીને લજ્જા સાથે લગ્ન કરવાની વાત કરી. અર્જુનકુમાર દીવાન અને સુમિત્રાએ આનંદથી એ લગ્ન વધાવી લીધાં...

રાધિકા મનોમન જાણતી હતી કે જે બની રહ્યું છે એનું સત્ય શું છે? પરંતુ પોતાની જાતને વધુ ને વધુ જવાબદાર ઠેરવતી એ કશું જ બોલી શકી નહોતી.

એની અને સત્યજીતની નજર મળી ત્યારે રાધિકાની આંખમાં ફરિયાદનો દરિયો ઊમટ્યો હતો. સત્યજીતે એ

વખતે તો નજર ઝુકાવી લીધી હતી. ઉત્સાહમાં ઘેલી થઈ ગયેલી સુમિત્રાએ તરત ને તરત ગોળ-ધાણા ખવડાવ્યા હતા અને શરમાતી લજ્જાના ચહેરા પર ફૂટી નીકળેલો રંગ જોઈને રાધિકાની અંદર કશુંક વલોવાઈ ગયું હતું.

મલયના ચહેરા પર એક અજબ પ્રકારની શાંતિ છવાઈ ગઈ હતી અને અર્જુનકુમાર અડધો કલાક પહેલાં જે મનોદશામાં હતા એમાંથી બહાર આવીને સુખી અને સંતુષ્ટ દેખાતા હતા.

એમણે રાધિકાને પોતાની પાસે બોલાવીને બાજુમાં બેસાડી હતી. એના માથે હાથ ફેરવ્યો હતો, "બેટા, અચાનક જ મોસમ બદલાઈ ગઈ" એમના અવાજમાં આનંદ સ્પષ્ટ છલકાતો હતો, "રાહુલ ગયો ત્યારે મને લાગ્યું કે આ ઘરનાં સુખ એ એની સાથે લઈ ગયો છે. હવે આ ઘરમાં ક્યારેય..." એમનો અવાજ ભરાઈ આવ્યો હતો.

"બસ, બેટા.. તું પણ લજ્જાની જેમ જિંદગીમાં ગોઠવાઈ જા." આજે સુમિત્રાએ બધાં બંધન તોડીને રાધિકાની સાથે એક માની જેમ સીધી વાત કરી હતી.

રાધિકા સમજતી હતી કે આ સૌનું સુખ સત્યજીતના ત્યાગના પાયા પર ઊભું હતું. એને આ બધું જ ખોટું લાગતું હતું, જુઠ્ઠું લાગતું હતું.

એ કશું બોલી શકી નહી, પણ વારંવાર સત્યજીતના ચહેરા પર સચ્ચાઈ શોધવાનો પ્રયત્ન કરતી રહી. આખરે રાધિકા ક્યારની શોધતી હતી તેવી એકાંતની બે-ચાર પળ મળી ગઈ અને સત્યજીતે આગળ વધીને એના ખભે હાથ મૂકીને એને કહ્યું હતું, "શું કામ અકળાય છે? બીજું તો કંઈ નથી કરી શકતો તારા માટે... પણ આટલું તો કરું ને?"

"તારી આખી જિંદગી..."

"જો રાધિકા, મારે માટે બે જ દિશા ખુલ્લી છે" સત્યજીતના ચહેરા પર સ્મિત હતું, "એક દિશા તારા તરફ જાય છે અને બીજી દિશા ક્યાં જાય છે એની મને ખબર નથી. તારા તરફ જતી દિશાના દરવાજા તે બંધ કરી દીધા. હવે જીવનભર અહીં ઊભો રહીને પથ્થર બની જાઉં એ મને મંજૂર નથી, માટે અજાણી તો અજાણી પણ કોઈ દિશામાં આગળ તો જવું જ પડશે."

"આ તો લજ્જાની જિંદગીનો પણ સવાલ છે."

"તારી બહેન દુ:ખી નહીં થાય." સત્યજીતના ચહેરા પર હજીયે સ્મિત હતું, "વચન આપું છું."

"એ તો હું પણ જાણું છું. તું કોઈને દુ:ખી કરી શકે જ નહીં, પણ તારી પોતાની જિંદગી..."

"હવે બધું વિખરાઈ ગયું રાધિકા... વધેલા ટુકડામાંથી જ ચિત્ર પૂરું કરી નાખવાનું છે." સત્યજીતના અવાજમાં જે દર્દ હતું એનાથી રાધિકા ઊંડે સુધી ચિરાઈ ગઈ, પણ જે થવાનું હતું તે થઈ ચૂક્યું હતું અને આ વાતને પાછી વાળી શકાય એમ નહોતી એટલે કશું જ બોલ્યા વિના એ થોડી વાર સત્યજીતની સામે જોઈ રહી અને પછી ડેલીનો દરવાજો ખોલીને ઑફિસ જવા નીકળી ગઈ.

આખા રસ્તે એના મનમાં રાહુલની સામે આવે તો કઈ રીતે વર્તવું અને શું કહેવું એની ગોઠવણ-મથામણ ચાલતી રહી. એણે મનોમન નક્કી કરી લીધું હતું કે રાહુલ કંઈ પણ કહેશે તો પોતે જવાબ નહીં આપે. રાહુલ સાથે ખૂબ સારી રીતે વર્તશે અને એનો ગુસ્સો સહન કરી લેશે...

રાધિકાને એક અપરાધનો બોજ કચડી રહ્યો હતો.

રાહુલ સાથે એણે જે રીતે એક ઝટકામાં સંબંધ તોડ્યો હતો એ પછી રાહુલ સાથે નજર મિલાવવાની એનામાં હિંમત નહોતી રહી. એનું ચાલ્યું હોત તો એણે આ નોકરી છોડી દીધી હોત.રાહુલ ઘર છોડીને ગયો એ પળ પછી એ ક્યારેય ઑફિસ ન ગઈ હોત, પણ અત્યારે આ નોકરી એને માટે જરૂરી હતી અને નોકરી સાથે જોડાયેલો હતો રાહુલ...

ઑફિસના બિલ્ડિંગમાં દાખલ થતી વખતે એનું હૃદય એક થડકારો ચૂકી ગયું. રાહુલની ગાડી કેમ્પસમાં પાર્ક થયેલી હતી.

“એ તો અહીં જ હોયને..” એણે પોતાની જાતને જ કહ્યું, “ક્યાં જવાનો? શેની નવાઈ લાગે છે અને શેનો ડર લાગે છે તને?” હિંમત કરીને એ પોતાના ડિપાર્ટમેન્ટમાં ગઈ. મલ્હોત્રાની સામે સ્મિત કર્યું અને પોતાની સીટ પર ગોઠવાઈ ગઈ.

દિવસ ઘડિયાળના કાંટે સડસડાટ ચાલતો રહ્યો.

કદાચ રાહુલ ભટકાઈ જાય એ ભયે એ કેન્ટીનમાં પણ ના ગઈ, ટેબલ પર જ બેઠી રહી...

રાહુલ ક્યાંય દેખાયો નહી. એનો ફોન પણ આવ્યો નહીં.

રાધિકા દિવસ આખો ઇન્ટરકોમ અને સેલફોનને ઊલટપલટ કરતી રહી, એનું ચિત્ત કામમાં નહોતું, ડિપાર્ટમેન્ટમાં દાખલ થતાં દરેક જણની સાથે એને સહેજ નિરાશા થતી રહી...

રાહુલનો સામનો કરવાની તૈયારી ન હોવા છતાં પણ એનું મન રાહુલની પ્રતીક્ષા કરી રહ્યું હતું. એને પોતાને નવાઈ લાગી, “આ કેવો વિરોધાભાસ છે? એક તરફથી તો હું ઇચ્છું છું કે રાહુલ મને ન મળે અને બીજી તરફથી મારું મન સતત રાહુલની પ્રતીક્ષા કરે છે...”

દિવસ પૂરો થઈ ગયો.

રાધિકા પોતાનું કામ સમેટીને, પોતાની બેગ ઉપાડીને બહાર નીકળતી હતી કે એણે સીડી ઊતરતાં રાહુલને ગાડીમાં બેસતો જોયો. એને એક વાર ઇચ્છા થઈ કે એ દોડીને રાહુલને રોકે... એને પોતાના બાહુપાશમાં લઈ લે, ચુંબનોથી નવડાવી નાખે, એની માફી માગે...

પણ, એણે જાતને રોકી લીધી. કશું જ કર્યા વિના એ જે ગતિએ દાદરા ઊતરતી હતી એ જ ગતિએ ઊતરતી રહી.

એ નીચે પહોંચી ત્યારે એણે જોયું કે રાહુલ પોતાની ગાડી પાસે ઊભો રહીને કોઈની સાથે વાત કરી રહ્યો હતો. એમની સાથે વાત પૂરી થઈ અને રાહુલ ગાડીમાં બેસવા ગયો એ પહેલાં રાધિકા અને રાહુલની નજર મળી, કોઈ કારણ વગર તમાચો ખાધેલા બાળકની જેમ આહત અને ડઘાયેલી રાહુલની નજર રાધિકાને અસહ્ય લાગી.

એ સામેથી રાહુલ પાસે ગઈ, “હાય...”

“હાય...” રાધિકાને અપેક્ષા નહોતી કે રાહુલ જવાબ આપશે. “રાહુલ... હું ખરેખર...” શું કહેવું રાધિકાને સમજાતું નહોતું. એની અંદરની એક રાધિકા એને સતત ધક્કો મારતી હતી... રાહુલને ભેટી પડવા ધકેલતી હતી... એનું હૃદય ગળામાં આવીને અટકી ગયું હતું. રાહુલની આંખોમાં દેખાતી તરસ અને આમંત્રણ એ વાંચી શકતી હતી, અને એ સંદેશ વાંચ્યા પછી પોતાની જાતને રોકવી એના માટે અઘરી હતી.

“કંઈ કહેવાની જરૂર નથી” રાહુલ હજી પણ એટલો જ વીંધાયેલો અને ઘાયલ હતો, “મને કોઈ ખુલાસાની જરૂર નથી.”

“ખુલાસો નથી કરતી, તને સમજાવાનો પ્રયત્ન...”

“હું નહીં સમજું.” રાહુલે પગ પછાડીને ચોકલેટ માગતા બાળકની જેમ કહ્યું, “મેં નોકરી છોડી દીધી છે. પરમ દિવસ યુ.એસ. જાઉં છું મમ્મી પાસે.” એનો સખત ચહેરો એક ક્ષણ માટે નરમ થયો, “હજી તારી પાસે સમય છે. તું જો એરપોર્ટ આવીશ તો હું માનીશ કે હજી આપણા સંબંધની એક બારી ખુલ્લી છે.” એણે આગળ વધીને રાધિકાના બંને ગાલ પર હાથ મૂકવા માટે હાથ ઊંચા કર્યા પછી અટકી ગયો, “હું જિંદગીભર તારી પણ રાહ જોઈશ, તું કહીશ તો આ જ શહેરમાં રહીને.” એણે કહ્યું અને ચહેરો ફેરવી લીધો, “પણ જો આ સંબંધ કોઈ દિશામાં ન જવાનો હોય તો હું એક સેકન્ડ પણ આ શહેરમાં રહેવા નથી માગતો. તારા વિનાના શહેરમાં મારે તને શોધવી નથી રાધિકા..”

“પણ, રાહુલ...”

“મને નોકરીની તકલીફ નહીં પડે.” “સમજું છું.”

“બસ, તો...” રાહુલ હજી પણ ડૂમો રોકીને ઊભેલા એક અસહાય વહાલસોયા બાળક જેવો લાગતો હતો. રાધિકાને મન થયું કે એ એને ખેંચીને છાતીસરસો ભીંસી દે, એને ઢગલો વહાલ કરી નાખે... પણ એ કશું જ બોલ્યા વિના અદબ વાળીને રાહુલને સાંભળતી રહી, “મારી દયા ખાવાની જરૂર નથી... મેં નોકરી તારે માટે નથી છોડી. આ શહેરમાં રહીને તારાથી દૂર રહેવું અસંભવ છે મારે માટે. આ ઑફિસમાં તને રોજ જોતો રહીને હું જીવી નહીં શકું રાધિકા..”

“રાહુલ, આઇ એમ સોરી..”

“ડોન્ટ બી... તને શું કામ અફસોસ થવો જોઈએ. તારે દિલગીર થવાનું કોઈ કારણ નથી. આ નિર્ણય તેં સમજી-વિચારીને જ કર્યો છે... તારા નિર્ણયને હું માન આપું છું.”

"રાહુલ..." રાધિકા એની નજીક આવી ગઈ. એનાથી હાથ પકડ્યા વિના ન રહેવાયું, એણે હાથ પકડ્યો, રાહુલે ઝટકો મારીને છોડાવી લીધો, "મને માફ કરી દેજે." રાધિકાનો અવાજ ઢીલો થઈ ગયો.

"નહીં કરું" રાહુલે ફરી એક વાર જીદે ભરાયેલા બાળકની જેમ કહ્યું, "નહીં કરું.. ક્યારેય નહીં કરું." એ ગાડીમાં બેસી ગયો. એણે ગાડી ચાલુ કરી અને એક્સલરેટર પર પગ દબાવીને ગાડી વારંવાર બિનજરૂરી રેઈઝ કરતો રહ્યો. કદાચ પોતાનો ઉદ્વેગ અથવા ગુસ્સો જાહેર કરવાની આ એની એક રીત હતી.

રાધિકા થોડીક વાર ત્યાં જ ઊભી રહી પછી ધીમે ધીમે મુખ્ય દરવાજા તરફ ચાલવા લાગી.

રાધિકાની અંદર ફરી એક વાર કશું તૂટ્યું હતું, પરંતુ એ તૂટવાનો અવાજ એના પોતાના સિવાય કોઈ સાંભળી શકે એમ નહોતું...

રાધિકા ઘરે પહોંચી ત્યારે ઘરમાં એના મૂડથી સાવ વિપરીત વાતાવરણ હતું. ઉત્તમ જમવાનું બન્યું હતું, બધાં આનંદના મિજાજમાં હતાં. રાધિકા ઘરમાં દાખલ થઈ કે લજ્જા દોડતી સામે આવી, "સત્યજીતનાં મમ્મી-પપ્પા આવ્યાં હતાં."

"હં!" રાધિકાએ સાંભળ્યું – ન સાંભળ્યું ને ઉપર જવા લાગી.

લજ્જાએ એનો હાથ પકડી લીધો, "એ લોકો રવિવારે લગ્ન રજિસ્ટર કરવા માગે છે."

"રવિવારે ? પરમ દિવસે ? પણ..."

"બધું થઈ જશે" રમણકાકા આગળ આવ્યા, "તું શું કામ ચિંતા કરે છે ?

હું છું, સુમિત્રા છે, મલય છે..."

"પણ, પરમ દિવસે ?" રાધિકાનો અવાજ ધીમો થઈ ગયો,"એને કહેવું હતું કે મારે પરમ દિવસે એરપોર્ટ જવું છે... રાહુલને રોકી લેવો છે..." એ કશું જ બોલી નહીં. ચૂપ રહીને રમણકાકા સામે જોતી રહી અને પછી વધુ ધીમેથી કહ્યું, "ભલે, તમે બધાં જેમ યોગ્ય સમજો તેમ." પોતાના જ શરીરનો ભાર ઊંચકતી હોય એમ એ ધીરે ધીરે સીડી ચડીને પોતાના ઓરડામાં ચાલી ગઈ.

રવિવાર સુધી રાધિકાના મનમાં અને અર્જુનકુમાર દીવાનના ઘરમાં અજબ પ્રકારનું ઘમસાણ ચાલતું રહ્યું. સુમિત્રા અને રમણકાકા લજ્જાના લગ્નની તૈયારીમાં પરોવાઈ ગયાં.

મલય બહારનાં કામો પતાવતો રહ્યો. અર્જુનકુમાર દીવાન એટલા તો ખુશ હતા કે એમને આખી સ્થિતિમાં રાધિકાનો ઊતરેલો ચહેરો જોવાનો કે એનો બદલાયેલો મિજાજ ઓળખવાનો સમય જ ન મળ્યો. લજ્જા ખુશીમાં પાગલ થઈ ગઈ હતી. એણે સમજણી થઈ ત્યારથી સત્યજીતનાં સપનાં જોયાં હતાં અને હવે એ જ સત્યજીત એનો થવાનો હતો.

રાધિકા ચૂપચાપ પોતાના કલાકો પોતાની રીતે પસાર કરતી રહી. એને જ્યારે જે કંઈ પૂછવામાં આવતું એનો જવાબ આપી દેતી. પોતાની પાસે હતા એટલા પૈસાની થોકડી ગણ્યા વગર એણે સુમિત્રાના હાથમાં મૂકી દીધી.

"અત્યારે મારી પાસે આટલા છે. જરૂર પડે તો કહેજો. બીજા બૅન્કમાંથી લઈ આવીશ."

"તું આ ઘરની દીકરી નથી, દીકરો છે." સુમિત્રાએ એના ખભે હાથ મૂકી દીધો હતો.

રાધિકાને એ હાથ કાઢી નાખવાની ઇચ્છા થઈ ગઈ. એને ચીસો પાડીને કહેવું હતું, "હું દીકરો નથી, હું દીકરી જ છું. હું સ્ત્રી છું ને મારે સ્ત્રીની જેમ જ જીવવું છે. મને પણ કોઈ પ્રેમ કરે, હું પણ કોઈના પર આધારિત રહી શકું એટલું જ મારે જોઈએ છે. હું વૃક્ષ નથી, વેલ છું અને મારે જીવવા માટે કશાકનો આધાર લેવો જ પડે... તમે બધાએ દીકરો દીકરો કરીને મારી પાસેથી જિંદગીનાં સામાન્ય સુખો ઝૂંટવી લીધાં છે. હું જે છું તે અને જે જીવું છું તે બંને સાવ જુદાં છે. મને મુક્ત કરી દો. મારે અહીંથી જતા રહેવું છે." પરંતુ, એ એક અક્ષરેય બોલી શકી નહોતી. એણે માત્ર ભીની આંખોએ સુમિત્રા સામે જોઈને ફિક્કું સ્મિત કર્યું હતું.

એની અંદર એક અજબ જેવું યુદ્ધ ચાલી રહ્યું હતું.

એને રાહુલે જે કંઈ કહ્યું એ પછી રહી રહીને એક જ વાત ઘુમરાયા કરતી હતી, "પોતાના અંગત સુખ ખાતર, પોતાની અંગત માન્યતાઓ ખાતર મને રાહુલની લાગણીઓ સાથે આ રીતે વર્તવાનો અધિકાર છે ખરો?"

રહી રહીને એની આંખ સામે રાહુલનો એ ચહેરો આવી જતો.

આ ઘરમાં કોઈનેય એની તરફ જોવાની ફુરસદ નહોતી. બધાં પોતાના આનંદમાં ગુલતાન હતાં.

રાધિકાને રહી રહીને ખીજ ચડી આવતી. સામાન્ય રીતે બીજાને ખુશ જોઈને ખુશ રહેનારી આ છોકરી કોણ જાણે કઈ મનોદશામાં અટવાઈ ગઈ હતી. એક તરફ રાહુલ અને એક તરફ લજ્જા...

બંનેને ચાહતી હતી રાધિકા.

અને ત્રિકોણનો ત્રીજો ખૂણો હતી પોતે... બેમાંથી કઈ તરફ એની જિંદગી ઢળશે એની એને પોતાનેય ખબર નહોતી.

બે દિવસ તો ચપટી વગાડતાં વીતી ગયા અને રવિવારની સવારે ઘરમાં તોરણ બંધાવા લાગ્યાં. રમણકાકાએ આખો ચોક ધોઈને સાફ કર્યો હતો. સુમિત્રાએ આખું રસોડું બહારની તરફ શિફ્ટ કરી નાખ્યું હતું. બહુ થોડાં, પણ મહેમાનોને આમંત્રણ આપવામાં આવ્યાં હતાં. ધીરે ધીરે બધા આવવા લાગ્યા.

સુમિત્રાનાં ભાઈ-ભાભી, એનાં સગાં...

અર્જુનકુમાર દીવાનના એક-બે મિત્રો, રાધિકાની સહેલીઓ, મલયના મિત્રો... ઘરનો ચોક ભરાઈ ગયો. ગોઠવેલી ખુરશીઓમાં બેસીને સૌ ગપસપ કરી રહ્યાં હતાં. રાધિકા પોતાના ઓરડામાં તૈયાર થઈ રહી હતી.

રહી રહીને એનું મન રાહુલને ફોન કરવા વિચલિત થઈ જતું હતું. પરંતુ એણે મનોમન નક્કી કરી નાખ્યું હતું, "હવે રાહુલ જે કંઈ કરે તે, આ સંબંધનો અંત ક્રૂરતાથી જ આવશે. હું રાહુલને ફોન કરીશ તો ફરી એક વાર એના મનમાં આશા જન્મશે. એ ફરી એક વાર મારા સુધી પહોંચવાનો પ્રયાસ કરશે... એને બદલે હવે એ દેશ છોડી જાય એમાં જ સૌની ભલાઈ છે."

એ તૈયાર થઈને નીચે ઊતરી અને ચોકમાં બેઠેલાં સૌ એના તરફ જોઈ રહ્યાં. જરીના થપ્પાવાળી લાલ બાંધણી, લીલી બાંધણીનો બ્લાઉઝ માત્ર બે દોરી પર ટક્યો હતો, જેમાં આખી પીઠ ખુલ્લી હતી અને રાધિકાની આરસપહાણ જેવી પીઠ જોનારની આંખોને ક્યાંય સુધી બાંધી રાખતી હતી. આંખોમાં આંજણની લકીર, મોટો લાલ ચાંલ્લો... ચાંલ્લાની નીચે તગતગતી બે ચમકદાર આંખો, હાથમાં લાલ-લીલી કાચની બંગળીઓ, જડાઉ ઝૂમખાં અને નેકલેસ...

"વાઉ! દી... તમે કેટલાં સુંદર લાગો છો... લગ્ન મારાં નહીં, તમારાં હોય એવું લાગે છે." લજ્જા અહોભાવથી રાધિકા સામે જોઈ રહી.

"સુંદર લાગવાથી લગ્ન નથી થઈ જતાં." રાધિકાએ મનોમન કહ્યું, "એને માટે નસીબ જોઈએ, તારા જેવું."

રાધિકાએ જાતે જ રાહુલથી છૂટા પડવાનો નિર્ણય કર્યો હતો, પણ છતાં એને રહી રહીને પોતાના જ નિર્ણય પર સવાલો ઊઠતા હતા. આ ઘર છોડતાં, વીરેનથી છૂટા પડતાં એને ક્યારેય આટલા બધા સવાલો નહોતા થયા. આજે એનું મન રહી રહીને રાહુલ પાસે પહોંચી જવા હઠાગ્રહ કરતું હતું, પણ રાધિકા વારે વારે એ વિચાર પર પડદો પાડી દેતી હતી.

સૌ મહેમાનોને મળતી, સૌ સાથે વાતો કરતી હરતી-ફરતી રાધિકા આમ તો તદ્દન નોર્મલ લાગતી હતી, પણ સુમિત્રાને દેખાતું હતું કે એની અંદર ગજબની ઊથલપાથલ ચાલે છે.

"તને એવું તો નથી લાગતુંને કે મારી દીકરી તારા નસીબનું સુખ લઈ જાય છે?" સુમિત્રા ખભે હાથ મૂકીને પૂછી જ નાખ્યું, "મા છું તારી, તું ભલે ના માને પણ મેં તને દીકરી જ માની છે અને મારા માટે બંને દીકરીઓ સરખી છે." "એવું કંઈ નથી." રાધિકા ફિક્કું હસી અને ત્યાંથી ખસી ગઈ. પરંતુ એનો ચહેરો એના મનમાં ચાલતી બધી જ આંટીઘૂંટી છુપાવવામાં નિષ્ફળ જતો હતો.

આખરે સત્યજીત એના માતા-પિતા સાથે આવી પહોંચ્યો.

લજ્જાનાં લગ્ન શરૂ થઈ ગયાં. ચોરી સામે બેઠેલો સત્યજીત જેટલી વાર રાધિકા સામે જોતો એટલી વાર રાધિકાની નજર ઝૂકી જતી. કોઈ અજ્ઞાત અપરાધના ભાવથી એનું મન ગૂંગળાયા કરતું હતું. ખુશખુશાલ સુમિત્રા, મલય, અર્જુનકુમાર દીવાન, રમણકાકા અને સત્યજીતનાં માતા-પિતાના ચહેરા રાધિકાની નજર સામેથી પસાર થતા અને એને લાગતું કે જે કંઈ થઈ રહ્યું છે તે બરાબર થઈ રહ્યું છે. પોતે જે સત્યજીતને ક્યારેય નહોતી આપી શકવાની એ બધું જ લજ્જા પૂરેપૂરું અને ભરપૂર આપશે.

પોતે તો એક મોહ હતી, એક છલ... રાધિકાને કોણ જાણે આવા વિચારો શા માટે આવતા હતા, પોતે કોઈને

સુખ ના આપી શકી. કોઈ સાથે બંધાઈને જીવી શકી નહીં. આજે સાવ એકલી-અટૂલી, વિખરાયેલી ઊભી હતી. આટલા બધા લોકોની વચ્ચે એક હાથ એવો નહોતો કે જેને એ પકડી શકે. આંખોની એક જોડી નહોતી, જેમાં એ પોતાનું સુખ શોધી શકે.

રાધિકાએ માથું હલાવીને વિચારો ખંખેરી નાખ્યા અને ફરી એક વાર લગ્નની વિધિમાં રસ લેવા માંડ્યો.

લગ્ન પૂરાં થયાં. લજ્જા અને સત્યજીત રાધિકાની સામે આવીને ઊભાં રહ્યા. લજ્જા વાંકી વળીને રાધિકાને પગે લાગી, "દીદી, આ બધું તમારા લીધે શક્ય થયું." રાધિકાએ લજ્જાને ઊભી કરીને છાતીસરસી ચાંપી દીધી. પાછળ ઊભેલા સત્યજીત સાથે એની નજર મળી અને ફરી એક વાર ઝૂકી ગઈ...

લજ્જાની વિદાય થઈ ગઈ...

અર્જુનકુમાર, મલય, સુમિત્રા અને રમણકાકા ધ્રૂસકે ધ્રૂસકે રડ્યાં. રાધિકાને ઘણા પ્રયત્ન છતાં પણ રડવું ના આવ્યું. એની છાતી પર કોઈએ કસકસાવીને દોરડું વીંટાળી દીધું હોય એમ એને શ્વાસ લેવામાં તકલીફ થતી રહી, પરંતુ આંસુ બહાર ના જ આવ્યાં.

મહેમાનો પણ ચાલી ગયા. આંગણું ખાલી થઈ ગયું. વિખરાયેલી ખુરશીઓ, અહીં-તહીં પડેલા ગ્લાસીસ, ખાલી ચોરી અને એમાંથી ઊડતી ધૂમ્રસેર...

રાધિકા થાંભલાને ટેકો દઈને, અદબ વાળીને ઊભી હતી. સૂનો થઈ ગયેલો આંગણાનો માહોલ એની આંખોમાં ઊંડો ને ઊંડો ઊતરતો જતો હતો. સાંજ ઢળી ગઈ હતી. આછું અંધારું ચોકમાં ઊતરી આવ્યું હતું.

રાધિકાને અચાનક ખ્યાલ આવ્યો, "રાહુલ!" એણે રસોડાના દરવાજા ઉપર લટકાવેલી મોટી બ્રિટિશ ઘડિયાળ તરફ જોયું, "બાર વાગ્યાની ફ્લાઇટ હતી... નવ વાગ્યે ચેક-ઇન કરશે..." સાથે જ એને વિચાર આવ્યો, "મારે જવું જોઈએ..."

એ ઉપર ગઈ.

કપડાં બદલવા માટે સાડી કાઢી. ઝટપટ બંગડી ઉતારવા લાગી... અને અચાનક એના હાથ અટકી ગયા.

નીચે અર્જુનકુમાર દીવાન કોઈને કહી રહ્યા હતા, "હવે મલય પણ પરદેશ જતો રહેશે, પણ મને કોઈ ચિંતા નથી. મારી રાધિકા છે ને... દીકરો ગણો કે દીકરી ગણો, હવે એ તો છે જ."

રાધિકાએ અરીસામાં જોયું, એને પોતાના ચહેરા પર મૂછો ઊગી આવેલી દેખાઈ. લાંબા વાળ ટૂંકા થઈ ગયેલા દેખાયા...

એની આંખોમાં આંસુ છલકાઈ પડ્યાં, પોતે ઘર છોડીને ગઈ ત્યારથી શરૂ કરીને લજ્જાની વિદાય સુધી આંસુઓનો જે મોટો ઘડો એની અંદર ધીમે ધીમે ભરાતો જતો હતો એ અચાનક જ ફૂટી ગયો અને રાધિકા જમીન પર બેસીને ધ્રૂસકે ધ્રૂસકે રડી પડી.

નીચેથી હજુ અર્જુનકુમાર દીવાનનો અવાજ આવતો હતો. એ હજુ પણ રાધિકા વિશે કોઈને કંઈ કહી રહ્યા હતા. હવે એમાં સુમિત્રા અને રમણકાકાના અવાજ પણ ભળ્યા હતા.

રાધિકાએ બદલવા માટે કાઢેલી સાડી પાછી કબાટમાં મૂકી દીધી. બંગડીઓ ઉતારી નાખી. સાબુથી મોઢું ધોયું, વાળ બાંધી દીધા અને આરામથી પગ લંબાવીને પલંગ પર બેસી ગઈ.

એની આંખોમાંથી સતત આંસુ વહી રહ્યાં હતાં. એણે રોકવાનો પ્રયત્ન પણ ના કર્યો...

બારના ડંકા સાથે રાધિકાને પસાર થતાં વિમાનની ઘરઘરાટી સંભળાઈ અને એણે મનોમન કહ્યું, "બાય રાહુલ! તું જે જે શોધે છે એ બધું જ તને મળી રહે એવી મારી શુભેચ્છા છે... બની શકે તો મને માફ કરજે અને ના કરી શકે તો જીવનભર ધિક્કારજે... હું આ ધરતી સાથે, આ ઘર સાથે જોડાઈ ગઈ છું, આ દીવાલોમાં ચણાઈ ગઈ છું. આ બારણાંની બારસાખોમાં જડાઈ ગઈ છું. આ લાઇબ્રેરીનાં દરેક પુસ્તકનાં પાનાંઓની વચ્ચે સુકાઈને ગોઠવાઈ ગઈ છું.

ભીંત ઉપર લટકતી તસવીરોમાં અને ચોકના થાંભલામાં, ઉપર જતી સીડીઓમાં અને અહીં લટકતાં કુંડાઓમાં મારો આત્મા ચૂરચૂર થઈને વિખરાઈ ગયો છે.

અર્જુનકુમાર દીવાનની વ્હીલચેર અને સુમિત્રાના કૂકરની વાગતી સીટી હવે મારા જીવનની સચ્ચાઈ છે.

હું કશાયની પાછળ નહીં દોડું... હવે હું અહીં જ રહીશ... તારા વિનાના શહેરમાં!"

* * *

કાજલ ઓઝા વૈદ્યનાં પુસ્તકો

નવલકથા

કૃષ્ણાયન

કૃષ્ણના જીવનની ત્રણ સ્ત્રીઓ. રાધા, રુક્મિણી અને દ્રૌપદી — પ્રેયસી, પત્ની અને મિત્ર... માણસ થઈને જીવી ગયેલા ઈશ્વર સાથે પોતાના મનની વાત કરે છે. અંગ્રેજી, મરાઠી, હિન્દી ભાષામાં અનુવાદિત અને ગુજરાતીમાં પાંચ વર્ષમાં અગિયાર આવૃત્તિ જીવી ચૂકેલી ધબકતી નવલકથા.

દ્રૌપદી

સ્ત્રીઓને પુરાણોનાં પાનાંઓમાંથી જગાડીને સદીઓથી એમની આંખો પર છવાઈ ગયેલાં ઊંઘનાં આવરણ હટાવીને મારે કશુંક એવું કહેવું છે, જેમાં એ સ્ત્રીઓ તો છે જ — સાથે સાથે થોડીક હું છું, થોડાક તમે છો અને થોડીક આપણી સહભાગે વહેંચાતી સમસંવેદનાઓ છે.

આ દ્રૌપદી 'આજની' છે — હજી જીવે છે ક્યાંક, તમારા અને મારામાં પણ... !

મધ્યબિંદુ

જે સ્ત્રીને પતિ અને પ્રેમીની વચ્ચે બે જિંદગી જીવતાં આવડે છે એવી સ્ત્રીના પ્રણયની સંવેદનશીલ અને છતાં હૃદયમાંથી નીકળતી સાચી વાત. 'દિવ્ય ભાસ્કર'ના વાચકોને સ્પર્શી ગયેલી પહેલી બોલ્ડ ગુજરાતી નવલકથા.

મૌનરાગ

અંજલિ પોતે જ પોતાની કેદી છે! અંજલિ અને એની આ પીડા... સાથે સાથે વહેતા અનિરુદ્ધ અને અક્ષયની બંધ હોઠોમાં કહેવાતી લગ્નજીવનથી લંબાઈને ભૂતકાળના પ્રેમસંબંધ સુધી ફેલાતી વ્યથા-કથા.

છલ (ભાગ 1-2)

નિયતિ અને રેવતી... એક જેવી દેખાતી બે ટ્વીન બહેનોની તદ્દન જુદી જિંદગીની રસપ્રદ વાર્તા.

પારિજાતનું પરોઢ

ધર્મની ગાદી પર બેઠેલા એક એવા માણસની કથા જે ધર્મની વ્યાખ્યા ધરમૂળથી બદલવા માગે છે. 'ધર્મ પ્રેમ છે કે પ્રેમ જ ધર્મ?' એ સવાલ સૌને પૂછતી એક વિધર્મી પ્રેમીઓની સ્વધર્મ કથા.

એક સાંજના સરનામે

આથમતી સંધ્યાએ પાંગરતા પ્રણયની એક એવી વાત, જેમાં પ્રેમની વ્યાખ્યા નવેસરથી લખવાનો પ્રયાસ છે. અનેક જુદાં સ્થળ અને સંવેદનોમાં જીવતી સ્ત્રીઓના મનોભાવોના તાણાવાણા ગૂંથીને બનાવેલું એક ભાતીગળ પોત એટલે નવા સમયની નવલકથા.

તારા વિનાના શહેરમાં

જાતથી ભાગતી રાધિકાના પ્રવાસની એવી વાત જેમાં પડાવ તો અનેક આવે છે, પરંતુ મંઝિલ ક્યાંય મળતી નથી. પ્રેમ પામવાનો પ્રયત્ન ખરેખર આટલી બધી પીડા આપતો હશે? 'મુંબઈ સમાચાર'ના વાચકોએ વખાણેલી નવલકથા.

પોતપોતાની પાનખર (ભાગ 1-2)

અનાહિતા અને શિવાંગી વચ્ચે જીવતા કરણને પોતાનું અસ્તિત્વ શોધવું છે. અસ્તિત્વની આ શોધમાં નીકળી પડેલા ત્રણેય જણાના રસ્તામાં સવાલોની સાથે સાથે સંબંધો અને સત્યો એવી રીતે સેળભેળ થઈ જાય છે કે ત્રણેય એકબીજામાં ગૂંથાઈને એકસાથે જીવવા મજબૂર થઈ જાય છે. સમય સાથે વહેતી સંબંધોની સંવેદનશીલ નવલકથા.

લીલું સગપણ લોહીનું

શૈલરાજ અને સિકંદર... લોહી એક ને સગપણ કાંઈ નહીં! વેરમાંથી વહાલ સુધીના વિસ્તૃત પ્રવાસની વેદના એક પછી એક એવા વળાંક લે છે જેમાં માણસના માણસ સાથેના સંબંધની એક સુંદર વાર્તા સર્જાય છે.

'સંદેશ'ના પાના ઉપર વાચકોની સાથે વહેતી રહેલી નવલકથા.

સત્ય-અસત્ય (પ્રકાશ્ય)

બિનજરૂરી રીતે ફક્ત શોખ માટે કે વાતને ટાળી જવા માટે જૂઠું બોલતો સત્યજીત... પ્રિયંકા અને આદિત્યની આ પ્રણયકથા સાવ જુદી રીતે આકાર પામે છે. કૃષ્ણએ મહાભારતમાં કહ્યું હતું, 'મિથ્યા અને અસત્ય વચ્ચે તફાવત છે.' સત્યજીતના સત્ય અને અસત્યને એકબીજા સાથે તાણાવાણામાં ગૂંથીને સર્જાતી એક આગવી સંવેદનશીલ નવલકથા.

સન્નાટાનું સરનામું

અહીં બધાં જ પાત્રો પોતે જ પોતાની દયા ખાય છે... પોતાના દુર્ભાગ્ય પર અફસોસ કરે છે, પોતાના અભાવ સાથે એકાકાર થઈને જીવે છે.

ખાલીપો એમનું ભાગ્ય છે, વિફળતા એમની નિયતિ! અહમ્ અને સ્વમાન વચ્ચેની ભેદરેખા ઓળંગીને બહાર નીકળી જતી સ્ત્રીનાં સંવેદનોની એક એકલવાયી કથા.

ચહેરા પાછળ ચહેરો

એક સુપરસ્ટારની જિંદગી પર પીએચ.ડી. કરવા નીકળેલો યુવાન સપડાય છે એક થ્રિલરમાં. અંડરવર્લ્ડ ડૉન અને ફિલ્મ સ્ટાર દીકરીની વચ્ચેના વમળમાં અટવાતા એક ગુજરાતી યુવાનની જિંદગીમાં આવતા ઉતાર-ચડાવની કથા.

શુક્ર-મંગળ

પાને-પાને જકડી રાખતી, સંબંધોનાં સમીકરણોને ઉથલાવી-પલટાવી અને વેરવિખેર કરી નાખતી અંડર વર્લ્ડ સાથે જોડાયેલા વેર અને પ્રણયની એક જબરજસ્ત થ્રીલર.

પૂર્ણ-અપૂર્ણ (ભાગ 1-2)

જેમ માણસથી ભૂલ થાય એમ ક્યારેક સર્જનહાર પણ ગૂંચવાઈ જતો હશે. પુરુષની પૂરેપૂરી માનસિકતા ધરાવતું સ્ત્રીનું શરીર કે સ્ત્રીની સંપૂર્ણ માનસિકતા અને નજાકત ધરાવતું પુરુષનું શરીર બહુ નવાઈની વાત નાથી. આપણા સમાજનો, આપણી દુનિયાનો અને આપણે જ્યાં શ્વાસ લઈએ છીએ એ જ જગતનો હિસ્સો છે, આવા લોકો. 'ગુજરાતીમાં કશું નવું લખાતું નથી, રીસર્ચ થતું નથી.'નાં મહેણાંને ટાળીને લખાયેલી એક ટ્રાન્સસેક્સ્ક્સ્યુઅલ વિષયની નવલકથા.

દરિયો એક તરસનો

માનસશાસ્ત્રના પ્રશ્નો પર નવલકથાઓ ગુજરાતી ભાષામાં ઓછી લખાઈ છે. 'પર્સનાલીટી ડિસઓર્ડર' ઓછાવત્તા અંશે બધામાં હોય છે. 'દરિયો એક તરસનો' વિક્ષિપ્ત-વિખંડિત-વિખરાયેલાં વ્યક્તિત્વોની એક એવી જીગ્સો છે જેના કેટલાક ટુકડાઓ ખોવાઈ ગયા છે. આપણી ઇચ્છા અને સંબંધના સત્ય વચ્ચેની ખાલી જગ્યા એટલે 'દરિયો એક તરસનો'.

ધુમ્મસને પેલે પાર

અમેરિકાની ભૂગોળ ખૂંદવાની સાથે સાથે માણસના મનની ગલીઓમાં ભટકતાં ભટકતાં સર્જાયેલી આ નવલકથા મારા હૃદયની ખૂબ નજીક છે. છેલ્લા દસ-બાર મહિનામાં તમામ જાહેર કાર્યક્રમોમાં મને એક પ્રશ્ન અચૂક પુછાતો રહ્યો, 'આ કલ્યાણી એટલે તમે જ?' 'આ કલ્યાણીના પાત્રમાં તમે ક્યાંક તમારી જાતને જુઓ છો?' અનેક વાચકો પત્રો-ઈમેલ્સ અને એસએમએસ અને ફેસબુક દ્વારા મારામાં—કાજલ ઓઝા વૈદ્યમાં કલ્યાણીને—તો કલ્યાણીમાં લેખક કાજલને શોધતા રહ્યા...

નવલિકા

સંબંધ તો આકાશ

સ્ત્રી-પુરુષના સંબંધોને આવરી લેતી બાર ટૂંકી વાર્તાઓ, જેમાં મા-દીકરાથી શરૂ કરીને લગ્નેતર સંબંધ સુધીના આકાશને કલમથી આંબવાનો એક સંનિષ્ઠ પ્રયાસ પ્રત્યેક વાર્તામાં વિસ્તરે છે.

કાજલ ઓઝા વૈદ્યની વાર્તાઓ

આ ટૂંકી વાર્તાઓનો બીજો સંગ્રહ છે. ત્રણ લઘુનવલ અને બીજી ટૂંકી વાર્તાઓ સાથે આ સંગ્રહમાં જુદા

પ્રકારની, જુદા અવાજની ટૂંકી વાર્તાઓ સંકલિત કરવામાં આવી છે.

હાર્ટબ્રેક પછીની એક સવાર

જુદાં જુદાં સામયિકોમાં લખાયેલી ટૂંકી વાર્તાઓનો સંગ્રહ.

કવિતા

શેષયાત્રા

એકમાત્ર કવિતાસંગ્રહ, જે મનની પીડામાંથી ઉદ્‌ભવતી સ્ત્રી-સંવેદનાની કવિતાઓને ઉજાગર કરે છે.

નાટક

પરફેક્ટ હસબન્ડ

'વાત એક રાતની' અને 'પરફેક્ટ હસબન્ડ' — ગુજરાતી ભાષાનાં બે એવાં નાટકો, જે રંગમંચ પર ધૂમ મચાવી ચૂક્યાં છે.

નિબંધો — લેખો

સર્ચલાઇટ

આ લેખો અણસમજમાંથી પ્રગટેલી એક એવી સમજ છે, જે કદાચ કોઈના અંધરાઈ રહેલા રસ્તાઓ ઉપર પ્રકાશ પાથરીને એમને દિશા બતાવી શકે. આ લેખો 'ફૂડ ફોર થોટ' છે, વિચાર માટેનું અમૂલ્ય ભાથું...

એકબીજાને ગમતાં રહીએ

'સંદેશ'નાં પાનાં ઉપર 'સંબંધોનાં સમીકરણ' નામે ઉકેલાતી રહેલી સમસ્યાઓનો એક એવો સંગ્રહ, જે સુખી થવાની નાની નાની ફોર્મ્યુલાઝ તમારા સુધી લઈને આવે છે. ગુજરાતી ભાષામાં પ્રેમ અને પરિણયની છણાવટ કરતો પહેલો મૌલિક લેખસંગ્રહ.

મોસમ એકબીજાની...

જિંદગીના દરેક તબક્કે આપણે જે ઇચ્છીએ તે આપણને નથી મળતું એ સત્ય સહુ સમજે છે. વાતચીતમાં કે સલાહ દરમિયાન આ સત્યનું આપણે પુનઃઉચ્ચારણ પણ કર્યા કરીએ છીએ, તેમ છતાં આ સત્ય સ્વીકારતા નથી! માણસમાત્રને શોધ છે 'સાચા પ્રેમની'... 'સાચા સંબંધની'... શબ્દમાં વ્યક્ત થતી દરેક લાગણી સાચી નથી હોતી અને દરેક સાચી લાગણી શબ્દમાં વ્યક્ત થઈ શકતી નથી આટલું સમજી લઈએ... સ્વીકારી લઈએ તો કદાચ 'એકબીજાને ગમતાં રહીએ'. આ પુસ્તક 'દિવ્ય ભાસ્કર'ની 'મધુરિમા' પૂર્તિમાં પ્રકાશિત થતી કોલમ 'એકબીજાને ગમતાં રહીએ'ના લેખોનો સંગ્રહ છે.

સ્નેહ એકબીજાનો...

આ લેખો સાથે જીવવામાં મદદ કરે છે! કોઈ પણ બે માણસોને સાથે જીવવા માટે જે સમજદારી, સ્નેહ કે સરળતાની જરૂર પડે એ બાબતોને પોતાની અંદર રોપવામાં કે ઉગાડવામાં આ લેખો મદદ કરી શકે એવો પ્રયાસ કરવામાં આવ્યો છે. સંબંધો બાંધવા સહેલા છે, નિભાવવા અઘરા છે અને ટકાવવા તો એથીયે અઘરા છે. આ લેખો એવો પ્રયાસ કરે છે કે બને ત્યાં સુધી એકબીજાને પ્રેમ કરતી બે વ્યક્તિઓ એકબીજાથી દૂર ન થાય અને જો દૂર થવાનો નિર્ણય કરે તો પણ એમની વચ્ચે એક મિત્રતા કાયમ રહી શકે.

સમજણ એકબીજાની...

જિંદગીના દાખલામાં રીતના માર્ક બધાને મળે જ છે, પણ તાળો મળે ત્યારે જ દાખલો સાચો કહેવાય છે... કેટલાકની જિંદગીમાં તાળો મેળવવાનો સમય વીતી જતો હોય છે, તો કેટલાકને પોતાની ભૂલ એવા સમયે સમજાય છે જ્યાં દાખલો ફરીથી ગણવાની તક હજી બાકી હોય છે... 'એકબીજાને ગમતાં રહીએ' એ એક એવી કોલમ છે જ્યાં દાખલાની રીત વિશે ચર્ચા કરવાને બદલે સાચો તાળો મેળવવાનો નિષ્ઠાપૂર્વક પ્રયાસ કરવાનું મેં નક્કી કર્યું છે!

સાથ એકબીજાનો...

ક્યાં ખાડો છે, ક્યાં ટ્રેપ છે, ક્યાં ફસાઈ શકાય અને ક્યાંથી સરળતાથી નીકળી શકાય... ક્યાં રસ્તો બંધ છે અને કયા રસ્તે જિંદગી સહેલાઈથી સામે મળી શકશે એવી સાદી વાતો 'વામા' (જન્મભૂમિ, ફૂલછાબ, કચ્છમિત્ર)ના આ લેખોમાં ઉતારવાનો પ્રયાસ કર્યો છે. આ કોઈ એક સ્ત્રી કે પુરુષને ઉદ્દેશીને લખાયેલા લેખો નથી, આ બે વ્યક્તિઓના સંબંધોમાં પડતી ગૂંચને ઉકેલવાના સહજ અને સાદા પ્રયાસોની એક નોંધપોથી છે.

સુખ એકબીજાનું...

'વામા', 'પ્રાણવાયુ' અને 'મધુરિમા'ની સાથે સાથે લખાતા રહેલા લેખોમાંથી પસંદ કરેલા કેટલાક લેખોનો સંગ્રહ. ખરું પૂછો તો સુખ એક દોઢ ફૂટ દૂર જ સમાંતર ચાલતું હોય છે, તમારી રાહ જોતું, તમે એને હાથ લંબાવીને અડી લો — અવાર-નવાર એ માટે સતત તૈયાર ટુકડે ટુકડે ને ટીપે ટીપે માણી લેવાનું સુખને, આખેઆખું સુખ પાણીપુરીની જેમ કોઈ તૈયાર કરીને આપે ને તમે મોઢામાં મૂકીને એનો સ્વાદ લો એવું શક્ય જ નથી. આપણા બધાનો પ્રોબ્લેમ એ છે કે, આપણને સુખ સતત જોઈએ છે, એક સરખું — અવિરત અટક્યા વગરનું, મશીનની જેમ ચાલવું જોઈએ સુખ! સુખ એટલે આ પળ...સુખ એટલે હમણાં મળ્યું તે!

સત્ય એકબીજાનું...

સત્યને અનેક પરિમાણ છે. દસ દિશામાં ફેલાયેલા આકાશ જેવું અસ્તિત્વ છે એનું. પોતાપણામાંથી શરૂ થઈને પોતાના જ હોવામાં પૂરું એવું એક અસીમ, અનાદિ, અનંત અસ્તિત્વ... સત્યની શોધ જ્યાંથી શરૂ થાય છે ત્યાં જ પૂરી થાય છે! માણસની જિંદગીનાં બે સત્યો ક્યારેય બદલાતાં નથી — એક જન્મ અને એક મૃત્યુ. ખરેખર તો આ બંને બિંદુઓની વચ્ચેનો પ્રવાસ એટલે 'જિંદગી'.

શ્રદ્ધા એકબીજાની...

આપણે જેટલી વાર કહીએ કે હું ખુશ છું, મજામાં છું, સ્વસ્થ છું — એ દરેક વખતે આપણે એ સાંભળતા હોઈએ છીએ. સાંભળેલી વાત મનમાં રજિસ્ટર થાય છે. એ રજિસ્ટ્રેશન સમયસમયાંતરે રિકોલ અને રિમાઇન્ડ થાય છે. આ રિમાઇન્ડર્સ કે રિકોલ થવાની પ્રક્રિયા આપણને ખરાબ સમયમાં 'પોઝિટિવિટી' તરીકે મદદ કરે છે.

મરજી એકબીજાની...

ઘણી વાર એવું બને કે આપણી નજર સામે પડેલી વસ્તુ પણ આપણને ન દેખાતી હોય. આપણે બધું જ ઊથલપાથલ કરી નાખીએ તેમ છતાં આપણને એ વસ્તુ ન દેખાય, પણ બીજો માણસ આવીને તરત જ આપણને એ વસ્તુ શોધી આપે. હું કદાચ આવો જ પ્રયત્ન કરું છું. બધું જ ઊથલપાથલ કરી નાખ્યા પછી પણ મારા વાચકને સામે જ પડેલું જે સુખ અથવા શાંતિ અથવા મૌન અથવા એકાંત અથવા સમજ નથી દેખાતી, એ હું દાખલ થઈને એમના હાથમાં મૂકી આપવાનો પ્રયત્ન કરું છું.

સંગાથ એકબીજાનો...

બે જણાંને એક જ દિશામાં જવું હોય અને સાથે સાથે ચાલી નીકળે એને 'સંગાથ' કહેવાય. આ સંગાથ એટલે સધિયારો, આ સંગાથ એટલે સલામતી, આ સંગાથ એટલે સાથે સાથે રસ્તો કાપવાની સાઝેદારી. આ પુસ્તકનું નામ 'સંગાથ' એટલા માટે છે, કારણ કે આ 'એકબીજાને'... મણકાનું દસમું પુસ્તક છે. કહેવાય છે કે દરેકનો 'દસકો' આવે છે. એ દસકામાં માણસ શ્રેષ્ઠ આપે છે ને શ્રેષ્ઠ પામે છે.

સંવાદ એકબીજાનો...

આજના સમયમાં કમ્યુનિકેશનનાં સાધનો બહુ વધ્યાં છે. બધાં કહે છે કે દુનિયા નાની થઈ ગઈ છે. ગ્લોબલી લોકો એકબીજાની નજીક આવ્યા છે, પણ એક વાર ફરી વિચારીએ તો સમજાય કે ખરેખર મન એકબીજાથી દૂર થઈ ગયાં છે. જેને ગઈ કાલ સુધી શેરીના નાકે રોજ મળતા હતા એને વૉટ્સઍપ કરીને બર્થડે વિશ કરીએ છીએ આપણે? પતિ-પત્ની એક જ ઓરડામાં બેસીને પોતપોતાના મોબાઇલ પર, પોતપોતાના મિત્રો કે સ્વજન સાથે વાત કરે છે, ને એકબીજા સાથે વાત નથી કરતા. આવું થાય છે? સંતાન અને માતાપિતા પોતપોતાના રૂમમાં પોતપોતાનાં ટીવી જુએ છે... ડાઇનિંગ ટેબલ પર સંતાન એના વૉટ્સઍપમાં અને પિતા એના બિઝનેસમાં બિઝી છે? તો સંવાદ ક્યાં છે? આ પુસ્તક 'સંવાદ એકબીજાનો' મારા વાચકના હાથમાં પહોંચે ત્યારે ભીતરના સંવાદની સાથે, સ્વજન સાથેનો સંવાદ પણ સાધી શકે એવી મારી શુભેચ્છા છે.

શબ્દ એકબીજાનો...

આપણે સામાન્ય રીતે સાંભળવા ટેવાયેલા નથી. માત્ર કહેવું જ ગમે છે... હવે જો બંને જણા કહેવાનું જ નક્કી કરે તો કોણ કોનું સાંભળે? જ્યારે સાંભળતા નથી ત્યારે સમજતા પણ નથી... ને સમજતા નથી માટે સંબંધનું મૂલ્ય કરી શકતા નથી. આ પુસ્તક 'શબ્દ એકબીજાનો' આપણી જીભની સાથે સાથે આપણી શ્રવણેન્દ્રિયને પણ જગાડવાનું કામ કરે એવો મારો પ્રયાસ છે. અંગ્રેજીમાં 'ટુ હિયર' અને 'ટુ લીસન ટુ' આવાં બે ક્રિયાપદ છે. એક સાંભળવું અને બીજું ધ્યાનથી સાંભળવું... હું ઇચ્છું છું કે આપણે સૌ એકબીજાને ધ્યાનથી સાંભળીએ, પછી સમજવા માટે પ્રયત્ન નહીં કરવો પડે એની મને ખાતરી છે.

મન — માઇનસથી પ્લસ

લાગણીનાં બંધનોમાં બંધાતા પહેલાં કે સંબંધમાં પ્રવેશતા પહેલાં સમજવાં જ જોઈએ એવાં કેટલાંક સત્યોની નાનકડી હેન્ડબુક! અપેક્ષાઓના લિસ્ટની બહાર નીકળીને સંબંધને સમજવાની, ફરિયાદોના લિસ્ટને ટૂંકું કરવા માટેની સાવ સરળ, છતાં ખૂબ જ ઉપયોગી એવી નાની નાની વાતોનો એવો સંગ્રહ જે આપણે બધા જ જાણીએ છીએ; જરૂર છે તો માત્ર એને ઓળખીને આવકારવાની.

ગેટ વેલ સૂન

મન સાથે જોડાયેલી કેટલીક સર્વસામાન્ય સમસ્યાઓ વિશેના લેખો. મોટા ભાગના સહુ જે વાતને જાણે છે, પણ સમજી શકતા નથી એવી સાદી વાતોની સમજણપૂર્વક કરાયેલી છણાવટ. નાના-મોટા સહુને ઉપયોગી નીવડે તેવી, સંબંધો સુધારવાની, જિંદગીને વધુ રસપ્રદ બનાવવાની સાવ સરળ ફોર્મ્યુલા. દરેક પ્રકરણ સાથે એક એવું પ્રશ્નપત્ર જેના પ્રામાણિક જવાબો તમને એક નવા અજવાળા સાથે જોડી દેશે.

આઈ લવ યુ...

દરેક વ્યક્તિ ઇચ્છે છે કે એનાં લગ્ન આદર્શ હોય. ભાંગી ગયેલા, તૂટી ગયેલા લાગતા, મૃતઃપ્રાય થઈ ગયેલાં લગ્ન પણ ફરીથી નવપલ્લવિત થઈ શકે છે. જરૂર છે થોડી સમજદારીની, થોડા સ્વીકારની, થોડા પ્રયત્નની અને થોડા સમાધાનની. આ પુસ્તક જાદુની લાકડી નથી. અનુભવમાંથી જન્મેલાં સાદાં સમીકરણો છે જે લગ્નને થોડું ખાતર, થોડું પાણી, થોડો તડકો જરૂર પૂરો પાડી શકશે.

મારી મમ્મી, મારા પપ્પા

આ પુસ્તક માતા-પિતાના મનમાં એક વિચાર મૂકવાનો પ્રયાસ છે. એવા વિષયો કે વાતો — જેમના વિશે કદાચ એમણે વિચાર્યું જ નહીં હોય એ બધું એમની સામે મૂકીને એક એવો પ્રયત્ન કર્યો છે, જેનાથી માતા-પિતા અને બાળકની વચ્ચે એક સંવાદ-ડાયલોગ સર્જાઈ શકે. બહુ મોડું થઈ જાય એ પહેલાં જો સંતાન સાથેના સંબંધોમાં સીરિયસ ઇન્વેસ્ટમેન્ટ કરવામાં આવે તો જિંદગીનાં પાછલાં વર્ષોમાં મળતું સ્નેહ, સન્માન અને સલામતીનું પેન્શન છેલ્લા શ્વાસ સુધી અકબંધ રહી શકે છે.

અનુવાદ

પ્રેમની પાંચ ભાષા

ડૉ. ગેરી ચૅપમૅનના વર્લ્ડ બેસ્ટ સેલર ‘ફાઇવ લવ લેંગ્વેજીસ’નો અનુવાદ. તમારા પ્રિયજનને હૃદયની વાત કહેવાનો સાચો અને સરળ રસ્તો.

જીવનસાથી

શોભા ડેના બેસ્ટ સેલર ‘સ્પાઉસ’નો અનુવાદ. લગ્નસંબંધો ઉપર લખાયેલું સુંદર પુસ્તક. આ પુસ્તક એવા લોકો માટે છે જે લગ્નના નશાને જીવનભર સાચવી રાખવા માંગે છે

સંકલન

પ્રેમ — ચુંબન — પ્રાર્થના — આંસુ — સ્મિત

ત્રણ ભાષામાં સંકલિત કરાયેલી સર્વપ્રથમ ફોટો બુક. પરિકલ્પના અને સંકલન દ્વારા દૃશ્ય અને શબ્દને નજીક લાવી જીવનના વિવિધ વિષયોને એકબીજા સાથે સાંકળતી ભેટ આપવા લાયક ઉત્તમ પુસ્તિકાઓ.

પત્રો

વ્હાલી આસ્થા

પિતાએ પુત્રીને લખેલા પત્રો એક નાજુક સંબંધના બદલાતા રંગોને આલેખવાનો પ્રયાસ છે. સ્ત્રીલેખકે લખ્યા હોવા છતાં આ પત્રો એક પિતાના હૃદયની લાગણીઓને વર્ષોવર્ષ વાચા આપે છે. 7થી 25 વર્ષની ઉંમર સુધી પુત્રીને સંબોધીને લખાતા પિતાના આ પત્રોમાં દરેક પિતાએ પોતાની પુત્રીને કહેવાની વાતો છે.

પ્રિય નમન

લગ્નની પહેલી એનીવર્સરીથી પચ્ચીસમી એનીવર્સરી સુધી પતિ-પત્નીના એકબીજાને લખાતા રહેલા પત્રો. જે સંબંધોનાં સત્યોથી શરૂ કરીને અપેક્ષાઓની પીડા સુધી વિસ્તરે છે. લાગણીઓના એવા તાણાવાણા જેમાં દરેક વાચક પોતાના લગ્નજીવનનું પ્રતિબિંબ તો નિહાળી જ શકશે, પરંતુ ક્યાંક પોતાને પ્રશ્નો પૂછીને પરિસ્થિતિ સુધારી શકશે તો ક્યાંક સંવેદનાઓના પ્રવાહમાં વહેતાં વહેતાં પોતાનાં વીતેલાં વર્ષોમાં ભીંજાશે પણ ખરાં.

તને, જિંદગી...

જિંદગીને સંબોધીને લખાયેલા એવાં પત્રો જેમાં આપણાં સૌની જિંદગીને ક્યાંક ને ક્યાંક વણી લેવાઈ છે. સ્વયં સાથેનો સંવાદ છે આ પત્રોમાં. ‘હું’ને બદલે ‘અમે’ વાપર્યું છે એનું એકમાત્ર કારણ એ છે કે આ વાત ક્યાંક ને ક્યાંક, કોઈક ને કોઈક રીતે સહુને સ્પર્શે તેવી વાત છે. મહિનાના ત્રીસ દિવસના ત્રીસ પત્રોમાંથી કોઈ પણ એક પત્ર ખોલીને વાંચવામાં આવે તો એમાંથી એકાદ વાક્ય તો એવું મળી જ આવે, જેની સાથે વાંચનારનો અંગત

સંબંધ સ્થપાઈ જાય.

ઓડિયોબુક

તારા ચહેરાની લગોલગ

આદિત્ય, નીશા અને આકાશ એકબીજાંની સાથે ફક્ત પત્રોમાં વાત કરે છે... એકબીજા સુધી પહોંચવાના પ્રયાસમાં એક ન સમજાય તેવી અસમંજસતા સર્જાય છે. એકબીજાને લખાતા પત્રોમાંથી સર્જાતો એક ઝંઝાવાતી પ્રણયત્રિકોણ.

પ્રેમપત્રો

અહીં એક એવો અંગત સંવાદ જાહેરમાં વંચાયો છે, જે આપણા બધા માટે સાવ જાણીતો સંવાદ છે. બંધ આંખે કે ટોળાની વચ્ચે એકાદ ક્ષણ માટે એકલા પડીને આપણે બધાએ આ સંવાદ અનુભવ્યો છે. અહીં લખાયેલાં ગીતો સાચા અર્થમાં યુગલગીતો છે. બે જણાંના કંઠે ગવાતાં એવાં ગીતો, જેમાં બે જણાની વાત કહેવાઈ છે.


CYGNET GROUP


eશબ્દ
indian-ebooks